# સ્વાધ્યાય

પુસ્તક ૧૦
અંક ૪

જન્માષ્ટમી
વિ. સં. ૨૦૨૯



સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રીકૃષ્ણની બાળલીલા, ચિત્ર ૭

ગોવર્ધનધારી શ્રીકૃષ્ણ

[ કોપીરાઈટ તથા સૌજન્ય : ભારત કલાભવન, વારાણસી ]

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

સંપાદક
ભોગીલાલ જ. સાંડેસરા
નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર,
વડોદરા

પ્રાચ્યવિદ્યા મન્દિર,
મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય,
વડોદરા

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડશે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....પૌં ૧.૧૦

૩. આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવશે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ ડાયરેક્ટર, ઓરિયેન્ટલ ઈન્સ્ટિટ્યુટ વડોદરા, એ નામે મોકલવું.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા જરૂરી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
પો. બૉક્સ નં. ૭૫,
લોકમાન્ય ટિળક રોડ,
**વડોદરા.**

**સંપાદક**

---

મુદ્રક : શ્રી બંસીલાલ મોહનલાલ શાહ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, નવેમ્બર, ૧૯૭૨.

સ્વાધ્યાય

જન્માષ્ટમી, વિ. સં. ૨૦૨૯ પુસ્તક ૧૦

ઑગસ્ટ, ૧૯૭૩ અંક ૪

# ધૃતિ–ઉત્સાહપ્રેરક શ્રીકૃષ્ણ

ઉપેન્દ્રરાય જ. સાંડેસરા

ધર્મરાજાને પ્રસન્ન કરી, સજ્જ થઈ કર્ણવધ માટે ઉત્સુક અર્જુને શ્રીકૃષ્ણને મહારથ વિધિપૂર્વક સંપૂર્ણ સુસજ્જ કરી ત્વરાથી મંગાવવા જણાવ્યું.

એટલે શ્રીકૃષ્ણે પોતાના સારથિ દારુકને હુકમ કર્યો : 'સર્વ ધનુર્ધારીઓમાં શ્રેષ્ઠ અર્જુને સૂચવ્યા મુજબ રથને સજાવ.' દારુકે વ્યાઘ્રચર્મના ઓઢાવાળા, દુશ્મનોને તાવી નાખનારા રથને સજાવીને હાજર કર્યો. અર્જુને ધર્મરાજાની આજ્ઞા માગી, સ્વસ્તિવાચન કરાવ્યું, અને રથમાં બેસીને આક્રમણ કરવા પ્રયાણ કર્યું. એમને એ રીતે ધસી જતા દેખીને લોકોએ માની લીધું કે, 'કર્ણ આજે મૂઓ પડ્યો છે!' શત્રુસૈન્યોનો વિનાશ સૂચવતાં શુભ ચિહ્ન પ્રકટ થવા માંડયાં. એમ છતાં ઉમંગથી કૂચ કરતા અર્જુનને પણ 'कथं न्वेतद्भविष्यति । હવે શું થશે ?' એમ મનમાં ઊંડી ચિન્તા થવા માંડી, અને શરીરે પરસેવો થઈ ગયો! (૮–૫૦–૩૫ થી ૪૭)

કર્ણ સાથેના યુદ્ધના પરિણામ અંગેની આશંકાથી અર્જુનને ગભરાયેલા અને ચિન્તાગ્રસ્ત જોઈને, મધુસૂદન શ્રીકૃષ્ણ એમને ચિન્તામુક્ત કરીને પ્રોત્સાહન આપવા માંડ્યા : 'ગાંડીવધન્વા! ધનુષ્ય વડે (શસ્ત્રોથી) સંગ્રામમાં તેં જે શૂરવીરોને જીતી લીધા છે, તેમને જીતી શકે એવો આ જગતમાં તો તારા જેવો બીજો કોઈ નથી. આ રણક્ષેત્રમાં ઇન્દ્ર જેવા પરાક્રમી ઘણા બધા વીરો જોવામાં આવતા હતા, પણ તારી સાથે ભેટો થતાં એ સૌ પરમગતિ પામી ગયા છે! મારા સન્મિત્ર! તારા જેવો ધૈર્યશીલ ન હોય તેવો બીજો કયો પુરુષ દ્રોણ, ભીષ્મ, ભગદત્ત, અવંતિના વિન્દ–અનુવિન્દ, કામ્બોજના સુદક્ષિણ, મહાબલવાન શ્રુતાયુ અને અચ્યુતાયુની સાથે સંઘર્ષ કર્યા પછી સલામત રહી શકે? અર્જુન! તારાં અસ્ત્રો દિવ્ય છે. તારામાં લાઘવ અને બળ છે. નિશાન લઈ તેને વીંધીને તોડી પાડવાની કુશળતા છે. યુદ્ધમાં તું ગભરાતો નથી (વિશ્વાસથી લડે છે). તું યુદ્ધવિજ્ઞાનમાં પારંગત છે. (विज्ञानस्य च संनतिः ।) તું (ધારે તો) સર્વ દેવ–અસુરો સહિત સચરાચર જગતનો પણ નાશ કરી શકે. પાર્થ! પૃથ્વીતલ ઉપર તારી બરાબરી કરી શકે એવો કોઈ મરદ યોદ્ધો નથી. દેવોથી માંડીને બધી જાતિઓમાં જે કોઈ યુદ્ધદુર્મદ ધનુર્ધર ક્ષત્રિયો છે, તેમાં તારી તોલે આવે એવા કોઈને પણ હું જોતો કે સાંભળતો નથી. **બ્રહ્માએ પ્રજાઓ તથા જેનાથી તું યુદ્ધ કરે છે તે મહાઅદ્ભુત ગાંડીવ સાથે સર્જ્યાં છે.** એટલે જ

કોઈ તારી તોલે આવતું નથી.[1] એમ છતાં પાંડવ ! જે પથ્ય છે તે મારે તને અવશ્ય કહેવું જોઈએ કે, મહાબાહો ! રણભૂમિ શોભાવનાર કર્ણને અવગણીશ નહિ, કારણ કે કર્ણ બલવાન, ધૃષ્ટ, અસ્ત્રનિષ્ણાત, મહારથી, કૃતી, ચિત્રયોધી, દેશકાળનો કોવિદ, અગ્નિ જેવો તેજસ્વી, વાયુવેગી, કાળ જેવો ક્રોધી અને સિંહસમો બળવાન છે. લોખંડી મૂઠીવાળો, મહાબાહુ, વિશાળ છાતીવાળો, સુદુર્જય, અતિ અભિમાની, શૂરવીર, પ્રવીર, દેખાવડો યોદ્ધાના સર્વ ગુણોથી સંપન્ન, મિત્રોને અભયદાતા, સતત પાંડવદ્વેષી અને દુર્યોધનના હિતમાં રત છે. આવો રાધેય તારા સિવાય ઇન્દ્ર સહિત સર્વ દેવોથીય અવધ્ય છે. એવો મારો નિશ્ચિત મત છે. માટે તું આજે જ સૂતપુત્ર કર્ણને મારી નાખ. માંસ–શોણિતને ધારણ કરનારા, યુદ્ધની ઇચ્છાવાળા, સુસજ્જ, સર્વ (સાંગ્રામિક) દેવો પણ કર્ણને સમરાંગણમાં હરાવે એ અશક્ય છે. આવા દુરાત્મા, પાપમતિ, નૃશંસ, પાંડવો ઉપર સદૈવ દુષ્ટ બુદ્ધિ રાખનારા, કોઈ સ્વાર્થ વિના પણ પાંડવોનો વિરોધ કરનારા કર્ણને હણીને તારાં કાર્યોને સુવ્યવસ્થિત કરી નાખ, ધિષ્ઠિતાર્થ બન. જેને કારણે પાપી દુર્યોધન પોતાને ‘વીર’ માને છે, તે પાપના મૂળ કર્ણને ધનંજય ! આજે જીતી લે.’ (૮–૫૦–૪૮ થી ૬૫)

આ પ્રોત્સાહન આપ્યા પછી, કર્ણના વધનો દૃઢ સંકલ્પ કરીને આક્રમણ કરતા અર્જુનને અમેયાત્મા શ્રીકૃષ્ણે સત્તર દિવસના અતિરૌદ્ર સંગ્રામની સમીક્ષા કરીને શૂર ચડાવ્યું : ‘ભારત !

---

૧ (૧) ब्रह्मणा च प्रजाः सृष्टा गाण्डीवं च महाद्भुतम् ।
येन त्वं युध्यसे पार्थ तस्मान्नास्ति त्वया समः ॥ ८-५०-५६

જુઓ ઉદ્યોગ. ૯૬–૧૮થી ૨૧: એમાં વરુણલોકનું વર્ણન કરતાં કહ્યું છે : વરુણહ્રદમાં મોટી જ્વાળાઓવાળો અગ્નિ સદા જાગ્રત રહે છે. એ ધૂમાડા વિનાના અગ્નિએ વૈષ્ણવ ચક્રને ધુમાવ્યું છે. જગતના સંહાર માટે (लोकसंहारसंभृतः) રાખેલું અને દેવો જેનું નિત્ય રક્ષણ કરે છે તે આ ગાણ્ડીમય (ગેંડાના ચામડામાંથી બનાવેલું, કેટલાકના મતે વજ્રગ્રન્થિમય) ગાંડીવ ધનુષ્ય છે. એ સતત લાખ ધનુષ્ય જેટલું બળશાળી તો છે જ, છતાં કાર્યપ્રસંગ આવી પડે તો તે જેટલું જોઈએ તેટલું બળ ધારણ કરે છે, અને એ શાસન ન થઈ શકે એવા રાક્ષસસમા રાજાઓનું (=આગેવાનોનું) પણ શાસન કરે છે. બ્રહ્મવાદી બ્રહ્માએ એ દંડને પ્રથમ ઉત્પન્ન કર્યો છે.’

(૨) ગાંડીવ ધનુષ્યને પરમાત્માના કરણરૂપ બનેલી દુષ્ટદમન દંડશક્તિના પ્રતીકરૂપે નિરૂપેલું જણાય છે. પરમાત્માના કરણરૂપ બનેલી યજ્ઞરૂપી લોકસંગ્રહ કરનારી કલ્યાણકર શક્તિની જેમ આ દંડશક્તિ પણ પ્રજાઓની સાથે જ બ્રહ્માજીએ સર્જી છે. યજ્ઞના સર્જન માટે જુઓ :

सहयज्ञाः प्रजाः सृष्ट्वा पुरोवाच प्रजापतिः ।
अनेन प्रसविष्यध्वमेष वोऽस्त्विष्टकामधुक् ॥ ६-२५-१० (ગીતા ૩-૧૦)

પૂર્વે પ્રજાઓને યજ્ઞસહિત સર્જીને પ્રજાપતિ બ્રહ્મા બોલ્યા : ‘આ યજ્ઞ મારફતે તમે વૃદ્ધિ પામો. એ તમારે માટે ઇચ્છિત ફળ આપનાર બની રહો.’

વળી ગીતા ૧૮–૭૮માં यत्र योगेश्वरः कृष्णो यत्र पार्थो धनुर्धरः । થી યોગેશ્વર અર્થાત્ સંદર્શનવાળા પૂર્ણજ્ઞાની પરમાત્મા અને ધનુર્ધર અર્થાત્ દર્શન અનુસાર આચરણ કરનાર બળવાન ઋજુ આત્મા, તે આ સંદર્ભમાં દ્રષ્ટવ્ય.

મનુષ્યો અને હાથીઘોડાનો ઘોર વિનાશ ચાલુ થયાને સત્તર દિવસ વીતી ગયા છે. તમારી પાસે વિપુલ સૈન્ય હતું, પરન્તુ શત્રુઓ સાથે સંઘર્ષ કર્યા પછી થોડુંક જ બચ્યું છે. તે જ રીતે પાર્થ ! કૌરવપક્ષે પણ ઢગલાબંધ હસ્તિ તથા ઘોડેસવાર હતા, પરન્તુ રણમેદાનમાં તારા જેવા શત્રુનો ભેટો કરીને સાફ થઈ ગયા છે ! ( છતાં ) આ બધા પાંચાલો, સૃંજયો અને પાંડવો તેમના રસાલા સહિત તને દુર્ધર્ષને પામીને વ્યૂહબદ્ધ ગોઠવાઈ ગયા છે. પાંચાલો, પાંડવો, મત્સ્યો, કારુષો, ચેદિઓ અને કેકયોએ અમિત્રઘ્ન ! તારા સંરક્ષણ નીચે શત્રુગણોનો નાશ કર્યો છે. તાત ! વ્યૂહબદ્ધ કૌરવોને તારા સંરક્ષણ નીચે રહેલા પાંડવ મહારથીઓ સિવાય બીજું કોણ લડાઈમાં જીતી શકે ? તું તો દેવો, અસુરો, મનુષ્યો અથવા એકત્ર થઈને ચઢી આવતા ત્રણે લોકોને જીતી શકે એમ છે, તો પછી કૌરવ લશ્કરનો શો હિસાબ છે ? પુરુષશાર્દૂલ ! સાક્ષાત્ ઇન્દ્રતુલ્ય હોય તો પણ તારા વિના બીજો કયો મર્દ ભગદત્તને હરાવી શકે ? તેમ જ અનઘ ! તારા રક્ષણ તળે રહેલા આ મહાન સૈન્ય ઉપર શત્રુપક્ષના સર્વ રાજાઓ મીંટ પણ માંડી શકતા નથી. વળી સતત તારા રક્ષણ નીચે ધૃષ્ટદ્યુમ્ન-શિખંડીએ દ્રોણ-ભીષ્મને ધરાશાયી કર્યા છે. પાંચાલ મહારથીઓ ધૃષ્ટદ્યુમ્ન-શિખંડીને રણમાં કોણ જીતી શકે ? તેમ શક્રતુલ્ય પરાક્રમી ભીષ્મ-દ્રોણને યુદ્ધમાં કોણ જીતી શકે ? શંતનુપુત્ર ભીષ્મ, દ્રોણ, કર્ણ, કૃપ, અશ્વત્થામા, ભૂરિશ્રવા, કૃતવર્મા, જયદ્રથ, શલ્ય અને રાજા દુર્યોધન—એ વીર, કૃતાસ્ત્ર તથા અક્ષૌહિણીપતિ ( = સરસેનાપતિઓ, ' જનરલ્સ ' ) ઉગ્ર, સંરબ્ધ, યુદ્ધદુર્મદોને તથા એમના સર્વ અનુયાયીઓને કોણ યુદ્ધમાં જીતી શકે ? ' ( ૮–૫૧–૧ થી ૧૪ )

ત્યાર પછી જુદાં જુદાં અનેક જનપદોમાંથી દુર્યોધનની કુમકે આવેલ વિવિધ જાતિ-સમુદાયોના સૈનિકોની સંખ્યાબંધ ટુકડીઓને અર્જુન વિના બીજો કોણ હરાવી શકે ? અથવા એમની વ્યૂહરચનાનો સામનો કરવાય કોણ જઈ શકે ?[૨] વગેરે કહીને,—માગધ જયત્સેનને સાત દિવસ અગાઉ અભિમન્યુએ હણેલો, તેના દશ હજાર હાથી(સવારો)ને ભીમસેને મારી નાખેલા તેનો, તથા બીજા અસંખ્ય હાથીસવાર અને રથીઓને ભીમ-અર્જુને યમલોકમાં પહોંચાડી દીધેલા; પ્રચંડ પરાક્રમ કરીને લડતા અને એક માત્ર શૂરવીરનું બિરુદ પામેલા પિતામહ ભીષ્મને અર્જુનના સંરક્ષણ નીચે રહીને શિખંડીએ વીંધી નાખ્યા હતા, અને તેથા અર્જુનનો ભેટો કરીને, કાગડો

---

૨. વિવિધ જાતિસમુદાયોનાં સૈન્યોનો નિર્દેશ કરતાં ' બ્રહ્મક્ષત્ર ' ( ૮–૫૧–૧૭ ) જાતિના મહાસૈન્યનું નામ આવે છે. આ ' બ્રહ્મક્ષત્ર 'ને ડૉ. વાસુદેવશરણ અગ્રવાલ ' લિચ્છવી ' જાતિ માને છે. તેઓ આ અંગે લખે છે :

' इन्हें शर्मक-वर्मक भी कहते थे। इनकी राजकुमारी गुप्त सम्राट चन्द्रगुप्त से ब्याही गई। तब से गुप्त सेना में लिच्छवियों की एक मजबूत टुकडी भी रहने लगी। मत्स्य और लिङ्ग पुराणों में इसका उल्लेख है। अभी तक लिच्छवियों के वंशज अपने को त्रिकर्मा ब्राह्मण कहते हैं। '

' भारत-सावित्री ' खण्ड ३, पृ. ६१

ડૉ. અગ્રવાલે આ વિધાનના સમર્થનમાં કોઈ આધાર ટાંકેલો નથી. તેથી અહીં કેવળ એક માન્યતા દર્શાવવા માટે જ અવતરણ મૂક્યું છે. લિચ્છવીઓ પ્રાચીન મહાજનસત્તાક વજ્જીઓની પેટાજાતિ હતી. અત્યારે ' બ્રહ્મક્ષત્રિય ' તરીકે ઓળખાતી જ્ઞાતિને આ લોકો સાથે કંઈ સંબંધ હશે ખરો ? સીધો અર્થ તો બ્રાહ્મણ-ક્ષત્રિયની મિશ્ર જાતિ તે ' બ્રહ્મક્ષત્ર ' એવો છે.

જેમ ગીધને સુવાડી દે એમ ( શિખંડી રૂપી કાગડાના હુમલાથી ) ભીષ્મદાદા રૂપી ગીધ શરશય્યામાં સૂતા છે વગેરે પરાક્રમોનું સ્મરણ કરાવ્યું ( ૮–૫૧–૧૫ થી ૩૭ ). અને આગળ ચાલતાં શ્રીકૃષ્ણ બોલ્યા : 'દ્રોણે પાંચ દિવસ સુધી વ્યૂહરચનાથી પાંડવ સેનાનો સોથ વાળી નાખીને મહારથીઓને ભોંય ભેગા કરી દીધા હતા. જયદ્રથની રક્ષા( ની ગોઠવણ ) કરી હતી. રાત્રીયુદ્ધમાં યમરાજની જેમ સૈનિકોને ભસ્મ કરી નાખ્યા હતા. એમને બે દિવસ પહેલાં જ ધૃષ્ટદ્યુમ્ને પરમગતિએ પહોંચાડી દીધા છે. પરંતુ જો તેં કર્ણની સરદારી નીચે દ્રોણની કુમકે આવતા મહારથીઓને ખાળી રાખ્યા ન હોત તો દ્રોણ મરત નહિ. તેં સમગ્ર કૌરવ સૈન્યને અટકાવી રાખ્યું ત્યારે જ ધનંજય ! ધૃષ્ટદ્યુમ્ને યુદ્ધમાં દ્રોણનો વધ કર્યો હતો.[3] વળી જયદ્રથનો વધ કરતાં તેં દાખવેલું પરાક્રમ બીજો કયો ક્ષત્રિય કરી શકે ? મહાસેનાને હઠાવી, શૂરા રાજાઓનો સંહાર કરીને તેં અસ્ત્રબળના તેજથી જયદ્રથને રોળી નાખ્યો, તેને રાજાઓ આશ્ચર્યજનક માને છે. પરન્તુ એ વિસ્મયજનક નથી, કારણ કે તું ( અજોડ ) મહારથી છે. આ ક્ષત્રિયો જો ( વ્યૂહબદ્ધ થયા વિના ) તારો સામનો કરે તો સંતાપથી છિન્નભિન્ન થઈને એક જ દિવસમાં નાશ પામી જાય એમ મને લાગે છે ! વળી જ્યારથી ભીષ્મ–દ્રોણ હણાયા છે ત્યારથી દુર્યોધનની ઘોર સેના નાશ પામ્યા જેવી જ છે. એના શ્રેષ્ઠ યોદ્ધાઓ તથા પાયદળ, અશ્વદળ, ગજદળ નાશ પામ્યાં છે, તેથી સૂર્ય, ચન્દ્ર, નક્ષત્રો વિનાના આકાશની જેમ એ નિસ્તેજ ભાસે છે. પૂર્વે ઇન્દ્રના પરાક્રમથી જેમ અસુરસેના વિધ્વસ્ત થઈ ગઈ હતી એમ તારા ઘોર પરાક્રમથી આ કૌરવી સેના વિધ્વસ્ત થઈ ગઈ છે. એમનામાં અશ્વત્થામા, કૃતવર્મા, કર્ણ, શલ્ય અને કૃપ એ પાંચ મહારથીઓ જ બચ્યા છે. એટલે નરવ્યાઘ્ર ! તું એ પાંચેય મહારથીઓનો સંહાર કરી શત્રુરહિત થઈને દ્વીપો તથા નગરોવાળી પૃથ્વી ધર્મરાજને અર્પજે. એ પર્વતો તથા મહાવનોવાળી આકાશથી તે પાતાળ સુધીની ( ભોગવટાના હકવાળી ) સમગ્ર વસુંધરાને અમાપ સામર્થ્યલક્ષ્મીવાળા બનેલા યુધિષ્ઠિર આજે જ પ્રાપ્ત કરો. પૂર્વે જેમ વિષ્ણુ હરિએ દૈત્ય–દાનવોને હણીને ઇન્દ્રને સ્વર્ગ સમર્પ્યું હતું તેમ તું યુધિષ્ઠિરને પૃથ્વી સમર્પજે. વિષ્ણુએ દાનવોનો સંહાર કર્યો તેથી દેવો જેમ મુદિત થયા હતા તે રીતે તારા હાથે શત્રુઓ માર્યા જવાથી પાંચાલો આનંદપ્રમોદ કરો. ( હવે કર્ણના વધ ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરવા કહે છે: ) દ્વિપદાં શ્રેષ્ઠ ! દ્રોણને ગુરુ માનવાથી તને અશ્વત્થામા ઉપર દયાભાવ હોઇ, કૃપ તરફ આચાર્ય તરીકેનું ગૌરવ હોય અને અત્યન્ત સમૃદ્ધ ભાઈભાંડુઓ પ્રત્યે બહુમાન હોઈ તને કૃતવર્મા પ્રત્યે માન હોય, તો ભેટો થાય તો પણ તેમને યમને ઘેર ન પહોંચાડતો. વળી અરવિન્દાક્ષ ! મામા શલ્ય ઉપર દયા આવતી હોય તો તેને પણ ન મારતો. પરન્તુ પાંડવો પ્રત્યે ઝેરી બુદ્ધિવાળા અત્યંત ક્ષુદ્ર કર્ણને નરશ્રેષ્ઠ ! તું તીક્ષ્ણ બાણોથી તુરત જ મારી નાખ. તેં એ પુણ્ય કર્યું ગણાશે. એમાં કંઈ પણ દોષ નથી. અમે પણ જાણીએ છીએ કે આમાં કંઈ પણ દોષ છે જ

---

૩ यदि चैव परान्युद्धे सूतपुत्रमुखान्रथान् ।
नावारयिष्यः संग्रामे न स्म द्रोणो व्यनङ्क्ष्यत ॥ ८-५१-४१

भवता बलं सर्वं धार्तराष्ट्रस्य वारितम् ।
ततो द्रोणो हतो युद्धे पार्षतेन धनंजय ॥ ८-५१-४२

'દ્રોણપર્વ'માંના દ્રોણવધના વૃત્તાંત કરતાં આ વર્ણન ભિન્ન હોઈ મહત્ત્વનું છે.

નહિ. વળી નિર્દોષ અર્જુન ! દુર્યોધને માતા કુન્તી સહિત પાંડવ ભાઈઓને રાત્રે (લાક્ષાગૃહમાં જીવતાં) બાળી મૂકવાનાં અને દ્યૂત રમાડવાનાં કાવતરાં કર્યાં તેના મૂળમાં તો સર્વત્ર આ દુષ્ટાત્મા કર્ણ જ છે. સુયોધન કાયમ માને છે કે, કર્ણથી જ પોતાનો બચાવ થશે. એટલે તો (હું દૂત હતો તેમ છતાં) તે રોષથી મને પણ કેદ પકડવા તૈયાર થયો હતો ! માનદ ! રાજા દુર્યોધનની દૃઢ માન્યતા છે કે કર્ણ યુદ્ધમાં સર્વ પાંડવોને નિઃસંશય હરાવશે જ. દુર્યોધન તારું સમર્થ્ય જાણે છે તો પણ કૌન્તેય ! કર્ણના આધારે જ એણે વિગ્રહ કરવાનું પસંદ કર્યું છે. કારણ કે કર્ણ દરરોજ બોલ્યા કરે છે કે, 'મહાયુદ્ધ લડવા આવેલા બધા પાંડવો તેમ જ રાજાઓ સહિત શ્રીકૃષ્ણ વાસુદેવને હું જીતી લઈશ', અને એમ દુર્મતિયા દુર્યોધનને ઉશ્કેર્યા કરે છે. ભારત ! એ કર્ણ રણ મેદાન ઉપર ગર્જી રહ્યો છે. તેને આજે જ મારી નાખ ! દુર્યોધને તમારી સાથે જેટલી જેટલી નાલાયકી કરી છે, એમાં સર્વત્ર દુષ્ટાત્મા પાપી બુદ્ધિવાળો કર્ણ જ આગેવાની લે છે' (૮–૫૧–૧૮ થી ૬૬). એ પછી શ્રીકૃષ્ણે નવયુવાન અભિમન્યુનું પરાક્રમ તથા તેને છ મહારથીઓએ ક્રૂરપણે રેંસી નાખ્યો તેનું સ્મરણ કર્યું. એ બનાવને યાદ કરતાં અત્યારે પણ પોતાનાં ગાત્રો બળી જાય છે વગેરે નિર્દેશ કરીને ઉમેર્યું: 'ત્યારે પણ કર્ણ ખૂબ ઘાયલ થયો હતો, તેથી એણે જીવવાની આશા મૂકી દીધી હતી. એટલે સુવિહ્વલ થઈને પલાયન કરવાની તૈયારી કરતો હતો, પરન્તુ દ્રોણની સમયોચિત સલાહથી એણે અભિમન્યુનું ધનુષ્ય કાપી નાખ્યું. ધનુષ્ય કપાતાં પાંચ મહારથીઓએ એના ઉપર એક સામટો હુમલો કર્યો. તેમાં આ કપટનિષ્ણાત કર્ણે પણ શરવૃષ્ટિ કરી હતી. વળી કર્ણે કોઈ નૃશંસ માણસની પેઠે પાંડવો અને કૌરવોની (કૌરવોના સજ્જન વડીલોની) હાજરીમાં જ સભામાં દ્રૌપદીને અપશબ્દો સંભળાવ્યા હતા કે, 'કૃષ્ણા ! પાંડવો નાશ પામ્યા છે અને કાયમ માટે નરકમાં પડ્યા છે. માટે મિતભાષિણિ પૃથુશ્રોણિ ! તું કોઈ બીજા પતિને વર ! લેખાક્ષુ ! આરાલપક્ષ્માક્ષિ (વક્રનયના) ! દુર્યોધનની દાસી બનીને તેના ઘરમાં પ્રવેશ. તારે હવે પતિઓ નથી.' એ રીતે પરમદુર્મતિ અધર્મજ્ઞ (ધર્મના નહિ પણ અધર્મના જ્ઞાતા) પાપી કર્ણે તારા સાંભળતાં જ આવા અપશબ્દો ઉચ્ચાર્યા હતા. દુર્જન કર્ણના એ અપશબ્દોને તારાં સરાણ ઉપર ઘસીને તેજ કરેલાં, આયુષ્યછેદક, સુવર્ણમંડિત બાણો શાન્ત કરી દો ! એ સિવાય પણ દુષ્ટાત્મા કર્ણે જે જે કુકૃત્યો કર્યાં હોય તે તેમ જ તેના જીવિતને તારાં બાણો આજે જ શાન્ત પાડી દો ! ગાંડીવમાંથી છૂટેલાં ઘોર બાણોનો પોતાનાં ગાત્રોને સ્પર્શ થવાથી દુષ્ટાત્મા કર્ણ, ભલે આજે દ્રોણ–ભીષ્મની (હિતકારી) સલાહને યાદ કરે. તેં ફેંકેલાં સુવર્ણની પુંખવાળાં, શત્રુઓનો ઘાત કરનારાં, વિદ્યુત્ સમાં તેજસ્વી નારાચો મર્મભાગોને ચીરી નાખીને એનું રુધિરપાન કરશે. તારી ભુજામાંથી છૂટેલાં મહાવેગી તીક્ષ્ણ–ઉગ્ર બાણો કર્ણના મર્મભાગોને વીંધીને એને આજે જ યમસદનમાં પહોંડી દો. તારાં બાણોથી ઘાયલ થઈને હાહાકાર કરતા તથા ખિન્ન અને દીન થયેલા રાજાઓ આજે જ કર્ણને રથમાંથી ભોંય પછડાતો જોઈ રહો. આજે પોતાના રુધિરમાં લથબથ થઈને ભગ્નાયુધ થયેલા ધરાશાયી કર્ણને એના સુહૃદો જોઈ રહો. કર્ણનો હાથીના કંદોરાનું ચિહ્ન ધરાવતો મહાધ્વજ તારા બાણથી કંપાયમાન થઈને ભોંયભેગો થઈ જાવ. તારાં સેંકડો બાણોથી એના હેમવિભૂષિત રથના ટુકડા થઈ જાવ, અને લશ્કર માર્યું જવાથી ભયભીત શલ્ય પલાયન કરી જાવ. અને ધનંજય ! તેં કર્ણને મારી નાખ્યો છે એવું દુર્યોધન જોશે કે તરત જ તે રાજ્ય તથા જીવતરની આશા મૂકી દેશે. ભરતશ્રેષ્ઠ ! જો, પાંડવોનો ઉત્કર્ષ ઇચ્છતા આ પાંચાલોને કર્ણ અણીદાર બાણો મારીને નસાડી રહ્યો છે. પાંચાલો, દ્રૌપદીના પુત્રો, ધૃષ્ટદ્યુમ્ન,

શિખંડી, ધૃષ્ટદ્યુમ્નના પુત્રો, નકુલપુત્ર શતાનીક, નકુલ, સહદેવ, દુર્મુખ, જનમેજય, સુધર્મા અને સાત્યકિ કર્ણના પંજામાં સપડાઈ ગયા છે એમ સમજી લે. પરંતપ! એટલે રણક્ષેત્રમાં કર્ણનો માર ખાતા તારા સ્વજન પાંચાલોનો ઘોર નિનાદ સંભળાય છે. જો કે એમ છતાં પાંચાલો ભયભીત થઈને કોઈ રીતે પાછી પાની કરે એમ નથી, કારણ કે એ મહાધનુર્ધર મહારથીઓ મૃત્યુને પણ ગણકારતા નથી. જેમણે એકલાએ જ પાંડવી સેનાને ઢગલાબંધ બાણોથી ઢાંકી દીધી હતી તે ભીષ્મની સામે ટકરાઈને પણ પાંચાલો પરાઙ્મુખ નહોતા થયા; તેમ જ સર્વ ધનુર્ધરોના ગુરુ અને અસ્ત્રાગ્નિથી ભડકે બળતા અગ્નિની જેમ તીવ્ર ધસારો કરીને ભસ્મીભૂત કરી દેતા દુર્ધર્ષ દ્રોણ સામે પણ જેઓ દુશ્મનોને જીતી લેવા માટે ઓજસ્પૂર્વક લડવા સદૈવ તત્પર રહેતા હતા – તે શત્રુદમન પાંચાલો કર્ણથી ડરીને કદી પણ પરાઙ્મુખ નહિ થાય. અગ્નિ જેમ પતંગિયાનો પ્રાણ લે એમ કર્ણ બાણોથી વેગથી આક્રમણ કરતા એ શૂરવીર પાંચાલોના પ્રાણ હરી રહ્યો છે. એ રીતે પોતાના મિત્રો માટે મરણિયા થયેલા એ સેંકડો વીર પાંચાલોને રાધેય કર્ણ સંહારી રહ્યો છે. ઋષિશ્રેષ્ઠ ભાર્ગવ રામ પાસેથી કર્ણને પૂર્વે જે ઘોર અસ્ત્ર મળ્યું હતું તેનું રૂપ પ્રકટ થયું છે. સર્વ સૈન્યોને તપાવનારું, ઘોર રૂપવાળું એ અત્યંત દારુણ શસ્ત્ર (તારી) મહાસેનાને ઘેરી લઈને પોતાના તેજથી ભડકે બળી રહ્યું છે. વળી કર્ણે છોડેલાં આ બાણો ભમરાઓનાં ટોળાંની પેઠે સંગ્રામમાં તારા યોદ્ધાઓને તપાવતાં ફરતાં હોય એવાં લાગે છે. અને ભારત! ઓજસ્હીન મનુષ્યોથી દુર્વાર એવા કર્ણનું (ભાર્ગવ-)અસ્ત્ર સામે આવતાં (એનાથી બચવા) આ પાંચલો બધી દિશાઓમાં દોડાદોડ કરે છે. આ દૃઢ ક્રોધી ભીમ ચોમેર સૃંજય યોદ્ધાઓથી વીંટાઈને કર્ણ સામે સંગ્રામ ખેલે છે, પણ કર્ણ એને ધારદાર બાણોથી પીડી નાખે છે. ભારત! કર્ણની ઉપેક્ષા કરીશ તો જેમ દેહમાં પેઠેલો રોગ માણસને મારી નાખે એમ તે પાંડવ–સૃંજય–પાંચાલોનો સંહાર કરી નાખશે. યુધિષ્ઠિરના લશ્કરમાં તારા સિવાય બીજો કોઈ યોદ્ધો કર્ણ સામે સંઘર્ષમાં ઊતર્યા પછી સલામત ઘેર પાછો ફરી શકે એવો હોય, એવું મને દેખાતું નથી. માટે ભરતશ્રેષ્ઠ પાર્થ! તું એને તીક્ષ્ણ બાણોથી સંહારીને તારી પ્રતિજ્ઞા પાળ અને કીર્તિ સંપાદન કર, કારણ કે કર્ણ સહિત કૌરવોને પણ તું જ લડાઈમાં જીતી શકે એમ છે, બીજો કોઈ નહિ. યુધાંશ્રેષ્ઠ! આ હું તને સાચી વાત કહું છું. મહારથી કર્ણના વધનું આ મહાન કાર્ય પાર પાડ, અને નરોત્તમ પાર્થ! કૃતાર્થ, સફલ તથા સુખી થા!' (૮–૫૧–૬૭થી ૧૧૦)

શ્રીકૃષ્ણનું પ્રોત્સાહક ભાષણ સાંભળતાં વેંત, અર્જુન એક ક્ષણમાં જ શોકરહિત થઈને ઉત્સાહમાં આવી ગયા. એમણે ઝડપથી ગાંડીવની દોરી બરાબર ચઢાવી દીધી, ધનુષ્યનો ટંકારવ કર્યો, અને કર્ણનો વિનાશ કરવા માટે શ્રીકૃષ્ણને કહ્યું: 'ગોવિન્દ! તમે મારા નાથ (રક્ષક) છો, તેથી હું વિજયી થઈશ જ. વળી ભૂત–ભવિષ્ય–વર્તમાનના પ્રભુ એવા તમે મારા ઉપર પ્રસન્ન થયા છો. શ્રીકૃષ્ણ! તમારી સહાયથી હું એક સામટા ચઢી આવેલા ત્રણે લોકોને પરલોક પહોંચાડી દઉં, તો કર્ણની શી વિસાત?[૪] જનાર્દન! મને પાંચાલ લશ્કર નાશભાગ કરતું

૪ त्वया नाथेन गोविन्द ध्रुव एष जयो मम ।
प्रसन्नो यस्य मेऽद्य त्वं भूतभव्यभवत्प्रभुः ॥ ८-५२-३.
त्वत्सहायो ह्यहं कृष्ण त्रीन् लोकान्वै समागतान् ।
प्रापयेयं परं लोकं किमु कर्णं महारणे ॥ ८-५२-४.

દેખાય છે, અને કર્ણ નિર્ભયની જેમ સમરાંગણમાં ઘૂમતો દેખાય છે. શક્રે છોડેલ મહાવજ્રની જેમ કર્ણે છોડેલા ભાર્ગવાસ્ત્રને વાર્ષ્ણેય ! હું ચોમેર ફરી વળતું જોઉં છું. કૃષ્ણ ! ખરેખર આ સંગ્રામમાં હું એવું ( દુષ્કર ) કર્મ કરીશ કે જ્યાં સુધી પૃથ્વી ટકશે ત્યાં સુધી પ્રાણીઓ એનું વર્ણન કર્યા કરશે ! કૃષ્ણ ! ગાંડીવમાંથી છૂટેલાં મારાં વિકર્ણ નામનાં વિનાશ વેરતાં બાણો કર્ણને આજે મૃત્યુ પાસે ધકેલી દેશે. રાજા ધૃતરાષ્ટ્ર પોતે જે ( દુર્ )બુદ્ધિથી રાજ્યાસન માટે નાલાયક દુર્યોધનનો રાજ્યાભિષેક કર્યો હતો, તે સ્વબુદ્ધિને આજે ધિક્કારશે.[5] મહાબાહો ! આજે જ ધૃતરાષ્ટ્ર રાજ્ય, સુખ, શ્રી, રાષ્ટ્ર, નગર અને પુત્રોથી વિયોગ પામશે. અને કૃષ્ણ ! તમને હું સાચું કહું છું કે કર્ણ માર્યો જતાં આજે જ દુર્યોધન જીવતરથી નિરાશ જ થઈ જશે. મારાં બાણોથી આજે ટુકડા થઈ ગયેલા કર્ણને દેખીને દુર્યોધન તમારા સંધિના ભાષણનું સ્મરણ કરશે. કૃષ્ણ ! આજે પેલો શકુનિ મારાં બાણોને પાસા, ગાંડીવને જુગારની બાજી અને રથને દ્યૂતમંડલ ( હારેલા જુગારી પાસેથી લેણું વસૂલ કરવા તેની આજુબાજુ દોરેલી મર્યાદારેખા ) સમજશે. વળી જે જગતમાં બીજા કોઈને પોતાના તુલ્ય સમજતો નથી તે સૂતપુત્ર કર્ણનું આજે ભૂમિ શોણિતપાન કરશે. ગાંડીવમાંથી છૂટેલાં બાણો કર્ણને પરમગતિનું દાન કરશે ! દ્યુતસભામાં પાંડવોનો તિરસ્કાર કરતાં કર્ણે પાંચાલીને જે ક્રૂર અપશબ્દો સંભળાવ્યા હતા, તેનો એને આજે પશ્ચાત્તાપ થશે, અને તે વખતે જેઓ ષણ્ઢતલ હતા, (તેલ વિનાના તલ અર્થાત્ નામર્દ હતાઃ સર. ગુજરાતી રૂઢિપ્રયોગ : ' આ તલમાં કંઈ તેલ નથી.'), તેઓ દુરાત્મા કર્ણ હણાતાં આજે તેલવાળા તલ સાબિત થશે...' (૮-૫૨-૧થી, ૧૬થી) ત્યારબાદ તેર તેર વર્ષ સુધી વેઠેલાં વનવાસનાં દુઃખમાંથી, કર્ણને રોળીને પોતે મુક્ત થશે એમ જણાવતાં અર્જુન જુસ્સાભેર બોલ્યા : ' આજે કર્ણ માર્યો જતાં પાંડવોનું મિત્રકાર્ય કરવા ઇચ્છતા સોમક મહારથીઓ પોતાને કૃતકૃત્ય થયેલા માનો. અને માધવ ! કર્ણને સંહારીને જ્યારે હું ઉત્કૃષ્ટ વિજયી થઈશ ત્યારે મારી અને સાત્યકિની પ્રીતિ કેવી અદ્‌ભુત થશે તેની ખબર જ પડતી નથી ! કર્ણ અને એના મહારથી દીકરાને હણીને હું ભીમ, નકુલ, સહદેવ અને સાત્યકિને ખુશ

---

પરમાત્માએ બાંહ્ય પકડી છે એવી અનુભૂતિ થતાં, તમસ્ સાથે સંઘર્ષ કરતા આત્માનો ઉત્સાહ ઉપર્યુક્ત શબ્દોમાં અભિવ્યક્ત થાય છે. ૮-૫૨-૩ સાથે સર° ક્ષેપક પરિશિષ્ટ ૧-૩૬માં પંક્તિ ૩૩, ૩૪:

ध्रुव एव जयः कृष्ण मम नास्त्यत्र संशयः ।
सर्वलोकगुरुर्यस्त्वं तुष्टोऽसि मधुसूदन ॥

૫ अद्य राजा धृतराष्ट्रः स्वां बुद्धिमवमंस्यते ।
दुर्योधनमराज्यार्हं यया राज्येऽभ्यषेचयत् ॥ ૮-૫૨-૬.

કુકૃત્યોનું મૂળ દુર્બુદ્ધિ છે.

'કર્ણપર્વ'ના પ્રસ્તુત પ્રકરણના અનુબન્ધવાળા વિભાગોમાં ધૃતરાષ્ટ્રને કુબુદ્ધિભરી અનીતિ માટે જવાબદાર ગણાવતા બીજા સંદર્ભો : ૮-૧-૨૫થી, ૨૯થી, ૪૭, ૪૮, ૪-૨થી; ૪-૫૬-૫૭; ૫૨-૯; ૬૪-૨૯ વગેરે.

વળી જુઓ નોંધ ૨૫માં ૮-૬૮-૧૩ ખ.

આવા બીજા સંદર્ભો માટે જુઓ ખંડ ૪, પ્રકરણ ૧, 'યુદ્ધમન્ત્રી ' નોંધ ૧૧; ખંડ ૪, પ્રકરણ ૨, 'સારથિપ્રવર' નોંધ ૪૩; ખંડ ૪, પ્રકરણ ૩, 'સંરક્ષક' નોંધ ૧; ખંડ ૪, પ્રકરણ ૪, 'ચિત્તજ્ઞ ' નોંધ ૫.

ખુશ કરી દઈશ. તેમ જ ધૃષ્ટદ્યુમ્ન, શિખંડી વગેરે પાંચાલોના ઋણમાંથી મુક્ત થઈશ. અસહનશીલ ધનંજયને કૌરવોની સામે લડીને કર્ણને ધરાશાયી કરતાં લોકો જોઈ રહો; અને આપની સમક્ષ હું પુનઃ મારું ગુણદર્શન કરું છું. જગતમાં મારા જેવો અભ્યાસી કોઈ નથી, તેમ પરાક્રમમાં પણ કોઈ મારા તુલ્ય નથી. વળી મારા જેવો ક્ષમાશીલ બીજો કોણ છે? તેમ જ ક્રોધમાં પણ મારા જેવો બીજો કોઈ નથી! હું દેવ-અસુર અને સંગઠિત થયેલાં પ્રાણીમાત્રને સ્વબાહુબળથી પરાભવ પમાડું એવો ધનુર્ધર છું, અને મારો પુરુષાર્થ શ્રેષ્ઠ કરતાંય શ્રેષ્ઠ છે, સર્વશ્રેષ્ઠ છે: मत्पौरुषं विद्धि परः परेभ्यः । હું એકલો જ ગાંડીવમાંથી નીકળતી બાણજ્વાળાઓથી બધા કૌરવો અને બાહ્‌લિકોને, શિયાળા પછી પ્રજ્વલિત થયેલો અગ્નિ જેમ ઘાસની ગંજીઓને ભસ્મીભૂત કરી નાખે એમ, જબરદસ્ત વેગથી ત્રાટકીને ગણોસહિત બાળી મૂકીશ. મારી હથેળીમાં બાણના આકારની રેખાઓ છે. ડાબા હાથમાં ધનુષ્ય-બાણનું ચિહ્ન છે. બન્ને ચરણમાં રથ અને ધ્વજાનાં ચિહ્ન છે. આવી રેખાઓવાળા મને યુદ્ધમાં કોઈ જીતી શકતું નથી.'[૬] (૮-૫૨-૨૪ થી ૩૩)

એક તરફ અર્જુન તૈયાર થઈ જુસ્સાથી ત્રાટકવા માટે આવી રહ્યા હતા, બીજી તરફ અહીં રણક્ષેત્રમાં કૌરવોના ઘેરામાં એકલો ભીમસેન શૌર્યથી ઘૂમતો હતો. એના હૃદયમાં ધર્મરાજ જીવે છે કે કેમ તેની ચિન્તા હતી. સાથે જ એ અર્જુનની આતુરતાપૂર્વક રાહ જોતો હતો. પણ અર્જુન હજુ આવ્યા નહોતા! એટલે ક્યાં સુધી લડી શકાય એમ છે તે જાણવા એણે સારથિ વિશોક પાસેથી આયુધોની તપસીલ મેળવી. એટલામાં એણે કૌરવદળોના એક ભાગમાં ભંગાણ પડતું દીઠું. એનામાં જોમ આવ્યું. એણે સારથિનું ધ્યાન દોર્યું. સારથિએ અર્જુનનો રથ જોયો. અંદર બેઠેલા અર્જુનનું એણે વર્ણન કર્યું, અને પછી જનાર્દન શ્રીકૃષ્ણને જોઈને વિશોક બોલ્યો: 'હાથમાં લગામવાળા અને શત્રુસૈન્યમાં ફાચર મારીને પેસી જતા જનાર્દનના પડખામાં અસ્ત્રોના જેવી તીણી ધારવાળું અને સૂર્યની જેમ ચળકતું વજ્રનાભ ચક્ર છે, તેને તમે જુઓ. કેશવનો યશ વધારતા અને યાદવોથી નિરંતર પૂજાતા એ ચક્રને વીર ભીમસેન! તમે નિહાળો!' (૮-૫૪-૧ થી ૨૮)

અણીના સમયમાં એકલા ઝઝૂમી ઝઝૂમીને આતુર થઈ ગયેલા ભીમસેનને શાતા વળી. આ વધામણીથી સુપ્રસન્ન થઈને એણે સારથિને તાત્કાલિક જ ૧૪ સારાં ગામ, ૧૦૦ દાસીઓ અને ૨૦ રથનું ઇનામ આપી દીધું! (૮-૫૪-૨૯)

---

૬ (૧) અર્જુન શ્રેષ્ઠ પુરુષાર્થી છે. પુરુષાર્થીપ્રવર છે. પરન્તુ એમની લગામ 'સારથિપ્રવર શ્રીકૃષ્ણ'ના હાથમાં છે. પરમાત્મા એમના પુરુષાર્થ માત્રના 'નાથ'-રક્ષક છે.

અર્જુનનાં પુરુષાર્થ અંગેનાં મંતવ્ય માટે જુઓ ખંડ ૩, પ્રકરણ ૧, 'પ્રિયકામ'માં ૫-૩૬-૧થી ૨૦ના સંદર્ભ.

(૨) શૂરાતન ચઢાવવા માટે આવાં સ્વ-પરનાં ગુણગાન થતાં. કદાચ જરૂરી પણ હશે. ખુશામતભરી ચઢવણી અને પુરુષાર્થશૂન્ય કેફી ગુણગાનમાં અને આવાં પ્રોત્સાહક વચનમાં રહેલો ફરક વિવેકબુદ્ધિથી પકડી શકાય. તે છતાંય એમાં રહેલી ભેદરેખા, બીજા અનેક સૂક્ષ્મ પ્રશ્નોની જેમ એટલી પાતળી છે, કે સદા અપ્રમત્તપણે ન વર્તાય તો સ્ખલન થતાં વાર ન લાગે.

આવાં પ્રશંસાવચનોમાં સચ્ચાઈ સાથે થોડા પ્રમાણમાં અહંકાર પણ હોય જ છે. જુઓ ખંડ ૩, પ્રકરણ ૭, 'નેતા'માં ૫-૧૯૫-૧૦,૧૧ના સંદર્ભો અને નોંધ ૨૬.

ભીમસેનના મોરચા તરફનો નિર્ઘોષ અને સિંહનાદો સાંભળીને અર્જુને શ્રીકૃષ્ણને ઘોડા વેગથી દોડાવવા જણાવ્યું. અર્જુનની સૂચનાનો મર્મ પામીને શ્રીકૃષ્ણ બોલ્યા : 'ભીમસેન જ્યાં મોરચો સંભાળીને ઊભો છે, ત્યાં હું અત્યંત ત્વરાથી પહોંચી જાઉં છું !' (૮–૫૫–૧, ૨). અને એમ જમ્ભનો વધ કરવા જતા વજ્રધારી દેવેન્દ્રની જેમ ઉગ્રમન્યુ અર્જુને કર્ણવધ માટે તીવ્ર આક્રમણ કર્યું. પૂર્વે જેમ ત્રૈલોક્યના વિજય માટે વિજયીશ્રેષ્ઠ વિષ્ણુ અને અસુરોનું યુદ્ધ થયું હતું, એવું દેહ, પ્રાણ અને સાથે પાપોનો પણ નાશ કરનારું મહાયુદ્ધ ચાલુ થયું. અનેક શત્રુઓની સામે અર્જુન એકલા જ હતા તો પણ અર્જુને એ બધાને ત્વરાથી હંફાવી દીધા અને કૌરવસેનામાં વેગથી પ્રવેશ કર્યો (૮–૫૫–૩ થી ૧૦)......અને ભીમસેને પણ પ્રોત્સાહિત થઈને કૌરવોના દળમાં ભંગાણ પાડી દીધું (૮–૫૫–૧૧ થી ૭૩). આ દેખીને કર્ણ તથા દુર્યોધનના પક્ષના બીજા મહારથીઓ પાંડવસેના ઉપર તૂટી પડ્યા અને કચ્ચરઘાણ વાળવા માંડ્યા. વળી પાંડવ મહારથીઓએ એની સામે એટલો જ સખત વળતો ફટકો માર્યો (૮–૫૬–૧ થી ૫૮).

અર્જુને કૌરવોને હંફાવીને લોહીની નદી વહેવડાવી. સૈન્યને છિન્નભિન્ન કરી નાખ્યું. આ ખુવારીથી કર્ણને ઊકળી ઊઠીને ફટકો મારતો જોયો, એટલે અર્જુને શ્રીકૃષ્ણને કર્ણની રથધ્વજા બતાવી તથા તેની સામે લડતા ભીમસેન વગેરે મહારથીઓને અને કર્ણથી ત્રાસીને નાસી જતા પાંચાલોને બતાવ્યા. વળી દુર્યોધનાદિ દુશ્મન મહારથીઓ અને રશ્મિસંચારકોવિદ (નિષ્ણાત સારથિ) શલ્યને દેખાડીને બોલ્યા : 'શ્રીકૃષ્ણ ! આપણા રથને ત્યાં હાંકો. કર્ણને હણ્યા વિના કોઈ રીતે પાછા વળવું જ નહિ એવું મેં નિર્ધાર્યું છે, કારણ કે નહિ તો તે આપણા દેખતાં જ જનાર્દન ! પાંડવ-સૃંજયોને રણમાં સફાચટ કરી દે'. (૮—૫૭–૧ થી ૮)

અર્જુનનો નિર્ધાર સાંભળતાં જ શ્રીકૃષ્ણે રથને કર્ણ સામે દ્વૈરથ યુદ્ધ ખેલવા માટે મોરચા તરફ આગળ ધપાવ્યો. આગેકૂચ કરતાં કરતાં અર્જુનની અનુજ્ઞા મુજબ હરિ શ્રીકૃષ્ણ પાંડવ દળોને ચોમેર ધીરજ આપ્યે જતા હતા (૮–૫૭–૯, ૧૦થી)....ચઢાઈ કરીને ધસી આવતા કૃષ્ણસારથિ અર્જુનની રથધ્વજાને જોઈને શલ્યે કર્ણને કુશળ સારથિ તરીકે સુયોગ્ય સલાહ તથા પ્રોત્સાહન આપવા માંડ્યું : '......જો, જો, આ અર્જુન એકલો જ ચઢી આવે છે. એની સાથે પૃષ્ઠરક્ષક કે પાર્શ્વરક્ષક પણ નથી એ તારી (વ્યૂહરચના તથા પરાક્રમની) સફળતાને તો નીરખ ! તું એકલો જ બન્ને કૃષ્ણને—કૃષ્ણાર્જુનને હરાવી શકે એમ છે. તારા ઉપર એ જવાબદારી મૂકવામાં આવી છે, માટે સામે ધસારો કર. તું ભીષ્મ, દ્રોણ, અશ્વત્થામા અને કૃપાચાર્ય કરતાંય ચઢિયાતો છે. માટે આક્રમણ કરી અર્જુનને પીછેહઠ કરાવ. જો, આ કૌરવ મહારથીઓ ડરના માર્યા નાસે છે. એમને તારા સિવાય બીજો કોઈ હામ આપે એમ નથી. એ બધા રણસમુદ્રમાં તને બેટ જેવો માનીને આશ્રયની આશાએ ઊભા છે.' એ પછી કર્ણના પૂર્વના વિજયોનું સ્મરણ કરીને શલ્યે ઉમેર્યું : 'જે **ધૃતિથી** તેં વૈદેહ, અમ્બષ્ઠ, કામ્બોજ, નગ્નજિત, ગાન્ધાર વગેરે સુદુર્જય રાજાઓને યુદ્ધમાં જીતી લીધા હતા, તે **ધૃતિ ધારણ કરીને** રાધેય ! તું **અર્જુન** અને અર્જુનથી પ્રસન્ન થતા **પ્રિયજન** વાસુદેવ વાર્ષ્ણેય ઉપર તૂટી પડ.'[૮] (૮—૫૭–૧૩ થી ૩૨)

૮ वैदेहाम्बष्ठकाम्बोजास्तथा नग्नजितस्त्वया ।
गान्धाराश्च यया धृत्या जिताः संख्ये सुदुर्जयाः ॥ ८-५७-३१.

[ શલ્યે આ વખતે સમયોચિત યથાયોગ્ય સલાહ આપી ત્યારે અવિચક્ષણ અને અભિમાની કર્ણ ફૂંટાયો. એણે પોતાનું હિત-અહિત વિચાર્યા વિના શલ્ય આગળ રોફ કરવા માંડ્યો : ]

'શલ્ય ! તું અત્યારે ઠેકાણે આવી ગયો છે ( प्रकृतिस्थः ), એટલે મારી સાથે સંમત થયો છે. જો કે એમ લાગે છે કે તને અર્જુનની બીક લાગી છે ! પરન્તુ તું આજે મારાં બાહુબળ અને યુદ્ધશિક્ષણને નિહાળજે. આજે હું એકલો જ પાંડવોની મહાચમૂને તેમ જ કૃષ્ણ-અર્જુનને ગળી નાખીશ, એમ તને ખરેખર કહી દઉં છું. કૃષ્ણ-અર્જુનનો સંહાર કર્યા વિના હું કોઈ રીતે સંગ્રામમાંથી પાછો ફરવાનો નથી, અથવા એ બન્નેના હાથે મરણ પામીને ચિરનિદ્રામાં પોઢીશ. કારણ કે સંગ્રામમાં વિજય થાય જ એવું નક્કી હોતું નથી. એટલે કાં તો તેમને હણીને અથવા તેમના હાથે હણાઈને હું કૃતાર્થ થઈશ. ( ૮-૫૭-૩૩ થી ૩૬ )

'અમે વારંવાર સાંભળ્યું છે કે જગતમાં અર્જુનના જેવો કોઈ ઉત્તમ રથી હજુ સુધી જન્મ્યો નથી. એવા અદ્વિતીય અર્જુનની સામે હું મહારણમાં યુદ્ધ કરીશ. મારું પૌરુષ જોઈ લે' ( ૮-૫૭-૩૭ ). ત્યારબાદ અર્જુનનાં બળ, પરાક્રમ, શીઘ્રતા, કેળવણી વગેરેનાં મુક્ત કંઠે વખાણ કરતાં કરતાં ( ખરેખર તો આવા અજોડ વીરને પોતે હંફાવશે એવો ગર્વિષ્ઠ હુંકાર કરતાં ), સાથે શ્રીકૃષ્ણનો નિર્દેશ કરીને કર્ણ બોલ્યો : 'શ્રીકૃષ્ણની મદદ લઈને અતિરથી વેગવાન અર્જુને હુતાશનને તૃપ્ત કર્યો હતો અને મહાત્મા શ્રીકૃષ્ણે ચક્ર તથા સવ્યસાચી અર્જુને ગાંડીવ, સફેદ ઘોડા જોડેલો ઉત્તમ રથ, અક્ષય ભાથા અને દિવ્યાસ્ત્રો પ્રાપ્ત કર્યાં હતાં....આવા વીર્ય અને ગુણસંપન્ન, જેને શ્રીકૃષ્ણની સહાય છે, અને અપ્રતિમ પરાક્રમી નારાયણ કેશવ શ્રીકૃષ્ણ જેનું રક્ષણ કરે છે, તે અર્જુનને મેં લડી લેવા માટે ચૂંટી કાઢ્યો છે. શંખ-ગદા-અસિપાણિ, વિષ્ણુ, જિષ્ણુ, મહાત્મા વાસુદેવના ગુણોનું સર્વ લોકો એકઠા મળીને લાખો વર્ષે પણ પૂરું વર્ણન કરી શકે નહિ. એટલે બન્ને કૃષ્ણ—કૃષ્ણાર્જુનને એક રથમાં સાથે જ જોઈને મને ભય તથા સંભ્રમ થાય છે. એ બન્ને શૂરા, કૃતી, દૃઢાસ્ત્રવાળા, મહારથી અને મજબૂત શરીરસંપન્ન છે. આવા શ્રીકૃષ્ણ વાસુદેવની

---

तां धृतिं कुरु राधेय ततः प्रत्येहि पाण्डवम् ।
वासुदेवं च वार्ष्णेयं प्रीयमाणं किरीटिना ॥ ८-५७-३२.

( ૧ ) અર્જુન-શ્રીકૃષ્ણ પરસ્પરના **પ્રિયજન** છે, એ વાત વિરોધીપક્ષ પણ સ્વીકારે છે.

સર° ભગવદ્વચનઃ

भूय एव महाबाहो शृणु मे परमं वचः ।
यत्तेऽहं प्रीयमाणाय वक्ष्यामि हितकाम्यया ॥ ગીતા ૧૦-૧.

મહાબાહો ! મારા પરમ વચનને તું ફરીને પણ સાંભળ. એ હું તને **પ્રિયજનને** હિત કરવાની ભાવનાથી કહીશ.

( ૨ ) કાર્ય સિદ્ધ કરવા માટે ધૃતિ અનિવાર્ય છે—ભલા અને બૂરા બન્ને માટે. ધૃતિ વિશે નીચે નોંધ ૧૬ જુઓ.

( ૩ ) શલ્ય કેટલીક વખત યોગ્ય સલાહ આપે છે, તેમાં સારથિ તરીકેની ફરજ બજાવવા ઉપરાંત, શ્રીકૃષ્ણ સાથેની સ્પર્ધા પણ એક કારણ છે.

સામે શલ્ય ! મારા સિવાય બીજો કોણ ધસી જાય![૯] એ બન્ને શ્રીકૃષ્ણોને કાં તો હું રણમાં સુવાડી દઈશ અથવા તેઓ મને ભોંય ભેગો કરશે'; એમ બોલીને કર્ણે મેઘગર્જના જેવી ગર્જના કરી ( ૮–૫૭–૩૮ થી ૫૦ ). એણે કૌરવ મહારથીઓને આદેશ આપ્યો : 'કૃષ્ણાર્જુનને ચોમેરથી ઘેરી લઈ અત્યંત ઘાયલ કરી થકવી નાખો, એટલે હું એ બન્નેને સહેલાઈથી હણી નાખીશ.' ( ૮–૫૭–૫૧, ૫૨ )

કૌરવ સેનાપતિઓએ ઘેરો નાખ્યો, પરન્તુ મહાસાગર જેમ નદ-નદીઓને ગળી જાય એમ અર્જુન એ બધાને ગળી ગયા, એ સૌને જીતી લીધા. યુદ્ધ દરમિયાન અશ્વત્થામાએ શ્રીકૃષ્ણને ત્રણ બાણોથી વીંધ્યા ( ૮–૫૭–૫૮ ). વળી એ નજીક આવીને અજિત પુરુષોત્તમો શ્રીકૃષ્ણ–અર્જુનને વીંધવા માંડયો ( ૮–૫૭–૬૧ )......પરન્તુ પાણીનું પૂર જેમ સેતુને છિન્નભિન્ન કરી નાખે એમ અર્જુને કૌરવોના મહાન લશ્કરને છિન્નભિન્ન કરી નાખ્યું અને શ્રીકૃષ્ણે નિપુણપણે રથ હાંકીને વ્યાકુળ થઈ ગયેલા શત્રુઓને પ્રતિકૂળ પરિસ્થિતિમાં મૂકી દીધા ( ૮–૫૭–૬૪ ).

અને એમ પ્રચંડ પરાક્રમ કરીને આગળ વધતા અર્જુન કૌરવો સામે ઝઝૂમતા ભીમસેનની કુમકે પહોંચી ગયા, તેને મળ્યા, ( વ્યૂહરચના અંગે ) મંત્રણા કરી. યુધિષ્ઠિરની કુશળતાના સમાચાર આપ્યા અને ભીમસેનની અનુજ્ઞા લઈ દુશ્મનો ઉપર ધસારો કર્યો. આગેકૂચ કરતા અર્જુનને દુઃશાસનથી નાના દશ કૌરવ ભાઈઓ ઘેરી વળ્યા. પરન્તુ મધુસૂદન શ્રીકૃષ્ણ રથ

---

૯ વિષ્ટિ નિષ્ફળ ગયા પછી શ્રીકૃષ્ણે કર્ણનો સદ્‌ભાવ પ્રાપ્ત કર્યો હતો. તે સાથે વાસુદેવ-પૂજાના ભાવો સંમિશ્ર કરીને અહીં કર્ણના વક્તવ્યની ગોઠવણી થઈ છે:

तमीदृशं वीर्यगुणोपपन्नं
कृष्णद्वितीयं वरये रणाय ।
अनन्तवीर्येण च केशवेन
नारायणेनाप्रतिमेन गुप्तम् ॥ ८-५७-४७

वर्षायुतैर्यस्य गुणा न शक्या
वक्तुं समेतैरपि सर्वलोकैः ।
महात्मनः शङ्खचक्रासिपाणे-
र्विष्णोर्जिष्णोर्वसुदेवात्मजस्य ।
भयं मे वै जायते साध्वसं च
दृष्ट्वा कृष्णावेकरथे समेतौ ॥ ८-५७-४८

उभौ हि शूरौ कृतिनौ दृढास्त्रौ
महारथौ संहननोपपन्नौ ।
एतादृशौ फल्गुनवासुदेवौ
कोऽन्यः प्रतीयान्मदृते नु शल्य ॥ ८-५७-४९

ઘુમાવીને ઘેરામાંથી છટકી ગયા. એટલે અર્જુનને પરાઙ્મુખ થયેલા જોઈને (યુદ્ધવિજ્ઞાનથી અજ્ઞાન) કૌરવ ભાઈઓએ એમનો પીછો પકડયો. પરન્તુ ભીમે દશેનાં મસ્તક દશ ભલ્લ બાણોથી કાપી નાખ્યાં. (૮–૫૭–૬૫ થી ૬૯, અને અ. ૫૮)

એ પછી તો અર્જુને (તથા સાથે ભીમે પણ) એવો તો કેર વર્તાવ્યો કે કૌરવો કર્ણના જીવન અંગે નિરાશ થઈ ગયા. સેનાપતિ કર્ણનો બચાવ કરવો પડતો મૂકીને એનું શરણું લેવા લાગ્યા! મૃત્યુથી ભયભીત થયેલાં, કર્મ કરનાર પ્રાણીઓ જેમ ધર્મનો જ આશ્રય લે છે એમ કૌરવો પણ અર્જુનના ત્રાસથી કર્ણનો આશ્રય લેવા માંડયા![૧૦] (૮–૫૯–૧ થી ૪૦)

કર્ણે પણ પાંડવો ઉપર રૌદ્ર આક્રમણ કર્યું. દરમિયાન સાત્યકિએ કર્ણના પુત્ર સુષેણને મારી નાખ્યો. સામે કર્ણે ધૂંધવાઈને કાળો કેર વર્તાવી દીધો. આ જોતાં જ શ્રીકૃષ્ણે અર્જુનને આદેશ આપ્યો: 'પાર્થ! કર્ણ પાંચાલોને સાફ કરી નાખશે, માટે ચઢાઈ કર અને એને મારી નાખ' (૮-૬૦-૧ થી ૧૦). એટલે અર્જુન ખડખડાટ હસ્યા અને કર્ણ ઉપર ત્રાટક્યા.[૧૧] (૮-૬૦-૧૧ થી)

દરમિયાન ભીમસેને દુઃશાસનને મારી નાખ્યો. એની છાતી ચીરી નાખી, અમાનુષીપણે

---

૧૦ यथा सर्वाणि भूतानि मृत्योर्भीतानि भारत ।
धर्ममेवोपलीयन्ते कर्मवन्ति हि यानि च ॥ ८-५९-३९
तथा कर्णं महेष्वासं पुत्रास्तव नराधिप ।
उपालीयन्त संत्रासात्पाण्डवस्य महात्मनः ॥ ८-५९-४०

૧૧ અહીં બે ઉપમાઓ સરસ છે:
ते पञ्च पाञ्चालरथाः सुरूपैर्वैकर्तनं कर्णममिद्रवन्तः ।
तस्माद्रथाच्चावयितुं न शेकुर्धैर्यात्कृतात्मानमिवेन्द्रियाणि ॥ ८-६०-१६

(ઉત્તમૌજા, જનમેજય, યુધામન્યુ, શિખંડી અને ધૃષ્ટદ્યુમ્ન) એ પાંચ સ્વરૂપવાન પાંચાલ મહારથીઓ કર્ણ ઉપર તૂટી પડયા **તો પણ જેમ કૃતાત્માને (જેણે આત્મશુદ્ધિ સાધી છે તેવા સામંજસ્યપૂર્ણ મનુષ્યને) ઇન્દ્રિયો ધૈર્યથી ભ્રષ્ટ કરી શકતી નથી એમ, કર્ણને રથ ઉપરથી ઉથલાવી શકયા નહિ.**

पराजिताः पञ्च महारथास्तु ते
महाहवे सूतसूतेन मारिष ।
निरुद्यमास्तस्थुरमित्रमर्दना
यथेन्द्रियार्थात्मवता पराजिताः ॥ ८-६०-२१.

**જેમ આત્મવાન (આત્મસાક્ષાત્કાર પામેલ) મનુષ્ય ઇન્દ્રિયોના વિષયોનો પરાજય કરે,** એમ કર્ણે પેલા પાંચ મહારથીઓને મહાયુદ્ધમાં હરાવ્યા એટલે એ અરિમર્દન યોદ્ધાઓ **નિરુદ્યમી થઈ ગયા.**

એનું લોહી પીધું. દ્રૌપદીવસ્ત્રાહરણ પ્રસંગે લીધેલી પ્રતિજ્ઞા શબ્દશઃ પાર પાડી ( ૮-૬૦-૨૯ થી ૩૩; અ. ૬૧ )......વળી સંકુલ યુદ્ધ દરમિયાન કર્ણના પુત્ર વૃષસેને શ્રીકૃષ્ણને બાર બાણોથી વીંધ્યા ( ૮-૬૧-૫૩ )......અને ફરીથી નવ બાણોથી વીંધી નાંખ્યા ( ૮-૬૧-૫૮ ). છેવટે વૃષસેન અર્જુનના હાથે પરલોક સિધાવ્યો ( ૮-૬૧-૫૯ થી ૬૨ ).

વૃષસેન હણાતાં કર્ણની આંખમાંથી આંસુની ધાર ચાલી. પછી લાલચોળ આંખો કરી અર્જુનને આહ્વાન આપ્યું, અને લોકોએ બે સૂર્ય જેવા બે રથોનો ભેટો થતો જોયો. બન્ને રથ વ્યાઘ્રચર્મથી મઢેલા હતા. બન્નેને શ્વેત ઘોડા જોડચા હતા અને સૂર્ય જેવા તેજસ્વી યોદ્ધાઓ એમાં બેઠા હતા. બન્નેના સારથિ પણ મહાબલી અને શ્રેષ્ઠ હતા. ઇન્દ્ર-વૃત્ર જેવા અર્જુન–કર્ણના દ્વંદ્વયુદ્ધ-રૂપી દ્યૂતમાં જાણે કે પાંડવો તરફથી અર્જુન અને કૌરવો તરફથી કર્ણ ‘ પણ ’ તરીકે મુકાયા હતા, અને તેમાં હારજીતનો નિવેડો લાવવાનો જ હતો ( ૮-૬૩-૧ થી ૨૯ ).

અને આ વિશિષ્ટ દ્વંદ્વયુદ્ધ જોવા એકઠાં થયેલાં જગતનાં સર્વ સ્થાવરજંગમ ભૂતો પણ જાણે બે પક્ષમાં વહેંચાઈ ગયાં. તથા પરસ્પર આક્ષેપ કરીને કોનો વિજય થશે એનો વાદવિવાદ કરવા મંડચાં, અને એમ ભારે મતભેદ ઊભો થતાં સામસામા બે વિભાગ પડી ગયા ( ૮–૬૩–૩૦, ૩૧થી )! એવામાં બ્રહ્મા અને શંકર પણ આવ્યા. બ્રહ્માજીને જોઈને દેવોએ એમને કહ્યું : ‘ દેવ ! આ બન્ને નરસિંહોનો સમાન વિજય થાય તો સારું. ’ આ સાંભળીને ઉદાર ( મઘવન્ ) ઇન્દ્ર પિતામહ બ્રહ્માને પ્રણામ કરીને બોલ્યા : ‘ કર્ણ–અર્જુનના વિનાશને લીધે જગતનો વિનાશ ન થાઓ. માટે સ્વયંભૂ ! તમે બોલી દો કે, ‘ આ બન્નેનો એકસરખો વિજય થશે ( બન્ને સમાન ઊતરતાં, લડાઈ આગળ નહિ ચાલે ) ! ’ માટે એમ જ થાઓ. તમને હું નમસ્કાર કરું છું. મારા ઉપર પ્રસન્ન થાઓ. ’ ૧૨ ( ૮–૬૩–૪૬ થી ૪૯ )

એટલે બ્રહ્મા તથા શંકરે એક સાથે જ દેવરાજને ઉત્તર આપ્યો : ‘ મહાત્મા અર્જુનનો જ વિજય થશે. એકાગ્રચિત્ત, બલવાન, શૂરો, કૃતાસ્ત્ર, તપોધન અને મહાતેજસ્વી અર્જુન સંપૂર્ણ ધનુર્વેદનો જ્ઞાતા છે. આનાથી ઊલટું બને તો ( અર્જુન હારે તો )દિષ્ટ ( નિયતિ )ની મહત્તા નષ્ટ થઈ જાય. એવું અતિક્રમણ થતાં જગત્નો વિનાશ થઈ જ જાય. બન્ને કૃષ્ણ (શ્રીકૃષ્ણ અને અર્જુન ) કોપાયમાન થાય તો કોઈ સ્થળે વ્યવસ્થા ટકે જ નહિ, કારણ કે એ બન્ને પુરુષશ્રેષ્ઠો સત્ ( ભાવ ) અને અસત્ ( અભાવ )ના સર્જક છે. એ બન્ને પુરાણા ઋષિશ્રેષ્ઠ નરનારાયણ છે. એ( સર્વના ) નિયન્તા છે. એમનો કોઈ નિયન્તા નથી. શત્રુઓને તપાવનાર એ બન્ને નીડર છે. તેથી આ પુરુષશ્રેષ્ઠ કર્ણ ભલે વસુઓના કે મરુતોના લોકને પામે અથવા દ્રોણ–ભીષ્મની સાથે સ્વર્ગમાં વસે. પરન્તુ વિજય તો શ્રીકૃષ્ણ–અર્જુનનો જ થાઓ. ’ એટલે ઇન્દ્રે પ્રાણીમાત્રને બોલાવી, બ્રહ્માજી અને

---

૧૨ ઇન્દ્ર અને દેવો તટસ્થપણે સર્વ જગતનાં હિતને હૈયે રાખીને સ્વયંભૂ બ્રહ્માને વિનંતિ કરે છે. એમાં દુરિતનો સામનો કરવાની ઢીલાશ અને બીક પણ છે. પરન્તુ ક્ષેપક ૯૯૨, ૯૯૬ વગેરેમાં વર્ણવાયેલું છે એમ ઇન્દ્ર અને સૂર્ય સ્વાર્થીપણે, અનુક્રમે પોતાના પુત્રો અર્જુન અને કર્ણનો જ વિજય વાંછતા નથી એટલે આ મૂળ ચિત્રણ નૈસર્ગિક અને હૃદ્ય બન્યું છે.

શંકરનાં જગતહિતકારી શાસનવચનો સંભળાવ્યાં. વિજય અર્જુનનો જ થવાનો હોઈ હવે ચડસા-મૂકીને શાન્ત રહેવા જણાવ્યું ![13] ( ૮–૬૩–૫૦ થી ૬૧ )

શ્રીકૃષ્ણ-અર્જુને તથા કર્ણ-શલ્યે શંખનાદ કર્યા અને ભીરુઓને ત્રાસ ઉપજાવનારું ઇન્દ્ર અને શમ્બર વચ્ચેના યુદ્ધ જેવું ઘોર યુદ્ધરૂપી દ્યૂત હજુ તો શરૂ થતું હતું ત્યાં તો ( જાણે કે ) બન્નેના રથધ્વજો સામસામે લડવા મંડ્યા, અને રથના ઘોડાઓ હણહણવા લાગ્યા ! સારથિ શ્રીકૃષ્ણ અને શલ્ય એકબીજાને નયનબાણોથી વીંધવા મંડ્યા. એમાં શ્રીકૃષ્ણે શલ્યને તથા અર્જુને કર્ણને દૃષ્ટિ-રૂપી બાણોથી હરાવી દીધા ! ( ૮-૬૨-૬૨ થી ૭૨ )

દરમિયાન કર્ણે શલ્યને પૂછ્યું કે, 'કદાચ અર્જુન મને મારી નાખે તો તું શું કરીશ ?' ( ૮-૬૩-૭૩ )

શલ્યે જવાબ આપ્યો : 'એમ થશે તો કર્ણ ! હું એક જ રથની મદદથી ( હું એકલો જ ) એ બન્નેને હણી નાખીશ !' ( ૮-૬૩-૭૪ )

એ જ રીતે અહીં અર્જુને ગોવિન્દને પૂછ્યું, ત્યારે શ્રીકૃષ્ણ મુક્ત હાસ્ય કરીને આ શ્રેષ્ઠ વચન બોલ્યા : 'અરે, દિવાકર સૂર્ય સ્થાનભ્રષ્ટ થઈ પડી જાય, પૃથ્વીના ટુકડે ટુકડા થઈ જાય

---

१३ विजयो ध्रुव एवास्तु विजयस्य महात्मनः ॥ ८-६३-५० ગદ્ય
मनस्वी बलवाञ्शूरः कृतास्त्रश्च तपोधनः ।
बिभर्ति च महातेजा धनुर्वेदमशेषतः ॥ ८-६३-५१
अतिक्रमेच्च माहात्म्याद्दिष्टमेतस्य पर्ययात् ।
अतिक्रान्ते च लोकानामभावो नियतो भवेत् ॥ ८-६३-५२
न विद्यते व्यवस्थानं कृष्णयोः क्रुद्धयोः क्वचित् ।
स्रष्टारौ ह्यसतश्चोभौ सतश्च पुरुषर्षभौ ॥ ८-६३-५३
नरनारायणावेतौ पुराणावृषिसत्तमौ ।
अनियत्तौ नियन्तारावभीतौ स्म परंतपौ ॥ ८-६३-५४
कर्णो लोकानयं मुख्यान्प्राप्नोतु पुरुषर्षभः ।
वीरो वैकर्तनः शूरो विजयस्त्वस्तु कृष्णयोः ॥ ८-६३-५५
वसूनां सलोकत्वं मरुतां वा समाप्नुयात् ।
सहितो द्रोणभीष्माभ्यां नाकलोके महीयताम् ॥ ८-६३-५६
इत्युक्तो देवदेवाभ्यां सहस्राक्षोऽब्रवीद्वचः ।
आमन्त्र्य सर्वभूतानि ब्रह्मेशानुशासनात् ॥ ८-६३-५७
श्रुतं भवद्भिर्यत्प्रोक्तं भगवद्भ्यां जगद्धितम् ।
तत्तथा नान्यथा तद्धि तिष्ठध्वं गतमन्यवः ॥ ८-६३-५८

૮–૬૩–૫૩ સાથે સર° ગીતા ૭–૫, ૬. પોતાની પરા પ્રકૃતિ (જીવ) અને અપરા પ્રકૃતિ ( ભૌતિક તત્ત્વો)-થી જગતનું સર્જન કરનાર એક પરમાત્મા છે. તેથી સંહારક પણ તે જ છે. એમનાથી શ્રેષ્ઠ કંઈ નથી.

અને અગ્નિ શીતળ થઈ જાય તો પણ કર્ણ તને ધનંજયને હણી શકે નહિ ! એમ છતાં કદાચ જગતમાં મોટી ઊથલપાથલ થવાની હશે (અને તારો વધ થશે), તો કર્ણ-શલ્યનો સંગ્રામમાં હું બે ભુજાઓથી જ સંહાર કરી નાખીશ !'[૧૪] (૮-૬૩-૭૫ થી ૭૭)

જવાબમાં અર્જુને અક્લિષ્ટકારી (મહાઉત્સાહી, અતન્દ્રિત) શ્રીકૃષ્ણને કહ્યું : 'જનાર્દન ! આ કર્ણ-શલ્ય મને પહોંચે એમ નથી જ. આજે જ હું કર્ણના અનેક કકડા કરી નાખીશ તે તમે જોશો. એણે દ્રૌપદીની મશ્કરી કરેલી તેનું વૈર શમતું જ નથી.[૧૫] એટલે ગોવિન્દ ! જેમ મદોન્મત્ત હાથી પુષ્પ ભરેલા વૃક્ષને છૂંદી નાખે એમ હું કર્ણને છૂંદી નાખીશ તે તમે આજે જ જોશો, અને મધુસૂદન ! તમે પેલી મધુર વિજયઘોષણા સાંભળશો. તમે આજે આનંદથી અભિમન્યુની જનની સુભદ્રાને તથા તમારાં ફોઈ કુન્તાને આશ્વાસન આપજો. અને આજે તમે અમૃત જેવી મીઠી વાણીથી (અપમાનનું સ્મરણ કરી રડતી) દ્રૌપદીને અને ધર્મરાજાને પણ સાન્ત્વન આપજો.' (૮-૬૩-૭૮ થી ૮૩)

રૌદ્ર સંગ્રામ ચાલુ થયો. દુર્યોધન, કૃતવર્મા, શકુનિ, કૃપાચાર્ય અને કર્ણ એ પાંચ મહારથીઓએ શ્રીકૃષ્ણ-અર્જુન ઉપર બાણોનો મારો ચલાવ્યો. અર્જુને વિસ્મયજનક પરાક્રમ કરીને પાંચ મહારથીઓ તથા એમની તાજી કુમકને હંફાવી દીધાં. સૌ વિસ્મય પામ્યા પરન્તુ 'મારીશું કે મરીશું' એવા દૃઢનિશ્ચયવાળા કર્ણ તથા દુર્યોધન વિસ્મિત થયા નહિ, તેમ વ્યથિત પણ થયા નહિ (૮-૬૪-૧ થી ૧૯). પરન્તુ સત્તર દિવસની ઘોર કત્લ નિહાળીને અશ્વત્થામા ઢીલા પડી ગયા. (એમના હૃદયમાં દયાનો આવિર્ભાવ થયો લાગે છે.) એમણે હાથ પકડીને દુર્યોધનને વિગ્રહ પડતો મૂકીને સંધિ કરવા આગ્રહ કર્યો: 'પાંડવો સાથે મેળ રાખીને ચિરકાળ રાજ્ય કરો. ધનંજયને હું વારીશ એટલે તે અટકશે. **જનાર્દન તો વિરોધ (યુદ્ધ) ઇચ્છતા જ નથી. जनार्दनो नैव विरोधमिच्छति** । યુધિષ્ઠિર સર્વદા પ્રાણીમાત્રના હિતમાં રત રહે છે. જ્યારે વૃકોદર ભીમ અને નકુલ-સહદેવ તો એમના કહ્યામાં જ છે. તેથી સુલેહ થવાથી પ્રજા

---

૧૪ एवमेव तु गोविंदमर्जुनः प्रत्यभाषत ।
तं प्रहस्याब्रवीत्कृष्णः पार्थं परमिदं वचः ॥ ८-६३-७५
पतेद्दिवाकरः स्थानाच्छीर्येतानेकधा क्षितिः ।
शैत्यमग्निरियान्न त्वा कर्णो हन्याद्धनंजयम् ॥ ८-६३-७६
यदि त्वेवं कथंचित्स्याल्लोकपर्यवसनं यथा ।
हन्यां कर्णं तथा शल्यं बाहुभ्यामेव संयुगे ॥ ८-६३-७७

૧૫ न हि मे शाम्यते वैरं कृष्णां यत्प्राहसत्पुरा ॥ ८-६३-८०

શૂરવીર અર્જુનના હૃદયમાં ઊંડો જખમ છે. ઝેરી વાણી, અપશબ્દોના મર્મભેદી ઘા રુઝાતા નથી. જુઓ ૫-૩૪-૭૫ થી ૭૭; ૧૩-૧૦૭-૫૬ થી ૫૮; ૧-૮૨-૧૧ વગેરે. તે પૈકીનો શ્લોક :

संरोहति शरैर्विद्धं वनं परशुना हतम् ।
वाचा दुरुक्तं बीभत्सं न संरोहति वाक्क्षतम् ॥ ५-३४-७५

બાણોથી વીંધાયેલું અને ફરસીથી કપાયેલું વન ફરી ફુલીફાલી શકે છે, પણ બીભત્સ અપશબ્દોથી થયેલો વાણીનો ઘા રુઝાતો નથી.

કર્ણ-અર્જુન સંગ્રામ તમસ્ધ્વંસનો સંગ્રામ છે. એમાં અપશબ્દોથી થતા વૈરરૂપી અસાધ્ય કૅન્સરનું ઋષિ દર્શન કરાવે છે.

સુખ-શાન્તિ પામો અને સૈનિકો વૈર મૂકી દો.' ( ૮-૬૪-૨૦ થી ૨૩ ). વળી અર્જુનના અપ્રતિમ પરાક્રમનો નિર્દેશ કર્યા પછી આગળ ચાલતાં ઉમેર્યું : 'વિચક્ષણ પુરુષો ચાર જાતના મિત્ર ગણાવે છે. સહજ ( જન્મજાત ), સામથી ( સમજાવટથી, 'સામ'થી ) બનાવેલો, ધનથી ( 'દાન'થી ) બનાવેલો અને પ્રતાપથી ( 'દંડ' ઉપાયથી ) બનાવેલો. આ ચારે જાતના સંયોગ તમારે પાંડવો સાથે છે. એ લોકો નૈસર્ગિક રીતે જ તમારા બાન્ધવો છે. એમને સમજાવીને સામ દ્વારા ફરીથી સ્થિર મૈત્રી બાંધો.' ( ૮-૬૪-૨૪ થી ૨૮ )

દુર્યોધને ખિન્ન થઈને નિસાસો મૂક્યો. અશ્વત્થામાના મત સાથે તે સંમત થયો, પરન્તુ ભીમે સિંહની જેમ બળાત્કારે મારી નાખીને દુઃશાસનનું લોહી પીધું અને ખૂબ મેણાં સંભળાવ્યાં તેનો હૃદયમાં ડાઘ લાગી ગયો છે એનું વિષાદઘેર્યું સ્મરણ કરીને અત્યંત વિનયથી ઉમેર્યું : 'હવે અર્જુન ખૂબ થાકી ગયો છે, કર્ણ એને ચોક્કસ હણી જ નાખશે.' અને પછી સૈનિકોને પાંડવો ઉપર ત્રાટકવા હુકમ કર્યો. ( ૮-૬૪-૨૯ થી ૩૨ )

વળી કર્ણ-અર્જુનના દ્વંદ્વયુદ્ધ દરમિયાન ભીમસેન આકળો થઈ ગયો. એણે બન્ને હાથ જોસથી અફાળીને તથા દાંત કચકચાવીને અર્જુનને ઉશ્કેર્યો : 'જે ધૃતિથી સર્વ ભૂતોને જીતીને તેં ખાંડવવનમાં અગ્નિને ગ્રાસ આપ્યો હતો, તે જ ધૃતિ ધારણ કરીને તું સૂતપુત્ર કર્ણને મારી નાખ. નહિ તો પછી હું જ એને ગદાથી છૂંદી નાખીશ ! अहं वैनं गदया पोथयिष्ये ।'[૧૬] ( ૮-૬૫-૧૪, ૧૫ )

અને શ્રીકૃષ્ણ પણ અર્જુનનાં રથેષુઓનો ( ચોક્કસ પ્રકારનાં ભયંકર બાણોનો ) નાશ થતો જોઈને બોલી ઊઠ્યા : 'કિરીટી ! અત્યારે કર્ણ તારાં અસ્ત્રોનો પોતાનાં અસ્ત્રોથી સર્વથા નાશ કરી નાખે છે એ શું ! ઓ વીર ! તું શાથી મુંઝાય છે ? એને કેમ શાન્ત કરી દેતો નથી ? જો, આ કૌરવો તાનમાં આવીને ગર્જનાઓ કરી રહ્યા છે. કારણ કે કર્ણને સેનાની નીમ્યા પછી એ તારાં ( અમોઘ ) અસ્ત્રોને અસ્ત્રોથી તોડી નાખે છે તેની એ બધાને જાણ થઈ ગઈ છે.[૧૭] પરન્તુ

---

'જયદ્રથ વધ' વખતે શ્રીકૃષ્ણે જેમ ચક્ર તૈયાર રાખ્યું હતું ( જુઓ ખંડ ૪, પ્રકરણ ૨, 'સારથિપ્રવર'ના ઉપયુક્ત સંદર્ભો ) એ પ્રમાણે અત્યારે પણ ચક્ર તૈયાર રાખેલું જણાય છે.

૧૬ यया धृत्या सर्वभूतान्यजैषी–
ग्रांसं ददद्वह्नये खाण्डवे त्वम् ।
तया धृत्या सूतपुत्रं जहि त्व–
महं वैनं गदया पोथयिष्ये ॥ ८-६५-१५

૧૭ अथाब्रवीद्वासुदेवोऽपि पार्थं
दृष्ट्वा रथेषून्प्रतिहन्यमानान् ।
अमीमृदत्सर्वथा तेऽद्य कर्णो
ह्यस्त्रैरस्त्राणि किमिदं किरीटिन् ॥ ८-६५-१६
स वीर किं मुह्यसि नावधीयसे
नदन्त्येते कुरवः संप्रहृष्टाः ।
कर्णं पुरस्कृत्य विदुर्हि सर्वे
त्वदस्त्रमस्त्रैर्विनिपात्यमानम् ॥ ८-६५-१७

**જે ધૃતિ વડે તેં યુગે યુગે તામસાસ્ત્ર અને ઘોર રાક્ષસોનો સંહાર કર્યો છે તથા રણસંગ્રામમાં દમ્ભોદ્ભવ અસુરોનો નાશ કર્યો છે, તે ધૃતિ વડે તું સૂતપુત્ર કર્ણનો વધ કર.** અથવા (જો એ ન બને તો) હું તને આ ક્ષુરધારા જેવું સુદર્શન ચક્ર આપું છું. તેના વડે જેમ ઇન્દ્રે વજ્રથી દુશ્મન નમુચિનું મસ્તક છેદી નાખ્યું હતું એમ તારા શત્રુ કર્ણના મસ્તકને બળાત્કારે છેદી નાખ. કિરાતરૂપી ભગવાન શંકરને તેં જે મહાન ધૃતિથી સુપ્રસન્ન કર્યા હતા, **વીર ! તે જ ધૃતિને પુનઃ ધારણ કરીને તું સૂતપુત્ર કર્ણનો તેના અનુબન્ધ (રસાલા) સહિત સંહાર કર.** અને પછી સાગરરૂપી મેખલાવાળી, નગરો તથા ગામોવાળી, શત્રુસંઘોના વિનાશથી નિષ્કણ્ટક થયેલી સમૃદ્ધ પૃથ્વી યુધિષ્ઠિરને અર્પણ કર અને પાર્થ ! અતુલ યશને પ્રાપ્ત કર.[૧૮] (૮-૬૫-૧૬ થી ૨૧)

---

१८ यया धृत्या निहतं तामसास्त्रं
युगे युगे राक्षसाश्चापि घोराः ।
दम्भोद्भवाश्चासुराश्चाहवेषु
तया धृत्या त्वं जहि सूतपुत्रम् ॥ ८-६५-१८
अनेन वास्य क्षुरनेमिनाद्य
संच्छिन्द्धि मूर्धानमरेः प्रसह्य ।
मया निसृष्टेन सुदर्शनेन
वज्रेण शक्रो नमुचेरिवारेः ॥ ८-६५-१९
किरातरूपी भगवान्यया च
त्वया महत्या परितोषितोऽभूत् ।
तां त्वं धृतिं वीर पुनर्गृहीत्वा
सहानुबन्धं जहि सूतपुत्रम् ॥ ८-६५-२०
ततो महीं सागरमेखलां त्वं
सपत्तनां ग्रामवतीं समृद्धाम् ।
प्रयच्छ राज्ञे निहतारिसंघां
यशश्च पार्थातुलं प्राप्नुहि त्वम् ॥ ८-६५-२१

(૧) જુઓ ગીતાપ્રોક્ત ત્રિવિધ ધૃતિવર્ણન (૧૮-૩૩ થી ૩૫). તેમાં સાત્ત્વિકી ધૃતિ કેવી હોય તેઃ

**धृत्या यया धारयते मनः प्राणेन्द्रियक्रियाः ।**
**योगेनाव्यभिचारिण्या धृतिः सा पार्थ सात्त्विकी ॥ ६-४०-३३** (ગીતા ૧૮-૩૩)

(કર્મફલાસક્તિત્યાગવાળા) યોગથી એકનિષ્ઠ બનેલી જે ધૃતિથી મનુષ્ય મન, પ્રાણ અને ઇન્દ્રિયોની ક્રિયાઓ ચલાવે છે તે ધૃતિ હે પાર્થ ! સાત્ત્વિકી છે.

સત્યના તેર પ્રકારના વર્ણનમાં ધૃતિની વ્યાખ્યા : જે ગુણથી સુખ અથવા દુઃખમાં મનુષ્યમાં વિકાર પેદા થતો નથી તે ધૃતિ ગુણ. ઉન્નતિ ઇચ્છનાર માત્રે તેનું સદા સેવન કરવું. સર્વથા ક્ષમાવાન અને સત્યનિષ્ઠ થવાથી તથા હર્ષ, ભય અને ક્રોધનો ત્યાગ કરવાથી ધૃતિ પ્રાપ્ત થાય છે (૧૨-૧૫૬-૧૯-૨૦). વિશેષ માટે જુઓ 'ભારત-રત્ન', ૨જી આવૃત્તિ, પૃ. ૧૦૬-૧૧૫.

ભીમસેન અને જનાર્દન શ્રીકૃષ્ણનું પ્રોત્સાહન મળ્યું એટલે અર્જુને અંતર્મુખ થઈને સત્ત્વનું સ્મરણ કર્યું, અને મહાત્મા નરના (અર્થાત્ પોતાના) અવતારધારણનું પ્રયોજન જાણી લીધું. શ્રીકૃષ્ણને કહ્યું : ' જુઓ હું જગતના કલ્યાણ માટે તથા (તમસ્‌ના સ્વરૂપ) કર્ણના વધ માટે ઉગ્ર મહાસ્ત્ર પ્રકટ કરું છું, તો આપશ્રી, દેવો, બ્રહ્મા, શંકર અને સર્વ બ્રહ્મવેત્તાઓ મને અનુમતિ આપો ' (૮-૬૫-૨૩). એમ બોલીને **મનથી છોડી શકાય** એવા અસહ્ય બ્રહ્માસ્ત્રનો પ્રયોગ કરીને મહાતેજસ્વી અર્જુને દિશાઓ તથા ખૂણાઓને તીવ્રવેગી અસંખ્ય બાણોથી છાઈ દીધાં.[૧૯] ભરતશ્રેષ્ઠ અર્જુને સેંકડો અને હજારો શીઘ્રવેગી બાણોને એક બાણની જેમ જ ફેંક્યાં. સામે કર્ણે પણ વરસાદની ઝડીઓની જેમ હજારો બાણ વરસાવ્યાં, અને સ્વયં ભીમ, શ્રીકૃષ્ણ તથા અર્જુનને પણ ત્રણ ત્રણ બાણોથી વીંધીને મહાઘોર ગર્જના કરી મૂકી. અર્જુને

---

રાજા દમ્ભોદ્‌ભવ અને નર-નારાયણે તેને નાથ્યો તે વિવરણ માટે જુઓ ખંડ ૩, પ્રકરણ ૪, ' શાન્તિદૂત 'માં ૫-૯૪-૩૬ થી ૪૫ ના સંદર્ભ.

૮-૬૫-૧૮નો સંદર્ભ તમસ્ સામે યુગે યુગે સાત્ત્વિક ધૃતિથી સંઘર્ષ કરતા માનવ આત્માના સનાતન ઇતિહાસનું નિરૂપણ સૂચવે છે. રમ્ય-મધુર ઉત્તેજક યુદ્ધકથાના રસ સાથે ભવરોગવૈદ્ય વેદવ્યાસે આરોગ્યદાતા ઔષધનું મિશ્રણ કરી, આજાર માનવજાતિને બક્ષીસ કર્યું છે.

(૨) કિરાતના વેશમાં રહેલા ભગવાન શંકરને અર્જુને પ્રસન્ન કર્યા તે કથા માટે જુઓ ' આરણ્યકપર્વ ' ' કૈરતપર્વ ', અધ્યાય ૨૪ થી ૪૨.

(૩) તમસ્‌નાં આઠ લક્ષણ : ' લોભ, સ્વપ્ન (સુસ્તી), અધૃતિ (અધીરાઈ), ક્રૂરતા, (પરમ તત્ત્વમાં) નાસ્તિકતા, દુરાચાર, માંગણવૃત્તિ અને પ્રમાદ. જુઓ મનુ. ૧૨-૩૩ વગેરે.

૧૯ संचोदितो भीमजनार्दनाभ्यां
स्मृत्वा तदात्मानमवेक्ष्य सत्त्वम् ।
महात्मनश्चागमने विदित्वा
प्रयोजनं केशवमित्युवाच ॥ ८-६५-२२
प्रादुष्करोम्येष महास्त्रमुग्रं
शिवाय लोकस्य वधाय सौतेः ।
तन्मेऽनुजानातु भवान्सुराश्च
ब्रह्मा भवो ब्रह्मविदश्च सर्वे ॥ ८-६५-२३
इत्यूचिवान्ब्राह्ममसह्यमस्त्रं
प्रादुश्चक्रे मनसा संविधेयम् ।
ततो दिशश्च प्रदिशश्च सर्वाः
समावृणोत्सायकैर्भूरितेजाः । ८-६५-२४

શિવસંકલ્પી નરના અવતાર અર્જુનના, સત્યદર્શનની તાલાવેલીવાળા જીવના હૃદયમાં જગત્કલ્યાણ છે.

ખરેખર ચક્ષુષ્માન મહાકવિએ સ્થૂળ યુદ્ધવર્ણનની રચનામાં મારયુદ્ધની ભયાનકતા નિરૂપીને તમસ્‌માંથી ઊર્ધ્વપથે જવા વિચરતા પ્રાકૃત જીવોને પણ રસ પડે, ઊંચે જવાની પ્રેરણા મળે અને છેવટે પ્રાણપણે પ્રયત્ન થાય એવું સબળ આયોજન કર્યું છે.

પોતાને તથા શ્રીકૃષ્ણ અને ભીમને ઘવાયેલા જોયા. એટલે એમણે અસહિષ્ણુપણે કર્ણને અને શલ્યને ખૂબ વીંધી નાખ્યા......એવામાં વધારે પડતી ખેંચાવાથી ગાંડીવની દોરી મોટા અવાજ સાથે એકાએક તૂટી ગઈ. એ જ ક્ષણે (તેનો લાભ લઈને) કર્ણે અર્જુનને એકસો (=ઘણાં) ક્ષુદ્રક બાણોથી અને વાસુદેવ શ્રીકૃષ્ણને કાંચળી વિનાનાં સર્પ સરખાં તીણાં, તેલ પાયેલાં અને પક્ષીનાં પીછાં બાંધેલાં સાઠ બાણોથી વીંધી નાખ્યા. એટલે પાંડવોમાં નાસભાગ થઈ ગઈ. પરન્તુ ઘાયલ અર્જુને શીઘ્રતાથી ગાંડીવ ઉપર નવી દોરી ચઢાવી દીધી, અને એટલાં બાણો છોડી મૂકયાં કે પક્ષીઓ પણ ઊડતાં બંધ થઈ ગયાં. એમણે શલ્યનું કવચ ભેદી નાખ્યું, કર્ણને ઘાયલ કર્યો. કર્ણે પણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણને મારી નાખવાની ઇચ્છાથી પાંચ બાણો વડે ગાઢ વીંધી નાખ્યા. જોશપૂર્વક ફેંકેલાં એ બાણો શ્રીકૃષ્ણનું સુવર્ણથી ચિત્રિત કવચ તોડી નાખીને ભૂમિ સાથે અથડાઈને પુનઃ કર્ણ તરફ ઊછળ્યાં. પણ એ પાંચે બાણો કર્ણ પાસે પહોંચે એ પહેલાં તો અર્જુને ત્વરાથી પાંચ ભલ્લ બાણો વડે એમના ટુકડા કરી નાખ્યા. એટલે તક્ષકપુત્રના ચિહ્નવાળાં (તક્ષકપુત્રપક્ષાઃ, સર્પાકાર) બાણ ભોંય પર પડ્યાં (૮-૬૫-૨૪ થી ૩૯). અને પછી અર્જુન એવા જોશથી ત્રાટક્યા કે મરતાં બચેલું કર્ણનું (ઘણુંખરું) સૈન્ય ભાગી ગયું. મેદાનમાં કર્ણ એકલો જ રહ્યો. છતાં એ ગભરાયો નહિ અને અર્જુનની સામે ધસ્યો (૮-૬૫-૪૦ થી ૪૫; ૬૬-૧). અર્જુને કર્ણના વધ માટે છોડેલા અસ્ત્રનો, કર્ણે ભાર્ગવ રામ પાસેથી પ્રાપ્ત કરેલા મહામહિમાવાન આથર્વણ અસ્ત્રથી નાશ કરી નાખ્યો......અને પછી ઘણા લાંબા સમયથી કેવળ અર્જુનનો વધ કરવા માટે જ સંગ્રહી રાખેલા 'સર્પમુખ' નામના અત્યંત ઝેરી અને તીક્ષ્ણ બાણને સાંધ્યું. પરન્તુ કર્ણે ચોક્કસ નિશાન તાકયું નથી એ જોઈને શલ્યે તેનું ધ્યાન દોરી સલાહ આપી: 'કર્ણ! આ બાણ અર્જુનની ડોક ઉપર નહિ લાગે. માટે મસ્તક કાપી શકે એવા આ બાણથી ધ્યાન રાખીને બરાબર નિશાન લે.' પરન્તુ મિથ્યાભિમાની કર્ણને શલ્યનો ભરોસો ન પડ્યો. એણે આ અત્યંત સુયોગ્ય સલાહ અવગણીને ક્રોધથી લાલચોળ આંખો કરીને જવાબ આપ્યો: 'શલ્ય! કર્ણ બે વખત શરસંધાન કરતો નથી. મારા જેવા માણસો શઠતા કરતા નથી!' અને પછી ઘણાં વર્ષોથી આદરપૂર્વક સાચવી રાખેલા એ બાણને, 'ફલ્ગુન! તારું મોત આવ્યું છે,' એમ બોલીને તેણે જોરથી છોડ્યું. પરન્તુ એ બાણ ધીમાન અર્જુનના કિરીટ સાથે અથડાયું. મુકુટ ઊડીને ભોંય પડ્યો[૨૦] (૮-૬૬-૨ થી ૧૭). અર્જુને ગભરાયા વિના સ્વસ્થતાથી માથા ઉપર સફેદ પટકો

---

૨૦ (૧) શલ્યની સલાહ:

न कर्ण ग्रीवामिषुरेष प्राप्स्यते
संलक्ष्य संधत्स्व शरं शिरोघ्नम् ॥ ૮-૬૬-૭ ગદ્ય.

(૨) આ સ્વાભાવિક પ્રસંગની વચ્ચે કથાનકને કોઈ રીતે ઉપયોગી ન થાય પણ થોડુંક વિકૃત કરી રસભંગ કરે એવા બે શ્લોક છે:

संधीयमानं भुजगं दृष्ट्वा कर्णेन माधवः ।
आक्रम्य स्यन्दनं पद्‌भ्यां बलेन बलिनां वरः ॥ ૮-૬૬-૧૦
अवगाढे रथे भूमौ जानुभ्यामगमन्हयाः ।
ततः शरः सोऽभ्यहनत्किरीटं तस्य धीमतः ॥ ૮-૬૬-૧૧

બાંધી દીધો, એટલે એ સૂર્યકિરણોથી ઝળહળતા ઉદયાચળ પર્વતની જેમ શોભવા માંડ્યા. જ્યારે કિરીટની સાથે જ બલાહક નાગ નામનું બાણ ભોંય પર પડ્યું.[૨૧] ( ૮-૬૬-૯, ૧૮ થી ૨૦ )

વળી રૌદ્ર દૈરથ યુદ્ધ આગળ ચાલ્યું. કર્ણે જનાર્દન શ્રીકૃષ્ણને બાર બાણથી અને અર્જુનને નવ્વાણું બાણથી વીંધ્યા. અર્જુને વળતો હલ્લો કરી કર્ણને પણ નવ્વાણું બાણથી વીંધ્યો, અને તેના મુકુટ તથા કુંડળોના ટુકડા કરી નાખ્યા (પોતાનો મુકુટ તોડેલો તેનો બદલો લીધો)...... ( ૮-૬૬-૨૫ થી ૪૧ )

---

'કર્ણને ભુજગ( –મુખ બાણ )ને સાંધતો જોઈને બલીશ્રેષ્ઠ માધવે પગ વડે રથને જોરથી દબાવ્યો. રથ જમીનમાં પેસી જતાં ઘોડા ઘૂંટણભેર થઈ ગયા, એટલે બાણ ધીમાન અર્જુનના કિરીટને અથડાયું.'

સમીક્ષિત વાચનાએ બધી વાચનાઓની પ્રતોમાં આ કે આને મળતા શ્લોકો હોઈ એ સ્વીકાર્યા છે. પરન્તુ 'કર્ણપર્વ'ના સંપાદક શ્રી પી. એલ. વૈદ્યે તે મહાભારતના મૂળ રૂપમાં નહિ હોય તેની 'સમીક્ષિત નોંધ'માં વિસ્તૃત ચર્ચા કરી છે. જુઓ 'કર્ણપર્વ', પૃ. ૯૯૫, ૯૯૬.

ગમે તેમ પણ શ્રીકૃષ્ણની ભક્તિના અતિરેકમાં ઉપર્યુક્ત અવિવેકી ઉમેરો થયો જણાય છે: કર્ણે ખોટું નિશાન લીધું. શલ્યની સાચી સલાહ કાં તો અવિશ્વાસને લીધે કે કાં અભિમાનને લીધે એણે ન માની. તેથી બાણ અર્જુનના ગળા ઉપર વાગી શકે એવો સંભવ નહિવત્ હતો. આવી દીવા જેવી સ્પષ્ટ પરિસ્થિતિમાં પ્રસ્તુત શ્લોકો શોભતા નથી.

( ૩ ) કર્ણના રથનું પૈડું જમીનમાં ખૂંપી ગયું. સારથિ શલ્યે તેને કંઈ પણ મદદ ન કરી, અને કર્ણને પોતાને જ લડવાની તેમ જ પૈડાને ખેંચી કાઢવાની બે કપરી ફરજો એક સાથે બજાવવી પડી. તેની સરખામણીમાં સારથિ શ્રીકૃષ્ણે પોતાના યોદ્ધાને બચાવવા પૈડું જમીનમાં ખૂંપાડી દીધું અને તે પછી પોતે જ કાઢી આપ્યું, એવું દર્શાવવા પણ આવું ઉમેરણ થયું હોય. જુઓ 'કર્ણપર્વ', ક્ષેપક ૧૧૧૫: 'ભુજગ(બાણમાંનો અશ્વસેન નાગ) માર્યો જતાં, મહાભુજ પુરુષોત્તમે જમીનમાં પેસી ગયેલા રથને બન્ને ભુજાઓથી સત્વર બહાર ખેંચી કાઢ્યો.'

( ૪ ) સર° ક્ષેપક ૧૧૦૦ મુજબ સર્પમુખ બાણમાં પ્રવેશીને અશ્વસેન નાગ કર્ણને કહે છે કે 'તેં બરાબર નિશાન લીધા વિના મને છોડ્યો હતો તેથી મેં અર્જુનનું મસ્તક નહોતું છેદ્યું પણ હવે બરાબર તાકીને મને છોડ એટલે હું આપણા શત્રુનો વધ કરીશ.' અશ્વસેન નાગની રોચક કલ્પનાકથા માટે જુઓ નીચે નોંધ ૨૧.

૨૧ ૮–૬૦–૨૦ ગદ્યથી શ્લોક ૨૪ સુધી આ પ્રસંગનું રસમય પૌરાણિક વર્ણન આવે છે:

અર્જુનનો વૈરી મહાનાગ તેના કિરીટને લઈને પડ્યો અને બોલ્યો: 'કૃષ્ણ! માતાના વધને લીધે બંધાયેલા વૈરથી મને રોષ ચઢ્યો છે એમ જાણ.' તેથી શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું કે, 'તારા વૈરી મહાનાગને મારી નાખ.

એટલે શત્રુઓ માટે ઉગ્રધન્વા અર્જુને પૂછ્યું કે, 'સ્વયં ગરુડના મુખમાં ધસી આવતો આ નાગ કોણ છે?'

શ્રીકૃષ્ણે ઉત્તર આપ્યો, 'તું જ્યારે ખાંડવવનમાં અગ્નિને સંતૃપ્ત કરતો હતો ત્યારે બાણથી ઘવાયેલો એ બહુરૂપી આકાશમાં જતો રહ્યો હતો (છટકી ગયો હતો), અને તેની માતાને તેં મારી નાખી હતી તે જ તે છે.' એટલે તુરત જ અર્જુને છ ધારદાર બાણોથી, તીરછી ગતિથી ઊડીને આવતા એ નાગના ટુકડા કરી નાખ્યા.

અને એવામાં કર્ણના રથનું પૈડું જમીનમાં ખૂંચી ગયું. બ્રાહ્મણના અભિશાપથો રથ હાલમડોલમ થવા મંડ્યો. પરશુરામ પાસેથી મેળવેલું બ્રહ્માસ્ત્ર ભુલાઈ ગયું. તેથી કર્ણ બાવરો બની ગયો. આટલી બધી આફતો એકસામટી આવી પડી તે એનાથી સહન ન થઈ શકી. એણે નિરાશાથી હાથ વીંઝ્યા અને ધર્મની વારંવાર નિન્દા કરવા માંડી: "ધર્મવેત્તાઓ કહે છે કે, 'ધર્મપ્રધાનોને (ધર્મને જ મુખ્ય ગણી પાળનારાને) ધર્મ જ રક્ષે છે'; એમ છતાં હું અત્યારે સપડાયો છું તો પણ ધર્મ મારું રક્ષણ કરતો નથી, એટલે મને લાગે છે કે ધર્મ તેના ભક્તોનું સદાકાળ રક્ષણ કરતો નથી (!)"[૨૨] (૮-૬૬-૪૨, ૪૩). પૈડું ધાચમાં પડવાથી કર્ણના ઘોડા અને સારથિ લથડિયાં ખાવા લાગ્યા. સાથે જ મર્મસ્થાનોમાં અર્જુનનાં શસ્ત્રોની ચોટ લાગવાથી એ કંપવા મંડ્યો. એની ક્રિયાઓ અસ્થિર થઈ જવા માંડી. તો પણ એણે પ્રાણપણે ચેષ્ટા દર્શાવી. (રામે આપેલું તે નહિ પણ બીજું) બ્રહ્માસ્ત્ર પ્રકટ કર્યું. સામે અર્જુને ઐન્દ્રાસ્ત્ર મૂકીને કર્ણ ઉપર બાણોની ઝડીઓ વરસાવી. તો પણ આવી સંકટભરેલી સ્થિતિમાંય કર્ણે અર્જુનનાં બાણો નિષ્ફળ બનાવ્યાં. ઐન્દ્રાસ્ત્ર નિષ્ફળ જતાં શ્રીકૃષ્ણે અર્જુનને સૂચના આપી: 'પાર્થ! રાધેય તારાં બાણોને ગ્રસી જાય છે. માટે બીજું ઉત્તમ અસ્ત્ર છોડ.' અર્જુને બ્રહ્માસ્ત્ર મૂકયું. કર્ણે ઉગ્ર સામનો કર્યો. એણે ગાંડીવની દોરી વારંવાર કાપી નાખી, અને અર્જુનનાં અસ્ત્રોનો નાશ કરવા સાથે એમના ઉપર હુમલો પણ કરવા માંડ્યો (૮-૬૬-૪૨ થી ૫૬).

શ્રીકૃષ્ણે જોયું કે કર્ણ અર્જુન કરતાં અધિક પરાક્રમ દર્શાવીને એમને પીડે છે. એટલે બોલી ઊઠ્યા: 'સર્વોત્તમ અસ્ત્ર ફેંકીને એના ઉપર સરસાઈ મેળવી લે.' (૮-૬૬-૫૭)

---

(क) તક્ષક નાગનો પુત્ર અશ્વસેન ખાંડવદાહ વખતે છટકી ગયો હતો તે પ્રસંગ માટે જુઓ ૧-૨૧૮-૧થી ૯; ૨૧૯-૪૦.

(ख) 'અશ્વસેન નાગ બાણ ઉપર આરોહણ કરીને અર્જુન ઉપર પૂર્વનું વેર વસૂલ કરવા તલપ્યો હતો,' એવું વર્ણન મધુર પુરાણ કથાથી વિશેષ કંઈ નથી. નીચેના નિર્દેશો ઉપરથી સર્પાકાર બાણ મૂર્તિમાન સર્પના રૂપમાં ઘટાવાયલું છે તેનો ખ્યાલ આવશે:

કર્ણના બાણનું નામ 'સર્પમુખ' છે. એ 'મહાઝેરી' છે, ઝેર પાયેલું છે. એ તીરનું બીજું નામ 'બલાહક'—એ નામનો નાગ અથવા તો નાગના જેવા સણસણાટા(ફૂંફવાટા)વાળું છે. જુઓ: स च सर्पमुखो दिव्यो महेषुप्रवरस्तदा । ૮-૫-૧૦૫; सुसंशितं सर्पमुखं ज्वलन्तम् । ૮-૬૬-૫; सुवर्णनालीशयनं महाविषम् । ૮-૬૬-૬; बलाहकं वर्षघनाभिपूजितम् । ૮-૬૬-૯.

કર્ણ પાસે બીજાં तक्षतपुत्रपक्षा: (૧. સર્પાકાર, ૨. અશ્વસેનના પક્ષના સાપ) બાણ હતાં. એવાં પાંચ બાણોથી એણે શ્રીકૃષ્ણનું કવચ તોડી નાખેલું. ૮-૬૫-૩૭ થી ૩૯. જુઓ ઉપર ઉપર્યુક્ત સંદર્ભ.

૨૨ धर्मप्रधानानभिपाति धर्म
इत्यब्रुवन्धर्मविदः सदैव ।
ममापि निम्नोऽद्य न पाति भक्ता-
न्मन्ये न नित्यं परिपाति धर्मः ॥ ८-६६-४३

અર્જુને સર્પવિષ જેવું ( सर्पविषोपमम् । સર૦ કર્ણનું બાણ ' સર્પમુખ ' છે તે ) લોખંડી બાણ કાઢ્યું અને રૌદ્રાસ્ત્રથી મંત્રીને ફેંકવા વિચાર્યું. દરમિયાન કર્ણનું રથચક્ર જમીનમાં ઊંડે ઊતરવા લાગ્યું. પૈડાને જમીનમાં ગળતું જોઈને કર્ણની આંખમાં ક્રોધ( અને નિરાશા )થી આંસુ આવી ગયાં. એણે અર્જુનને એક મુહૂર્તભર થોભી જવા આજીજી કરી: ' પાંડવ ! એક મુહૂર્ત માટે થોભી જા. મારા પૈડાને નસીબયોગે જમીનમાં ખૂંપી જતું જોઈને, પાર્થ ! તું કાપુરુષોએ આચરેલી દગલબાજી કરીશ નહિ. શૂરવીર પુરુષો ( ગભરાટથી ) વીંખાઈ ગયેલા કેશવાળા, સંગ્રામ છોડી નાસી જતા, બ્રાહ્મણ, બે હાથ જોડી પગે લાગતા, શરણાગત, નિઃશસ્ત્ર, સંકટમાં આવેલા, બાણ વિનાના, જેનું કવચ અને આયુધો નષ્ટ-ભ્રષ્ટ થઈ ગયાં હોય તેના અને રાજા ઉપર યુદ્ધમાં પ્રહાર કરતા નથી. કૌન્તેય ! તું તો શૂરવીર છે માટે થોડી વાર થંભી જા. ધનંજય ! આ પૈડાને હું કળણમાંથી બહાર ખેંચી કાઢું એટલી વાર તું રથમાં બેસીને, જમીન ઉપર અસજ્જ હાલતમાં ઊભેલા મારા ઉપર ઘા કરે તે બરાબર નથી. જો કે હું કંઈ તારાથી કે વાસુદેવથી ડરતો નથી. તું તો મહાકુલવિવર્ધન ક્ષત્રિયજાયો છે. માટે પાંડવ ! ધર્મોપદેશનું સ્મરણ કરીને મુહૂર્ત માટે થોભી જા.' ( ૮-૬૬-૫૮ થી ૬૫ )

કર્ણનું ' ધર્મ ' તથા ધર્મયુદ્ધના નિયમો ટાંકતું વ્યાખ્યાન તથા આ કટોકટીને ટાંકણે થોડીક વાર યુદ્ધવિરામ કરીને પોતાને ( જીતવાની ) તક આપવાની વિનંતી સાંભળીને શ્રીકૃષ્ણ વાસુદેવે કર્ણને સંભાળાવ્યું : ' રાધેય ! ધન્યભાગ્ય છે કે તું અત્યારે ' ધર્મ ' નું સ્મરણ કરે છે ! સંકટમાં ડૂબી જાય ત્યારે હલકટ માણસો સામાન્યત: દૈવની જ નિન્દા કરે છે, પરન્તુ પોતાનાં કુકૃત્યોની નિન્દા કરતા નથી ! પણ અલ્યા કર્ણ ! જ્યારે એક વસ્ત્રવાળી ( અને વળી રજસ્વલા ) દ્રૌપદીને તેં, દુર્યોધન, દુઃશાસન અને શકુનિએ પકડી મંગાવી હતી ત્યારે તને ' ધર્મ ' સમજાયો નહોતો ![૨૩] અને જ્યારે દ્યૂતની રમતથી અણજાણ યુધિષ્ઠિરને અઠંગ જુગારી શકુનિએ સભામાં જીતી લીધા, ત્યારે તારો ધર્મ ક્યાં ગયો હતો ! વળી રજસ્વલા દ્રૌપદી દુઃશાસનના પંજામાં સપડાયેલી હતી, તે વખતે કર્ણ ! તેં ખડખડ હસીને મશ્કરી કરી હતી, એ વખતે તારો ' ધર્મ ' ક્યાં ગયો હતો ? વળી ( રમતના શોખથી નહિ પરન્તુ ) રાજ્યમાં લુબ્ધ થઈને કર્ણ ! તેં શકુનિના

---

૨૩ अथाब्रवीद्वासुदेवो रथस्थो
राधेय दिष्ट्या स्मरसीह धर्मम् ।
प्रायेण नीचा व्यसनेषु मग्ना
निन्दन्ति दैवं कुकृतं न तत्तत् ॥ ८-६७-१

यद्द्रौपदीमेकवस्त्रां सभाया-
मानाय्य त्वं चैव सुयोधनश्च ।
दुःशासनः शकुनिः सौबलश्च
न ते कर्ण प्रत्यभात्तत्र धर्मः ॥ ८-६७-२

દ્રૌપદીવસ્ત્રાહરણના કર્ણના દુર્વર્તન માટે જુઓ ' સભાપર્વ ', અ. ૬૦, ૬૧, ૬૩.

(દ્યૂતપ્રવીણતાના) જોર ઉપર પાંડવોને પુનઃ દ્યૂત રમવા આહ્વાન આપેલું, ત્યારે તારો ધર્મ ક્યાં ગયો હતો?[૨૪] (૮-૬૭-૧ થી ૫)

શ્રીકૃષ્ણે કર્ણને આ બધું સુણાવ્યું, એટલે પૂર્વના આ બધા પ્રસંગોનું સ્મરણ થવાથી અર્જુનને તીવ્ર રોષ થયો. એમના રોમેરોમમાંથી ક્રોધની પ્રચંડ અગનઝાળો નીકળવા લાગી. આ જોયું એટલે કર્ણે અર્જુનના થંભી જવાની આશા છોડી દીધી, એણે બ્રહ્માસ્ત્રથી અર્જુન ઉપર શરવૃષ્ટિ કરીને, એ ગાળામાં રથને ઘાંચમાંથી બહાર કાવઢા મહેનત કરવા માંડી. અર્જુને કર્ણના બ્રહ્માસ્ત્રને શાન્ત કરીને અન્યઅસ્ત્ર મૂક્યું, અને દ્વંદ્વયુદ્ધ ચાલ્યું......(૮-૬૭-૬)...... અર્જુને કર્ણનો હાથીના કંદોરાના ચિહ્નવાળો ધ્વજદંડ તોડી પાડ્યો અને સાથે જ કૌરવોના યશ, ધર્મ, સર્વ પ્રિયકાર્યો તથા હૃદયો પણ ભાંગી પડ્યાં. કૌરવોમાં ભારે હાહાકાર વર્તી રહ્યો. એવામાં અર્જુને કર્ણનો વધ કરવા માટે મહેન્દ્રના વજ્ર, અગ્નિ તથા કાળદંડ જેવું, સહસ્રરશ્મિ સૂર્ય જેવું, તેજસ્વી, મર્મ કાપી નાખનારું, મનુષ્ય-અશ્વ-હાથીઓ સુદ્ધાંનો પ્રાણ લઈ શકે એવું, ત્રણ હાથ લાંબું, છ જાતનાં પીછાં બાંધેલું, સીધી ગતિ અને ઉગ્ર વેગવાળું, ઇન્દ્રના વજ્ર, શંકરના પિનાક અને નારાયણના ચક્ર જેવું ભયંકર બાણ ભાથામાંથી બહાર કાઢ્યું, અને ગાંડીવમાં સાંધ્યું. બરાબર નિશાન લઈને છોડ્યું. (કર્ણના જેવી અચોક્કસાઈથી નહિ), અને કર્ણનું મસ્તક એ બાણથી કપાઈને ભોંય ઉપર પડ્યું. જેમ કોઈ આસક્ત ધનવાન માણસ સમૃદ્ધિથી ભરપૂર ઘરનો મહાકષ્ટે ત્યાગ કરે એમ ઉદારકર્મી (દાનેશ્વરી) કર્ણના જીવે અત્યંત સ્વરૂપવાન અને નિરંતર સુખ ભોગવનાર શરીરનો મહકષ્ટે ત્યાગ કર્યો.[૨૫] પાંડવ સૈન્યમાં આનન્દ-ઉત્સવ વર્ત્યો. વાજાં વાગવા માંડ્યાં. સૈનિકો નાચવા લાગ્યા (૮-૬૭-૭ થી ૩૪). શલ્ય ખાલી રથને લઈ છાવણીમાં ગયો.

---

૨૪ यदा सभायां कौन्तेयमनक्षज्ञं युधिष्ठिरम् ।
अक्षज्ञः शकुनिर्जेता तदा धर्मः क्व ते गतः ॥ ८-६७-३
यदा रजस्वलां कृष्णां दुःशासनवशे स्थिताम् ।
सभायां प्राहसः कर्ण क्व ते धर्मस्तदा गतः ॥ ८-६७-४
राज्यलुब्धः पुनः कर्ण समाह्वयसि पाण्डवम् ।
गान्धारराजमाश्रित्य क्व ते धर्मस्तदा गतः ॥ ८-६७-५

વળી જુઓ ક્ષેપક ૧૧૪૨ થી ૧૧૪૭. એમાં કર્ણની સલાહથી દુર્યોધને ભીમને સર્પ કરડાવ્યા અને ઝેરમિશ્રિત ભોજન ખવડાવ્યું; પાંડવોને લાક્ષાગૃહમાં બાળી મૂકવાનું કાવતરું કર્યું; દ્રૌપદીને બીજો પતિ લેવા કર્ણે કહ્યું; પાંડવોનો વનવાસ પૂરો થયા છતાં રાજ્ય પાછું નહિ આપવાની આડાઈ કરી; એકલા અભિમન્યુને ઘણાએ મળીને રેંસી નાખ્યો વગેરે નિર્દેશો સાથે કર્ણને ઉપાલંભ આપ્યા છે.

૨૫ तदस्य देही सततं सुखोदितं
स्वरूपमत्यर्थमुदारकर्मणः ।
परेण कृच्छ्रेण शरीरमत्यज-
द्गृहं महर्द्धीव ससङ्गमीश्वरः ॥ ८-६७-२५

ભગવાન શ્રીકૃષ્ણે કર્ણનો વધ કરવામાં કંઈ દરમિયાનગીરી કરી નથી. એમણે એમાં દરમિયાનગીરી કરેલી એવું વર્ણવતો વિભાગ નિર્વિવાદપણે ક્ષેપક છે. જુઓ 'કર્ણપર્વ'; પરિશિષ્ટ ૧-૪૨.

કૌરવો અર્જુનના જાજ્વલ્યમાન ધ્વજને જોતા જોતા ભયભીત હાલતમાં રણભૂમિ છોડીને ભાગી ગયા; અને સહસ્રનેત્ર ઇન્દ્ર સમાન પરાક્રમી કર્ણનું સહસ્રદળ કમળના જેવા સુંદર મુખવાળું મસ્તક સાયંકાળે અસ્ત પામેલા સહસ્રરશ્મિ સૂર્યની જેમ વસુંધરા ઉપર પડ્યું રહ્યું! (૮-૬૭-૩૫ થી ૩૭)

કર્ણના પતનથી દુર્યોધન દુઃખી દુઃખી થઈ રડવા અને નિસાસા નાખવા લાગ્યો. એ વખતે શલ્ય ખાલી રથ લઈને ત્યાં આવી પહોંચ્યો અને તેને આશ્વાસન આપવા લાગ્યો: 'ભારત! કર્ણ–અર્જુન વચ્ચે આજે જેવું યુદ્ધ થયું હતું તેવું પૂર્વે કદી પણ જોયું નથી. કર્ણે તો આક્રમણ કરીને બન્ને કૃષ્ણ તથા તમારા સર્વ શત્રુઓને બરાબર ભીડાવ્યા હતા. પરન્તુ (હાય!) સ્વૈરવિહાર કરતું દૈવ તો પાંડવોનું રક્ષણ કરી આપણો નાશ કરે છે, કારણ કે તમારું કાર્ય સફળ કરી શકે એવા બધા વીરોને શત્રુઓએ બલાત્કારે મારી નાખ્યા છે!...તેથી ભારત! मा शुच:। શોક ન કરો. આવું નસીબમાં લખેલું હશે. સફળતા (ચક્રનેમિક્રમે) વારાફરતી મળે છે. સર્વદા મળતી નથી.'[૨૬] (૮-૬૮-૧ થી ૧૨)

શલ્યનાં આશ્વાસન વચન સાંભળીને દુર્યોધને મનોમન પોતાની અનીતિનું નિરીક્ષણ કર્યું. એટલે તે ખિન્ન થતા જડ જેવો થઈ ગયો અને વારંવાર નિસાસા મૂકવા લાગ્યો.[૨૭] વળી શલ્યે દુર્યોધનને રણભૂમિનું દર્શન કરાવ્યું (૮-૬૮-૧૩ થી ૩૧). એ જોઈને દુર્યોધન શોકથી ભાંગી પડ્યો. 'હા કર્ણ! હા કર્ણ!' એમ પોકેપોક મૂકીને રડવા લાગ્યો. અશ્વત્થામા વગેરે એનું મોં મુકાવવા લાગ્યા.[૨૮] (૮-૬૮-૩૨, ૩૩ થી)

---

૨૬ (૧) तन्मा शुचो भारत दिष्टमेत—
कार्यसिद्धिर्न सदास्ति सिद्धिः ॥ ૮-૬૮-૧૨ ગદ્ય

બરછટ અને સંકીર્ણ જીવનમૂલ્યો ધરાવતો શલ્ય કોઈ કોઈ વખત આ સૂક્તિરત્નની જેમ અમૂલ્ય સૂક્તિરત્નોનું ઉચ્ચારણ કરે છે. અહીં પાંડવોને વર્ષો સુધી રખડાવી હેરાન કરીને દુર્યોધને વર્ષો સુધી નિષ્કંટક સામ્રાજ્યનો ભોગવટો કર્યો તેનો અત્યંત લાઘવથી યથાતથ નિર્દેશ કર્યો છે.

અગાઉ કર્ણ સાથેની જીભાજોડીમાં પણ એણે સામાન્ય જનસ્વભાવ વર્ણવતું સુંદર સુભાષિત કહેલું. જુઓ ૮–૩૦–૮૭, ખંડ ૪, પ્રકરણ ૪, 'ચિત્તજ્ઞ.'

(૨) मा शुच:! સાથે સર. ગીતા, ૧૮–૬૬; અને ગીતા ૧૬–૫.

(૩) સર્વદા કોને જય અર્થાત્ સફળતા મળે? તે માટે જુઓ ખંડ ૪, પ્રકરણ ૨, 'સારથિપ્રવર' નોંધ ૨૮માં 'ભાગવત' ૬–૧૨–૭નો સંદર્ભ.

૨૭ स्वं चापनीतं मनसा निरीक्ष्य । ૮-૬૮-૧૩ પ

પાપકૃતાં વરિષ્ઠ પણ આત્મનિરીક્ષણ કરીને પોતાની અનીતિ સમજી શકે છે. એમાં એના ઉત્થાનનું બીજ પણ રહેલું છે. સાથે આત્માભિમુખ થઈને માંગલ્યકર સાત્ત્વિક શ્રદ્ધાયુક્ત સમદર્શન કેળવવાનો પ્રયત્ન કરવાનું પ્રોત્સાહન પણ એમાં છે જ. જુઓ નોંધ ૫ અને ૨૮.

૨૮. કર્ણ મિથ્યાભિમાની અને વૈરપુરુષ હતો, તે સાથે એનામાં કેટલાયે અનુપમ સદ્ગુણો હતા. ઋષિકવિ તે સદ્ગુણોના ચાહક છે જ. એટલે મ. ભા.માં તેના ગુણોની પ્રશંસા પણ આવે જ છે. તે રીતે આ વિભાગમાં પણ કર્ણના સદ્ગુણોની યથાયોગ્ય સ્તુતિ કરેલી છે. તેમાંનો એક નમૂનો:

આ તરફ કર્ણનો વધ કરીને અર્જુન તથા કેશિમર્દન શ્રીકૃષ્ણ એ બન્ને સૂર્ય તથા અગ્નિના જેવા તેજસ્વી નરોત્તમો, સુવર્ણ, મોતી, મણિ, હીરા અને પરવાળા જડેલ શરદ ઋતુના મધ્યાહ્નકાલીન સૂર્ય સમાન તેજસ્વી સુંદર રથમાં વિષ્ણુ અને ઇન્દ્રની જેમ નિર્ભીકપણે (વિજયશ્રીથી) દીપતા હતા. ધનુષ્યની દોરીના ઘર્ષણથી તથા સણુસણાટ અને રથનેમિના નિર્ઘોષથી તથા ઢગલા ને ઢગલા બાણો છોડીને દુશ્મનોને હરાવી હતપ્રભ કરીને, કપિધ્વજ અર્જુન તથા પક્ષિવરધ્વજ શ્રીકૃષ્ણે શત્રુઓનાં મનને સંપૂર્ણપણે ભગ્નાશ કરી દેતો પ્રચંડ શંખનાદ કર્યો. સુવર્ણની સેરોવાળા, મહાન ગર્જના કરનાર, હિમ જેવા શ્વેત શંખોને એ બન્નેએ હાથમાં પકડીને પોતાનાં સુંદર મુખોથી ચુંબન કરીને એકસામટા ગજાવ્યા. પાંચજન્ય અને દેવદત્તના વિજયધ્વનિથી પૃથ્વી, અન્તરિક્ષ અને દ્યુલોક ગાજી ઊઠતાં કૌરવ સેનામાં ત્રાસ ત્રાસ થઈ ગયો. યુધિષ્ઠિર ખુશ ખુશ થઈ ગયા. કૌરવી સેના દુર્યોધન અને શલ્યને રણક્ષેત્ર ઉપર મૂકીને પલાયન કરી ગઈ ! ઉદય પામેલા પ્રભાકારો( સૂર્યચંદ્ર )નું જેમ અભિવાદન કરવામાં આવે છે એમ મહાયુદ્ધ જોવા આવેલા ભૂતગણોએ વિજયશ્રીથી અત્યંત શોભી રહેલા ધનંજય–જનાર્દનનું અભિવાદન કર્યું. કર્ણનાં બાણોથી ખીચોખીચ ભરાઈ ગયેલા શરીરવાળા શ્રીકૃષ્ણ–અર્જુન, યુદ્ધમાં તમસ્ (અંધકાર)નો નાશ કરીને ઉદય પામેલા કિરણોની માળાવાળા નિર્મળ સૂર્ય–ચંદ્રની જેમ જ પ્રકાશતા હતા. એ બન્ને અપ્રતિમ પરાક્રમીઓએ શરીરમાંથી બાણ ખેંચી કાઢયાં, અને પછી જેમ ઋત્વિજોએ આહ્‌વાન કરેલા ઇન્દ્ર-વિષ્ણુ યજ્ઞમાં પ્રવેશે એમ એ બન્ને સમર્થ પુરુષો નિરાંતે છાવણીમાં પ્રવેશ્યા. છાવણીમાં સર્વ લોકોએ જયવૃદ્ધિસૂચક શુભ કામનાઓથી એમનું ભવ્ય સ્વાગત કર્યું. ( ૮-૬૮-૫૨ થી, ૫૯ થી ૬૩ )

કર્ણનું પતન થયું અને કૌરવ સેના ભાગી ગઈ ત્યારે શ્રીકૃષ્ણ અર્જુનને આનન્દથી ભેટી પડચા અને બોલ્યા : ' ધનંજય ! ઇન્દ્રે જેમ વૃત્રાસરનો વધ કર્યો હતો, તેમ તેં કર્ણનો વધ કર્યો છે, અને હવેથી મનુષ્યો કર્ણ તથા વૃત્રાસુરના વધનું વર્ણન કરશે. મહાતેજસ્વી ઇન્દ્રે યુદ્ધમાં વૃત્રનો સંહાર કર્યો હતો. તેં પણ કર્ણનો ધનુષ્ય અને તીક્ષ્ણ બાણોથી યુદ્ધમાં સંહાર કર્યો છે. કૌન્તેય ! ચાલ, તારું આ લોકવિખ્યાત યશસ્વી પરાક્રમ આપણે બુદ્ધિમાન ધર્મરાજાને નિવેદિત કરીએ. સંગ્રામમાં કર્ણનો વધ કરવાનો દીર્ઘકાળથી સેવેલો સંકલ્પ સફળ થયાનું ધર્મરાજાને જણાવીને તું ઋણમુક્ત થઈશ.' ( ૮-૬૯-૧ થી ૫ )

અર્જુને ' બરાબર છે, ચાલો ' કહ્યું એટલે યદુપુંગવ શ્રીકૃષ્ણે રથને અવ્યગ્રપણે હાંકયો, અને તે સાથે જ ધૃષ્ટદ્યુમ્ન, યુધામન્યુ, નકુલ, સહદેવ, ભીમસેન તથા સાત્યકિને આદેશ આપ્યો : ' અર્જુને કર્ણનો વધ કર્યાના સમાચાર અમે રાજા યુધિષ્ઠિરને આપી આવીએ, ત્યાં સુધી તમે શત્રુઓ સામે સુસજ્જ થઈને ખડે પગે રહેજો. તમારું કલ્યાણ થાઓ ' ( ૮-૬૯-૬ થી ૮ ) ! આ વીર યોદ્ધાઓએ અપ્રમત્ત રહેવાના આદેશને માથે ચઢાવી અનુજ્ઞા આપી એટલે શ્રીકૃષ્ણ અર્જુનને લઈ

---

ददानीत्येव योऽवोचन्न नास्तीत्यर्थितोऽर्थिभिः ।
सद्भिः सदा सत्पुरुषः स हतो द्वैरथे वृषः ॥ ८-६८-४४

યાચના કરતા સારા યાચકોને જે સત્પુરુષ ' આપું છું ' એમ જ કહેતો, અને ' મારી પાસે નથી ' એમ ન કહેતો તે મર્દ કર્ણ દ્વૈરથ યુદ્ધમાં હણાયો છે.

યુધિષ્ઠિર પાસે પહોંચી ગયા. રાજા યુધિષ્ઠિર સુવર્ણના પલંગ પર પોઢ્યા હતા. બન્નેએ પ્રસન્નચિત્તે એમનો ચરણસ્પર્શ કર્યો. એ બન્નેના ઊભરાઈ જતા હર્ષને અને એમની અતિમાનુષ પ્રહારશક્તિને લક્ષમાં લઈને યુધિષ્ઠિરે માન્યું કે, 'કર્ણ માર્યો ગયો'. એ ઊભા થઈ ગયા. મધુરભાષી વાસુદેવે એમને કર્ણવધનો યથાતથ વૃત્તાંત કહ્યો. શ્રીકૃષ્ણે મંદ મંદ હસતાં બે હાથથી નમસ્કાર કરીને શત્રુરહિત થયેલા ધર્મરાજાને કહ્યું, 'રાજન્! ગાંડીવધન્વા અર્જુન, વૃકોદર ભીમ, તમે અને નકુલ-સહદેવ કુશળ છો તે આપણું અહોભાગ્ય છે. પૃથ્વીપતિ! શૂરવીરોનો ક્ષય કરનાર આ રોમહર્ષણ સંગ્રામમાંથી (જય પામી) મુક્ત થયા પછી કરવાનાં કાર્યો(નું આયોજન) શીઘ્ર કરવા માંડો. મહાબલવાન ક્રૂર સૂતપુત્ર કર્ણ માર્યો ગયો છે, અને રાજેન્દ્ર યુધિષ્ઠિર! સદ્ભાગ્યે તમે વિજય પામો છો. સદ્ભાગ્યે તમારી ચઢતી કળા થઈ છે, કારણ કે દ્યૂતમાં જિતાયેલી કૃષ્ણાની જે દુર્જન માણસે મશ્કરી કરી હતી તે સૂતપુત્રનું આજે પૃથ્વી રુધિરપાન કરી રહી છે. કુરુપુંગવ! પુરુષવ્યાઘ્ર! તમારો એ શત્રુ બાણોથી શીર્ણવિશીર્ણ થઈને સૂતો છે. બાણોથી ચાળણી થઈ ગયેલા એને જોઈ લો!' (૮-૬૯-૯ થી ૧૮)

યુધિષ્ઠિર પણ રાજીના રેડ થઈ ગયા, અને વળતું અભિનન્દન આપી બોલ્યા: 'ખરેખર. સદ્ભાગ્યે જ, સદ્ભાગ્યે જ! મહાબાહો દેવકીનન્દન! તમારા માટે આ આશ્ચર્યજનક નથી. તમે સારથિ છો એટલે જ આજે અર્જુને પૌરુષ દર્શાવ્યું છે' (૮-૬૯-૧૯, ૨૦). ત્યાર બાદ બાજુબંધ પહેરેલી પોતાની જમણી ભુજાને ઊંચી કરીને ધર્મરાજા શ્રીકૃષ્ણ-અર્જુનને કહેવા લાગ્યા, 'નારદે મને કહ્યું હતું કે તમે બન્ને ધર્મસંસ્થાપનમાં એકાગ્રપણે લાગેલા પુરાણપુરુષોત્તમ નર-નારાયણ દેવો છો. મહાબાહો! પ્રભાવશાળી, મેધાવી કૃષ્ણદ્વૈપાયન વેદવ્યાસે પણ મને આ દિવ્ય વાત અનેક વખત કહી છે. કૃષ્ણ! તમારા પ્રભાવથી ધનંજય ગાંડીવ વડે સામે આવેલા શત્રુઓને હરાવે છે તથા કદી પણ પાછો પડતો નથી! **તમે જ્યારથી સંગ્રામમાં અર્જુનના સારથિ થવાનું સ્વીકાર્યું, ત્યારથી અમારો વિજય નિશ્ચિત જ છે, અમારો પરાજય થાય જ નહિ**'[૨૯] (૮-૬૯-૨૧ થી ૨૫)

**એ પછી યુધિષ્ઠિર શ્રીકૃષ્ણ-અર્જુનની અનુમતિ લઈને, તેમની સાથે વાતો કરતાં કરતાં** જ્યાં બહુ બનાવો બની ગયા હતા તે **રણક્ષેત્ર જોવા માટે પધાર્યા. એમણે** ગાંડીવમાંથી છૂટેલાં

---

૨૯ नरनारायणौ देवौ कथितौ नारदेन ह ।
धर्मसंस्थापने युक्तौ पुराणौ पुरुषोत्तमौ ॥ ८-६९-२२
असकृच्चापि मेधावी कृष्णद्वैपायनो मम ।
कथामेतां महाबाहो दिव्यामकथयत्प्रभुः ॥ ८-६९-२३
तव कृष्ण प्रभावेण गाण्डीवेन धनंजयः ।
जयत्यभिमुखाञ्शत्रून्न चासीद्विमुखः क्वचित् ॥ ८-६९-२४
जयश्चैव ध्रुवोऽस्माकं न त्वस्माकं पराजयः ।
यदा त्वं युधि पार्थस्य सारथ्यमुपजग्मिवान् ॥ ८-६९-२५

૮-૬૯-૨૫ સાથે સર૦ સારથિ દારુકે શ્રીકૃષ્ણને કહેલાં વચન, ૭-૫૬-૪૦. જુઓ ખંડ ૪, પ્રકરણ ૨, 'સારથિપ્રવર'માં નોંધ ૩૨.

તીક્ષ્ણ બાણોથી સર્વથા શીર્ણવિશીર્ણ થઈ ગયેલા કર્ણને પુત્ર સહિત ધરાશાયી થયેલો જોયો. એટલે એમણે શ્રીકૃષ્ણ-અર્જુનની પ્રશંસાના ઉદ્દ્‌ગાર કાઢ્યા : 'વીર અને વિદ્વાન સંરક્ષક એવા તમારા સંપૂર્ણ સંરક્ષણ નીચે ગોવિન્દ ! હું મારા ભાઈઓ સહિત આજે પૃથ્વીનો રાજા થયો છું. અભિમાની રાધેયને હણાયેલો જોઈને દુરાત્મા દુર્યોધન આજે જ જીવન અને રાજ્યની આશા મૂકી દેશે. પુરુષશ્રેષ્ઠ ! તમારા કૃપાપ્રસાદથી અમે કૃતાર્થ થયા છીએ. યદુનન્દન ! તમે અને ગાંડીવધન્વા અર્જુન વિજયી થયા છો. ગોવિન્દ ! ધન્યભાગ્ય અમારાં કે તમે વિજયી થયા છો અને કર્ણનું પતન થયું છે !' એ રીતે ધર્મરાજે જનાર્દન અને અર્જુનની ખૂબ ખૂબ પ્રશંસા કરી. ભીમસેન વગેરે પાંડવ મહારથીઓ ધર્મરાજનો સત્કાર કરી જયજયકાર કરવા લાગ્યા અને શ્રીકૃષ્ણ-અર્જુનનાં સ્તોત્રયુક્ત વાણીથી ખૂબ વખાણ કરતાં કરતાં સૌ પોતપોતાનાં શિબિરોમાં પાછા ફર્યા ( ૮–૬૯–૨૬ થી ૩૯ ).

કર્ણ કૌરવોની નજર આગળ જ અર્જુનના હાથે માર્યો ગયો, તેની ખબર આપવા સંજય હસ્તિનાપુરમાં ગયો. બે હાથ જોડી પગે લાગી ધૃતરાષ્ટ્રના ચરણમાં પડ્યો. બોલ્યો : 'મજામાં તો છો ને? પોતાના દોષથી આપત્તિ વહોરીને હવે મુંઝાતા તો નથી ને? વિદુર, દ્રોણ, ભીષ્મ, ભાર્ગવ રામ, નારદ અને કેશવનાં સુયોગ્ય વચનો માન્યાં નહિ, તે સ્મરણ કરીને દુઃખી તો નથી થતા ને?' (૮–૧–૧૫, ૧૬, ૨૫થી). વળી કર્ણવધના દુઃખદ સમાચાર આપતાં અગાઉ સુખદુઃખ પડવાને કારણે વિદ્વાન માણસ હર્ષ-શોકથી વ્યથિત થતો નથી એવી પ્રસ્તાવના કરી. ધૃતરાષ્ટ્ર તેની સાથે સંમત થયો[૩૦] ( ૮–૧–૪૭, ૪૮, ૪૯ ). એટલે સંજયે કર્ણના મૃત્યુના સમાચાર આપ્યા. ધૃતરાષ્ટ્ર શોકથી આકળવિકળ થઈ ગયો ( ૮–૨–૧ થી ૨૦; ૩–૧ થી ૮ ). કંઈક સ્વસ્થ થતાં પોતાના પુત્રોની, શકુનિની અને સ્વયં પોતાની અનીતિની નિન્દા કરી[૩૧] ( ૮–૩–૯થી; ૮–૪–૧ થી ૩ ).

---

૩૦ पाण्डवैर्हि यद्वृत्तं कौरवेयेषु मारिष ।
तच्छ्रुत्वा मा व्यथां कार्षीर्दिष्टे न व्यथते मनः ॥ ८-१-४७
यस्मादभावी भावी वा भवेदर्थो नरं प्रति ।
अप्राप्तौ तस्य वा प्राप्तौ न कश्चिद्व्यथते बुधः ॥ ८-१-४८

પાંડવોએ કૌરવોને જે વિતાડયું છે તેનો તમે શોક કરશો નહિ. આદિષ્ટથી—નિયતિથી મનને દુઃખી ન કરવું, કારણ કે માણસને થવાનાં અથવા નહિ થવાનાં સુખદુઃખની પ્રાપ્તિ કે અપ્રાપ્તિ થાય તેનાથી જ્ઞાની માણસ કંપી જતો નથી.

સર° ભગવદ્‌વચન :

अशोच्यानन्वशोचस्त्वं प्रज्ञावादांश्च भाषसे ।
गतासूनगतासूंश्च नानुशोचन्ति पण्डिताः ॥ ६-२४-११ (ગીતા ૨-૧૧)

તું શોક નહિ કરવા લાયકનો લગાતાર શોક કરે છે, અને છતાં પંડિત જેવું ભાષણ કરે છે ! પરન્તુ પંડિતો તો મૂએલાનો કે જીવતાઓનો અનુશોચ કરતા નથી ( ભૂત-ભવિષ્યની ચિંતા મૂકી વર્તમાન બરાબર જીવે છે).

૩૧ दुष्प्रणीतेन मे तात मनसाभिप्लुतात्मनः ।
हतं वैकर्तनं श्रुत्वा शोको मर्माणि कृन्तति ॥ ८-४-२

જુઓ ઉપર નોંધ ૫.

વળી સંજયે અત્યાર સુધીના સંહારનું વિહંગાવલોકન કરી કર્ણપતનનો નિર્દેશ કર્યો: 'મહેન્દ્રે જેમ વૃત્રનો, રામે જેમ રાવણનો, શ્રીકૃષ્ણે ( નરકવધ પ્રસંગે ) જેમ મુરનો અને ભાર્ગવ રામે જેમ કાર્તવીર્ય સહસ્રાર્જુનનો વધ કર્યો હતો, એમ અર્જુને યુદ્ધદુર્મદ તથા નિષ્ણાત કર્ણને અમાત્યો તથા બાન્ધવો સહિત ત્રૈલોકયવિશ્રુત ઘોર મહાયુદ્ધમાં ઠાર માર્યા છે' (૮–૪–૫૨થી ૫૪).

કર્ણના મૃત્યુના પૂરા સમાચાર જાણ્યા પછી ધૃતરાષ્ટ્રે બધી બાજુનો વિચાર કરી નિર્ણય બાંધી દીધો કે હાર નક્કી છે. એનાં અંગેઅંગ શોકાગ્નિથી બળવા મંડયાં. કર્ણના અતુલ સામર્થ્યનું વર્ણન કરતાં એ બોલ્યો: " ... પોતાના બાહુબળ ઉપર મુસ્તાક રહીને એ કર્ણ શ્રીકૃષ્ણ, અર્જુન અને બીજા યાદવોને ગણકારતો નહોતો, અને 'શાર્ઙ્ગ તથા ગાંડીવ ધનુષ્યધારી સદા અપરાજિત શ્રીકૃષ્ણ-અર્જુનને એમના દિવ્ય રથ ઉપરથી હું એકલો જ ધરાશાયી કરીશ,' એ રીતે મંદ, લોભથી મોહિત થયેલા, રજ્યકામનાથી આતુર, ખિન્ન દુર્યોધનને એ સતત કહ્યા કરતો (૮-૫-૧૫ થી ૧૭)...સંજય! ખરેખર મારું હૃદય વજ્ર કરતાંય દઢ અને દુર્ભિદ છે. સ્નેહી, સંબન્ધી અને મિત્રોનો આવો પરાજય સાંભળ્યા પછી મારા વિના બીજો કયો માણસ જીવ કાઢી ન નાખે? હું તો ઝેર ખાઈને, ચિતામાં ઝંપલાવીને કે પર્વતશિખર ઉપરથી ભૂસકો મારીને પ્રાણત્યાગ કરવા માગું છું...... " (૮-૫-૨૫, ૨૬). વળી વિલાપ કરતાં કરતાં ધૃતરાષ્ટ્ર બોલ્યો: '....વળી દુર્યોધનની મહત્ત્વાકાંક્ષાની અવદશા પાંગળાનાં પર્વતારોહણ, દરિદ્રની કામના અને તરસ્યાને પાણીનાં બે ફોરાં મળે એવી થઈ ગઈ છે.[૩૨] (૮-૫-૪૪)...જેને પોતાના બાહુબળ ઉપરના વિશ્વાસથી જનાર્દન તથા પુત્રો સહિત પાંડવોનો જરા વાર માટે પણ ડર નહોતો લાગતો, જેનો ઇન્દ્ર સહિત દેવો પણ વધ કરી શકે એમ મારાથી મનાતું નથી, તેનો પાંડવો વધ કરે એ મારાથી શી રીતે માની શકાય? (૮-૫-૮૧, ૮૨)...જે કર્ણ તથા દુઃશાસનના ટેકાથી દુર્બુદ્ધિ દુર્યોધને શ્રીકૃષ્ણનું અપમાન કરવાનું પસંદ કર્યું હતું, તે કર્ણ-દુઃશાસનને મૃત્યુ પામેલા જોઈને મારો પુત્ર જરૂર શોક કરતો હશે!' (૮-૫-૮૫, ૮૬)......છેવટે ઘોર નિરાશાથી બોલ્યો: 'સરસેનાપતિ કર્ણ માર્યો જતાં સંજય! મારા આ અત્યંત ક્ષીણ થઈ ગયેલા સૈન્યનો અવશેષ પણ બચે એમ મને દેખાતું નથી!... '[૩૩] (૮-૫-૧૦૬)

* * *

આ વિભાગમાં શ્રીકૃષ્ણનું ધૃતિ અને ઉત્સાહપ્રેરક સ્વરૂપ નિરૂપાયું છે. ધૃતિ એટલે નિશ્ચિત સ્થાન ઉપર ટકી રહેવાની શક્તિ: ધૈર્ય, પ્રેમ, આત્મૌપમ્ય. ઉત્સાહ એટલે પ્રસન્ન પ્રયત્નપૂર્વક

---

૩૨ पङ्गोरिवाध्वगमनं दरिद्रस्येव कामितम् ।
दुर्योधनस्य चाकूतं तृषितस्येव विप्लुकाः ॥ ८-५-४४

૩૩ સર૦ यदाश्रौषं कर्णमत्यन्तशूरं
हतं पार्थेनाहवेष्वप्रधृष्यम् ।
तस्मिन्भ्रातॄणां विग्रहे देवगुह्ये
तदा नाशंसे विजयाय संजय ॥ १-१-१४६

'જ્યારે મેં સાંભળ્યું કે ભાઈઓના એ દેવગુહ્ય ( દેવો જ જેનું રહસ્ય જાણે છે તેવા ) વિગ્રહમાં, અર્જુને અત્યન્ત શૂરવીર અને જીતી શકાય નહિ એવા કર્ણને હણ્યો, ત્યારે સંજય! મેં જયની આશા મૂકી દીધી.'

આગેકૂચ કરવી તે. પુરુષાર્થમાત્ર માટે આ ધૃતિ અને ઉત્સાહ બન્ને ગુણો અનિવાર્ય. ધૃતિથી મનુષ્ય પ્રતિકૂળ સંયોગોમાં સ્થાન ઉપર ટકી રહે છે, પીછેહઠ કરતો નથી. ઉત્સાહથી ઉલ્લાસપૂર્વક ઉદ્યોગ કરી આગેકૂચ કરે છે. જો આ ધૃતિ-ઉત્સાહ આસક્તિવાળાં હોય તો પર્યાયસિદ્ધિ મળવાથી ઉન્નતિ પણ દુઃખદાયક બને છે ( જુઓ નોંધ ૨૬ ). પરન્તુ અનાસક્ત અર્થાત્ નિષ્કામ ભાવથી પરિશુદ્ધ બનેલાં હોય તો ' જય ' જેમનો સેવક છે એવા સર્વત્ર સમાનભાવે વિરાજિત પરમાત્માની ઓથ હોવાથી સદૈવ સિદ્ધિ મળે છે અર્થાત્ ( પરમ- )આત્મદર્શન થાય છે.

મહાયુદ્ધની અત્યંત રમ્ય કથા આલેખતા મહાભારતના આ ભાગમાં અલ્પ અંશે ' ઇતિહાસ ' છે અને મહદ્ અંશે ' સનાતન ઇતિહાસ ' છે, અર્થાત્ પ્રતીકાત્મક વર્ણન છે. રજસ્-તમસ્‌ની રમણાઓને સત્ય માની તેમાં રચ્યાપચ્યા રહેતા, નીરોગ દેખાતા પરન્તુ ખરેખર તો આજાર માનવોને મિષ્ટ સાકરના પડમાં ભારતભવ્ય ઋષિકવિ વેદવ્યાસે ધૃતિ-ઉત્સાહનું ઔષધ આપી દીધું છે. અર્જુન( ઋજુ વ્યક્તિ )ને યુદ્ધમાં આક્રમણ કરી આગેકૂચ કરવાનો ઉત્સાહ અને નિર્બહણ-કાળમાં સ્થિર ખડા રહી સામનો કરવાની ધૃતિ પ્રેરતા શ્રીકૃષ્ણ ( પરમાત્મા ) જાણે કોઈ ઘોર હિંસક વિગ્રહમાં ચઢિયાતી હિંસા પ્રેરતા હોય એવો આભાસ ઊભો થાય છે.[૩૪] પરન્તુ એ રૌદ્ર રમખાણોનાં વિપુલ વર્ણનોનાં યથાયોગ્ય ' વ્યૂહાત્મક સ્થાનો 'એ કવિએ આસુરી સંપત્ સામે યુદ્ધ કરવા ઉદ્યુક્ત દઢ નિર્ણયવાળું કર્તવ્યપરાયણ ( અર્જુનરૂપી ) માનવચિત્ત, કર્ણની ( તમસ્‌પ્રતીક વૃત્રાસુરની ) લીલાથી અંધકારમાં ગોથાં ખાવા લાગ્યું, ત્યારે જે ભગવાનને સારથિ થવા વીનવીને, સારથિ તરીકે મેળવ્યા હતા તે ભગવાનને એને એના અજોડ ' ગાંડીવ 'ની, યુગે યુગે એણે સંહારેલા રાક્ષસો, દમ્ભોદ્‌ભવ અસુરો અને તેમનાં તામસાસ્ત્રનો નાશ કરેલો તેનું સ્મરણ કરાવી, કર્ણનો નાશ કરાવ્યો. અર્જુન પરમાત્માની સહાયવાળા હતા તેથી પુનઃ અપરાજિત રહ્યા. અર્જુનની મુંઝવણના વિષે વેદવ્યાસ નિર્મમ ભાવના પ્રબોધે છે. અર્જુન એમનું સાધન છે.

મહાભારતમાં જ શ્રીકૃષ્ણના શ્રીમુખે ઇન્દ્ર ( અર્જુન ઇન્દ્રપુત્ર છે તે સર૰ ) અને વૃત્રાસુરના યુદ્ધનું રૂપકાત્મક વર્ણન છે : ( અહંકાર રૂપી ) વૃત્રાસુરે ( ચિદાત્મારૂપી ) ઇન્દ્ર ઉપર આક્રમણ કર્યું. જેમ જેમ વૃત્ર સ્થૂલથી શરૂ કરી સૂક્ષ્મ હુમલો કરતો ગયો—શરીર ઉપરની અહંબુદ્ધિથી છેવટે, ' મેં આત્માનું ઐશ્વર્ય દીઠું છે ' એવી અહંબુદ્ધિ સુધી—તેમ તેમ ઇન્દ્ર પોતાના વજ્રરૂપી વિવેકજ્ઞાનથી અહંકારને હાંકવા માંડ્યો; પરન્તુ છેવટે વૃત્રે ઇન્દ્રના શરીરમાં જ પ્રવેશ કર્યો—ચિદાત્માનું ઐશ્વર્ય એ ' મારું ' ઐશ્વર્ય છે એવી બુદ્ધિ થઈ—કે ઇન્દ્ર તદ્દન બેહોશ થઈ ગયો. ત્યારે વસિષ્ઠે—આત્મતત્ત્વના જ્ઞાનરૂપી સર્વશ્રેષ્ઠ સંપત્તિ ધરાવનારા ગુરુએ—તેને રથેતર સામનું [ અર્થાત્ અહંકારરૂપી રથ કે જેનાથી દ્વૈત—જુદાઈ જણાય છે તેની પર જઈને સામ્યાવસ્થા **अहं ब्रह्मास्मि** બૃહ-ઉ. ૧–૪–૧૦ ] નિરૂપણ કરી પ્રતિબોધ પમાડ્યો, ભાનમાં આણ્યો. પછી ભાનમાં આવેલો ઇન્દ્ર ( વિવેક )વજ્રરૂપ અદશ્ય શસ્ત્રથી વૃત્રને હણી નાખીને સ્વરૂપાવસ્થિત

---

૩૪ સર૰ અંગ્રેજી કહેવત,

Discretion is the better part of valour. વિવેક / ડહાપણ / ધૃતિ એ પરાક્રમ / વીરતાનો ચઢિયાતો અંશ છે.

થયો[35] ( આશ્વમેધિકપર્વ ', અ ૧૪). એ રીતે શ્રીકૃષ્ણે વિવેકથી શુદ્ધ જ્ઞાનની, વિ-જ્ઞાનની ઉપાસના કરતાં કરતાં અહંકારરૂપી તમસ્‌ને દૂર કરી નમ્રતારૂપી જ્યોતિને પામવાનો આ રૂપક દ્વારા અનુરોધ કર્યો છે. આત્મા વડે જ આત્માનો ( પોતાની જાતે જ પોતાનો ) ઉદ્ધાર કરવાનો, રજસ્‌-તમસ્‌ ઉપર વિજય મેળવવાનો, 'આત્મશુદ્ધિયોગ' સિદ્ધ કરવાનો ઉપાય દર્શાવતાં શ્રીમદ્‌ભગવદ્‌ગીતાનાં આદેશવચનો આના અનુસન્ધાનમાં જુઓ :

संकल्पप्रभवान्कामांस्त्यक्त्वा सर्वानशेषतः ।
मनसैवेन्द्रियग्रामं विनियम्य समन्ततः ॥ ६-२८-२४ (ગીતા ૬-૨૪)
शनैः शनैरुपरमेद्बुद्ध्या धृतिगृहीतया ।
आत्मसंस्थं मनः कृत्वा न किंचिदपि चिन्तयेत् ॥ ६-२८-२५ (ગીતા ૬-૨૫)

( યોગી ) સંકલ્પથી પેદા થયેલી સર્વ અભિલાષાઓને સંપૂર્ણપણે ત્યજી દઈને,[36] ઇન્દ્રિયોના સમુદાયને બધી બાજુથી મનથી જ અંકુશમાં લાવી, **ધૃતિવાળી ( અડોલ ) બુદ્ધિ વડે, ( ખોટી ઉતાવળ કરીને, સહસા નહિ પણ ) ક્રમે ક્રમે ઉપરામ પામે,** અને મનને ( પરમ- )આત્મામાં પરોવી દઈને કશાનું પણ ચિંતવન ન કરે. [ એમ

---

૩૫ (૧) સર૦ द्वितीयाद्वै भयं भवति ॥ બૃહ. ઉ. ૧-૪૨. ભય તો બીજાથી, દ્વૈતથી થાય છે.

(૨) 'ઋગ્વેદ' ૧-૩૨માં ઇન્દ્ર અને વૃત્રની કથા છે. એના દશમા અને અગિયારમા મંત્ર ઉપર નિરુક્તકારે ભાષ્ય કરતાં વૃત્ર એટલે મેઘ, અને વરસવાની ક્રિયાને **ઉપમા અર્થે ઇન્દ્ર-વૃત્ર યુદ્ધની ઉપમા આપી છે,** એમ કહ્યું છે. એમાં વૃત્ર એટલે અસુર એવો ઐતિહાસિકોનો મત છે એમ ટાંક્યું છે. પરન્તુ નિરુક્તકારનો મત તો એ જ છે કે, અહીં કોઈ વાસ્તવિક યુદ્ધ અભિપ્રેત નથી, તેમ ઇન્દ્ર કોઈ શત્રુ પણ નથી. ( ' નિરુક્ત ' ૨-૫-૧,૨ )

વળી 'ઋગ્વેદ' ૧-૩૨-૧૦ °दीर्घं तम आशयदिन्द्रशत्रुः। એ રીતે 'ઇન્દ્રશત્રુ વૃત્રાસુર ( મેઘ ) ઘાડું અંધારું, તમસ્‌ ફેલાવે છે', એમ વર્ણન આપે છે, તે આ સંદર્ભમાં મહત્ત્વનું છે.

(૩) ઇન્દ્ર અને વૃત્રની કથા વેદો અને પુરાણોમાં પ્રસિદ્ધ છે. મ. ભા.માં જુદે જુદે સ્થળે જુદા જુદા સંદર્ભોમાં એ કથા છ વખત આવે છે. તેથી તેની પ્રાચીનતા, તેનું તત્ત્વજ્ઞાન અને તેની ઐતિહાસિક પીઠિકા વગેરે દૃષ્ટિએ અભ્યસનીય છે. મ. ભા.માં આવતી વૃત્રકથાઓના સ્થળનિર્દેશ આ પ્રમાણે છે: આરણ્યક. अ. ૯૮, ૯૯; ઉદ્યોગ. अ. ૯ થી ૧૮; દ્રોણ. अ. ૬૯-૪૯ થી ૬૫; શાન્તિ. अ. ૨૭૨ થી ૨૭૪. (આ અધ્યાયની અગાઉ અધ્યાય ૨૭૦માં વૃત્ર અને શુક્રનો તથા અધ્યાય ૨૭૧માં વૃત્ર અને સનત્કુમારનો એમ 'વૃત્રગીતા' નામથી જાણીતા તત્ત્વજ્ઞાનવિષયક બે સંવાદો છે. ); શાન્તિ. अ. ૩૨૯-૧૭ થી ૪૧; અને છઠ્ઠી કથા ઉપર આપી છે તે.

૩૬ કામનાપૂર્ણ અભિલાષાઓનો સંપૂર્ણ ત્યાગ કરવો. વાસણમાં ઘી-તેલ જેવી વસ્તુ નાખ્યા પછી કાઢી લેવાય તો તેમાં થોડોક લેપ રહે જ છે. તેમ જ તીવ્ર ગંધવાળી ચીજ નાખ્યા પછી કાઢી લેવાય તો તેની ગંધ રહી જ જાય છે. એ જ રીતે કામના ત્યજવા છતાં તેમાં અલ્પતમ રાગ રહી જાય છે, જેનાથી યોગી ગમે ત્યારે 'ધૃતિભ્રષ્ટ' થઈને વર્ષોની સાધના નષ્ટ કરી દઈ શકે. અશેષત્યાગનો અર્થ એ છે કે પરમાત્મા સિવાય કશાયની કામના નહિ. સૂક્ષ્મતમ આસક્તિનોય પરિત્યાગ. એ પરિત્યાગ યજ્ઞાગ્નિની પાવકજ્વાળાઓમાં 'વાસણ'ને તપાવવાથી થાય. ભગવદ્‌ગીતામાં શ્રીમુખે વિવિધ યજ્ઞોનું વર્ણન કર્યું છે. તેમાંના કોઈ પણ એક યજ્ઞથી આ સિદ્ધ થાય. સર્વ યજ્ઞો સમકક્ષ છે.

'આત્મશુદ્ધિ યોગ' સાધે. આ 'આત્મશુદ્ધિ' સ્વાર્થી નથી. આત્મૌપમ્યથી સર્વને સમભાવથી જોઈને, સર્વને સર્વત્ર સુખદુઃખ પોતાની પેઠે જ થાય છે, અને એમ સુખદુઃખ સમપણે અનુભવીને ઉત્સાહથી લોકસંગ્રહ કરનારી છે. **સમગ્ર ઇન્દ્રિયગ્રામ** મનના અંકુશ તળે પરમાત્મમાં પરોવાયેલું હોઈ, અંધારામાં અટવાતું નથી; કારણ જ્યોતિસ્વરૂપ **પરમાત્મા એની ચોમેર** છે. તેથી કામ-ક્રોધ, હર્ષ-શોક, સુખ-દુઃખ લોભ-અભિમાન, આધિ-વ્યાધિ સ્તુતિ-નિન્દાથી એ ડગતું નથી. એવું સ્થૈર્ય પ્રાપ્ત કરતાં જ 'અર્જુન' 'ઉત્સાહ'થી સમન્વિત થઈને 'તમસ્'પ્રેરક બળો ઉપર આક્રમણ કરીને 'તમસ્'નો નાશ કરે છે. ]

*     *     *

મધ્યમ ભૂમિકાએ વિચારતાં આ વિભાગ સામાન્ય માનસનો આબેહૂબ ચિતાર આપે છે. મન ફાવે ત્યારે નિમ્નતમ અધર્મ આચરવો, અને પોતે જ પ્રમાણિત કરેલા, 'સર્ટિફાય' કરેલા, 'હું'કારમિશ્રિત 'ધર્મ'નું પાલન કરવું, આચરેલા અધર્મના પરિપાકરૂપે આવતી આંધીમાં ફસાઈ જતાં સાચા ધર્મને નિન્દવો અને બીજાને 'ધર્મ' પાળવાનો અનુરોધ કરવો! હારી જતાં 'લખ્યા લેખ' કહેવું (અને જીતે ત્યારે અભિમાનથી છકી જવું)!

પ્રસ્તુત દષ્ટિબિન્દુથી આ પ્રકરણને જોવામાં આવે તો રૌદ્રરસનો આભાસ અને આસ્વાદ આપતાં વર્ણનો પરમ શાન્તરસનું આસ્વાદન કરાવશે, સાત્ત્વિકી ધૃતિ તથા ઉત્સાહ પ્રેરશે.

(લેખકના આગામી પુસ્તક '**શ્રીકૃષ્ણ-પુરુષોત્તમ અને અન્તર્યામી**'નું એક પ્રકરણ)

# વાકાટકોના અભિલેખો—એક અધ્યયન

## [ નંદિવર્ધન શાખા-વાકાટક રાજાઓના લેખો ]

### લેખાંક-૨ +

### પ્રભાવતી ગુપ્તાનો 'પૂના તામ્રપત્રલેખ'

—જશુભાઈ બી. પટેલ

**પ્રાપ્તિસ્થાન :**

દખ્ખણના વાકાટકવંશના[1] રાજા રુદ્રસેન બીજાની રાણી પ્રભાવતી ગુપ્તાએ[2] ઉત્કીર્ણ કરાવેલ તામ્રપત્ર પૂનાના કંસારા બળવંતભાઉ નગરકરના ઘરમાંથી ૬૦ વર્ષ અગાઉ પ્રાપ્ત થયું હતું. આ કંસારો મૂળ તો અહમદનગરનો વતની હતો અને પ્રસ્તુત તામ્રપત્ર ત્રણ પેઢીઓથી તેના ઘરમાં અજ્ઞાતરૂપે જળવાઈ રહ્યું હતું,[3] પરંતુ હકીકતમાં આ તામ્રપત્ર મૂળ તો વર્ધા જિલ્લાના હિંગણઘાટ તાલુકાનું હોવું જોઈએ,[4] કારણ કે તેમાં ઉલ્લેખિત અનેક ગામો આ તાલુકામાં આજે ય વિદ્યમાન છે.

પ્રા. કે. બી. પાઠકે સૌ પ્રથમ 'ઇન્ડિયન એન્ટિક્વરી'માં[5] આ તામ્રપત્રનો અહેવાલ સારાંશરૂપે પ્રસિદ્ધ કર્યો. પ્રસ્તુત તામ્રપત્રના ઐતિહાસિક મહત્ત્વને લીધે તેના તરફ અનેક વિદ્વાનોનું ધ્યાન દોરાયું. ડૉ. દેવદત્ત રામકૃષ્ણ ભાંડારકરે આ તામ્રપત્રનો 'ઇન્ડિયન એન્ટિક્વરી'માં[6] એક આભિલેખિક નોંધમાં ઉલ્લેખ કર્યો. ડૉ. વી. એ. સ્મિથે લંડનની રૉયલ એશિયાટિક સોસાયટીના જર્નલમાં[7] 'વાકાટકો' ઉપરના એક અભ્યાસપૂર્ણ સંશોધનલેખમાં તેનો ઉપયોગ

---

+ લેખાંક ૧ "રુદ્રસેન પહેલાનો દેવટેક શૈલલેખ"—વિદ્યાપીઠ, વર્ષ ૯, અંક ૨, માર્ચ-એપ્રિલ, ૧૯૭૧, પૃ. ૧૦૬-૧૧૪માં પ્રસિદ્ધ થયો છે.

૧ વાકટક-ઇતિહાસની સાધનસામગ્રી માટે જુઓ જશુ બી. પટેલ 'ભારતીય ઇતિહાસના કહેવાતા અંધકાર યુગો', 'વિદ્યા' ગ્રંથ ૧૩-૨, ઑગસ્ટ, ૧૯૭૦, પૃ. ૩૨-૫૧.

૨ જુઓ (ક) ડૉ. આર. સી. મજુમદાર : Proceedings of All-Indian Oriental Conference ( હવેથી Poc ), vol. 13, pp. 423-25, અને Bharatitya Vidya [ BV ] vol. 11, pp. 1-4. ( ખ ) ડૉ. ડી. સી. સરકાર : એજન, vol. 15, pp. 8-10.

૩ ( a ) Epigraphia Indica [ EI ], vol. 15, p. 39.

( b ) Bharata Itihasa Samshodana Mandal Quarterly [ BISMQ ], vol. 22-1, p. 1.

૪ ( અ ) એજન, ( બ ) EI, vol. 26, p, 158.

૫ Indian Antiquary [ IA ], vol. 41, 1912, pp. 214-15.

૬ એજન, vol. 42, pp. 160-61.

૭ Journal of the Royal Asiatic Society of Great Britain and Ireland, London [ JRASL ], 1914, pp. 317-18.

ર્ક્યો. આ ઉપરાંત પ્રા. કે. બી. પાઠક અને રાયબહાદુર કાશીનાથ નારાયણ દીક્ષિતે પ્રસ્તુત તામ્રલેખને 'એપિગ્રાફિયા ઇન્ડિકા'માં[૮] મૂળ પાઠ અને અંગ્રેજી ભાષાંતર સહિત પ્રકાશિત કર્યું. તેમના લેખને આધારે આ લેખ સંપાદિત કરવામાં આવ્યો છે. પ્રસ્તુત તામ્રપત્ર મૂળ તો પ્રા. કે. બી. પાઠક પાસે હતું, પરંતુ હાલમાં તે કયાં છે એ જાણી શકાતું નથી.

આ તામ્રશાસન ઉપર્યુક્ત જર્નલમાં પ્રસિદ્ધ થયા પછી છેક આજ સુધી ડૉ. એચ. સી. રાયચૌધરી,[૯] ડૉ. એસ. કે. આયંગર,[૧૦] શ્રી. વાય. આર. ગુપ્તે,[૧૧] શ્રી. એ. વી. વેંકટરામ અય્યર,[૧૨] ડૉ. કે. પી. જયસ્વાલ,[૧૩] ડૉ. વી. વી. મિરાશી,[૧૪] અને અન્ય ઇતિહાસવિદોએ[૧૫] તેમના ગ્રંથોમાં કે સંશોધન લેખોમાં આ તામ્રપત્રનો ઉલ્લેખ કે ઉપયોગ કર્યો છે.

**વર્ણન :**

પ્રસ્તુત તામ્રશાસન લંબચોરસ આકારનાં બે પતરાંનું બનેલું છે. તેમની લંબાઈ ૨૩.૫ સે.મી. અને પહોળાઈ ૧૪ સે.મી. છે. આ દરેક પતરાની એક બાજુના મધ્યભાગમાં ૧.૨૭ સે.મી. વ્યાસનું કાણું પાડીને તેમને બંનેને .૬૩ સે.મી. જાડી અને ૧.૯ સે.મી. વ્યાસવાળી કડીમાં પરોવી દેવામાં આવેલાં છે. આ કડીમાં ઈંડા આકારની એક મુદ્રા [ ૭.૩ સે.મી. લાંબી અને ૫.૪ સે.મી. પહોળી ] જોડી દેવામાં આવી છે. આ મુદ્રા [ seal ] પર ચાર પંક્તિઓનો એક ઉત્કીર્ણ

---

૮ EI, vol. 15, 1919–20, pp. 39–44.

૯ ડૉ. એચ. સી. રાયચૌધરી : Poc, vol 2, 1922, p. 335.

૧૦ ડૉ. એસ. કે. આયંગર : (અ) Annals of Bhandarkar Oriental Research Institute [ ABORI ] vol. 5, 1923, p. 42 અને (બ) Quarterly Journal of the Mythic Society [ QJMS ], vol. 15, 1925, p. 157.

૧૧ શ્રી વાય. આર ગુપ્તે : (અ) Journal and Proceedings of Royal Asiatic Society, Bengal-NS( JPRASB-NS ) Vol. 20, 1924, p. 56, અને (બ) JRASL 1924, Pt. 1, January, p. 94.

૧૨ શ્રી. એ. વી. વેંકટરામ અય્યર : QJMS, Vol. 16, 1926, p. 308.

૧૩ ડૉ. કે. પી. જયસ્વાલ : Hsitory of India, 1933, p. 73,

૧૪ ડૉ. વી. વી. મિરાશી : (ક) Poc, Vol. 10, 1940, p. 458, (ખ) New India Antiquary [ NIA ], Vol. 2, 1939-40, p. 73. (ગ) BISMQ, Vol. 22, 1941 pp. 1-4 (ઘ) Annual Bulletin of the Nagpur University Historical Society [ ABNUHS ], Vol. 1946, p. 16. (ચ) Indian Historical Quarterly [ IHQ ], Vol, 24 [ 1948 ], p. 152 અને (છ) Corpus Inscriptionum Indicarum [ CII ], Vol. 5, 1963, pp. 5-9.

૧૫ (૧) ડૉ. દશરથ શર્મા : (અ) Journal of Bihar and Orissa Research Socitety [ JBORS ], Vol. 20, 1934, p. 225.

(૨) ડૉ. ડી. સી. સરકાર : (અ) Journal of Indian History, Vol. 13, 1934, 35, (બ) IHQ, Vol. 17, 1941, p. 111, (ક) Select Inscriptions, 1942, pp. 411-15. અને (ડ) Journal of Royal Society of Bengal-Letters ( JRASBL ), Vol. 12, 1946, p. 72.

લેખ છે.[16] આ પંક્તિઓની ટોચે ચંદ્ર-સૂર્યાકૃતિ અને નીચે પુષ્પાકૃતિ અંકિત કરવામાં આવી છે. તામ્રશાસનનું[ બે પતરાં, મુદ્રા અને કડું ]નું વજન લગભગ ૧૧૩૨ ગ્રામ છે.

આ તામ્રલેખ બંને પતરાંની એક જ બાજુ પર [ અંદરની બાજુએ ] કોતરી કાઢવામાં આવેલો છે. પ્રથમ દાનપત્ર પર ૧૦ અને દ્વિતીય પર ૧૫ પંક્તિઓ ઉત્કીર્ણ છે. પ્રથમ દાનપત્ર પર અક્ષરો કાળજીપૂર્વક અને દ્વિતીય પર ઉતાવળથી કોતરી કાઢવામાં આવેલા છે. વળી દ્વિતીય દાનપત્રના અક્ષરોની તુલનામાં પ્રથમના અક્ષરો પ્રમાણમાં સહેજ મોટા છે. પ્રથમ અને દ્વિતીય દાનપત્રની દરેક પંક્તિમાં અનુક્રમે આશરે ૨૫ અને ૩૨ અક્ષરોનો સમાવેશ થયેલો છે તથા તેમાં ઉત્કીર્ણ કરેલા અક્ષરોની ઊંચાઈ અનુક્રમે .૬૩ સે.મી. અને .૪૭ સે.મી. છે. સમગ્ર લેખ સ્પષ્ટપણે વાંચી શકાય છે.

## લિપિ[17]:

તામ્રપત્રલેખની લિપિ ' કીલ-શીર્ષક ' [ Nail headed ] પ્રકારની છે. લેખના કેટલાક અક્ષરો વાકાટકોના અન્ય અભિલેખોની જેમ પેટિકા-શીર્ષક [ Box-headed ] પ્રકારના છે. આમ લેખના અક્ષરોની બનાવટ પરથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે આ તામ્રલેખના લેખકે લેખને પેટિકા-શીર્ષક લિપિમાં ઉત્કીર્ણ કરવાની શરૂઆત કરી, પરંતુ પોતે આ લિપિથી સંપૂર્ણ

---

(૩) શ્રી એમ. જી. પાઈ : JIH, Vol. 14, 1935, pp. 3-4.

(૪) શ્રી એચ. એન. રેન્ડલે : NIA, Vol. 1939-40, p. 178 અને A Volume of Indian and Iranic Studies, Presented to Sir E. Danison Ross [ ROSS Vol. ] Ed. by S.M. Katre and P. K. Gode, 1939, p. 257.

(૫) શ્રી વાય. કે. દેશપાન્ડે અને ડી. બી. મહાજન : Proceedings of the Indian History Congress [ PIHC ], 3rd Session, 1939-40, p. 449.

(૬) શ્રી વાય. એમ. કેલે : JIH, Vol. 24, 1945, p. 131.

(૭) શ્રી બી. એસ. પુરોહિત : IHQ, Vol. 26, 1950, p. 301.

(૮) ડૉ. એ. ડી. પુસાળકર : Journal of Asiatic Society of Bombay-NS, Vol. 31-32, pp. 212 ff.

(૯) ડૉ. એ. એસ. આલ્તેકર : The Vākāṭaka-Gupta Age, 1960, p. 106. અને Early History of Deccan ( Ed. G. Yazdani ), 1960, p. 171.

(૧૦) ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી : પ્રાચીન ભારત, ખંડ ૧, ૧૯૬૯, પૃ. ૧૭૬.

(૧૧) ડૉ. નિસાર એહમદ : Dr. H. D. Sankalia Felicitation Volume, 1970, p. 159.

૧૬ પ્રા. કે. બી. પાઠકનો પાઠ :

वाकाटक-ललामस्य क्रम-प्राप्त-नृप-श्रियः ।

जनन्या युवराजस्य शासनं रिपुशासनं ॥

Metre : Anushtubh [ EI, vol. 15, p. 41 ]

૧૭ ભારતીય લિપિવિદ્યાના પરિચય માટે જુઓ ડૉ. ડી. સી. સરકાર : Journal of Ancient Indian Hostory [ JAIH ], vol. 4, pts. 1-2, 1970-71, pp. 104-133.

જાણકાર ન હોવાથી તેણે તે લિપિનો ત્યાગ કરીને અધિક પરિચિત એવી કીલ-શીર્ષક લિપિમાં મુદ્રા અને લેખનો બાકીનો ભાગ ઉત્કીર્ણ કર્યો. આ તામ્રશાસનને ઉત્કીર્ણ કરનાર શ્રી ચક્રદાસ ઘણું કરીને ઉત્તર ભારતનો વતની હશે, કારણ કે ત્યાં આ સમયે કીલ-શીર્ષક લિપિ પ્રચલિત હતી. પરિણામે આ દાનપત્રમાં ઉત્તર અને દક્ષિણ ભારતની શૈલીની લિપિના સ્વરૂપનો સમન્વય થયેલો જોવા મળે છે; તેમાંય ખાસ કરીને ઉત્તર ભારતની શૈલીના અક્ષરો અધિક સંખ્યામાં છે.

**ભાષા :**

તામ્રલેખ [ મુદ્રા અને બંને દાનપત્રો ] સંસ્કૃત ભાષામાં છે. મુદ્રા પરનો લેખ પદ્યમાં છે, પરંતુ તામ્રલેખના અંતના આશીર્વાદાત્મક શ્લોકોને બાદ કરતાં સમગ્ર લેખ ગદ્યમાં છે.

**ઉદ્દેશ્ય :**

પ્રભાવતી ગુપ્તા પોતાના સગીર વયના પુત્ર દિવાકરસેન વતી રાજ્યનો કારભાર સંભાળતી હતી એવું મુદ્રા પરના ઉત્કીર્ણ લેખના વિવરણ પરથી સ્પષ્ટ થાય છે.[૧૮] વળી તેણે દિવાકરસેનના[૧૯] વાલી તરીકે આ તામ્રપત્રનું દાન નંદિવર્ધન[ વાકાટકોની રાજધાનીઓ પૈકીમાંની એક[૨૦] ]થી કર્યું હતું.

તામ્રલેખમાં પ્રભાવતી ગુપ્તાએ કારતક સુદ બારશે વિષ્ણુભક્ત આચાર્ય ચનાલસ્વામીને સુપ્રતિષ્ઠ નામના આહારમાં આવેલું 'દંગુણ' ગામ દાનમાં આપ્યાનો ઉલ્લેખ આવે છે. આ પરથી ફલિત થાય છે કે રાજમાતા પ્રભાવતી ગુપ્તાએ એકાદશીનું અનશન કરીને બારશે પારણાં કર્યા બાદ આ દાન કર્યું હતું. પ્રભાવતી ગુપ્તા વિષ્ણુભક્ત હતી. તેથી તેણે આ દાન સૌ પ્રથમ વિષ્ણુ ભગવાનની પાદુકાઓ[ પાદમૂલ ]ને અર્પણ કર્યા પછી જ ઉપર્યુક્ત ઉલ્લેખિત આચાર્યને આપ્યું હતું એવું લેખના વિવરણ પરથી સ્પષ્ટપણે જણાય છે. લેખમાં વપરાયેલ પાદમૂલ અથવા પાદુકાઓ શબ્દથી આપણે રામગિરિ[૨૧] [ નાગપુર પાસે આવેલ વર્તમાન રામટેક ] પર આવેલ દેવાલયમાં પધરાવવામાં આવેલી ભગવાન રામચંદ્રની પાદુકાઓ સમજવાની છે, કારણ કે પ્રભાવતી ગુપ્તાનું 'ઋદ્ધપુર તામ્રપત્ર'[૨૨] નામનું દાનપત્ર રામગિરિ પરથી બ્રાહ્મણોને દાનમાં આપવામાં

---

૧૮ જુઓ પાદનોંધ ૧૬.

૧૯ (અ) શ્રી એન. એન. દાસ : Indian Culture [IC], vols. 6, p. 355–87, pp. 115-16.

(બ) ડૉ. ડી. સી. સરકાર : એજન, vol. 6, pp. 478–79.

૨૦ વાકાટકોની રાજધાનીઓની વીગતે ચર્ચા માટે જુઓ ડૉ. વી. વી. મિરાશી, Poc, vol. 10, pp. 455-61 અને Dr. Lakshman Sarup Memoril Volume, 1954, pp. 271-279

૨૧ જુઓ ડૉ. વી. વી. મિરાશી, : 'Location of Ramgiri' in Nagpur University Journal, vol ix , pp. 3–15, અને Studies in Indology, vols. 1, 1960, pp. 12–20 and 4, 1966, pp. 42–52.

૨૨ (ક) શ્રી વાય. આર. ગુપ્તે : BISMQ, vol. 3, Nos. II–IV, pp. 89–96; JPASB-NS, vol. 20, pp. 53–62 અને JRASL, pt. I, January, 1924, pp. 94–96.

(ખ) પ્રા. જગન્નાથ : PIHC, 4th session, pp. 58–59 અને Journal of U. P. Historical Society, vol. 13, pt. II, pp. 97–98.

આવ્યું હતું અને તેમાં રામગિરિ સ્વામી અર્થાત્ ભગવાન રામચંદ્રની પાદુકાઓનો સ્પષ્ટ ઉલ્લેખ આવે છે.[૨૩] આમ રાજમાતા પ્રભાવતી ગુપ્તા પરમ રામભક્ત [ अत्यन्त भगवद्भक्ता ] હતી અને રામગિરિ પર રામચંદ્રની પાદુકાઓની પૂજા કરતી.

**વિષયવસ્તુ :**

વાકાટકોનાં અમુક તામ્રપત્ર લેખોમાં दृष्टम् [ જોઈ લેવામાં આવેલું ] શબ્દ આવે છે. પ્રસ્તુત તામ્રપત્રમાં પણ આ શબ્દનો[૨૪] ઉલ્લેખ છે, જે સૂચવે છે કે આ દાનપત્ર લખાઈ ગયા બાદ સરકારી સચિવાલયમાં ઉત્કીર્ણ કરવામાં આવ્યું હતું. દાનપત્રની શરૂઆત 'जीत भगवता'-થી થાય છે.

દાનપત્રમાં પ્રભાવતી ગુપ્તા પોતાને વાકાટક મહારાજ દિવાકરસેનની માતા તરીકે ઓળખાવે છે. લેખના પ્રારંભમાં તેણે પોતાના પિતાના વંશની વંશાવળી આપી છે. આ જ હકીકત તેણે ઋદ્ધપુર તામ્રપત્રમાં પણ દોહરાવી છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે તેને પોતાના કુળ [ ગુપ્ત કુળ ] વિષે ખૂબ ગર્વ હતો.[૨૫] વળી લેખના પ્રારંભમાં જ આપેલી ગુપ્તવંશાવળી પરથી સ્પષ્ટ માલૂમ પડે છે કે આ દાનપત્ર ગુપ્તવંશના સમ્રાટ ચંદ્રગુપ્ત બીજાના રાજદરબારમાંથી આવેલ કોઈ કર્મચારીએ તૈયાર કર્યું હોવું જોઈએ અને પ્રભાવતી ગુપ્તાની રખેવાળ સરકાર દરમિયાન ગુપ્તોનું વર્ચસ્વ તેના દરબારમાં સારા પ્રમાણમાં હતું, કારણ કે ગુપ્ત સમ્રાટ ચંદ્રગુપ્ત બીજાએ પોતાની વિધવા પુત્રીને રાજકાજમાં મદદ કરવા પોતાના વિશ્વાસુ અધિકારીઓને ત્યાં મોકલ્યા હોય એ સ્વાભાવિક છે. આ સંદર્ભમાં ડૉ. કાશીપ્રસાદ જયસ્વાલે[૨૬] યોગ્ય જ નોંધ્યું છે કે યુવરાજ દિવાકરસેનના વાલી તરીકે રાજમાતા પ્રભાવતી ગુપ્તાએ સત્તાનાં સૂત્ર સંભાળી લીધાં હતાં, તેમ છતાં ય તેણે ગુપ્તસંવતનો ઉપયોગ કર્યો ન હતો.

તામ્રશાસનમાં ઘટોત્કચને ગુપ્તોનો આદિરાજ જણાવીને ગુપ્ત રાજવંશનો પરિચય એ રાજાથી શરૂ કર્યો છે. તેના પછી તેમાં આપેલાં ગુપ્ત રાજાઓનાં નામ આ પ્રમાણે છે: તેનો પુત્ર મહારાજા ચંદ્રગુપ્ત[ ૧લો ]; કુમારદેવથી ઉત્પન્ન થયેલો તેનો પુત્ર, લિચ્છવિદૌહિત્ર,[૨૭] અને

---

૨૩ रामगिरी स्वामिन पादमूलाद्, JPASB-NS, vol. 20, p. 58.

૨૪ વાકાટકોનાં અન્ય તામ્રપત્રો જેવાં કે નંદિવર્ધન શાખાના પ્રવરસેન બીજાનાં જામ્બ [CII, vol. 5, 11], બેલોરા [A Set, EI, vol. 24, p. 166], ચમ્મક [IA, vol. 12, p. 243], સિવની [JASB, vol. 5, p. 727], દુદિયા [EI, vol. 3, 26], તિરોડી [એજન, vol. 22, p. 166], વડગાંવ [એજન, vol. 27, p. 77], પટ્ટન [એજન, vol. 23, p. 83] અને પાંઢુર્ણા [CII, vol. 5, p. 65] તેમ જ વત્સગુલ્મ શાખાના વિંધ્યશક્તિ બીજાનું બાશીમ [PIHC 3rd session, p. 456 અને IHQ, vol. 17, p. 114] એમ કુલ મળીને ૧૦ તામ્રપત્રોના આરંભમાં दृष्टम् આવે છે.

૨૫ (અ) QJMS, vol. 15, p. 276; (બ) JIH, vol, 14. p. 166 અને (ક) ABNUHS, vol. 1, p. 17.

૨૬ ડૉ. કે. પી. જયસ્વાલ; History of India, 1933, p. 63.

૨૭ લિચ્છવી-ગુપ્ત સંબંધો અને લિચ્છવી દૌહિત્ર અંગે અનુક્રમે જુઓ શ્રી એમ. એસ. પાંડેય : JBORS, vol. 36, pp. 117 ff. અને શ્રી અમિતાભ ભટ્ટાચાર્ય : PIHC, 25th session, pp. 90–92.

અનેક અશ્વમેધયજ્ઞો કરનારો[૨૮] મહારાજાધિરાજ સમુદ્રગુપ્ત; તેનો પુત્ર પરમ ભાગવત મહારાજાધિરાજ ચંદ્રગુપ્ત બીજો; નાગકુલોત્પન્ન મહાદેવી કુબેરનાગાથી ઉત્પન્ન થયેલી તેની પુત્રી પ્રભાવતી ગુપ્તા. લેખમાંના ત્યાર પછીના વિવરણ પરથી સ્પષ્ટ થાય છે કે પ્રભાવતી ગુપ્તા ધારણગોત્રની,[૨૯] વાકાટક મહારાજા રુદ્રસેન [બીજા]ની પટરાણી અને યુવરાજ દિવાકરસેનની માતા[૩૦] હતી.

તામ્રલેખમાં ગુપ્તરાજાઓ વિશેનું વર્ણન ગુપ્ત-અભિલેખોના વર્ણન સાથે બંધબેસતું નથી. લેખમાં (૧) ગુપ્તવંશના સ્થાપક શ્રી. 'ગુપ્ત'નો ઉલ્લેખ નથી, (૨) ચંદ્રગુપ્ત ૧લા માટે 'મહારાજ'નું સામાન્ય દરજ્જાનું બિરુદ પ્રયોજવામાં આવેલું છે, જ્યારે તેણે 'મહારાજાધિરાજ'-ની ઉપાધિ ધારણ કરી હતી એવું ગુપ્ત-અભિલેખોના[૩૧] અધ્યયન પરથી સ્પષ્ટ થાય છે; (૩) 'પૃથ્વી પર અપ્રતિમ,' 'સર્વ રાજાઓનો વિચ્છેદ કરનાર' 'ચાર સમુદ્ર સુધી યશ ધરાવનાર,' 'કોટિ ગાયો અને હિરણ્યનું દાન દેનાર' વગેરે બિરુદો ગુપ્તલેખોમાં સામાન્ય રીતે સમુદ્રગુપ્ત માટે વપરાયાં છે, પરંતુ પ્રસ્તુત તામ્રલેખમાં આ બિરુદો ચંદ્રગુપ્ત બીજા માટે પ્રયોજવામાં આવેલાં છે, જે લેખ તૈયાર કરનારની નિષ્કાળજી કે અજ્ઞાતપણાને લીધે થયેલી ક્ષતિઓ છે.[૩૨] ગુપ્તવંશાવળીના

---

૨૮ ડૉ. ડી. સી. સરકારના મતે સમુદ્રગુપ્તની અનેક અશ્વમેધ કરનાર તરીકેની બડાઈ પાયા વિનાની છે. JIH, vol. 13, 1934, p. 35.

૨૯ અહીં ગુપ્તોના ધારણગોત્રનો ઉલ્લેખ છે, વાકાટકોનું ગોત્ર તો વિષ્ણુવૃદ્ધ હતું. ગુપ્તોના ધારણગોત્રની ચર્ચા માટે જુઓ ડૉ. દશરથ શર્મા : JBORS, vol. 20, p. 225.

૩૦ ઋધ્ધપુર તામ્રલેખમાં પ્રભાવતી ગુપ્તાનો 'वाकाटकानाम्महाराजश्रीदामोदरसेनप्रवरसेनजननी' તરીકેનો ઉલ્લેખ આવે છે. પરંતુ આ પંક્તિએ વિદ્વાનોમાં ભારેચર્ચા જગાડી છે. ડૉ. ડી. સી. સરકાર [IHQ, vol. 17, p. 111, અને BV, vol. 15-3, p. 8], ડૉ. આર. સી. મજુમદાર [JRASB, vol. 12, p. 15; Poc, vol. 13, pp. 423–25, Ancient India, 1960, p. 271 અને BV, vol. 11, pp. 1–4.] અને ડૉ. સુધાકર ચટ્ટોપાધ્યાય [Early History of Northern India, 1968, p. 257], પ્રભાવતી ગુપ્તાને દિવાકરસેન, દામોદરસેન અને પ્રવરસેન બીજો એમ ત્રણ પુત્રો હોવાનું જણાવે છે, જ્યારે શ્રી વાય. આર. ગુપ્તે [BISMQ, vol 3, p. 92], ડૉ. એસ. કે. આયંગર [ABORI vol. 5, p. 35 અને QJMS, vol. 15, p. 158], ડૉ. કે. પી. જયસ્વાલ [History of India, 1933, pp. 63, 74, 76.], શ્રી. એચ. એન. રૅન્ડલે [NIA, vol. 2, p. 178, fn. 3, અને Ross vol. p. 257, fn. 3.] શ્રી. એમ. જી. પાઇ [JIH, vol. 14, p. 3], ડૉ. વી. વી. મિરાશી [IHQ, vol. 24, pp. 148–55; ABNUHS, vol. 1, p. 16 અને CII, vol. 5. pp. v–vii] ડૉ. એ. ડી. પુસાળકર [JASB–NS, vol. 31–32. p. 216], ડૉ. એ. એસ. આલ્તેકર [VGA, p. 11.]; અને EHD, pp. 175-176, fn. 2], રાયબહાદુર શ્રી બૈજનાથ પાંડેય [नागरीप्रचारिणी पत्रिका. Vol. 18-2, p. 187], પ્રા. એન. એન. ઘોષ [Early History of India, 1160, p. 259], ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી [પ્રાચીન ભારત, ૧૯૬૯, ભા-૧, પૃ ૧૭૬,] ડૉ. નિસાર એહમદ [op. cit, p. 161], અને ડૉ. વી. ડી. મહાજન [Early History of India, 1970, p. 287, ઉપર્યુક્ત મંતવ્યનો વિરોધ કરીને જણાવે છે કે પ્રભાવતી ગુપ્તાને દિવાકરસેન અને દામોદરસેન ઉર્ફે પ્રવરસેન બીજો એમ માત્ર બે પુત્રો હતો.

૩૧ Namely Nos. 1 [line 28, p. 8], 4 [lines 6-7, p. 27], 10 [line 3, p. 43], 12 [line 18, p. 50] and 13 [line 3, p. 53] in CII Vol. 3, 1962.

૩૨ PIHC, 4th Session, p. 81, fn. 1.

વર્ણનમાં આટલી ક્ષતિઓ હોવા છતાં આ તામ્રપત્ર બનાવટી નથી, કારણ કે આવા જ પ્રકારનું વર્ણન તેના ઋદ્ધપુર તામ્રપત્રમાં પણ આવે છે.

યુવરાજ દિવાકરસેન અંગેનો ઉલ્લેખ ત્યાર પછીના એક પણ વાકાટક-લેખમાં આવતો નથી, જ્યારે તેના ભાઈ દામોદરસેન ઉર્ફે પ્રવરસેન બીજાનો વાકાટક રાજા તરીકેનો ઉલ્લેખ વાકાટકોના અનેક તામ્રલેખોમાં આવે છે. વળી યુવરાજ દિવાકરસેનના વાલી તરીકે સત્તાનાં સૂત્રો સંભાળતી રાજમાતા પ્રભાવતી ગુપ્તાએ આ દાન રાજ્યના તેરમા વર્ષે [ યુવરાજ દિવાકરસેનના રાજ્યારોહણ પછીના તેરમા વર્ષે ] આપ્યું હતું. ત્યાર પછી દિવાકરસેન ટૂંક રાજ્યઅમલ બાદ કાં તો અપરિણિત અથવા તો અપુત્ર મરણ પામ્યો હશે, નહીં તો પ્રભાવતી ગુપ્તાના ઋદ્ધપુર તામ્રપત્રમાં તેના નામનો ઉલ્લેખ અવશ્ય હોય. તેના પછી તેનો નાનો ભાઈ દામોદસેન ઉર્ફે પ્રવરસેન બીજો ગાદીએ આવ્યો હતો, પરંતુ તે સીધો ઉત્તરાધિકારી નહીં હોવાથી તેણે તેના દાનપત્રોમાં પોતાના મોટાભાઈના નામનો ઉલ્લેખ નથી કર્યો.[૩૩]

લેખમાં ભટ[ સૈનિક ] અને છાત્ર[ પોલિસ ] જેવા રાજ્યના કર્મચારીઓનો ઉલ્લેખ આવે છે.

ડૉ. વાસુદેવ ઉપાધ્યાય નોંધે છે કે ગુપ્તોના સમકાલીન દક્ષિણના વાકાટકોના અભિલેખોમાં કોઈ વિશેષ કરનો ઉલ્લેખ આવતો નથી, પરંતુ ઉપર્યુક્ત તામ્રપત્ર [ અને અન્ય વાકાટક તામ્રપત્રો ]-માં બ્રાહ્મણોને દાનમાં અપાયેલા ગામને (૧) અભટછાત્ર પાવેશ્ય, (૨) અચારાસન ચર્માંગાર, (૩) અકિણ્વકેણિખાનક, (૪) અખનિમેધ્ય, (૫) અપુષ્પક્ષીરસંદોહ જેવા વિવિધ કરવેરાથી બાકાત રાખવાની ઘોષણા કરવામાં આવી છે.[૩૪] આ રીતે તામ્રપત્રમાં પરોક્ષ રીતે સામાન્ય પ્રજા પાસેથી લેવામાં આવતા વિવિધ કરવેરાની માહિતી આપવામાં આવી છે. આ ઉપરાંત દાનમાં અપાયેલ ગામમાંથી પ્રાપ્ત થતી નિધિ અને ઉપનિધિ સહિતની માલિકી દાન ગ્રહણ કરનાર બ્રાહ્મણની રહેતી એવું તામ્રલેખના વિવરણ પરથી સ્પષ્ટ થાય છે.[૩૪-૧]

---

૩૩ અત્રે નોંધવું જરૂરી છે કે સામાન્યતઃ આભિલેખિક વંશાવળી પિતાપુત્રના નામ પ્રમાણે ચાલે છે. દા.ત., રામગુપ્ત પછી જો તેના પુત્રે રાજ્ય કર્યું હોત તો ગુપ્તઅભિલેખોમાં તેના પુત્ર દ્વારા તેના નામનો ઉલ્લેખ અવશ્ય હોત, પરંતુ રામગુપ્ત અપુત્ર હોવાથી ગુપ્ત આભિલેખિક વંશાવળીમાં તેનો ઉલ્લેખ નથી. આ સંદર્ભમાં સ્વ. ડૉ. એ. એસ. આલ્તેકરે નોંધ્યું છે કે," Epigraphical lists are usually genealogical and dynastic, and they often omit collateral rulers [ JBORS, vol. 14, p. 244 ], પરંતુ ઈ. સ. ૧૯૬૯માં મધ્યપ્રદેશના બેસનગર [ ભિલસા ] પાસેથી મહારાજાધિરાજ રામગુપ્તને લગતા ત્રણ પ્રતિમા લેખો મળ્યા છે, પરિણામે હવે રામગુપ્તની ઐતિહાસિકતા અંગેનો સંતોષકારક સમકાલીન આભિલેખિક પુરાવો મળ્યો ગણાય. [ CF. Dr. G. S. Gai, Dr. R. C. Agrawal and Dr. U. P. Shah in Journal of Oriental Institute, vol. 18-3 March, 1969, pp. 247-51, 252-53 and 254-55 respectively ]; જોકે ડૉ. ડી. સી. સરકાર રામગુપ્તની ઐતિહાસિકતા હજુય શંકાસ્પદ માને છે; જુઓ JAIH, Vol. 3. 1969-70, pt. 1-2, pp. 145-151.

૩૪ આ કરવેરાની સમજૂતી માટે ડૉ. વાસુદેવ ઉપાધ્યાય : प्राचीन भारतीय अभिलेखोंका अध्ययन, 1967, pp. 86-87. [ ૩૪-૧ ] ડૉ. ડી. સી. સરકારઃ Select Inscriptions, 1942, pp. 414, fn. 8.

## તવારીખ :

લેખની છેલ્લી પંક્તિમાં ૧૩મા વર્ષનો ઉલ્લેખ આવે છે, જે રાજાનું રાજ્યારોહણ વર્ષ [ Regnal year ] સૂચવે છે. મતલબ કે યુવરાજ દિવાકરસેનના વાલી તરીકે રાજ્યનો કારભાર સંભાળતી રાજમાતા પ્રભાવતીગુપ્તાએ દિવાકરસેનના રાજ્યારોહણ થયા પછી તેરમા વર્ષે [ ઈ. સ. ૪૧૮-૧૯ ] દાનપત્ર બ્રાહ્મણોને આપ્યું હતું. આમ આ રાજ્યવર્ષ યુવરાજ દિવાકરસેનનો શાસનકાળ સૂચવે છે.

## સ્થળોની ઓળખ[૩૫] :

લેખમાં નંદિવર્ધન ગામનો ઉલ્લેખ આવે છે, જેને રાયબહાદુર હીરાલાલે નાગપુર જિલ્લાના વર્તમાન રામટેક [ પ્રાચીન રામગિરિ ]ની નજીક આવેલું આધુનિક નગરધન કે નંદરધન ગામ તરીકે ઓળખાવ્યું છે.

નંદિવર્ધન સિવાયનાં લેખમાંનાં અન્ય સ્થળો ઈ. સ. ૧૯૪૦ સુધી ઓળખાવી શકાયાં ન હતાં, પરંતુ તે જ વર્ષના સપ્ટેમ્બર મહિનામાં વર્ધા જિલ્લાના હિંગણઘાટ તાલુકાના હિંગણઘાટ ગામની ઈશાન બાજુએ ૧૧ કિલોમિટરના અંતરે આવેલા જાંબ ગામના ચૌધરી શ્રી. બાબુરાવ માધવરાવ અઢોલેના ઘરમાંથી વાકાટક રાજા પ્રવરસેન બીજાનું એક તામ્રપત્ર [ જે 'જાંબતામ્રપત્ર' તરીકે ઓળખાય છે.[૩૬] ] મળી આવ્યું છે. આ જાંબતામ્રપત્રમાં 'સુપ્રતિષ્ઠ હાર'નો ઉલ્લેખ આવે છે, જેમાં વર્તમાન હિંગણઘાટ તાલુકો આવેલો છે; એટલે સુપ્રતિષ્ઠ પણ હિંગણઘાટની જેમ વર્ધા જિલ્લામાં આવેલ એક આહાર છે.

પ્રસ્તુત લેખમાં ઉલ્લેખિત ગામો વર્તમાન હિંગણઘાટ નજીક આવેલાં છે. લેખમાં ઉલ્લેખિત 'વિલવણક' હિંગણઘાટથી પશ્ચિમે ૪ કિલોમિટર પર આવેલું વર્તમાન વણી; 'કદાપિંજન' હિંગણઘાટથી અગ્નિકોણમાં ૪½ કિલોમિટર પર આવેલું વર્તમાન કધાજન, શીર્ષગ્રામ અને સિદ્દિવિવરક ગામોને વર્તમાન સંદર્ભમાં ઓળખાવી શકાય તેમ નથી, કારણ કે પંદરસો વર્ષ પહેલાં અસ્તિત્વ ધરાવતાં આ અને અન્ય ઘણુંય પ્રાચીન ગામો અને સ્થળો સમયના વહેણ સાથે લુપ્ત થઈ ગયાં છે. આ પરથી સ્પષ્ટ થાય છે કે બ્રાહ્મણોને દાનમાં અપાયેલા પ્રાચીન દંગુણ ગામને સ્થાને જ વર્તમાન હિંગણઘાટ છે. સમય જતાં પ્રાચીન દંગુણ 'હિંગણ'માં ફેરવાઈ ગયું અને તે વન્ના [ પ્રાચીન ઉમા ] નદીના ઢોળાવા પર આવેલું હોવાથી 'હિંગણ' નામના છેડે ઘાટ શબ્દ જોડી દેવામાં આવ્યો હશે, કારણ કે તેની નજીકનાં કેટલાંક અન્ય ગામો [ જેમ કે વન્ના નદીની સામે કિનારે આવેલું કવડઘાટ–Kavaḍghāt ]ના નામને છેડે ઘાટ શબ્દ આવે છે. આમ પૂના જેવા દૂર સ્થળેથી પ્રાપ્ત થયેલું પ્રસ્તુત તામ્રપત્ર મૂળ તો હિંગણઘાટ તાલુકાનું હતું, એ હકીકત ઉપર્યુક્ત વિવરણ પરથી સ્પષ્ટ થાય છે.

---

૩૫ પ્રસ્તુત તામ્રપત્રલેખમાં ઉલ્લેખિત સ્થળોની ઓળખ માટેની વીગતો ડૉ. વી. વી. મિરાશીના લેખ 'प्रभावतीगुप्तेच्या पुण्याच्या ताम्रपटांतील गांवांचा शोध' [ BISMQ Vol. 22-1, pp. 1-3 ]માંથી તારવી છે.

૩૬ EI, Vol. 26, pp. 155-161.

**લેખનું મહત્ત્વ :**

પ્રસ્તુત તામ્રલેખ વાકાટકોના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસમાં ત્રણ-ચાર દૃષ્ટિએ ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે.

**[૧] વાકાટકોના ઇતિહાસમાં કાલગણના ક્ષેત્રે પ્રથમ સીમાચિહ્ન :**

આ તામ્રશાસનની સહાયથી વાકાટકોનો કાળક્રમ સૌ પ્રથમ સંગીન પાયા પર મૂકી શકાયો છે. આ તામ્રપત્રની ઉપલબ્ધિ પહેલાં મળી આવેલાં પ્રવરસેન બીજાનાં કેટલાંક તામ્રપત્રોમાં[૩૭] પ્રભાવતી ગુપ્તાનું વર્ણન મહારાજાધિરાજ દેવગુપ્તની પુત્રી તરીકે આવે છે. આ દેવગુપ્ત અને 'દેવ-વારુર્ણાક સ્તંભલેખ'માં[૩૮] ઉલ્લેખિત ઉત્તરકાલીન ગુપ્ત મહારાજાધિરાજ દેવગુપ્ત એ બંનેને એક માનીને ડૉ. જે. એફ. ફ્લીટે[૩૯] એવું પ્રતિપાદન કર્યું છે કે વાકાટક રાજાઓએ ૭-૮ મી સદીમાં રાજ્ય કર્યું હતું. ડૉ. કીલહૉર્ન[૪૦] અને ડૉ. વી. એસ. સુકથનકરે[૪૧] પણ આ મતનો સ્વીકાર કર્યો છે; પરંતુ પ્રસ્તુત તામ્રલેખમાં પ્રભાવતી ગુપ્તા એ ગુપ્તવંશના સમ્રાટ મહારાજાધિરાજ ચંદ્રગુપ્ત બીજાની પુત્રી હતી એવા સ્પષ્ટ ઉલ્લેખ પરથી એટલું નિર્વિવાદપણે સિદ્ધ થાય છે કે પ્રભાવતી ગુપ્તા ઈ. સ. ચોથી સદીના અંત ભાગમાં થઈ ગઈ, તેમ જ ચંદ્રગુપ્ત બીજાના સાંચી શૈલલેખના વિવરણ પરથી સ્પષ્ટ થાય છે કે દેવગુપ્ત એ ચંદ્રગુપ્ત બીજાનું ઉપનામ હતું.[૪૨] સાંચી લેખના વિવરણ સાથે ડૉ. જેમ્સ પ્રિન્સેપ,[૪૩] ડૉ. વી. એ. સ્મિથ[૪૪] અને અન્ય વિદ્વાનો[૪૫] સંમત થાય છે. આમ આ તામ્રપત્ર વાકાટકોના ઇતિહાસમાં કાળગણનાના ક્ષેત્રે સૌ પ્રથમ સીમાચિહ્ન બની રહે છે, અને વાકાટકોનો કાળક્રમ નક્કી થતાં તેમના ઇતિહાસ વિષે આપણું જ્ઞાન

---

૩૭ દા.ત., ચમ્મક, સિવની, અને દુદિયા તામ્રપત્રો.

૩૮ CII, vol. 3, p. 215.

૩૯ એજન, પ્રસ્તાવના, પૃ. ૧૫.

૪૦ EI, vol. 3, p. 260.

૪૧ એજન, vol. 17, p. 13 અને Sukthanker Memorial Volume, 2. [Ed. P. K. Gode], 1945, p. 242.

૪૨ લેખની પંક્તિ ૭; CII, vol. 3, p. 32,

૪૩ ડૉ. એસ. કે. આયંગર : QJMS, vol. 15, p. 158માંથી ઉધ્ધૃત.

૪૪ JRASL, 1914, p. 325.

૪૫ (૧) ડૉ. ડી. આર. ભાંડારકર : IA, vol. 42, p. 160.
(૨) ડૉ. એસ. કે આયંગર : ABORI, vol. 5, pp. 42–43 અને QJMS, vol. 15, pp. 157–58.
(૩) ડૉ. કે. પી. જયસ્વાલ : JBORS, vol. 18, p. 38.
(૪) શ્રી એમ. જી. પાઈ : JIH, vol. 14, p. 2.
(૫) શ્રી એચ. એન. રૅન્ડલે : NIA, vol. 2, p. 178 અને ROSS vol., p. 257.
(૬) ડૉ ડી. સી. સરકાર : The Classical Age, 1954, p. 178.

ઉત્તરોત્તર વધતું રહ્યું છે. આ તામ્રપત્રના આધારે ડૉ. આર. સી. મજુમદાર[૪૬] શ્રી. એમ. જી. પાર્ઈ[૪૭], ડૉ. વી. વી. મિરાશી[૪૮] વગેરે વિદ્વાન લેખકોએ વાકાટકોનો કાળક્રમ નિર્ધારિત કર્યો છે, પરંતુ તાજેતરમાં મહારાષ્ટ્રના અકોલા જિલ્લામાં આવેલ બાશીમ [ પ્રાચીન વત્સગુલ્મ ]ની દક્ષિણે ૯⅜ કિલોમિટરના અંતરે આવેલ હિસે-બોરાલા [ Hisse-Borālā ] ગામમાંથી વાકાટકોની વત્સગુલ્મ શાખાના[૪૯] રાજા દેવસેનનો શૈલલેખ[૫૦] [ જે હિસે-બોરાલા શૈલલેખ તરીકે ઓળખાય છે ] પ્રાપ્ત થયો છે. પરિણામે પ્રભાવતી ગુપ્તાના તામ્રપત્રના આધારે સૌ પ્રથમ તૈયાર કરેલા વાકાટકોના કાળક્રમને અધિક પૃષ્ટિ મળે છે, કારણ કે આજ સુધીમાં પ્રાપ્ત થયેલા વાકાટકોના કુલ ૨૮ અભિલેખોમાં[૫૧] માત્ર હિસે-બોરાલા શૈલલેખ જ વાકાટક રાજા દેવસેનના શાસનકાળના ચોક્કસ વર્ષ [ શક વર્ષ ૩૮૦=ઈ.સ. ૪૫૮-૫૯ ] નો ઉલ્લેખ કરે છે. આ દૃષ્ટિએ વાકાટક કાલગણના ક્ષેત્રે આ શૈલલેખ 'The Sheet-anchor of the Vākāṭaka Chronology' બની રહે છે.[૫૨]

## [ ૨ ] ગુપ્તા-વાકાટક વચ્ચેના પરસ્પર સંબંધોની પ્રથમ જાણકારી :

પ્રસ્તુત તામ્રલેખના વિવરણ પરથી સ્પષ્ટ થાય છે કે વાકાટક રાજા રુદ્રસેન બીજાની પટરાણી અને યુવરાજ દિવાકરસેનની રાજમાતા પ્રભાવતી ગુપ્તા ગુપ્ત સમ્રાટ ચંદ્રગુપ્ત બીજાની પુત્રી હતી. આ હકીકત પરથી ગુપ્ત-વાકાટકવંશ વચ્ચેનો પરસ્પર સંબંધ સૌ પ્રથમ જાણી શકાયો છે,[૫૩] એટલે તો શ્રી એ. વી. વેંકટરામ અય્યરે[૫૪] પૂના તામ્રપત્રને 'The Sheet-anchor of the Gupta-Vākāṭaka Synchronism' તરીકે ઓળખાવ્યું છે.

## [ ૩ ] શાસનતંત્રમાં રાજમાતાનો હિસ્સો :

પ્રાચીન ભારતના ઇતિહાસમાં સગીર વયના વાલી તરીકે રાજમાતાએ સત્તાનાં સૂત્ર

---

46 JRASBL vol. 12, pp. 1–5, 71–73 અને vol. 13, pp. 75–78.

47 JIH, vol. 14, pp. 165–204.

48 PIHC, 10th Session, pp. 84–90 અને IHQ, vol. 24, pp. 148–55

૪૯ વાકાટકોની વત્સગુલ્મ શાખા વિષે જુઓ, PIHC, 4th session, pp. 79–86.

૫૦ જશુ બી. પટેલ : 'વાકાટક રાજા દેવસેનનો હિસે-બોરાલા અભિલેખ' Vidya, vol. xv–2, August 1972. [ A–Humanities ], pp. 69.–80.

૫૧ વાકાટકોના ૨૮ અભિલેખોની યાદી માટે જુઓ : એજન, vol. 13-2, August, 1970, pp. 47–48.

૫૨ (અ) ડૉ. વી. બી. કોલતે : Dr. V. V. Mirashi Felicitation Volume, 1965, pp. 372–387.

(બ) ડૉ. શોભના એલ. ગોખલે : EI, vol. 37, p. 2.

(ક) ડૉ. અજયમિત્ર શાસ્ત્રી : Journal of Ganganath Jha Research Institute, vol. 26, pp. 617–18.

(ડ) ડૉ. નિસાર એહમદ : Dr. H. D. Sankalia Feli. vol., 1970, p. 158.

૫૩ ડૉ. એસ. કે. આયંગર : QJMS, Vol. 15, pp. 153-164.

૫૪ એજન, p. 308 અને Journal of Oriental Rescrch, 1927, p. 89,

સંભાળ્યા હતાં એવાં કેટલાંક ઉદાહરણો મળી આવે છે.[૫૫] પ્રસ્તુત તામ્રપત્ર આનું સુંદર ઉદાહરણ પૂરું પાડે છે. રાજમાતા પ્રભાવતી ગુપ્તાએ યુવરાજ દિવાકરસનના વાલી તરીકે ૧૩ વર્ષ સુધી રાજ્યનો કારભાર સંભાળ્યો હતો.

## [૪] ધર્મજીવન પર પ્રકાશ :

તામ્રલેખમાં રાજમાતા પ્રભાવતી ગુપ્તાએ એકાદશીનો ઉપવાસ કરીને બારશે [ કારતક સુદ બારશે ] પારણાં કર્યા બાદ બ્રાહ્મણોને દંગુણ [ વર્તમાન હિંગણઘાટ ] ગામ દાનમાં આપ્યાનો ઉલ્લેખ છે. આ હકીકત તે સમયના સમાજમાં એકાદશી વ્રતનો મહિમા સૂચવે છે અને તેમાંય ખાસ કરીને કારતક સુદ એકાદશી [ પ્રબોધિની એકાદશી ] તો ખૂબ પાવનકારી માનવામાં આવતી હતી.[૫૬] તેમ જ સમાજમાં બ્રાહ્મણો વિશિષ્ટ પ્રકારનો દરજ્જો ભોગવતા હતા, અને તેમને દાનમાં અપાયેલ ગામ કે ભૂમિ વિવિધ પ્રકારના કરવેરામાંથી મુક્ત રાખવામાં આવતી અને તેનું ઉલ્લંઘન કરનારને રાજ્ય યોગ્ય શિક્ષા કરતું.

---

૫૫ દા.ત., (૧) સાતવાહન રાજવી શાતકર્ણી ૧લાના મૃત્યુ પછી તેની રાણી નાગ-અનિકા-(નાગનિકા)એ કુમાર સ્કન્દશ્રી અને શક્તિશ્રીની સગીર અવસ્થામાં રાજમાતા તરીકે શાસન કરેલું. [ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી, પ્રાચીન ભારત, ખંડ, ૧, ૧૯૬૯, પૃ. ૧૭૭].

(૨) કાશ્મીરના રાજા ક્ષેમગુપ્ત( ઈ. સ. ૯૫૦-૫૮ )ના મૃત્યુ પછી તેની રાણી દીદ્દા( ૯૫૮-૭૨ )એ કુમાર અભિમન્યુની સગીર અવસ્થામાં વાલી તરીકે સત્તાનાં સૂત્ર સંભાળ્યાં હતાં. ( Kalhan's Rājataraṅgiṇī [ Trans. by M. A. Stein ) Vol. 1, 1961, 6th book. Verse 188, p. 251 ].

૫૬ પ્રસ્તુત તામ્રશાસન સહિત નીચે દર્શાવેલાં વાકાટકોનાં કુલ આઠ તામ્રશાસનો એકાદશીવ્રતની ઉજવણી કરીને પારણાના પ્રસંગે બ્રાહ્મણોને દાનમાં આપવામાં આવ્યાં હતાં :

| એકાદશીનું નામ | તામ્રપત્ર | પંક્તિ | સંદર્ભ |
|---|---|---|---|
| (૧) કારતક સુદ ૧૧ (પ્રબોધિની એકાદશી) : | અ. પ્રભાવતી ગુપ્તાનું પૂના તામ્રપત્ર | ૧૪ | EI, 15-42. |
| | બ. પ્રભાવતી ગુપ્તાનું ઋદ્ધપુર તામ્રપત્ર | ૩૦-૩૧ | JPASB(NS), 20-60 |
| | ક. પ્રવરસેન બીજાનું બેલોરા તામ્રપત્ર ( B set ) | ૨૯ | EI, 24-267. |
| (૨) મહા વદ ૧૧ (વિજયા એકાદશી) : | પ્રવરસેન બીજાનું તિરાડી તામ્રપત્ર | ૩૧ | Ibid; 22-167 |
| (૩) ફાગણ સુદ ૧૧ (આમલકી એકાદશી) : | પ્રવરસેન બીજાનું સિવની તામ્રપત્ર | ૧૭-૧૮ | JASB, 5-728 |
| (૪) જેઠ સુદ ૧૧ (નિર્જલા એકાદશી) : | પ્રવરસેન બીજાનું ચમ્મક તામ્રપત્ર | ૭મી પ્લેટ-૪ | IA, 12-345 |
| (૫) ભાદરવા વદ ૧૧ (ઇંદિરા એકાદશી) : | ભરતબલનું બહ્મની તામ્રપત્ર | ૪૭ | EI, 27-143 |
| (૬) આસો સુદ ૧૧ (પાશાકુશી એકાદશી) : | પ્રવરસેન બીજાનું જામ્બ તામ્રપત્ર | ૩૫ | CII, 5-13 |

# ચૌલુક્ય ગુર્જરેશ્વરોના મહામાત્યો

નવીનચંદ્ર આચાર્ય

ચૌલુક્ય કાલમાં મહામાત્યનું સ્થાન રાજાથી સહેજ ઊતરતું મનાતું. તે રાજ્યનો વરિષ્ઠ અધિકારી મનાતો. રાજા રાજકારભારમાં દેખરેખ રાખવા માટે તેમ જ અન્ય અધિકારી વર્ગ ઉપર અંકુશ રાખવા માટે અમાત્યની નિમણૂક કરતો. રાજ્યના પ્રત્યેક કાર્યમાં તેના અભિપ્રાયને મહત્ત્વ અપાતું. તે રાજાનો હિતચિંતક તેમ જ માર્ગદર્શક મનાતો. મહામાત્ય પાસે રાજ્યની મહામુદ્રા રહેતી. એટલા માટે તેને અભિલેખોમાં—'श्रीकरणादिसमस्तमुद्राव्यापारान् परिपंथयती' કહેવામાં આવે છે.[1] આ ઉપરથી એમ જણાય છે કે, અમાત્ય પોતાના ખાતાનો વડો કહેવાતો હશે, જ્યારે મહામાત્ય રાજ્યના સર્વે ખાતાનો વડો કહેવાતો હશે.

અભિલેખોમાંથી તેમ જ સમકાલીન ગ્રંથોમાંથી ચૌલુક્ય રાજવીઓના સમયમાં થઈ ગયેલા મહામાત્યો વિશેની કેટલીક રસપ્રદ વીગતો જાણવા મળે છે.

## મૂલરાજ

મૂલરાજનું મંત્રીમંડળ વિશાળ હતું. જમ્બક નામે મહામાત્ય હતો.[2] માધવ નામે બીજા મહામાત્યનું નામ અભિલેખમાંથી મળે છે. તે મૂલરાજનો મિત્ર હતો. નગરના દૈવજ્ઞ (જોશી)

---

૧ ચૌલુક્યકાલીન ઉપલબ્ધ અભિલેખોમાં ચૌલુક્ય ગુર્જરેશ્વરોના મહામાત્યોનાં નામ મળે છે, ત્યાં તેમને શ્રી કરણાદિ સમસ્ત વ્યાપારો કરતા જણાવ્યા છે. તેનો અર્થ તેઓ નાણાંનો વેપાર કે નાણાવટીનો ધંધો કરતા હતા એવો કરવો અસંગત છે. પરંતુ મહારાજા તરફથી મળેલી મંત્રી-મુદ્રા (અધિકારાજ્ઞા) દ્વારા રાજ્ય-કારભાર કરતા હતા એવી રીતે કરવો સુસંગત જણાય છે. જુઓ પંડિત લાલચંદ્ર ભગવાનદાસ ગાંધી, "મુદ્રાવ્યાપારનો સુસંગત અર્થ," ઐતિહાસિક લેખસંગ્રહ, પૃ. ૨૯૭.

આ ઉપરાંત શ્રી ડી. સી. સરકાર આ વાક્યનો અર્થ નીચે પ્રમાણે ઘટાવે છે:

શ્રી "श्रीकरणादिसमस्तमुद्राव्यापारान् परिपंथयति"નો અર્થ, શાસનોના આરંભે 'શ્રી શ્રી' કરવા વગેરેની મુદ્રાનો સમસ્ત વ્યાપાર ચલાવતો અર્થાત્ શાસનો લખાવતો. રાજાના મુખ્ય રાજ્યવહીવટ-કર્તાઓ અને એના પ્રાંતિક સૂબાનો ઉલ્લેખ કરવા માટે પ્રારંભિક મધ્યકાલીન શાસનોની આ સામાન્ય શૈલી હતી.

—ડી. સી. સરકાર, 'અર્જુનદેવના સમયનો વેરાવળનો લેખ,' એ. ઈ., વૉ. ૩૪, પૃ. ૧૪૨.

'લેખપદ્ધતિ' અનુસાર આ વાક્યોનો અર્થ સ્પષ્ટ થાય છે. રાજ્યતંત્રમાં શ્રીકરણાદિ જે જુદાં જુદાં અધિકરણો હતાં તે સર્વની સામાન્ય દેખરેખ રાખવાની સત્તા અને જવાબદારી મહામાત્યોની રહેતી અને એ રીતે આ વાક્યનો અર્થ "મહામાત્ય" તરીકેનો અધિકાર ધરાવતો હતો, એવો વ્યાવહારિક અર્થ હોવાનું સ્પષ્ટ થાય છે.

૨ શ્રી. પરીખ. ર. છો., કાવ્યાનુશાસન, પ્રસ્તાવના, પૃ. ૧૨૪.

ઊયાભટના ત્રણ પૂત્રો માધવ, લલ્લ, અને ભાભને મૂલરાજે વાપીકૂપાદિ પૂર્ત કાર્યોને લગતા અધિકારો સોંપ્યા હતા. સંભવ છે કે મૂલરાજના પાછલા સમયમાં માધવ મહામાત્ય બન્યો હોય. આ માધવને મૂલરાજના પુત્ર ચામુંડે કન્હેશ્વર નામે ગામ દાનમાં આપ્યું હતું.[3]

## ચામુંડરાજ-વલ્લભરાજ-દુર્લભરાજ

આ રાજવીઓના સમયના મહામાત્યોનાં નામ જાણવા મળતાં નથી. સંભવ છે કે મૂલરાજના સમયનો માધવ ચામુંડના મહામાત્ય તરીકે ચાલુ રહ્યો હોય.

## ભીમદેવ ૧લો

ભીમદેવ ૧લાના મંત્રીમંડળમાં વિમલ અને ડામર ખાસ નોંધપાત્ર છે, પણ આ બેમાં કોઈ મહામાત્ય હશે કે કેમ તે જાણવા મળતું નથી. સમય જતાં વિમલ આબુનો દંડનાયક નિમાયો હતો. એણે વિ. સં ૧૦૮૮માં આબૂ ઉપર આદિનાથનું જૈન મંદિર બંધાવ્યું જે વિમલ વસતિ તરીકે ઓળખાય છે. ડામર( દામોદર ) માળવાનો સાંધિવિગ્રહિક હતો.[4]

## કર્ણદેવ ૧લો

કર્ણદેવના સમયમાં મહામાત્ય તરીકે મુંજાલ અને સંપતકરનાં નામ મળે છે.[5] મુંજાલે સં ૧૧૪૬ પહેલાં કર્ણનું મહામાત્યપદ પ્રાપ્ત કર્યું હતું એમ એક જૈન ગ્રંથની પુષ્પિકા ઉપરથી જાણવા મળે છે.[6] કાશ્મીરી કવિ બિલ્હણે પોતાની 'કર્ણસુંદરી' નાટિકામાં મહામાત્ય સંપતકરનો ઉલ્લેખ કરેલ છે.

મુંજાલે કર્ણદેવના રાજ્યને વ્યવસ્થિત કરવામાં નોંધપાત્ર ફાળો આપ્યો હતો. કર્ણાટકના રાજા જયકેશીની કુંવરી મયણલ્લા( મીનળદેવી )ને ગુજરાતમાં લાવવામાં અને કર્ણદેવની માનીતી રાણી બનાવવામાં મહામાત્ય મુંજાલે મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.[7] આ ઉપરાંત મુંજાલે સિદ્ધરાજને ધારાગઢ તોડવામાં અને માળવાના યશોવર્માને હરાવવામાં ઘણું માર્ગદર્શન આપ્યું હતું.[8] એ પછી જ્યારે એણે જાણ્યું કે સિદ્ધરાજ જયસિંહે માળવાના હારેલા રાજવી યશોવર્માને હાથમાં ઉઘાડી છરી આપીને અને પોતે તેની આગળ હાથી ઉપર બેસીને નગરમાં પ્રવેશ કરવાની પ્રતિજ્ઞા લીધી છે ત્યારે તેમાં રહેલા ભયસ્થાનને પિછાણી તેણે તેમ ન કરવા રાજાને વિનંતિ કરી, પણ રાજાએ તે ન માનતાં તેણે કુનેહથી યશોવર્માના હાથમાં ધોળા રંગની રાખ ચોપડેલી લાકડાની છરી પકડાવી દીધી. આમ તેણે બુદ્ધિપૂર્વક રાજાની પ્રતિજ્ઞા અને જાન બંને સાચવ્યાં.[9]

---

૩ આચાર્ય ગિરજાશંકર વલ્લભજી, ગુજરાતના ઐતિહાસિક લેખો, [ હવે પછી ટૂંકું રૂપ 'ગુ. ઐ. લે.' ]ભા. ૨, લેખ. ૧૬૩.

૪ શાસ્ત્રી હરિપ્રસાદ. ગં., ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ, પૃ. ૧૮૯.; શાસ્ત્રી દુર્ગાશંકર કે., ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ, પૃ. ૨૧૦-૨૨૦,

૫ કાવ્યાનુશાસન [ હવે પછી ટૂંકું રૂપ કા. શા. ] પ્રસ્તાવના, પૃ. ૧૯૨.

૬ ગુ. મ. રા. ઇ , પૃ. ૨૪૮.

૭ मेरुतुंगाचार्य, प्रबंधचिंतामणि. [ ટૂંકુ રૂપ प्र. चि. ] ( સંપાદક : દુ. કે. શાસ્ત્રી ), પૃ. ૮૮; એજન, પૃ. ૯૭.;

૮ Majumdar. A. K., 'Chaulukyas of Gujarat, p. 73. ૯ प्र. चि., पृ ९७.

## સિદ્ધરાજ જયસિંહ

સામાન્ય રીતે રાજ્યમાં એક જ મહામાત્ય હોવાનો સંભવ મનાય. એથી મુંજાલ પછી જ સંપત્કર મહામાત્ય થયો હશે. પ્રબન્ધચિન્તામણિમાં સિદ્ધરાજના રાજ્યકાલના આરંભમાં સંપત્કર-(સાન્તૂ)ને મહામાત્ય કહ્યો છે.[૧૦]

આ કર્ણના સમયનો મહામાત્ય સંપત્કર સિદ્ધરાજ જયસિંહના સમયમાં પણ ચાલુ રહ્યો જણાય છે. તે વડોદરાનો વતની હોવાનો સંભવ છે. તેના પિતાનુ નામ 'વારંગ' અને માતાનું નામ શંપુરી (Sampuri) હતું. શરૂઆતમાં તે લાટનો દંડનાયક હતો. તે એક વિચક્ષણ રાજનીતિજ્ઞ હતો.[૧૧]

સંપત્કરે સિદ્ધરાજ જયસિંહને કુશળ રાજવી બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. સિદ્ધરાજની બાલ્યાવસ્થાનો લાભ લઈ દેવપ્રસાદે જ્યારે સિદ્ધરાજનું રાજ્ય છીનવી લેવાનો પ્રયત્ન કર્યો ત્યારે આ સાન્તૂ મહેતાએ કુનેહથી સિદ્ધરાજ જયસિંહનું રાજ્ય ટકાવી રાખ્યું, દેવપ્રસાદને મારી નંખાવી, ત્રિભુવનપાલને કેદ કર્યો.[૧૨] આ જ સાન્તૂ મહેતાની સલાહથી રાજવૈદ્ય લીલાને હેરાન કરનાર મદનપાલને સિદ્ધરાજ જયસિંહે હણ્યો હતો.[૧૩]

તે પોતે બહુજ બુદ્ધિશાળી હતો. એક વખત જયસિંહ જ્યારે યાત્રામાં હતો ત્યારે તેની ગેરહાજરીનો લાભ લઈ માળવાનો યશોવર્મા પાટણ ઉપર ચઢી આવ્યો. સમય પારખીને સાન્તૂ મહેતાએ યશોવર્મા સાથે સંધિની વાટાઘાટો શરૂ કરી. યશોવર્માએ જણાવ્યું કે, 'જો તમે તમારા રાજાની યાત્રાનું પુણ્ય મને આપો તો હું પાછો જાઉં.' સાન્તૂએ તરત જ હાથમાં જળ લઈ 'આ અમારા રાજાની યાત્રાનું પુણ્ય તમને આપ્યું' એમ કહ્યું. યશોવર્મા ખુશ થયો. માળવા પાછા ફર્યો. આમ સાન્તૂએ માળવાના રાજવીને મૂર્ખ બનાવી ગુજરાતની પ્રજાને બચાવી લીધી. પણ આ વાત જ્યારે સિદ્ધરાજે જાણી ત્યારે તે ઘણો ગુસ્સે થયો. તેને આ પ્રકારની શરણાગતિ ન ગમી. આ જોઈ સાન્તૂએ રાજાને કહ્યું કે "જો મારા આપવાથી તમારું પુણ્ય ચાલ્યું જતું હોય તો લો આ માળવાના રાજાનું સઘળું પુણ્ય તમને આપ્યું; (અર્થાત્ તેના કહેવાની મતલબ એ હતી કે આવી રીતે કોઈ કોઈનું પુણ્ય આપી શકતું નથી); પણ રાજાના મનમાં આ વાત ઊતરી નહિ.[૧૪] એણે ભીલોને હરાવવામાં પણ સિદ્ધરાજને સારી એવી મદદ કરી હતી.

આ ઉપરાંત સિદ્ધરાજ જયસિંહના અન્ય મહામાત્યો આશુક, અંબપ્રસાદ, દાદક, વાગ્ભટ વગેરેના ઉલ્લેખો મળે છે.

વિ. સં. ૧૧૭૯ (ઈ.સ ૧૧૨૩)માં આશુક નામે મહામાત્ય હતો એમ એક હસ્તલિખિત પ્રતની પુષ્પિકા ઉપરથી જણાય છે.[૧૬] આ મહામાત્યની પ્રેરણાથી સિદ્ધરાજે શત્રુંજયની યાત્રા કરી હતી.[૧૭]

---

૧૦ એજન, પૃ. ૯૧. ૧૧ કા. શા., પ્રસ્તાવના, પૃ. ૧૯૨

૧૨ Chaulukyas of Gujarat,. p. 68. ૧૩ प्र. चि. पृ. ८९-९०. ૧૪ प्र. चि., पृ.९४.

૧૫ એજન; પૃ. ૧૨૧.

૧૬ દેસાઈ મોહનલાલ દલીચંદ; જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ. પૃ. ૨૪૭; મુનશી ક. મા., ચક્રવર્તી ગુર્જરો., પૃ. ૨૬૨.

૧૭ ગુ. મ. રા. ઇ., પૃ ૩૦૮. [હવે પછી 'ગુ. મ. રા. ઇ.' ટૂંકું રૂપ વપરાશે]

વિ. સં. ૧૧૯૩ (ઈ. સ. ૧૧૩૭)માં અંબપ્રસાદ સત્તા પર હતો. તેના સબંધીઓએ ગણેશ અને ભટ્ટારિકા દેવીનું મંદિર બંધાવ્યું હતું.[૧૮]

વિ. સં. ૧૧૯૫(ઈ.સ. ૧૧૩૯)ના સિદ્ધરાજ જયસિંહના લેખમાં મહામાત્ય શ્રી 'દાદક'નું નામ મળે છે. આ દાદકના પુત્ર મહાદેવને અવંતી મંડલનો દંડનાયક બનાવવામાં આવ્યો હતો.[૧૯]

**કુમારપાલ**

કુમારપાલના સમયમાં આનંદ, વાગ્ભટ, મહાદેવ, યશોધવલ, કુમરસિંહ, વાધૂય વગેરે મહામાત્યો થઈ ગયા.

આનંદ ભીમદેવના સમયના વિમલમંત્રીના ભાઈ નેઢના પુત્ર ધવલનો પુત્ર હતો.[૨૦] વાગ્ભટ એ કુમારપાલને તેની મુશ્કેલીમાં મદદ કરનાર ઉદયનનો પુત્ર હતો. એણે પિતાની ઇચ્છાને માન આપીને શત્રુંજય ઉપર આદિનાથના લાકડાના મંદિરનો જીર્ણોદ્ધાર કરી પથ્થરનું બનાવ્યું ને તેના પર વિ.સં. ૧૨૧૧માં ધજા ચઢાવી. આ ઉપરાંત એણે શત્રુંજયની તળેટીમાં વાગ્ભટપુર ગામ વસાવ્યું; શહેરમાં ત્રિભુવનપાલવિહાર બંધાવ્યો.[૨૧]

મહાદેવ સિદ્ધરાજનો સેનાપતિ હતો.[૨૨] અવંતીમંડલનો દંડનાયક હતો. તેનો મહામાત્ય તરીકેનો ઉલ્લેખ કુમારપાલના બાલીમાંથી મળેલા વિ. સં. ૧૨૧૬(ઈ.સ. ૧૧૬૦)ના લેખમાંથી મળે છે.[૨૩]

વિ. સં. ૧૨૧૯ (ઈ.સ. ૧૧૬૩)ના ગ્વાલિયર રાજ્યના ઉદેપુર ગામના મંદિરમાંથી મળેલા કુમારપાલના લેખમાં મહામાત્ય યશોધવલનો ઉલ્લેખ છે.[૨૪] વિ. સં. ૧૨૨૫ (ઈ. સ. ૧૧૬૯)ના જૂનાગઢમાંના ભૂતનાથ મંદિરમાંથી મળેલા કુમારપાલના લેખમાં અમાત્ય ધવલનો ઉલ્લેખ છે. જો આ ધવલને યશોધવલ માનીએ તો એની પત્નીએ બે મંદિર બંધાવ્યાં હતાં[૨૫]

વિ. સં. ૧૨૨૫ (ઈ. સ. ૧૧૬૯)માં કુમારસિંહ મહામાત્યપદે હતો એમ એક જૈન ગ્રંથની પ્રશસ્તિમાંથી જાણવા મળે છે.[૨૬]

વિ. સં ૧૨૨૭(ઈ. સ ૧૧૭૭)માં શ્રી વાધૂય શ્રી કરણાદિસમસ્ત મુદ્રાવ્યાપાર કરતા હતા એમ કહેલ છે.[૨૭]

**અજયપાલ**

અજયપાલના વિ. સં. ૧૨૩૧ (ઈ. સ. ૧૧૭૫)ના લેખમાંથી મહામાત્ય સોમેશ્વરનું નામ મળે છે. તે રાજમુદ્રાને લગતાં સર્વ કાર્ય કરતો તથા બીજાં ખાતાં ઉપર દેખરેખ રાખતો.[૨૮]

---

૧૮ ગુ. ઐ. લે., ભા. ૨, લેખ ૧૪૪.

૧૯ Indian Antiquary. vol. 42, p. 248. ગુ. ઐ. લે.; ભા. ૩, લેખ ૧૪૪ અ.

૨૦ ગુ. મ. રા. ઇ., પૃ. ૩૧૦. ૨૧ પ્ર. ચિ., પૃ. ૧૨૭, ૧૪૧-૧૪૨. ૨૨ ચ. ગુ., પૃ. ૨૬૨.

૨૩ પુરાતત્ત્વ., પુ. ૪, અં. ૧-૨.; ગુ. મ. રા.ઇ., પૃ. ૩૭૬.

૨૪ Indian Antiquary. vol. XVIII, p. 341-43.; ચક્રવર્તી ગુર્જરો, પૃ. ૩૦૦.

૨૫ ગુ. ઐ. લે., ભા. ૨. લે. ૧૫૪. ૨૬ જૈ. ભા. ગ્રં. સૂચિ પૃ. ૧૧.; ગુ. મ. રા. ઇ., પૃ. ૩૭૬

૨૭ ગુ. ગ. રા. ઈ. પૃ. ૩૭૬.; જૈ. ભાં ગ્રં. સૂચ, પૃ. ૧૭-૩૯.

૨૮ ગુ. ઐ. લે., ભા. ૨, લેખ ૧૫૭.

## મૂલરાજ ૨જો

મૂલરાજ ૨જાનો રાજ્યકાલ બહુ ટૂંકો હોવાથી તેના સમયના મહામાત્યને લગતી કોઈ માહિતી ઉપલબ્ધ નથી.

## ભીમદેવ ૨જો

વિ. સં. ૧૨૬૪ ( ઈ. સ. ૧૨૦૮ )ના ટિમાણામાંથી મળેલા મેહર જગમલ્લના દાનપત્રમાં ભીમદેવ ૨જાના મહામાત્ય રાણક શ્રી ચાચિગદેવનો ઉલ્લેખ છે. અહીં તેને શ્રી કરણાદિ સમસ્ત મુદ્રા વ્યાપાર ચલાવતો કહેલ છે.[૨૯] એથી તે રાજ્યનાં સર્વ ખાતાંઓ ઉપર અધિકાર ચલાવતો હશે એમ સ્પષ્ટ થાય છે.

વિ. સં. ૧૨૬૫( ઈ. સ. ૧૨૦૯ )ના ભીમદેવના ઘંટેલાણાના દાનપત્રમાંથી મહામાત્ય રત્નપાલનો ઉલ્લેખ મળે છે.[૩૦]

આ બંને મહામાત્યો વિશે અન્ય કોઈ માહિતી ઉપલબ્ધ નથી. આ ઉપરાંત વિ. સં. ૧૨૯૬( ઈ. સ. ૧૨૪૦ )માં અંબડ નામે મહામાત્ય હતો એવો ઉલ્લેખ એક ગ્રંથની પ્રશસ્તિમાંથી મળે છે, જ્યારે બીજા એક ગ્રંથની પ્રશસ્તિમાંથી મહામાત્ય દંડકનું નામ મળે છે.[૩૧] વિશેષ કોઈ માહિતી મળતી નથી.

## ત્રિભુવનપાલ

ત્રિભુવનપાલનું વિ. સં. ૧૨૯૯( ઈ. સ. ૧૨૪૩ )નું દાનપત્ર મળેલ છે, પણ તેમાં કોઈ મહામાત્યનો ઉલ્લેખ નથી.

આ સમયે ગુજરાતમાં પાટણના રાજવી કરતાં ધોળકાના રાણા લવણપ્રસાદ અને વીરધવલનું વર્ચસ્વ વિશેષ પ્રમાણમાં હતું. તેમના મહામાત્ય વસ્તુપાલની કીર્તિ ગુજરાતમાં ચારે બાજુ ફેલાઈ હતી. મહામાત્ય વસ્તુપાલ તથા તેજપાલે ગુજરાતના સંરક્ષણ તથા અભ્યુદયમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. તેઓએ ભૃગુપુર ( ભરૂચ ), સ્તંભનક ( થામણા ), સ્તંભતીર્થ ( ખંભાત ), દર્ભાવતી ( ડભોઈ ), ધવલકક ( ધોળકા ), ગિરનાર, આબૂ વગેરે સ્થળોએ અનેક મંદિરો બંધાવ્યાં તથા ઘણાં મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવેલ. આ ઉપરાંત તળાવ, વાવ, કૂવા વગેરે બંધાવી અનેક મૂર્ત કાર્યો કર્યાં છે.

આ બંને ભાઈઓ કલારસિક, દાનવીર સાથે સાહિત્યરસિક પણ હતા. વસ્તુપાલે રાજદરબારમાં અનેક કવિઓને રાજ્યાશ્રય આપી ઉત્તમ સાહિત્યનું સર્જન કરાવ્યું હતું. તે પોતે પણ એક વિદ્વાન કવિ હતો. તેણે 'નરનારાયણાનંદ' નામે એક મહાકાવ્ય રચ્યું છે. 'કીર્તિકૌમુદી' નામે મહાકાવ્યનો રચનાર કવિ સોમેશ્વર વસ્તુપાલનો પરમ મિત્ર હતો અને રાજપુરોહિત હતો.

વસ્તુપાલના ભાઈ તેજપાલે પણ અનુપમાદેવીની પ્રેરણાથી આબૂ ઉપર લૂણિગ વસહિ નામે આરસનું ભવ્ય જૈન મંદિર બંધાવ્યું. આ મંદિરને જોવા આજે પણ દૂરદૂરથી લોકો આવે છે. આ બંને ભાઈઓએ પોતાનાં સુંદર કાર્યોથી ગુજરાતને ગૌરવવંતું બનાવ્યું.

---

૨૯ એજન, ભા. ૩, લેખ ૨૪૩.   ૩૦ ચક્રવર્તી ગુર્જરો, પૃ. ૩૨૨.

### વીસલદેવ

વીસલદેવના સમયમાં વસ્તુપાલ, તેજપાલ ઉપરાંત સલખણસિંહ[32] અને નાગડનાં[33] નામ મહામાત્ય તરીકે મળે છે. આ નાગડે વીસલદેવને ગાદી મેળવવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.[34] વીસલદેવ ધોળકાના રાણામાંથી પાટણનો મહારાજાધિરાજ થયો ત્યારે શરૂઆતમાં તેજપાળ મહામાત્યપદે હતો. તેના મૃત્યુ બાદ મહામાત્ય તરીકે નાગડ આવ્યો હશે. અભિલેખોમાં નાગડને શ્રી કરણાદિ સમસ્ત...કહ્યો છે.[35]

સલખણસિંહના નામની આગળ ફક્ત મહામાત્ય વિશેષણ લગાડેલ છે, શ્રી કરણાદિ...... વગેરે શબ્દો જોવા મળતા નથી.[36] આ ઉપરથી જણાય છે કે કદાચ તેની પાસે રાજ્યની સર્વોચ્ચ સત્તા નહિ હોય.

### અર્જુનદેવ

વીસલદેવ પછી અર્જુનદેવના સમયમાં 'માલદેવ' નામે મહામાત્ય થયો.[37] આ માલદેવ અર્જુનદેવના રાજ્યકાલ દરમ્યાન મહામાત્ય તરીકે ચાલુ રહ્યો હોય એમ લાગે છે. તેના નામની આગળ શ્રી કરણાદિ......શબ્દો લગાડેલ છે. તેથી તે રાજ્યની સર્વોચ્ચ સત્તા ભોગવતો હશે એમ સ્પષ્ટ થાય છે.

### સારંગદેવ

સારંગદેવના સમયમાં શરૂઆતમાં અર્જુનદેવનો મહામાત્ય માલદેવ ચાલુ રહ્યો હોય એમ અભિલેખ પરથી જણાય છે. અહીં તે અર્જુનદેવના સમયના જેવા જ અધિકારો ભોગવતો જણાય છે.[38] આ ઉપરાંત આ રાજવીના અન્ય ઉપલબ્ધ લેખોમાંથી મહામાત્ય શ્રી 'કાન્હ'[39] મધુસૂદન,[40] વાધૂય[41] અને માધવ[42]નાં નામ મળે છે. આ સર્વ મહામાત્યો આગળના મહામાત્યો જેવી જ સત્તા ભોગવતા હતા. મહામાત્ય મધુસૂદનના નામની આગળ 'મહાસાંધિવિગ્રહિક મહામાત્ય મધુસૂદન' એમ લખેલ છે.[43] તેથી સંભવ છે કે તે મહાસાંધિવિગ્રહિક અને મહામાત્ય એમ બંને પદ ધારણ કરતો હશે.

---

૩૧ ગુ. મ. રા. ઇ., પૃ. ૪૨૧. ૩૨ ગુ. ઐ. લે., ભા. ૩, લેખ ૨૧૩. ૩૩ એજન, લેખ ૨૧૬

૩૪ पुरातन प्रबंधसंग्रह (મુનિ જીનવિજયજી-સંપાદિત), પૃ. ૬૭.

૩૫ ગુ. ઐ. લે., ભા. ૩, લેખ. ૨૧૫. ૩૬ એજન, લેખ. ૨૧૩.

૩૭ ગુ. ઐ. લે. ભા. ૩, લેખ. ૨૧૭. ૩૮ એજન, લેખ ૨૨૫ अ.

૩૯ એજન, લેખ ૨૨૦. ૪૦ એજન, લેખ, ૨૨૩.

૪૧ એજન, લેખ ૨૨૩ अ.

૪૨ पक्षे त्रयोदशतिथौ रविवासरे च श्रीमत्सारंगनृपे माधवसंज्ञे महामात्ये મુરલીધર મંદિરની પ્રશસ્તિ, બુદ્ધિપ્રકાશ, ૧૯૧૦, પૃ. ૧૧૧, શ્લો. ૬.

૪૩ ગુ. ઐ. લે., ભા. ૩, લેખ ૨૨૩.

## કર્ણદેવ રજો

વાઘેલા ચૌલુક્ય રાજવી કર્ણદેવ રજાના સમયમાં સારંગદેવનો મહામાત્ય માધવ ચાલુ રહ્યો જણાય છે.[૪૪] માધવ મંત્રી વિશેના ઉલ્લેખો સમકાલીન અને અનુકાલીન ગ્રંથોમાંથી મળે છે. કર્ણદેવ રજાના સમયમાં દિલ્હીના બાદશાહ અલાઉદ્દીન ખિલજીએ ગુજરાત પર આક્રમણ કર્યું. આ આક્રમણનું કારણ મહામાત્ય માધવ મનાયો.

## માધવ મુસ્લિમ ચઢાઈનું નિમિત્ત ખરો ? હોય તો શાથી ?

અલાઉદ્દીન ખલજીએ ગુજરાત પર ફોજ મોકલી તે અંગે મુસ્લિમ તવારીખમાં કંઈ કારણ આપેલું નથી પરંતુ ઘણા હિંદુ લેખકો એને માટે કર્ણદેવના મહામાત્ય માધવને જવાબદાર ગણાવે છે.

ચૌદમા શતકના પૂર્વાર્ધમાં રચાયેલ વિચારશ્રેણીમાં લખ્યું છે કે "यवना माधवनागर-विप्रेणानीताः[૪૫]

વિ. સં. ૧૩૮૯(ઈ.સ. ૧૩૩૨-૩૩)ના અરસામાં રચાયેલ 'વિવિધતીર્થકલ્પ'માં લખ્યું છે કે વિ. સં. ૧૩૫૬માં અલાઉદ્દીન સુલતાનના ઉલુખાન નામે નાનાભાઈએ દિલ્હીથી માધવ મંત્રીની પ્રેરણાથી ગુર્જરભૂમિ તરફ પ્રસ્થાન કર્યું.[૪૬]

સંવત ૧૩૫૬ થી ૧૫૦૦ સુધીમાં રચાયેલ મોઢ બ્રાહ્મણોના જ્ઞાતિપુરાણ ધર્મારણ્યમાં જણાવ્યું છે કે "મહારાજ કર્ણ ગાદી ઉપર હતો ત્યારે માધવ નામે એના દુષ્ટ અમાત્યે ક્ષત્રિય રાજ્યનો નાશ કર્યો અને મ્લેચ્છ રાજ્યની સ્થાપના કરી.[૪૭]

સંવત ૧૫૧૨માં રચાયેલ કાન્હડદે પ્રબંધમાં ' ઘેલા કર્ણદેવે બ્રાહ્મણ માધવને દુભવ્યો, એના ભાઈ કેશવને હણ્યો ને એની ગૃહિણીને પોતાને ઘેર રાખી. તેથી રીસાયેલા માધવે ' મુસલમાનોને અહીં લાવીશ ત્યારે જ અન્ન ખાઈશ ' એવી પ્રતિજ્ઞા કરી એમ જણાવ્યું છે.[૪૮]

સંવત ૧૫૩૩માં લખાયેલ ગુર્જર રાજવંશાવલી(ગુટકો)માં નાગર બ્રાહ્મણ માધવ મુસલમાનોને લાવ્યો એમ લખ્યું છે.[૪૯]

સત્તરમા સૈકામાં રચાયેલ મુહણોત નેણસીની ખ્યાતમાં લખ્યું છે કે, "સંવત ૧૩૪૦માં માધવ બ્રાહ્મણ હુઆ ઉસકી વાઘેલોંસે બિગડ ગઈ. વહ જાકર અલાઉદ્દીન બાદશાહ કો લાયા." ને એ સંઘર્ષ અંગે રાજાએ માધવની પુત્રી હર્યાનું કારણ જણાવ્યું છે.[૫૦]

---

૪૪ धर्मारण्य, अ. ६७, श्लो. ६८–६९,; ચક્રવર્તી ગુર્જરો પૃ. ૩૬૧.; ગુ. મ. રા. ઇ., પૃ. ૪૯૨.

૪૫ मेरुतुंग, विचारश्रेणी, पृ. ९.

૪૬ जिनप्रभसूरि, विविधतीर्थकल्प, पृ. ३०.

૪૭ धर्मारण्यमाहात्म्य, अ. ६७, श्लो ६८–६९.

૪૮ कवि पद्मनाभ, कान्हडदे प्रबंध, प्रथम खंड, दूहा १३–१४ (पृ. २).

૪૯ Chaulukyas of Gujarat, p. 193.

૫૦ ગુ. મ. રા. ઇ., પૃ. ૪૯૨, ૪૯૪. મુહણોત નેણસીએ વર્ષ ખોટું આપ્યું છે.

ભાટોની અનુશ્રુતિ પણ આવો જ વૃત્તાંત આપે છે. પરંતુ એમાં રાજાએ માધવની પત્ની હર્યાનું જણાવ્યું છે.[૫૧]

પરંતુ કેટલાક વિદ્વાનો આ માટે માધવને જવાબદાર માનતા નથી.

શ્રી નર્મદાશંકર વલ્લભજી દ્વિવેદી જણાવે છે કે આ દંતકથા માનવા યોગ્ય નથી, કારણ કે જે સમકાલીન ગ્રંથોમાં એ મળે છે તે જૈનોના લખેલા છે. અને જૈનો અને શૈવો વચ્ચે હંમેશાં વિરોધ હોવાથી બ્રાહ્મણોને ઉતારી પાડવાના હેતુથી એ લખાયેલ હોવાનો સંભવ છે.[૫૨] પણ પદ્મનાભ જૈન ન હતો નાગર હતો છતાં એણે પણ આ દંતકથા આપી છે.[૫૩]

માધવને લગતી અનુશ્રુતિને સમૂળી અશ્રદ્ધેય ગણીએ તો અલાઉદ્દીન ખલજીએ બીજા ઘણા પ્રદેશોની જેમ આ પ્રદેશ પર ધનના કે સત્તાના લોભે ચડાઈ મોકલી હશે એમ માનવું રહ્યું. પરંતુ આ ચડાઈ પછી ત્રણેક દસકામાં લખાયેલ ગ્રંથોમાં માધવ મુસ્લિમોની ચડાઈ નોતરી લાવ્યાનો ઉલ્લેખ થયો હોવાથી એ ગમે તે કારણે આ ચડાઈનું નિમિત્ત બન્યો હોવાનું લગભગ નિશ્ચિત મનાય. પરંતુ માધવ મંત્રીએ આવું શાથી કર્યું એ બાબતમાં વધુ મતભેદ રહેલો છે.

શ્રી રા. ચૂ. મોદીનો મત છે કે કર્ણનું ચારિત્ર્ય ધારવામાં આવે છે તેટલું દુષ્ટ નથી. મુરલીધર મંદિરની પ્રશસ્તિમાં 'તે વેદ અને શાસ્ત્ર અનુસાર પ્રજાનું પાલન કરતો હતો' એમ લખ્યું છે. મુસલમાન લેખકોએ કર્ણના ચારિત્ર્ય વિરુદ્ધ એક અક્ષર પણ લખ્યો નથી. તેથી પરંપરાથી ચાલી આવતી વાતો બહુ વિશ્વાસ મૂકવા જેવી હોતી નથી.[૫૪]

શ્રી ક. મા. મુનશી જણાવે છે કે રાજા કર્ણદેવ દુષ્ટ ન હતો પણ સંસ્કારી અને અમાત્યનો ઊંચો હોદ્દો ધરાવનાર બ્રાહ્મણ માધવે ગુજરાતનો દ્રોહ કર્યો છે.[૫૫]

માધવના કુટુંબ પર રાજા કર્ણે અત્યાચાર કર્યો એવી વાત પહેલ વહેલી ૧૪ મી સદીના નહિ પણ ૧૫ મી સદીના, ઘટનાના સમય પછી લગભગ દોઢસો વર્ષ બાદના સાહિત્યમાં મળે છે એ ખરું છે, પરંતુ માધવ જેવો જૂનો મંત્રી આવું વિઘાતક પગલું ભરે તો એની પાછળ એવું કોઈ ગંભીર અને અક્ષમ્ય કારણ હોવું જોઈએ. સમકાલીન અભિલેખોમાં રાજાની પ્રશસ્તિમાં એના સદાચારનો ઉલ્લેખ આવે એટલા પરથી એના દુરાચારને લગતી આ ચિર-પ્રચલિત અનુશ્રુતિને અશ્રદ્ધેય માનવી અસ્થાને છે.

ઉપલબ્ધ વિધાનો પરથી વિચારતાં જણાય છે કે રાજા કર્ણદેવે માધવના કુટુંબ ઉપર અત્યાચાર કર્યો હશે. રાજા પ્રજાનો પાલક થઈ આવું કૃત્ય કરે, પોતે રક્ષક થઈ ભક્ષક બને ત્યારે તેનો ભોગ બનનારમાં વૈરવૃત્તિ જાગે એ સ્વાભાવિક છે અને એ સમયે બીજો રસ્તો નહિ હોય તેથી

---

૫૧ ફાર્બસ, રાસમાળા (ગુજ.અનુ.), પૃ. ૩૮.

૫૨ દ્વિવેદી. ન. વ., 'ગુજરાતનો બુઝાતો દીપક,' પ્રવેશક, પૃ. ૧૬.

૫૩ ગુ. મ. રા. ઇ., પૃ. ૪૯૧, પાદટીપ. ૩.

૫૪ સ્વ. મોદી. રા. ચૂ. લેખસંગ્રહ, ભા. ૨., પૃ. ૫૭.

૫૫ ચક્રવર્તી ગુર્જરો, પૃ. ૩૬૦-૩૬૧.

અત્યાચારી રાજાની સાન ઠેકાણે લાવવા કે વેર વાળવા માધવને મુસલમાનોનું શરણ શોધવું પડ્યું હશે. પરિણામે માધવ ઇતિહાસમાં દેશદ્રોહી મનાયો.[૫૯]

આમ ચૌલુક્યકાલ દરમ્યાન મૂલરાજથી કર્ણદેવ રાજા સુધી થઈ ગયેલા મહામાત્યોમાં મુંજાલ, સંપત્કર, વસ્તુપાલ, તેજપાલ જેવા મહામાત્યોએ ગુજરાતને પોતાની કુનેહથી રોળાતું બચાવ્યું, જ્યારે છેલ્લા મહામાત્ય માધવે મુસ્લિમ ચડાઈ લાવીને પાટણના ચૌલુક્ય વંશની સત્તાને છિન્નભિન્ન કરી નાખી. પરિણામે ગુજરાતમાં મુસ્લિમ રાજ્યની સ્થાપના થઈ; ગુજરાત પરાધીન બન્યું.

૫૯ 'ધર્મારણ્ય માહાત્મ્ય'માં એને પાપી, દુષ્ટાત્મા, કુલાધમ અને દેશદ્રોહકર કહ્યો છે; (અ. ૬૭, શ્લો. ૬૯). પરંતુ વસ્તુતઃ માધવનો ઈરાદો દેશદ્રોહનો ન ગણાય, રાજદ્રોહનો ગણાય ને પદ્મનાભના જણાવ્યા મુજબ તો એણે આખરે રાજાને પણ છટકવાનું બારું બતાવેલું. (कान्हडदे प्रबंध, खण्ड १, दूहा ६० (पृ. ७))

# કવિ દેપાલકૃત શ્રેણિક-અભયકુમાર-ચરિત

લાલચંદ્ર ભગવાન્ ગાંધી

## પ્રાસ્તાવિક :

આજથી અઢી હજાર વર્ષો પહેલાં થઈ ગયેલા, ભગવાન મહાવીરના સમકાલીન, મગધદેશના બુદ્ધિશાળી મહારાજા શ્રેણિકનું અને બુદ્ધિનિધાન સુપુત્ર મંત્રીશ્વર અભયકુમારનું સંક્ષિપ્ત ચરિત્ર વિક્રમની સોળમી સદીના કવિ દેપાલની કૃતિરૂપે અહીં પ્રકાશિત થાય છે, એથી ગુજરાતી વાચકો પ્રસન્નતા અનુભવશે એવી આશા છે.

સુપ્રસિદ્ધ કલિકાલ-સર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્યે ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રના દસમા પર્વમાં સંસ્કૃતમાં ભગવાન મહાવીરના ચરિત્રમાં અન્તર્ગત શ્રેણિક અને અભયકુમારનાં ચરિત્રો રચ્યાં છે, તેમ જ બીજા કવિ ચન્દ્રતિલક ઉપાધ્યાયે સં. ૧૩૧૨માં સં. અભયકુમાર-ચરિત્ર રચેલ છે, તેમ જ ગુજરાતી ભાષામાં પાર્શ્વચંદ્રસૂરિ-શિષ્ય સમરચંદ્રે વિ. સં. ૧૫૮૮ લગભગમાં શ્રેણિકરાસ રચેલ જણાય છે, તેમ જ વટપદ્ર(વડોદરા)ના કવિ ભાવસાર ભીમે (પાછળથી ભીમજી ઋષિએ) શ્રેણિકરાસ, વિ. સં. ૧૬૨૧-૩૨માં બે ખંડમાં રચેલ છે.[1] ૩૪ રાસો વગેરે રચનાર ખંભાતના સુપ્રસિદ્ધ શ્રાવક કવિ ઋષભદાસે વિસ્તારથી શ્રેણિકરાસ વિ. સં. ૧૬૮૨માં રચેલ છે. અહીં પ્રકાશિત થતી ગુજરાતી કૃતિ એ પહેલાની-સોળમી સદીની છે. તુલનાત્મક દૃષ્ટિએ અભ્યાસ કરનારા એ વાંચશે, વિચારશે.

કવિ દેપાલે પ્રસ્તુત ચરિત્ર-કાવ્યના અંતમાં પોતાની લઘુતા-નમ્રતા દર્શાવતાં કડી ૩૬૭-૩૬૮માં પોતાનો માત્ર નામનિર્દેશ કર્યો છે—

"હું મૂરિષ(ખ) ભોલો મતિહીણ, કેણી પરિ કવિત કરું પરવીણ;
અધિકું ઓછું બોલિઉં જેહ, મિચ્છા દુકડ હોજ્યો તેહ. ૩૬૭
હું કવીયણ જન કેરુ દાસ, કરિઉં કવિત મન તણે ઉલ્હાસ;
એ ચઉપઈ રચી ચઉસાલ, કહઈ કર જોડી કવિ દેપાલ. ૩૬૮"

કડી ૧૫૩ અને ૩૨૭માં પણ 'બોલઈ કવિ દેપાલ', ભણે 'દેપાલ' જણાવેલ છે.

આના અંતમાં કવિએ પોતાનો વિશેષ પરિચય આપ્યો નથી, તેમ રચના-સંવત કે રચના-સ્થલનો નિર્દેશ કર્યો નથી. આ ચરિત-ચોપાઈની પ્રાચીન પ્રતિ મને વર્ષો પહેલાં મળી હતી, તેના આધારે મેં પ્રેસકૉપી કરી હતી, તેમાં પણ લેખન-સંવત્ દર્શાવેલ ન હતો. અનુમાને પ્રતિ સોળમી સદીની (સં. ૧૫૨૬ લગભગની) જણાતી હતી. આ સુરક્ષિત પ્રેસકૉપી યશોવિજય જૈન ગ્રંથમાળા,

---

૧ જુઓ 'ઐતિહાસિક લેખ સંગ્રહ'-સયાજી સાહિત્યમાલા નં. ૩૩૫, વડોદરા; 'વટપદ્ર (વડોદરા)ના ઐતિહાસિક ઉલ્લેખો', પૃ. ૪૨૪-૪૨૬

ભાવનગરના મેનેજર અભયચંદભાઈએ મને ગત વર્ષમાં પ્રકાશિત કરવા આપી હતી. આ પ્રકાશિત થયેલ જોઈ શકે, તે પહેલાં અભયચંદભાઈ ૮૧મા વર્ષે સં. ૨૦૨૯ વર્ષના કાર્તિક વદિ ૧૪ના રોજ ભાવનગરમાં સ્વર્ગવાસી થયા, તે દુઃખદ ઘટના છે.

— હ. લિ. પ્રતિમાં ખ ને બદલે ષ તથા દંત્ય સ ને બદલે તાલવ્ય શ લખેલ છે, તે તે સ્થળે ( ) કૌંસમાં સુધારેલા છે.

વિ. સંવત ૧૬૮૭માં કવિ ગુણવિજયે રચેલ કોચરવ્યવહારિ રાસમાં કવિ દેપાલનો ઉલ્લેખ છે. સલખણપુર વગેરે ૧૨ ગામોના અધિકારપ્રસંગમાં કોચર શાહ તળાવમાં માછલાં પકડવાની જાળો બંધ કરાવે છે, બહુચરપુરમાં થતો મહિષ(પાડા)નો વધ અટકાવી અમારિ પળાવે છે, તેની પ્રશંસા કવિ દેપાલ કરે છે. ઇર્ષ્યાથી ખંભાતના સાજણસી (સજ્જનસિંહ) કોચર શાહને કેદ કરાવે છે, તે હકીકત સાંભળી શત્રુંજયની યાત્રા કરી ફરી આવતાં કવિ દેપાલ સાજણસી શાહને ભરસભામાં વેધક વચનો સંભળાવે છે, તેથી લજ્જિત થઈ તે કોચર શાહનું સન્માન કરી ફરી અધિકાર અપાવે છે. વિશેષ માટે જુઓ વિજયધર્મસૂરિ-સંશોધિત 'ઐતિહાસિક રાસસંગ્રહ' ભા. ૧ (ભાવનગર, ય. વિ. ગ્રંથમાલા)—તથા 'ઐતિહાસિક લેખસંગ્રહ' (સયાજી સાહિત્ય-માલા, પુ. ૩૩૫, પૃ. ૫૮૧ થી ૫૮૬).

વિક્રમની સત્તરમી સદીના ખંભાતના સુપ્રસિદ્ધ કવિ ઋષભદાસે સં. ૧૬૭૦માં રચેલા 'કુમારપાલ-રાસ'માં પોતાની પૂર્વે થયેલા કવિઓનું સંસ્મરણ કર્યું છે, તેમાં કવિ દેપાલનું પણ સંસ્મરણ છે—

"આગિં જે મોટા કવિરાય, તાસ ભાય ચરણરજ ઋષભરાય;  
લાવણ્ય લીંબો ખીમો ખરો, સકલ કવિની કીરતિ કરો.  
હંસરાજ વાછો દેપાલ, માલ હેમની બુદ્ધિ વિશાલ;  
સુસાધુ સમરો સુરચંદ, શીતલ વચન જિમ શારદ-ચંદ"

—આ દેપાલ કવિએ (૧) શ્રેણિક-ચરિત ઉપરાંત (૨) ચંદનબાલા-ચરિત્ર ચોપાઈ, (૩) રોહણિયા ચોરનો રાસ, (૪) આર્દ્રકુમારનું ધવલ (સૂડ), (૫) જંબૂસ્વામિ-પંચભવ-વર્ણન ચોપઈ, (૬) વજ્રસ્વામીની ચોપઈ, (૭) જાવડ-ભાવડ રાસ, (૮) સ્થૂલભદ્રની કક્કાવારી, (૯) થાવચ્ચાકુમારભાસ, (સં. ૧૫૩૪), (૧૦) હરિયાલી, (૧૧) સ્નાત્ર-પૂજા, (૧૨) સમ્યક્ત્વ-બારવ્રત ચોપાઈ વગેરે રચના કરી જણાય છે.

થાવચ્ચાકુમાર ભાસના અંતમાં સંવત ૧૫૨૨ જણાવેલ છે અને કવિ દેપાલને બદલે દેપઉ નામ મળે છે—'દેપઉ ભણઈ', તથા જંબૂસ્વામિ-ચોપઈના અંતમાં—

"સંવત પનર બાવીસમઈ એ, રચ્યઉ દેપઈ ખપ કરી."

સદ્ગત સાક્ષર મો. દ. દેશાઈએ દેપો અને દેપાલ એક માનેલ છે, તથા 'જૈન ગુર્જર કવિઓ' ભા. ૧લામાં, સોળમી સદીના કવિઓમાં તેની કૃતિઓ સાથે તેનો પરિચય કરાવ્યો છે. કોચર વ્યવહારિ-રાસમાં મળતા ઉલ્લેખને આધારે તેને દેસલહરા સમરા-સારંગનો આશ્રિત જૈન ભોજક જણાવેલ છે :

"યાચક તેહના ઘર તણઉ, વેધક નર વાચાલ;
જાણીતઉ જિનશાસનિ, કહીઈ કવિ દેપાલ." (કો. વ્ય. રાસ)

તેમાં, 'લેયો રે ઠાકુર, તુમ જે ભાવઈ.' ઉલ્લેખ છે.

સંસ્કૃતમાં જે સુભાષિત મળે છે—

उत्तमा आत्मना ख्याताः, पित्रा ख्याताश्च मध्यमाः ।
मातुलेनाधमाः ख्याताः, श्वशुरेणाधमाधमाः ॥

આ પદ્યને ભાવ આ ચરિત્રમાં ૨૩૬મી કડીમાં જોવાય છે:

"ઉત્તમ નીય-ગુણિ જાંણીઈ, મધ્યમ તાત-ગુણેહિં ।
અધમ પ્રસિદ્ધા માઉલે, અધમાધમ શુ(સુ)સુરેહિં ॥"

પ્રસેનજિત રાજાએ પુત્રોની યોગ્યતાની પરીક્ષા કરવી, અપમાન જણાતાં શ્રેણિકે (ભંભાસારે) ગુપ્ત પ્રવાસે નીકળી જવું, ભીલકુમારીથી પ્રલોભિત ન થવું, બેનાતટમાં ધનાવહ શેઠના આશ્રિત થવું, વજ્રાકરથી રત્ન-પ્રાપ્તિ, તેજનતૂરીની કિંમત અપાવવી, ધન શેઠની સુશીલ સુપુત્રી સુનંદા સાથે લગ્ન કરવાં, અભયકુમારના જન્મ પહેલાં તેની માતાને થયેલા શુભ દોહદો યુક્તિથી પૂર્ણ કરાવવા, શુકસંબોધે શ્રેણિકને ઓળખી, તેના પિતાને વિશ્વાસ થાય તેવા (કડી ૨૧૭ થી ૨૨૮) સાચા સમાચાર આપવા, પિતા તરફથી લેખ-આમંત્રણ, ખડીથી ભારોટિયા ઉપર રાજગૃહના ગોપાલ (ગોવાળ) તરીકે પોતાની ઓળખાણ લખી રાજગૃહ જાય છે, મહારાજા થાય છે. પાછળથી બુદ્ધિશાળી બાળક અભયકુમાર રાજગૃહમાં આવે છે, ત્યાં મંત્રીશ્વરની પસંદગી માટે અવડમાં પડેલી વીંટીને યુક્તિથી કાઢનાર પુત્રને મળતાં પિતા પ્રસન્નતા અનુભવે છે. બેનાતટથી સુનંદાને સન્માનપૂર્વક રાજગૃહમાં લાવે છે વગેરે પ્રસંગનું કવિએ કરેલું વર્ણન વાંચવા જેવું છે. પાંચસો વર્ષો પહેલાની પ્રાચીન ગુજરાતીને થોડા ફેરફાર સાથે અર્વાચીન ગુજરાતીના અભ્યાસીઓ સમજી શકે તેમ છે.

જીવનના ૭૮મા વર્ષે, અકસ્માત (ઘાત) પછી, ૬ મહિના પછી કરેલો આ પ્રયત્ન વાચકોને શુભ પ્રેરણા આપનાર, આનંદદાયક થાઓ—એ જ શુભેચ્છા.

## કવિ દેપાલકૃત શ્રેણિક–અભયકુમાર–ચરિત

શ્રીત્રૈલોક્યનાથાય નમઃ ॥

સોહાવઉ શ્રીવીરજિણ, પયપંકહ પણમેવિ;
શ્રેણી–અભયકુમાર–મતિ, હું સંષે(ખે)વિ ભણેસ. ૧

શ્રેણી–અભયકુમાર–મતિ, વિણુ સરસતિ ન કહાય;
પણિ મેં મૂરિષે(ખે) વર્ણવિઉ, સંઘ તણેં શુ(સુ)પસાય. ૨

સંઘ–પસાઈ બોલતાં, કાંઈ અવષ્ય(ક્ષ)ર હોઈ;
બે કર જોડી વીનવું, સંસઈ મ કરુ કોઈ. ૩

મૂરિષ(ખ)માહિં મૂલગુ, કવિજન-કેરુ દાસ;
શ્રેણીકનૃપ-ગુણ ગાયતા, માત ! મ છંડિસિ પાસ. ૪
કાંઈ કવિમતિ-કેલવણુ, કાઈ સ્યા(શા)સ્ત્ર-આધારિ;
સંષે(ખે)પિં મેં વર્ણવ્યો, શ્રેણી—અભયકુમાર. ૫

**ચઉપઈ**

ભરથષે(તક્ષે)ત્રમાહિ અતિ સાર, રાજગ્રહી નયરી શુ(સુ)વિચાર;
અવર નયરમાહિં ઉત્તમ તેહ, વાસ તણુ નવિ લાભેં છેહ. ૬
પ્રસેનજિત તેણેં નયરેં રાય, થાપઈ ન્યાય ત્યજઈ અંન્યાય;
જિણવરધર્મ કરેં નિસદીસ, પાલઈ સમકિત વિસ્વાવીસ. ૭
મિથ્યામત દૂરિં પરિહરેં, દુસ્થિત-જનનાં દારિદ્ર હરેં;
ન્યાઈ નીતિ અતિ પાલઈ ષ(ખ)રી, તસુ કીરતિ દહ-દિસિ વિસ્તરી. ૮
સી(શી)લવતી પટરાણી તાસ, તે સરિશુ(સુ) નૃપ કરઈ વિલાસ;
કેતે દિવસિ હૂઅ શત પુત્ર, તેજ-પ્રતાપે નાગસિત્રુ. ૯
અનુક્રમિ તશુ(સુ) ઘરિ વાધઈ બાલ, રૂપવંત સહજેં શુ(સુ)વિસાલ;
યૌવનવઈ પરણાવ્યા તેહ, કંન્યા-રૂપ ન લાભઈ છેહ. ૧૦

**દૂહા**

એક દિવસ સુ પ્રસેનજિત, રાઉ વિમાસઈ કાજ;
બેટા સવિ ઉછાંછલા, કુણ પાલેસેં રાજ ? ૧૧
તાત જીવતાં જઈ કિમ્હેં, મર્યાદા ન કરંતિ;
તેણ કારરિ(ણિ) બેટા સવે, ઝડ ઝડ ઝૂઝિ મરંતિ. ૧૨
રાય પરીષ્યા(ક્ષા)-કારણિં, કરાવીઆં પકવાંન;
ચોલા ભરી મેલ્હાવીયા, કુંઅરહ દીધાં માંન. ૧૩
કોરાં કોરાં ઠાંમ સવિ, ભરીઆં નિર્મલ નીર;
"એ અહનાણ મ ભંજિસિઉ, ત્રિપતા હોજ્યો વીર." ૧૪
બોધઈ આપણુ આપણી, બોલઈ કુંઅર સવેય;
જેણીપરિ ભાજઈ ભૂષ(ખ) ત્રસ, તેહ ન જાંણઈ ભેય. ૧૫
ડાહુ ભોલુ લહૂઅડઉ, શ્રેણીક કુંઅરહ—રાઉ;
ભૂષ(ખ) અનઈ ત્રસ ભાજિવા, કારણિ કરેં ઉપાઈ. ૧૬
આછાં આછાં ઉઢણાં, તેહ જલવેઢ કરંતિ;
ડમરૂ જિમ ધંધોલિ કરિ, ષા(ખા)જાં ષિ(ખિ)રિ ષિ(ખિ)રિ ષં(ખં)તિ. ૧૭
આરોગાવી કુંઅર સવિ, જૈ વીનવિઉ રાઈ;
આયસ કીધુ રાઉલુ, હિવઈ ચાહીઈ પસાઈ. ૧૮
બીઅ પરીખહ બીઅ-દિણિ, ખીર-સરીસા થાલ;
મુંકયાં કુંઅર-કારણિ, કૂકર ભૂષ(ખ)-કરાલ. ૧૯

### ચઉપઈ

ફૂકર દેષી(ખી) કોપ્યા કુઅર, ઘણુહ ચઢાવી નાષ(ખ)ઈ કુંઅર;
ઉંઠી કુંઅર ઊતારેં જંતિ, એક જિ શ્રેણિક રહાણિ રહંતિ. ૨૦

ષી(ખી)ર વીર ગિન્હઈ નિજ થાલ, ષ(ખ)રડયાં ભાંણાં મેલ્હઇ રાલિ;
ષ(ખ)રડઇ ભાંણુઈ કુકર રહેં, પૂંછ હલાવેં કાંઇ ય ન કહઈ. ૨૧

અ.રોગી ઉઠીઉ કુમાર, તુ જઈ નરવર કીદ્ધ જુહાર;
તવ નરવરનિં જાણીં વાત, મન—ઉપહરી બોલી ઘાત. ૨૨

"રે રે ગાંમટ! ગાંમ–ગોવાલ!, તેં તુ લીધી ગોલિ વિઆલિ;
પેટ ભરી ભંડારહ ભર્યો, સ્વજન–તણી લાજઈ નવિ ડર્યો. ૨૩

'જેહની પાતેં જિમઈ જેહ, તેહની જાંતિ જાંણીજઈ તેહ;'
તુમનિ એતલડું જુ જાણુ, તુ તું ડાહુ તાહ્યરી આણુ. ૨૪

અનઈ વલી એહ પડીઉ ચૂક, ષા(ખા)જાં લાડૂ કીધા ભૂક;
ધાંન કુલના કારણિ ઝલિઉ, ષે(ખે)ત્રપાલના વાહણ મિલ્યો. ૨૫

એણેં જાણિઉ એ અંન્નડ જાઉ, કેહના ભાઈ કહનુ તાય?
બંધવ મિત્ર તણીં નહી લાજ, રાજસભાં આવિઉ કુણઈં કાજ? ૨૬

મઇં એહનુ મર્મ જાણિઉ, રાજજ્યોગ એ નહી વાણીઉ;
એહનું વોજ પરીષિ(ખિ)ઉં ઇસિઉ, હવઈં એ હસિઉં બોલીસઇ કિસિઉં?. ૨૭

એ મોકલુ અનેરઇ રાજિ, આણું લગા ઊપનઈ કાજિ;
જવ નરવર દીધું ઉપમાંન, રાજધણી તવ સેવઈ રાન." ૨૮

પાય પ્ર[ણુ]મી કુંઅર ચાલીઉ, ષ(ખ)ડગ–સારથી સં(શં)બલ લીઉ;
હીડઈ વનિ પર્વત ગિરમાલ, કુણહી પ્રતિં ન બીહઈ નૃપબાલ. ૨૯

જાણેં ઉષધ જાણેં મંત્ર, ગુરુ–ઉપદેસઈં જાણુઈ તંત્ર;
છત્રીસઈં ડંડાયુધ સર્મ, અનઈં વલી ઉદેંવંતુ કર્મ. ૩૦

ભમતે ભમતે વઇરાગરિ ગયો, વઈરાગર શુ(સુ)હુણુઈ આવીઉ;
"સાંગરિ પીપલ છઈ નઇ–તીરિ, તેણી છાયા વીસમજ્યો વીર!. ૩૧

તે બિહું વિચિ ધુલુ પાષાણુ, તેહના ગુણ છઈ મેરુ–સમાણિ;
તેહમાહિં છઈ રતન અઢાર, એકલગઈં વસિ વરણુ અઢાર. ૩૨

એકઈં વિષ તે નિરવિષ હોઇ, એકઈં ક્ષુદ્ર ન લાગઈ કોઇ;
એકઈ નરપતિ આપઈં માંન, એકઇ રાજરિદ્ધિ–સંતાંન. ૩૩

એકઈં અંગિ ન લગાઇ વાઢ, એકઈં પંડિત પાષ(ખ)ઇ પાઢ;
એકઈ હુઇ અણીનુ બંધ, એકલગેં પેષ(ખ)ઇ યાચં(જાલં)ધ. ૩૪

એકઈ અંગિ ન આવઈ રોગ, એક દીઈ દેવાંગત(ન) ભોગ;
એકે પાવક અંગ ન દહઈ, એકઈ સકલ પરીષ્યા(ક્ષા) લહઈ. ૩૫
જલિ બૂડંતાં તારે એક, એકલગઈ ઉપજઈ વિવેક;
એકે ભૂષ(ખ) અને ત્રસ ટલે, મારગિ દુષ્ટ-જીવ નવિ મિલઈ. ૩૬
એકે રૂપ-પાલટુ હોઈ, અઢામઈ પ્રણમઈ સહૂ કોઈ;
તું ડાહુ તું અતિહ શુ(સુ)જાંણુ, કિમ્હે મેલ્હિસિ તે પાષાણુ? ૩૭
અષ્ય(ક્ષ)ર લિષી(ખી)ને પૂજા કરે, નાંમ અમ્હારુ હીયડઈ ધરે;
તતષિ(ખિ)ણિ વિકસે જે પાષાંણુ, રતન અઢાર તિહાં તું જાણિ. ૩૮
જે જે અક્ષર જોણે રહે, તે જાણે ગુણ તેહનુ કહે;
વીસ વરસ લગઈ વડઉ પ્રભાવ, પાછઈ ઉતપતિ અંગ સભાવ." ૩૯

**વસ્ત(સ્તુ)**

કુંઅર શ્રેણિક, કુંઅર શ્રેણિક જામ જંગંતિ, તાં નિસિ સયલ પરિગલિય;
શુ(સુ)પ્રભાતિ ધુરિ ધર્મવેલાં, હત્થેવાલા ભીતરિં દીઠુ ધવલ પાષાણ;
તુ પણમવિ પૂજેવિ તિહિં, તુ વીસમઈ શુ(સુ)જાંણુ. ૪૦

**ચઉપઈ**

શ્રેણીઅ છિં પાથર ષિ(ખિ)સિઉ, જાણી રાઉત-મન વીસસિઉ;
લેઈ પાષાંણુ સુબંધ્યો ગંઠિ, પંથ ક્રમઈ નૃપનઈ-ઉપકંઠિ. ૪૧
દેષ(ખ)ઈ તરૂઅર ફૂલ્યા ફલ્યા, કડુઆ મીઠા ષા(ખા)ટા ગુલ્યા;
જે ઉલષ(ખ)ઈ તે વનફલ ષા(ખા)ઈ, અણજાણે ફલિ હાથ ન લાઈ. ૪૨
નીમ નહીં પણિ કારણ અછઈ, તં કાઈ જાંણીસઈ પછઈ;
નય-નીઝરણે નિરમલ નીર, તેણે નિજ અંગ પષા(ખા)લે વીર. ૪૩
મૃગલાં-સરિશુ(સુ) મંડઈ હેજ, તરુઅર-પાન સકોમલ સેજિ;
પંરબતિ જે પાણી રુણઝણઈ, મનમાંહિ કાઈ નવિ ગિણઈ. ૪૪
નિતુ નાચંતા નિરષ(ખ)ઈ મોર, પાલિ તણી પગ લાગઈ ચોર;
કહી કહી મુનિ કેરાં આશ્રંમ્મ, જાણે મૂરતિવંતુ ધર્મ. ૪૫
શ્રેણિક ભણે જે શુષ(સુખ) વનવાસિ, તે નહી રાજગ્રહી-આવાસિ;
એકલમૃ(મ)લ એક તરુઅર-હેઠિ, ભીલિ કુંઆરી દીઠી દ્રેઠિઃ ૪૬
કુંઅર દેષિ(ખિ) ભીલી ગહગહી, ચાલઈ ચમકંતી વાણહી;
મોરપીછનું પહરિઉ ચરણુ, ભણઈ ભલુ વર લાધુ તરુણુ. ૪૭
પરબત શષિ(શિખ)રિ ભીલી ઊતરે, મગધાધિપતિ-ચરણિ અણુસરઈ;
"રહુ રહુ સ્વામી! કરુ પસાઉ, પલ્લપતિમાંહિ તું રાઉ. ૪૮
માહારુ તાત રાજ આપસે, મુઝ પરણિસિ તુ તુઝ થાપિસે;
અનઈ કિમ્હે જુ નહી અ કરેશિ, તુ તુંઝ અણષૂ(ખૂ)ટઈ મારેસિ. ૪૯

હું જાંણું ઉષધ એતલાં, વિસ્વ(શ્વ)માહિં વરતેં જેતલાં;
ઉષધ એક અછઈ અતિ ઘોર, જેહથી માંણુસ થાઈ ઢોર. ૫૦

એકઈ માંણુસ માંકડ થાઈ, લાગત હીંડઈ જણુ-જણુ-પાય;
એકઈ પુરુષ પ્રતેં કરું દાસ, ષિ(ખિ)ણુ નવિ છંડઈ માહરુ પાસ. ૫૧

ઝાડ બીડ પ્રતિ મેલ્હું ઘાઉ, ભાંજુ માંણુસ હાથ ન પાઉ;
હું નવિ બીહું સાપ નઈ સીહ, વનમાંહિ ફિરતાં રાતિ નેં દીહ. ૫૨

હું નવિ બીહું ચોર નેં ચરડ, હું નવિ બીહું સાપ નેં સરડ;
હું નવિ બીહું ભૂત નઈ પ્રેત, મુઝ પાસઈ સાચા સંકેત. ૫૩

હું નવિ બીહું પાંણી-પૂર, એક વૈસ્વા(શ્વા)નરિ નાસિઉં દૂરિ;
કુંજર ધરી રહાવઉં કાનિ, વેગેં વર! પરણેવું માંનિ. ૫૪

મેં ગ્રહીઉ નર નાસઈ કિમ્મ, જોઅણુ-શત ભુંઈ માહારી સીમ;
હસતાં અણહસતા પરહુણૂ, મઈ પરણેવા હા તુમ્હે ભણુ." ૫૫

શ્રેણીક કુંઅર વિમાસઈ યમ્મ, એ ડાકિણિ હું પરણું કિમ્મ?;
એક મઈલી નઈ કાંમણગારિ, બોલંતી ધૂંબડ ધૂતારિ. ૫૬

આગઈ કૂકર-દ્રિષ્ટેં જિમ્યો, દોસ-વિહૂણુ તાતે દાંમઓ;
થાઈશુ ભીલીનુ ભરથાર, જાણપણા-સિરિ પડીઉ છાર. ૫૭

અગમા-ગમણેં કુલ બોલીઈ, ષિ(ખિ)ત્રી ભીલ સમા તોલીઈ;
એહનેં કરિ લેવઉ આહાર, કરિવઉ એહના બાપ જુહાર. ૫૮

જેણેં કલંક પ્રસેનજિત રાઈ, જેણેં લાજઈ નવ્વાણું ભાઈ;
તે નારી હું કિમ્હેં ન વરું, કિં પણિ નાસું કિ પણિ મરું. ૫૯

**દૂહા**

ઉત્તમકુલિ નર ઊપજી, જે અધમેં રાચંતિ;
શ્રેણિક ભણેં તે અંધલા, અનઈ પુસ્તક વાચંતિ. ૬૦

અણબોલેં ચાલિઉ કુમાર, તુ આગલિ દવ બલઈ અપાર;
દવમાહિ પઈઠઉ રતન—પ્રભાવિ, કહઈ " પરણઈ તુ આઘી આવિ." ૬૧

ભીલી ભણેં હું ઉછાંછલી, એણેં ધૂરતિ હું સાંમ્હી છલી;
જુ હું ધુરિ લગઈ વિનય વહંત, બીહામણા બોલ ન કહંતિ. ૬૨

જો હું હુંતી એહની દાસિ, તુ એ પડતુ અમ્હારઈ પાસિ;
મેં બોલિઉં તે મુઝનેં ષો(ખો)ડિ, એ એહવાં જાંણઈ લષ(ખ)કોડિ. ૬૩

રહેં રતન કિમ રંકહ ચઢિઉં, જે બોલિઉં તે નિજ-સિરિ પડિઉં;
હું ભોલી મેં ભેદ જ કહિઉ, એણેં ધૂરતિ દાવાનલ ગ્રહિઉ. ૬૪

ઊભી ભીલી કાંઈ ન કહઈ, જાતુ મરતુ કેણીપરિ રહઈ;
નાઠઉ કુંઅર સુ બંધી મુંઠિ, ધીઠી ભીલી છંડી પૂઠિ. ૬૫
કુંઅર ચાલિઉ દસહ દિસાઉ, આગઈ આવિઉ ગંગ-પ્રવાહ;
કુંઅર ગયો ગંગાનઈં તીરિ, ચ્યારઈ દિસિ ચાહઈ તવ વીર. ૬૬
ગંગાનદી-તણેં ઉપકંઠિ, માહાવૃષ્ય(ક્ષ) સૂકુ એકંતિ;
તે દેષી(ખી) કર લાવઈ જાંમ, વૃષ્ય(ક્ષ) કડયડી પડીઉ વામ. ૬૭
તરૂઅર-ઊપરિ કુંઅર ચઢઈ, ગંગાનદી-પૂર તે તિરઈ;
પુંણ્યપ્રભાવિં પુહુતુ પારિ, ચઉસઠિ જ્યોજિન તે વિસ્તાર. ૬૮
વીસ દિવસ અવગાહિઉ નીર, એકવીસમઈ વીસમિઉ વીર;
દુત્તર તિરી કુંઅર ઊતરઈ, પુહુવિ પરીમલ અતિ વિસ્તરઈ. ૬૯
પરીમલ-ગંધિ લોકે તરવર્યો, ભમર-તણી પરિ પાષ(ખ)લિ ફિરઈ;
એ તરુઅર મણિ-માણિક તુલ્લ, જુ વીકિસે તુ લેસિઉ મૂલિ. ૭૦
એ ચંદનબાવનુ વિચારિ, નહી નહી નરપતિ તણઈ ભંડારિ;
એણી પરિ સાચઉ હૂઉ પ્રમાણ, જે લેસઈ તેમાહિં દાણ. ૭૧
સોના સુ તોલ્યો રુંષ(ખ), નાઠાં દુરિય સરીસાં દુખ;
માટી લઈ તે સોનુ થાઈ, રોગ સ્યો(શો)ગ ભય દૂરિ પલાઈ. ૭૨
લીધા રતન સોવર્ણંહ તણા, પરષી(ખી) ગાંઠઈ બાંધ્યા ઘણાં;
વેચી રુંષ(ખ) પાલટિઉ વેસ, તુ બેનાતટિ કીઉ પ્રવેસ. ૭૩
ચઉપટ ચઉહુટઈ દીધી દ્રેઠિ, ધુરિલઈ હાટિ ધનાવહ સેઠિ;
તેણેં કુંઅરી ય હાટિ, જં લેસિઉ તં કીજઈ સાટ. ૭૪
કુંઅર હંકારિઉ હાટમઝારિ, દાષી(ખી) વારૂ વસ્તુ(સ્તુ) બિ ચ્યારિ;
"ઉઢ વહરજ નઈ અમલા, જે બાફી કીધા સાંમલા. ૭૫

### દૂહા

પહઈલઈ શુંડલિ મીઠહ, બીજઈ રોહિણિ-છાલિ;
ત્રીજઈ વારૂ ઈંદ્રજવ, એ મેં આણ્યાં કાલિ. ૭૬
લિઉ માંયાં લિઉ પાઢલિઉ, અનઈ જિ કાંઈ કાજ;
ઘર ઘર વાતહ જે અછેં, તે તુમ્હ આપું આજ." ૭૭
કુંઅર ભણેં "ધનપતિ ઢસલ !, અમ્હ એવડઉ પસાઉ;
કિ અમ્હ દેષુ(ખુ) એકલા, કિં તુમ્હ સહજ સભાવ ?" ૭૮
હાટધણીં બોલઈ હસી, "સુણિ પરહુણા ! પ્રવીણ !;
તં કારણ સહૂઈ કહિસુ, તુમઈ તેઓ જેણિ. ૭૯

આપસવારથ વલ્લહુ, નવિ વલ્લહ પરકજ્જ;
સપનંત્તર સોહામણું, મઇં નિશિ પાંમિઉ અજ્જ. ૮૦

### વસ્ત(સ્તુ)

અજ્જ રયણિં, અજ્જ રયણિં કહિઉ મુઝ કેણિ, 'પ્રહ-ઊગમ નર આવસઇં,
બાલ ધવલ સોભાગ સુંદર, જે લેઇ તે આપજે, તે ગિરૂઉ ગુણલચ્છિ-મંદિર';
સપનંતરહ વિચાર કરિ, જવ હું ઉઠિ બઇઠ,
તવ મઇં તેહ જિ લષ્ય(ક્ષ)ણેં, તું નિજ-નયણે દીઠ." ૮૧

કુંઅર ચિંતઇ કુંઅર ચિંતઈ નીય-મનમાંહિં
એ અતિભોલુ અતિભલુ કપટવાત કાંઈ ન જાંણેં,
જેમ જેમ સપનંતરિ લહેં તેણિ તેણિ પરિ મુઝ વષા(ખા)ણેં,
જં સપનંતર લદ્ધ એણુઈં;
તં કરિ સચ્ચ કિ જૂઠ, તં જાણેવા બુદ્ધિબલિ ઉરામાંહિ પઇટ્ઠ. ૮૨

દિટ્ઠ ઉરા, દિટ્ઠ ઉરામાહિ તં કિંપિ, જં નવિ દીસઈ પુંણ્ય વિણ;
પુંણ્યહીણુ શુ(સુ)હુણુઈ ન પેષ(ખ)ઈ,
રત[ન]પ્રભાવિ રાજગ્રહી-નયર-રાઉ રંત્રિં પરીષ(ખ)ઈ;
બાહિરિ આવી પૂછીઉં, "સાચઉં બોલુ હેવ;
માહિ વસ્તુ(સ્તુ) જે મોકલી, તહ સાંમી કુણ દેવ!." ૮૩

"કુંઅર! સંભલિ કુંઅર! સંભલિ પુવ્વ વર્ત્તાંત, પ્રવહણ પરદીપહ તણું,
જલહવટ્ટિ જલ ચોરિ લિદ્ધું, તે વાઇ ધંધોલતાં એણેં દીપિ પરવસ કીદ્ધઉ;
તેવે કિઉં ઊતાવલેં, વેલાઉહ વદીત,
પ્રવહણુ પ્રવહણુ માટિ મુઝ લીધું વીતક વીત. ૮૪

રાઉ રુઠુ, રાઉ રુઠુ લીદ્ધ સપતાંગ ધણ
કણ કંચણ અતિઘણા ઘરહ વાતા સહૂઈ જં દાલીઈ;
ચોર ભણીં હું ડંડીઉ, નયર–ભાર–વ્યાપાર ટાલીય;
તેહ શુ(સુ) વાહણ મેલ્હિઉં ભણુઈ ગલે લઉ બાંધિ,
એહ વસ્તુ તે માહિલી આવી એણેં પ્રબંધિ. ૮૫

### ચઉપઈ

જુ નાષું(ખું) તુ હુઇ અશુ(સુ)હુણ, કહઈનઇં કહું સગુ છઇ કુણ?
મઇં એકલઈં દિવસિ દસ–બારિ, એ વહી આંણી હાટિ મઝારિ. ૮૬

શુ(સુ)ણિ પરહુણા! ધન્ન યમ ભણેં, એહ નાષિ(ખિ)સિ એણેં અંગણેં;
વરસાલેં ઘણ કાદવ હોઈ, માહારઈ હાટિ ન આવઈ કોઈ. ૮૭

તે વાહણ તેણેં થાંનકિ પડચો, છઇ મસવાડે હોસઈ સિડિઉ;
આજ–કાલિ ગંગાને પૂરિ, એહુ અનરથ સવિ ટલસઈ દૂરિ. ૮૮

ધનનાંમિં હું નિર્ધન હૂઉ, જેણઈ વુહુરિં જીવંતુ મૂઉ;
તેહ વસ્ત તુમ્હે દીઠી ઘણી, તુ પરહુણા ! કરુ તરકણી. ૮૯

આગઈ નયરલોક મુઝ હસેં, જાણઈ એહ અજી કાંઈ વસઈ ?
વારૂ ઘર નઈં વારૂ હાટ, લેવા લોક ઘડઈ છઈ ઘાટ. ૯૦

હાટ અનઇ ઘર વીકિશુ બેઉ, મઇં છાંડિવઉ નયર પુર એઉ;
જેહ વ્યાપારિ હૂઉ હું ધણીં, તિહાં કિમ રહું હુંતુ રેવણી ?" ૯૧

કરુણાસાગર રાજકુમાર, પર-દુષ્યેં(ખે) દુષ(ખ) ધરઈ અપાર;
પભણઈ રિદ્ધિ છતીએ મરઈ, જાંણેં નહી તુ એ સિઉં કરઈ ? ૯૨

સુપુરિસ ભેટિં કવણુ પ્રમાણુ ?, જુ નવિ ભાંજઈ ભીડિ—વિનાંણુ;
જાં પરગટેં અરથ એહ-તણુ, તાં હું આપિશુ વિત આપણુ. ૯૩

કુંઅર ભણઈ " દુષ(ખ) છંડઉ દેવ !, એહ સહૂ તુમ્હ કરસઈ સેવ;
જં કાંઈ તુમ્હ રાઉલિ લીઆ, જેતા દ્રાંમ તુમ્હારા ગયા. ૯૪

અનેં જિ કાંઈ આડઉ વરુ, તે તુમ્હ સહૂઈ લેષ(ખ)ઈ કરુ;
હું આપુ બહુમૂલાં રતન, પણિ તેહ વાહણુ કરજ્યો જતન. ૯૫

તેણઈ વાહણિ જે વિલગી ધૂલિ, તે સંગ ચઉસલ તસુ મૂલ;
જિહાં ઊપજઈ ફરિસ-પાષાણ, તેહ થાંનકનઉ વડઉ વિનાંણુ. ૯૬

એહ ધૂલિ તેહ થાનક તણીં, કરમિ તુમ્હારઈ આવી ઘણીં;
હું નવિ બોલું અલી ધૂય વયંક, ધૂલિ નહી એ કણય-કલંક. ૯૭

એક નામ એહ તેજણતૂર, એહથી રિદ્ધિ સયલ સંપૂર;
એહના જાંણ આવસ ઘણા, મ ધરુ ભ્રાંતિ ભાંજસઈ મણા. ૯૮

માહારેં રતનિ કરુ વ્યાપાર, આવજ્યું બેનાતટ-રાઉ;
જે સેવક તે સવિ સંધર્યું, ઉદ્યમ કરુ મ બઈઠા અછઉ. ૯૯

હું હવડાં દેસંતરિ ફિરું, વારૂ વાત વલંતુ કરું";
ધન્ન ભણઈ "તુમ્હે બોલિઉં કિસિઉં ?, અમ્હ હીયડઈ હાલાહલ વસિઉં. ૧૦૦

જે કીધી જાવાની વાત, તેણેં અમ્હ મનિ હૂઈ કરવત-ઘાત;
જે તુમ્હ દીધુ વચન-આધાર, તે તુમ્હમાહિ આવિઉ ભાર. ૧૦૧

તે કાંઈ જુ સાચુ અછઈ, દેસંતર તુમ્હે કરજ્યો પછઈ;
ભ્રમ એવડઉ વિલગઉ હીઈ; તુઝ પ્રસાદિ નિશ્ચલ જીવીઈ. ૧૦૨

કિહાં વેચઉં હું કેહનઈ કહું ?, ધૂલિ વડેં હું ધૂલિ જ લહું;
તું એ ધન કેલવિ લઈ આધ, તુમઈ કલ્પતરુ દ્રુમ લાધ. ૧૦૩

વીકાઈ તુ આધિં વીકિ, નહીતરિ ગંગમાહિં લેઈ મુંકિ";
કુંઅર ભણઈ "રહીઈ દિન પંચ, જુ તુમ્હે ન કરુ કૂડ પ્રપંચ. ૧૦૪

જઉ નવિ પૂછ્યુ ગાંમ ન ઠામ, જઉ નવિ પૂછ્યુ માહારું નામ;
તુ હું દિવસ કેતલા રહું, બોલ્યા બોલ સકલ નિરવહું.” ૧૦૫
વંન ભણે “અમ્હ કાજિં કાજ, નાંમ સરીસા કરજ્યો રાજ;
માહારી વસ્ત તુમ્હારી બુધિ, વેચી વહેંચી લેજ્યો રિદ્ધિ”. ૧૦૬
બિહું જણિ માંન્યા બિહુંનાં બચન, કુંઅર તણાં તવ લીધાં રતન;
દષ્ય(ક્ષ)ણ-હસ્તિ હૂઆ સમ સપત, બિહું જણિ વાત રહાવી ગુપતિ. ૧૦૭
ધનઈ આવરજ્યો શ્રેણી વીર, તવ આવિઉ દાતણ નેં નીર;
એકઈ દાતણિ દુન્નિ કરે ય, ધન્નુ ભણે ‘ગમઈ તે લેય’. ૧૦૮
દાંતણ આપંતુ પરષી(ખી)ઉ, રાજકુંઅર હીયડઈ હરષી(ખી)ઉ;
દાતણ-પાણીં-આપણહારિ, ધનબેટી એ અછઈ કુંઆરિ. ૧૦૯
દાતણ કરતુ હાટિ બઈઠ, લષ(ખ)ણવંત પુરુષ તેણી દીઠ;
તે ચિંતએ લહીઈ કંત, જુ પોતઈ હુઈ શુક્રિ(સુકૃ)ત અનંત. ૧૧૦
લષ(ખ)ણવંત પવિત્રચરિત્ત, કઈ એ વર કિ વરું ચારિત્ત;
ધન્ન ભણઈ ઘરિ જાઉ વછિ !, ઘર સારવી કઢાવિ અલછિ. ૧૧૧
દૂરિ દેસંતરનુ પરહુણ, આવિઉ છઈ કુંઅર કહઈ તણુ;
ધનબેટી પુહુતી આવાસિ, કરઈ વીનતી જણણી-પાસિ. ૧૧૨
“શુભ તારુ ઊગ્યો અંગણઈ, મન વિકસિઉ દીઠઈ પરહુણે;
માહારુ અરથ શૂષ(સુખ)ડી-તણુ, તે તુમ્હે વેગિં વેચઉ ઘણુ.” ૧૧૩
ફિટિ રે છોહોરી ! ફાંકલ થઈ, અણમોકલી હાટિ કાંઈ ગઈ ?;
જે નર દેષ(ખ)ઈ તે તું વરેં, ભલી કુંઅરિ ! તું કુલ ઉદ્ધરેં. ૧૧૪
જુ પરણિવા-જોગિ તું હૂઈ, તુ ઘરલષિ(ખિ)મી રાઉલિ ગઈ;
હિવઈ જુ હીડિસિ વાંકે પાગિ, તુ તું નહી ય અમ્હારઈ લાગિ.” ૧૧૫
બેટી ભણઈ “માઈ ! મ મ બોલિ, માહારું સીલ મેર-સમ તોલિ;
મઈ જે ભણિઉ તેહ ભરથાર, નહીતરિ નિશ્ચેં સંજિમ ભાર.” ૧૧૬
બે બોલઈ બે કરઈ રસોઈ, તાં પરહુણુ પહૂતુ સોઈ;
આગલિ થઉ આવિઉ ઘરધણી, વાત જણાવી બેટી તણી. ૧૧૭
ધન્ન ભણઈ “એ રૂઅડું સહૂ, અંતરાય પણિ અ હુઈ બહૂ;
જાણું નહી ય જિ કોઈ વિરામ, ભણેં મ પૂછિસિ ગાંમ ન ઠાંમ. ૧૧૮
એહના સપત કરાવ્યા આજ, એણઈ થાનકિ આવિઉ ગુણરાજ;”
ભણઈ શુ(સુ)નંદા “સંભલિ તાત !, નાંમ ઠામ મ મ પૂછિસિ વાત. ૧૧૯
જુ એ પરણઈ તુ પરણાવિ, નહીતરિ મુઝ દીષ્યા(ક્ષા) દેવરાવિ;”
એક વીનતી દાષું(ખું) અમ્હે, એ કંન્યા પ્રભુ ! પરણુ તુમ્હે. ૧૨૦

અરથ-લોભ મનિ મ મ જાણસિઉ, હું નવિ લેઉં વિસિઉ અધવિસુ;
કંન્યા-વિક્રઈ(ય) જે નર કરેં, તેહ નિજ-પિંડ પાપ કરી ભરઈ. ૧૨૧
હું વીનવઉં દેવ ! અવધારિ, એહ જિ બેટી પરણણહારિ;"
કુંઅર ભણેં "એ ગહલી નારિ, મૂરિષ(ખ)માહિ રેહ શુ(સુ)વિચારિ. ૧૨૨
કુલ સરૂપ અણજાંણ્યાં પષે(ખે), પરણે પરણાવઈ તે ઝષ(ખ)ઈ;"
છંડી લાજ શુ(સુ)નંદા ભણે, ' તું નિશ્ચઈં કુલ ઉત્તમ-તણે. ૧૨૩
વાદલિ છાહિઉ ન રહેં સૂર, નદી ય ન રોકઈ સાયર-પૂર;
અનઈ શુ(સુ) માનસરોવરિ વસે'," સંકેતે શ્રેણીક મનિ હસે. ૧૨૪
મનિ મનિઉં પણિ માનઈ નહી, અલષાં(ખા)મણી વાત તેં કહી;
"તે પરણે જે તુઝ નિરવહઈ, જે તુઝ પયતલિ બેસી રહઈ. ૧૨૫
મુઝ પરણિ તુઝ કેહુ લાભ ?, જેહવઉ માથા ઊપરિ આભ;"
ભણઈ શુ(સુ)નંદા "સાચઉં હેવ, તે સહૂઈ તુમ્હે બોલિઉં દેવ ! ૧૨૬
આભ આધારિ ચંદ નઈ શૂ(સૂ)ર, આભ આધારિં જલહ પૂર;
આભ-આધારિં તારા સવે, આભ-પ્રમાણ કોઈ નવિ મવઈ. ૧૨૭
કૃપાનાથ ! પાણિગ્રહણ કરુ, આભ-જમલિ જગિ જસ વિસ્તરુ;
ભણઈ કુંઅર "પરાણ ગુણ કિસિઉ ?, જે વિવાહ સપનંતર જિસિઉ.; ૧૨૮
પરણ્યા પછઈ દિવસિ દસ પંચ, હું જાઈસું નહી ષ(ખ)લષં(ખં)ચ;
દેસાંતરી અનઈં અવધૂત, ઊઠી ચાલઈ લાગઈ ભૂત. ૧૨૯
ઝૂરિસિ પછઈ ઉરત્તઈ પડી, લીધું બોર જિશિ(સિ)ઉ હુઈ ચિડી";
પુનરપિ ભણઈ શું(સુ)નંદા-નારિ, "હું હૂતી વ્રત-લેઅણહાર. ૧૩૦
કર-મેલાપક તુમ્હસિઉં મિલઈ, સીલ મા(મ)હાવ્રત પાછઈ પલઈ";
તેહ જિ વેલા તેહ જિ લગન, રાજકુંઅર પરણઈ નર્વંઘન. ૧૩૧
પ્રહઈ ઉંઠી જવ આવઈ હાટિ, પડહ વજાવઈ સાતઈ વાટિ; ૧૩૨

**વસ્ત(સ્તુ)**

અત્થિ નાયક અત્થિ નાયક શુકહસંબોધ, સવાલાષ(ખ) બાલદિધણી;
દેવદિન્ન શુંક વચનિ ચલ્લઈ, જઈ મસવાડઈ પોપટઉ એક બિ ત્રણિ બોલ બોલઈ;
તેણઈ ભણિઉ બેનાતટહ તેજણતૂરી લેઉ, નાયક નરવર વિનવિઉં પડહુ વજાવઈ તેઉ ૧૩૩

**દૂહા**

રાઉ ભણઈ વિવહારીઉ, અત્થિ સ કોઈ આજ;
જેણે જગ-સોહામણું, સોહઈ બેનાતટ-રાજ. ૧૩૪
બલિ કીજઈ રાજગ્રહી, જેણઈ સહૂઈ અત્થિ;
એણે બેનાતટિ અમ્હ તણે, અવસરિ ઊતર નત્થિ. ૧૩૫

પૂછિઉ જિહાં ન સંપજઈ, આવિઉ નવિ વેચાઈ;
રાઉ ભણુઈ તેહૂ નગર, નગરમાંહિ ન ભણાઈ. ૧૩૬

તે બંધવ તેહ જ સ્વજન, તેહ અમ્હારુ મિત્ત;
શુકસંબોદ(ધ)હ નાયકહ, જે રંજેસઈ ચિત્ત. ૧૩૭

શ્રેણીય ધંન્ન બોલાવીઉ, હિવઈ તુમ્હે રાઉલિ જાઉ;
અરથ વધારી રાઉલુ, તુ માંડવીઆ થાઉ. ૧૩૮

સેઠિ-તણે સિરિ પાઘડી, બંધ્યો સોય પાષાંણ;
જે દિન્હઉ વઈરાગરે, જસ ગુણ મેરુસમાણિ. ૧૩૯

**છપ્પયો**

રાજ-સભા સંપત્ત તાંમ નરપતિ બોલ્લાવીય, ધુરપતિ ધવલ ધુરીણુ;
ભણુવિ આસણુ મેલ્હાવીય, ધન્ન ભણુઈ "નરનાહ ! કવણુ ગુણિ પડહુ વજ્જઈ?;
એક વાત એઈસીય સાંમિ બોલંતુ લજ્જઇ, પૂછઉ નાયક વસ્તુ(સ્તુ) દાણુ;
જૂની પૂછુ કઇ નવી, દ્રવ્ય-ચઢાવઉ કરવિ અમ્હે લેસિઉં દાણુ માંડવી. ૧૪૦

લદ્ધી દાણુમંડવી સેઠિ તવ આદર લદ્ધઉ,
લદ્ધઉ નયરહ ભાર તામ વ્યાપાર પ્રસીદ્ધઉ;
લદ્ધ શુ(સુ)ધણુ બહુમાણુ આણુ નયરેં વરતાવીય,
ચઉંપટ ચઉહુટઇ જાઇ મધ્ય માંડવી કરાવીય,
નાયક સરિસુ ચલ્લિ કરિ હટ્ટ ચુહુટ્ટઇ આંણીઉ,
તેજણુતૂરી દાષ(ખ)વીય તવ સંતોષ્યો પ્રાંણીઉ. ૧૪૧

આણાવીઅ સોવંન્નશુ(સુ) પરિપૂજઈ ધન-પાયહ,
ભણુઈ ધન્નિ તુમ્હ તાત ધન્ન ધન્ન તોરિ માયહ;
ધન્ન દેશ જિહાં વસહુ ધન્ન તે દેશ-નરેશર,
આણિ વસ્તુ(સ્તુ) ધરિ છતી ઈસીય જસ આવીય;"
વેસહ પૂજવિ ધન પૂજવિ કુમર પૂજવિ પૂછઈ સવિ કહેં,
"તે તું ન હોઈ રાજધર ! જે મઈ દીઠુ રાજગ્રહીય." ૧૪૨

કુંઅર ભણે "નાયક ! નિશુ(સુ)ણિ એક વાત અમ્હારી,
આપકાજ કીજીઈ છંડિ સવિ વાત પરાઈ;
જેણેં કારણિ તું ફિરેં દેસ પદેસિ ભમંતુ,
તે તું કાજ કરેવિ કાંઇ તું કાલ ગમંતુ ?
નિજ કાજ કરવિ પુહુચુ નયરિ શું(સુ)ણિ નાયક ! કુંઅર કહેં,
અવરકથા જુ પરિહરઈ તું નાયક તું તે લહેં. ૧૪૩

કુંઅર ભણુઇ એહ વસ્તુ(સ્તુ)મૂલ મુહતાં નવિ જાણુ,
મણુ સોવન્નહ માટિ એહ લીજઇ ગદીયાણુ;

તંબારસે ગાલેવિ એ ય ચપ્પુય ભરિ મુચ્ચઈ,
તં સોવર્ણું સોલહું સાઠ જં એણિપરિ રચ્ચૈં;
ચિત્તિ ચમકચો તામ તવ નાયક કરઇ નિવંછણાં,
"શુકરાજિ અમ્હ આગલિ કહીય તેહ જ વચન તુમ્હ મુષ(ખ) તણાં. ૧૪૪
અછઈ જિ અમ્હ ભંડારિ રયણુ મુત્તીય પરવાલહ,
તે નવિ ચલઇ બયલ્લ સરિસ ચલ્લઈ સેજવાલાં;
સાત લષ્ય(ક્ષ) સોવન્ન અનઇ દસસહસ તુરંગહ,
પટ્ટશૂ(સૂ)ત્ર કપ્પડ અતાસ દીસઈ બહુ રંગહ;
ચંદણ કપૂર કસ્તૂ(સ્તૂ)રીહ પરીમલ પાર ન જાંણીઈ,
ઘણ ગંધવસ્તુ(સ્તુ) બલદઈ બહૂ આયસ દ્યો તુ આણીઈ. ૧૪૫
ઘર ઘર વાતહ ધન્ન ધન્ન તુમ્હ લેઉ પહિલ્લુ,
હું રાષું(ખું) નહી કિંપિ દેઉં તુમ્હ સકલ વહિલ્લુ;
જે શુ(સુ)વસ્ત દાષ(ખ)વીય તેય તેજણુ અમ્હ અપ્પો,
પંચહ પ્રધાંન કર વિસઈ હત્થેં ધ(થ)પ્પો;"
બહુવિહ શુકનાયક હવિ જવ ચલ્લ્યો બાલદિ ભણીય,
શ્રેણીય-પય લગ્ગવિ ધન્નુ ભણઈ "તું અમ્હ સ્વામી ધનધણીય". ૧૪૬

**દૂહા**

આમલકંપા નયરીઈં, નિવસેં શુ[ક]સંબોધ,
પાસ જિણેસર-ગણહરિં, જસ દિદ્ધઉ પ્રતિબોધ. ૧૪૭
સત્યવચનિ સાટુ મિલ્યો, ધન નાયક બિહું મેલ;
પૂજ કરાવઈ જિણભુવણિ, ષે(ખે)લા ખેલઈ ષે(ખે)લ. ૧૪૮
વસ્ત જિ વાહણ માહિલી, વસ્ત જિ હાટ મઝારિ;
સયલ સમુપી શ્રેણિકહેં, શુકસંબોધ હંકારિ. ૧૪૯
બાલદિ આવી બારણેં, ધન કીદ્ધઉ ધનવંત;
દ્રવ્ય તણુ શ્રેણિક ધણીં, જીવઉ શુ(સુ)નંદા-કંત. ૧૫૦

**વસ્ત(સ્તુ)**

ગયઉ નાયક ગયઉ નાયક રાય-અગ્ગીણિ રંગિં રાઉ મોકલાવીઉ,
કહઈ નાયક નવ નિદ્ધિ પામીય ધન જામલિ વિવહારીઉ:
મઈ નયણે નવિ દિટ્ઠ સામીય! આયસગ્ગ વિચાલીઉ,
તવ આણંદ્યો રાય વલીય વલીય ધનમંદિરિ નૃપ પાઠવઈ પસાઉ. ૧૫૧

**ચુપઈ**

ગમાં ગમાં આવઈ આષુત્ર, ગમાં ગમાં આવેં વાણુત્ર;
જે કહઈતા એ ભુંડઉ સેઠિ, તે આવી બઈઠા પગ-હેઠિ. ૧૫૨

શ્રેણીનામ ઠવિઉ ગોપાલ, કલપિત બોલઈ કવિ દેપાલ;
શ્રેણી હૂઉ શુ(સુ)નંદા-નાહ, જં જં વઉહુરેં તં તં લાહુ. ૧૫૩
ઘોડા સવિ લીધા મૂલવી, રહણુ સકલ આરંભી નવી;
અરથેં લીધા નવાસ, તિહાં બાંધી ઘોડાની લ્હાસ. ૧૫૪
ઘોડે સિઉં પાંડવ જેતલા, શ્રેણિકિ રાહવીઆ તેતલા;
વિતાગરા તિહા આવઈ બહૂ, અરથિં-ઈછા પૂરઈ સહૂ. ૧૫૫
શ્રેણિક અનઈં શુ(સુ)નંદા પ્રીતિ, નારી ચાલઇ નરનેં ચિત્તિ;
તિહાં વિલ(સ)ઇ સવિ શુ(સુ)ખનિધાંન, બીજઈ વરસિ આધાન. ૧૫૬
જિમ જિમ વાધઈ સો જિ આધાન, તિમ તિમ નારિ ન ભાવઈ ધાંન;
અણુભાવતુ કુલ જુ જિમઈ, સાંઝ લગઈ તે પાછુ વિમઈ. ૧૫૭
દિવશિ(સિ) દિવશિ(સિ) તે દુર્બલ થાઈ, ચાલંતાં મુષિ(ખિ)સાસ ન માઈ;
સોજુ આવી લાગુ પાય, મોટપણુઉ મોકલાવી જાઈ. ૧૫૮
વલીય વલી કહઇ પાણી પાય, નવિ જાણીઈ જીવ કુણુઇ ઠાઈં;
મરવા તુલ્લિ હૂઈ સા નારિ, તવ શ્રેણિક તશુ(સુ) જણુણિ હંકારિ. ૧૫૯
"પૂછુ કવણુ મણોરહ ધરઈ, તે પૂરાઈ તુ નવિ મરઈ;"
માઈ ભણેં "કિ ન બોલેઈ વછિ; આજ અછઈ તુઝ ઘરિ બહૂ લછિ. ૧૬૦
ભણઈ શું(સુ)નંદા "સંભલિ માઈ!, વાત કહંતાં મનિ ન સમાઈ;
જાણું કુંજર રાયહ તણુ, આગલિ રાજા પરિગહ ઘણુ. ૧૬૧
હસ્તિ ચઢી જિણમંદિર ફિરું, ઉછવ સરસી પૂજા કરું;
જાણું જિણવરના ગુણ થુણું, ધર્મ કરું પરમેસ્વ(શ્વ)ર તણું. ૧૬૨
વાજઈ રાય-તણાં વાજિત્ર, નાચઈ પંચસબદ તિહાં પત્ર(ત્ર);
જાણું કામિણિ ગાવઈ ગીત, પૂજું જિણવર એહવી રીતિ. ૧૬૩
જાણું સાહામી પહઈરાવીઈ, મુનિવર ભગતિ વિહરાવીઈ;
જાણું મનવંછિત દેઉં દાંન, જાણું જસં લેઉં મેર-સમાનિ. ૧૬૪
અભયદાન દીજઈ વલી સાર, જેહના પુંણ્ય તણુ નહી પાર;
ચૈત્ર(ત્ય)-પ્રવાડિ કરું હું યમ્મ, કૂ(ક)હું માત ! તે કીજઈ કિમ્મ ?" ૧૬૫
તુ ઘરણિ-તણા મનોરથ શુ(સુ)ણિ, શ્રેણી વાત હીઈ રુણુઝણી;
બુદ્ધિ-બલઈ એ કીજઈ કાજ, તુ ઘર-ઘરણી જીવઈ આજ. ૧૬૬

**વસ્ત(સ્તુ)**

કુંઅર પૂછઈ કુંઅર પૂછઇ "ધન્નપતિ સાહ ! આગઈ એહ રાયહ તણુઈ,
જે બેટી યાચં(જાત્યં)ધ હુંતી ય, તેહઅજી જીવઈ અછઈ કઈ પણિ તે

પરલોકિ પુહુતીય"; સેઠિ કહઈ "જીવઈ સહી તે તપ કરઇ પ્રચંડ,
અણજાણેં અંધી ભણઈ, તેહ નર આપઇ ડંડ. ૧૬૭

નરપતિ તેહની માનઈ આણ, તેહનું જસ છઈ મેર-સમાણિ;
કુંઅરી-આણ ન લોપઈ કોઈ, નર-નારી-નરપતિ સવિ લોઈ. ૧૬૮

દૂહા

સહજઈ નાંમ શુ(સુ)લોચના, સહૂ કોઈ જાંણઈ દેવ!
બે કર જોડી વીનવું, અંધ મ કહઈસિઉ હેવ." ૧૬૯

ચઉપઈ

કારણ જાણીં શ્રેણીક-રાઈ, વઈરાગર સમર્યો મનમાહિ;
નાંમા કીધા ભેદ અઢારિ, પાથર પૂજ્યો પંચ-પ્રકારિ, ૧૭૦

પાથર વિકસઇ મનિ ગહગહઈ, રતન રતનનઈ થાનકિ રહેં;
રતન લહી તવ તેડ્યો સેઠિ, "કાઢુ જાઈ કુંયરીની દ્રેષ્ટિ. ૧૭૧

છાંટી દ્રિષ્ટિ કરુ ઉપગાર, જિમ જગિ વર્ત્તઈ જયજયકાર;
તેણેં અવસરિ જુ તૂસઈ રાઈ, તુ તુમ્હે [મા]ગુ એહ પસાઉ. ૧૭૨

મ મ માગિસિઉ રિદ્ધિ નેં રાજ, જુ તુમ્હ પુત્રી જીવઈ કાજ;
બીજુ લોભ મ કરસિઉ બહૂ, તુમ્હ કુંઅરી-વંછિત તે સહૂ. ૧૭૩

સોવન-કચોલો જલ ભરિ લીઉ, ધન ચાલી નૃપ-મંદિરિ ગયો;
તુ આસણ મેલ્હાવઈ રાઉ, અનઈ આપઈ પંચાંગ–પસાઉ. ૧૭૪

ધન કહઈ "પસાઉ લેઉં પછઈ, સ(સુ)લોચના કુણઈ થાંનંકિ અછઈ";
તતષિ(ખિ)ણિ કુંઅરિ હકારઈ રાય, સેષ્ટિ કહઈ "તુમ્હે બઈસુ માઈ!. ૧૭૫

ધન મનિ ચિંતઇ પંચ પરમેષ્ટિ, કુંઅરિ-તણી જલિ છાંટી દ્રિષ્ટિ;
છાંટી કુંઅરિ નીર બિહું નયણિ, દીવસઈ તારાં દેષઈ નયણિ. ૧૭૬

કુંઅરિ કહઇ અસંભમ વાત, સકલ રિદ્ધિ હું દેષું(ખું) તાત;
રાઈ હંકારી અંતેઉરી, જૂઉ જૂઉ ઉત્તમ તું એ ચરી. ૧૭૭

દૂહો

'ઉત્તમ અતિહ પરાભવિઉ, હીયડઈ ન ધરંઈ ડંસ;
છેદ્યો ભેદ્યો દૂહવિઉ, મધુરુ વાજઈ વંસ.' ૧૭૮

રાઉ ભણઈ "સંભલિ ધનદેવ!, રાજરિદ્ધિ સહૂઈ લ્યો હેવ;
જેણી-કેણીં-પરિ છૂટઉં અમ્હે, રાજ–અધિક વલી માગુ તુમ્હે." ૧૭૯

સેષ્ટિ કહઈ "એ માહારું રાજ, પુંણ્ય–તણુ અવસર છેં આજ;
પુંણ્ય–તણીં વેલાં સંભારિ, ભાવશુદ્ધિં વરતાવિ અમારિ. ૧૮૦

જલચર થલચર ષે(ખે)ચર ફિરઈ, તિમ કરીઈ જિમ તે નવિ મરેં;
ધરિ પડહ વજાવઉ ઘણુ, એ તપ ફલ્યો શુ(સુ)લોચન-તણુ. ૧૮૧
શ્રષિમ(સૂક્ષ્મ) બાદર જીવહ પ્રાણ, જે મારઈ તશુ(સુ) નરપતિ-આણ;
નાર્ઈ તલારહ દીધુ દૂઉ, જેઉ બોલ તતષિ(ખિ)ણિ તિહાં હૂઉ. ૧૮૨
બેનાતટિ તિમ દેસ-મઝારિ, પુરુષ પઠાવ્યા તણા અમારિ;
નિજ પુત્રીય મનોરથ કહિઉ, તુ નરપતિ ગાઢઉ ગહગહિઉ. ૧૮૩
પટહસ્તીનુ હૂઉ પસાઉ, આગલિ પાલુ ચાલઈ રાઉ;
એક સુલોચના અને શુ(સુ)નંદ, બિહુંના શ્રેષ્ટિ પૂરઈ આણંદ. ૧૮૪
હૂઈ શુ(સુ)લોચન શુ(સુ)નંદા સષી(ખી), દુર્જન દીધા ન સકઈ ઝષી(ખી);
દેસમાહિં માણુસ ધન-તણા, ભણુઈ રાઉ મેલ્હાવઉ ઘણાં. ૧૮૫
ચૈત્ર(ત્ય)પ્રવાડિ હૂઈ અતિચંગ, પુંણ્ય-પસાઈ પૂરઈ રંગ,
બેનાપતિનઉ એવડઉ માન, ધન રાજા ધંનઉ પરધાંન. ૧૮૬

**દૂહા**

પુણ્યેં મનવંછિત ફલઈ, પુંણ્યઈ પૂરઈ આસ;
વિષમ-કાજ પુંણ્યેં સરઈ, પુંણ્યેં લબ્ભઈ રાજ. ૧૮૭
દુષ(ખ) દરિદ્ર દૂરિં ટલઈ, રોગ સોગ ભય પીડિ;
ભંજઈ ભાવઠિ જન્મની, પુંણ્યેં ભાજઈ ભીડિ. ૧૮૮
પુંણ્યેં અણુચિંતિઉં મિલઈ, પુંણ્યેં પામઈ સીદ્ધિ;
પુંણ્યેં શું(સુ)ર સંનિધિ કરઈ, પુંણ્યેં નરપતિ-રિદ્ધિં. ૧૮૯
સય સંપત્ત-મણોરહીય, ધરિ આવી ધનધૂઅ;
તલીઆ તોરણુ વિવિધિપરિ, નવરિ નિરંતર હૂઅ. ૧૯૦
અવસરિ કહઈ શુ(સુ)નંદવર, "સંભલિ ઘરણિ! વિચાર;
બેટઉ હોસેં નાંમ તસુ, કહજે અભયકુમાર. ૧૯૧
ભમતુ રાજગ્રહિ-નયરિ, શુકસંબોધ પહૂત;
તેણેં દિઠા નવ્વાણુ અહ, કુંઅર વિરોધ બહૂત. ૧૯૨
નાયકિ નરવર વીંનવિઉ, બોલવિ બોલ-સયાઈ;
સુ બેટા નૃપ! તુમ્હ તણુઈ, તે નવ્વાણું કાંઈ? ૧૯૩
તેણેં અવસરિ શુ(સુ)પ્રસેનજિત, નીર ભરી નયણાઈ;
નીસાસઉ મેલ્હી કરી, નૃપ બોલઈ વયણાઈ. ૧૯૪
નાયક! શુ(સુ)ણિ નરવર ભણે, "કુંઅજિ અલીહું અજ્જ;
મઈ વિરુઉ બોલેવિ કરિ, શુ(સુ)ત છંડાવિઉ રજ્જ. ૧૯૫

જે એટઉ જે વલ્લહુ, જેહ ઊપરિ મન-મોહ;
તવ લગઈ હું જીવત મૂઉ, જવ લગઈ તેહ વિછોહ. ૧૯૬
કઈ જગિ જીવંતુ અછઈ ?, કઈ કિણેં સાવિજ ષ(ખ)દ્ધ ?;
સાલૂણા શ્રેણિક તણુ, સંદેસુ નવિ લદ્ધ. ૧૯૭
પરઘરિ શ્રેણિક-રાય, કિં શુષેં(સુખે) કિ કિં દુષેં (દુઃખે) ?;
તાત ભણેં મુઝ વયણિ, પુત્ર હૂઉ દેસાંતરી. ૧૯૮

**ચઉપઈ**

વરિષા-રતિ જિમ જિમ ભીજસઈ, કુવચન સંભારી ષી(ખી)જસઈ;
જલ-ગલતઈ દેઉલિ પુઢસઈ, વિણુ પાગર કિશું ઉઢસઈ ?. ૧૯૯
સીતકાલિ પડસઈ ટાઢડી, ષ(ખ)ડ ષ(ખ)ડારવ જઈ ગાઢડી;
વિણુ ઉઢણુ દહઈ નિજ-અંગ, વચન શુ(સુ)ણી મન કરસઈ ભંગ. ૨૦૦
ઉંન્હાલઈ ઊતાપ કહેય, અતિ-ઊતાપઈ દાઝઈ દેહ;
સીતલ-વારિ ન પાવઈ નીર, અતિતાપઈં નિજ દહઈ સ્વ(શ)રીર. ૨૦૧
ઉંન્હાલઈ પાલુ ચાલસઈ, પગિ-દાઝણું લૂઅ લાગસઈ;
સીતલ વારિ ન પાવઈ કોઈ, તિમ તિમ નિજ શુ(સુ)ત દુષી(ખી)ઉ હોઈ. ૨૦૨
રયણિ દિવસ પરદેસિં ફિરઈ, ગિરિ પર્બતિ વાસુ કરઈ;
પલંગ તુલાઈ નવિ પુઢણુઈ, તલિ ધરતી ખગ-મુષિ(ખિ) ઉઢણેં. ૨૦૩
અતિશુ(સુ)કમાલ સકોમલ દેહ, તેહના કષ્ટ તણુ નહી છેહ;
વેલા અંન્ન પાન નહી મિલઈ, પુત્રસ્યો(શો)ગ નરપતિ ટલવલઈ. ૨૦૪
પરદેસઈ નવિ પૂછઈ કોઈ, કિં ભૂષ્યો(ખ્યો) કિં ધાયો લોઈ ?;
આદર-માંન ન પામઈ કિસિઉ, વિકલ-તણી પરિ ચાલઈ તિસ્યો." ૨૦૫
કહઈ નાયક "નિશુ(સુ)ણુ નરનાથ !, પુત્ર તણીં તુમ્હ દાષું(ખું) વાત;
તેહનુ સોગ મ કરસ્યો તુમ્હે, તે નિજ-નયણે દીઠુ અમ્હે. ૨૦૬
અતિશું(સું)દર સહેંજિ ગુણવંત, સી(શી)લ-સિ(શિ)રોમણિ શુષ(સુખ) વિલસંતિ;
રાજરિદ્ધિ પામી અતિબહૂ, એકજીભિ હું કેણીપરિ કહું ? ૨૦૭
હય ગય રથ પાયક પરિવાર, પાલા પરિગ્રહ-સંષ(ંખ) ન પાર;
અરથ તણુ નવિ લઈ છેહ, વરકાંમિણિશું વિલસેં નેહ. ૨૦૮
સી(શી)તકાલિ પુઢઈ ઉવરી, કરેં સેવ તશુ(સુ) વરશું(સું)દરી;
પલંગ તુલાઈ પુઢઈ સોઈ, દિવ્ય-વસ્ત્ર તશુ(સુ) ઉઢણુ હોઈ. ૨૦૯
ઉંન્હાલઈ અતિસી(શી)તલ વારિ, બાવનચંદન ચરચઈ નારિ;
પવન કરઈ તશુ(સુ) વરકામિણી, પૂરેં આસ સદા મન-તણી. ૨૧૦

વરસાલઈ પહરઈ પાવડી, રતનજડિત સોહઈ લાકડી;
ઉઢણિ કંબલિ-તણુ ન મૂલ, એણીપરિ કાકૂલ ગડઈ અનુકૂલ. ૨૧૧
ચૂઆ ચંદન અગર કપૂર, કસ્તૂ(સ્તૂ)રી પરીમલ ગુણભૂર;
રત્નજડિત પહિરઈ સિણગાર, તેહનાં શુ(સુ)ખ-તણુ નહીં પાર." ૨૧૨
રાઉ ભણઈ "નાયક! શુ(સુ)ણિ વાત, અલીય-વચનિ ઘાલઈ ઘાત;
જૂઠી વાત કાઈં તું લવઈ?, એહ વચન મુઝનઈં નવિ ગમે. ૨૧૩
એક દુષ(ખ) આગઈં શુ(સુ)ત-તણું, તુઝ વયણે વ્યાપઈ અતિ ઘણું;
દાઝયા ઉપરિ લાવઈ ષા(ખા)ર, નાયક! તું બોલઈં અવિચારિ. ૨૧૪
એહવી વાત અવર નર કરઈ, તુ નિશ્ચે અણષૂ(ખૂ)ટઈ મરઈ;
પણિ મેં તુમ્હ-સરિશું ન કહઈ, એહવાં વચન કહઈ નરરાય. ૨૧૫
નાયક! લાજ નહી તનિ તુજ્ઝ, એહવાં વચન પ્રકાસે મુજ્ઝ;
નીલજ! નિસ્ફ્ટ! ષ(ખ)રુ અયાં(જા)ણુ, હવઈ કહિસિ તુ ચૂકિસિ પ્રાણુ" ૨૧૬

દૂહા

ચાલવણી તુઝશું કિસી?, તું નરવર તું બાપ;
એ સદ્દહઈ સાચું સહી, સ્વાંમી! મ કરિ સંતાપ. ૨૧૭
ઠવણી-મોસો જે કરેં, વંચઈ જે નરરાય;
તેણેં પાપિં નરપતિ! ષિ(ખ)પું, જઉ વંચઉં તુઝ કાઈં. ૨૧૮
વિણુ-અવગુણિ કામિનિ ત્યજઈં, ઉવેષ(ખ)ઈ માઈ તાઈ;
તે બિહું ત્રીજુ હું સહી, જુ વંચઉ તુઝ રાય! ૨૧૯
અગમા-ગમ જે નર કરઈ, થાપઈ જે અંન્યાય;
તે બિહું ત્રીજુ હું સહી, જુ વંચઉં તુઝ રાય!. ૨૨૦
પરરમણી જે નર રમઈ, પરહ પ્રકાસઈ ગુજ્ઝ;
તે બિહું ત્રીજુ હું સહી, જુ વંચઉં રાય! તુજ્ઝ. ૨૨૧
વિત્ત પરાયો જે હરઈ, છંડઈ કુલ-આચાર;
તે બિહું ત્રીજુ હું સહી, જુ વંચઉં નરપાલ!. ૨૨૨
ભષ્ય(ક્ષ્ય) અભષ્ય(ક્ષ્ય)હ જે કરેં, કરઈં અધર્મા ધર્મ;
જુ હું વંચઉં રાઈ! તુઝ, તે મુઝ લાગઈ કર્મ. ૨૨૩
કંન્યા-વિક્રઈ જે કરઈ, પ્રભુ છંડઈ રિણમાંહિં;
તે બિહું ત્રીજુ હું સહી, જઉ વંચઉં નરનાહ! ૨૨૪
રયણી-ભોજન જે કરેં, નવણી કરઈ આહાર;
તે બિહું ત્રીજુ હું સહી, જુ વંચઉં નૃપસાર!. ૨૨૫

સ્વજન કુટંબહ પરહરી, સ્વ(શ્વ)સુર-પષ્ય(ક્ષ) રાચંતિ;
તેણેં પાપિં નરપતિ! ષિ(ખ)પું, જુ નરપતિ વંચંતિ. ૨૨૬

સાલા સાઢૂ દેષિ(ખિ) કરિ, રાચઈ મૂઢ અયા(જા)ણુ;
માઈ તાય જે પરિહરઈ, તેહ પાપ મુઝ જાણિ. ૨૨૭

**ચઉપઈ**

નાયક ભણઈ નરેસ્વ(શ્વ)ર શુ(સુ)ણુ, મેં કુંઅર દેષ્યો(ખ્યો) તુમ્હ તણુ;
બેનાતટપુરિ નયરિ નિવેસિ. રાજકુંઅર રમતુ શુ(સુ)વિસેસ. ૨૨૮

**દૂહા**

રયજમલિ રાણાજમલિ, તુમ્હ શુ(સુ)ત પૂરઈ કોડિ;
જાસુ પસાઈ અમ્હ-તણેં, ઘરિ ધણુ-કંચણુ-કોડિ. ૨૨૯

સાટા-ઊપહરી અધિક, વસ્ત અમૂલિ જેણિ;
અલવઈ આલી અતિ ઘણી, હું રણિ બદ્ધિઉ જેણિ. ૨૩૦

ઘડીય ઘડીય શુધિ જાણિવા, મઈ ઘણ જણ તિહ મુક્ક;
દિવસિ દિવસિ તે નવનવી, નિર્વૃતિ કહઈ અચુક્ક. ૨૩૧

તે નેહિં તુમ્હ ભેટિવા, હુ આવિઉ નરનાહ !;
તુમ્હ શુ(સુ)ત-દુષ(ખ) નૃપ! ટાલિવા, જૂહેં જિમણી બાહ. ૨૩૨

તશુ(સુ) પય-બંધણ તેણઈ નયરિ, તે પરણિઉ ધન-ધૂઅ;
બંધણ-ઊપરિ બંધણું, તેહ ગુરુવણી હૂઅ. ૨૩૩

નાયકરાય વધાંમણી, દીધી નરવર રાય;
પછઇ પઠાવઈ પેહલી, કુમર અછઈ જેણઈ ઠાઈ. ૨૩૪

"કૂકર-વચન કોપીઉ, ઘરિ-જંમ્માઇ થાઈ;
વાચી શુ(સુ)ત! તુમ્હે પ્રીછજ્યો, કવણ ભલુ બિહુમાંહ ? ૨૩૫

ઉત્તમ નીય-ગુણિ જાંણીઈ, મધ્યમ તાત-ગુણેહિં;
અધમ પ્રસિદ્ધા માઉલે, અધમાધમ શુ(સુ)સરેહિં. ૨૩૬

નાંમ ઠાંમ કુલ હારવી, ધન લદ્ધઉં તં કાંઈ ?
વિણુ-કીરતિ વિણુ-માણુ-જસ, અવસર આલેં જાઈ." ૨૩૭

અખર નિજ-તાતહતણા, જવ દિઠ્ઠા કુમરેણુ;
જિમ વાવ્યા તિમ સીચીઆ, નયણુહ-તણઈ જલેણ. ૨૩૮

'મારણ તાડણ જે સહઈ, જેહ અધમ નર હુંતિ;
અમ્હ-સરીષા(ખા) બેટડા, તેહ બોલ ન સહંતિ. ૨૩૯

અમીઅ-રસાયણ-અગ્ગલી, માઈ-તાઈ-ગુરુ-સીષ(ખ);
જે નવિ માંનઈ બાપડા, તે માંગેસઈ ભીષ(ખ). ૨૪૦

જઈ મનિ ભીનઉ રાયશુ(સુ)ત, ઉપણિ ઉપરિ વાણિ;
વલી ય પઠાવઈ વીનતી, તાત-તણુઈ અહ ઠાણિ. ૨૪૧
મન-ઊપહરા બોલડા, લિષ(ખ)ઈ તે રાજકુમાર;
"તુમ્હે મુઝ કહિઉ વાણીઉ, તેહ વયણ-ફલ સાર. ૨૪૨
જેણેં અવસરિ જોઈઈ, સ્વાંમી-તણુ પસાય;
તેણેં તીર જ તારણું, કિમ સેવિજ્જઈ પાય? ૨૪૩
ઘર-જંમાઈ ઘર-શુ(સુ)ણહ, એહ રીસ ન ધરંતિ;
ઘર-ઉપમાંન્યા છોરૂઆં, મરઈ કિ દૂરિ ફિરંતિ. ૨૪૪
એહવી વલતી વીનતી, નરવરિ વાચી જામ;
પુનરપિ લેષ(ખ) પઠાવીઉ, કુમાર-હકારણિ તાંમ. ૨૪૫
તુમ્હ કારણિ જં બોલીઉં, તે ઉપમાન કિ માન?;
શુ(સુ)ત! સંભારિ વિચાર કરિ, તુ આરોગે ધાંન. ૨૪૬
જે જે જોઈ બોલડા, તે તે ભર્યા આણંદ;
તુ મોકલાવઈ નર નિઘુટે, બીજી વાર સુનંદ. ૨૪૭
જવ મોકલાવઈ વર ઘરણિ, તાં સંપત્તઉ લેષ(ખ);
માહિ નવ નવ બોલડા, તિહાં નવનવા વિસે(શે)ષ. ૨૪૮
"મોર-તણી પરિ પીછડાં, મેં મેલ્હીઆ વણેહિં;
હૂઉ અગાસુ તેહ વિણુ, તિમ સરિ રાય-તણેહિં. ૨૪૯
પિંછડલાં તે રાય સરિ, તુમ્હ સરિ સોહઈ સ્વામિ;
રાજહંસ ક્રીડા કરઈ, તેજ તપઈ તુમ્હ નામિ." ૨૫૦
"જાતઈ એકહ પીંછડઈ, મોર દોહેલું કાંઈ?;
તુમ્હ નવ્વાણું પીછડાં, ભરપૂરી રહીઆઈ." ૨૫૧
"બેડી-કેરાં પાટીઆં, બંધ્યા બહૂઅ-ગુણેણ;
તે જુ છંડઈ ઠાંમ શુ(સુ)ત!, તુ તારિજ્જઈ કેણિ?. ૨૫૨
કલપત્તરનાં પાંનડાં, ઊડઈ વાય-વસેણ;
તુહિ તિહાં ટાઢી છાંહડી, સરષી(ખી) અમીઅ-રસેણ. ૨૫૩
ઊતરિ ઊતર પાઠવેં, લષિ(ખિ) લષિ(ખિ) વયણ ઘણાઈ;
અનઈ ઘડાવઈ આભરણ, નવ્વાણુંઅ-તણાંઈ. ૨૫૪
માઈ—ભુજાઈ—વહૂઅડેં, કણય—રયણ—શૃંગાર;
આપહ-બંધવ-કારણિં, તુરીઅ સરિસ અથીઆર. ૨૫૫
ભલાં ભલેરા ભેટણાં, પાઠવીઆ પીઅ—પાસિ;
વલતા ભંભા શ્રેણીકઈ, આણાવી આવાસિ. ૨૫૬

### વસ્ત(સ્તુ)

લેષ(ખ) પુનરપિ લેષ(ખ) પુનરપિ પાઠવીય તાય જે ભીલી તેં અવગણીં,
તેહ તાતિં ન્યાનીય પૂછએં મુણિવયણિહિં ભાષાસુમતિ અમ્હ પુત્ત ભણી તું પરીછયો;
તેઉ તે માગઈ અમ્હ કન્હેં રઢ મલઈ અંતર રાઉ,
દિન કેઈ બેનાતટિહિં બાહિરિ મ ઠવિસિ પાઉ. ૨૫૭

### ચઉપઈ

તં જાણી બોલઈ નરરાઉ, કવણ ભલતે રહઈ કુણ ઠાઈ;
તેણેં અવસરિ કાઢીઆ તુરંગ, તુ મોકલાવઈ નયણ-કુરંગિ. ૨૫૮
પભણઈ નારિ "કંત! કરુ સીધ્ય, પણિ સ્વાંમી! દ્યો અમ્હ એક બુદ્ધિ;
હોસઈ પુત્ર ઘરિ ગુણવંત, પૂછઈ નામ તુમ્હારુ કંત! ૨૫૯
તવ ઊતર હું કેણી-પરિ કરું?, નામ તુમ્હારુ હીયડઈ ધરું;
ગાંમ-નાંમ પૂછઈ તુમ્હ-તણું, કુ(ક)હું સ્વાંમી! હું કેણીપરિ ભણું?". ૨૬૦
તવ કુંઅર મનિ કરઈ વિચાર, ધરીય ષ(ખ)ડી જિમણઈ કરી સાર;
ઘર ભારુટિ લિષ(ખ)ઈ સવિ મર્મ, ગામ નામ નૃપ ભાજઈ ભર્મ. ૨૬૧
રાજગ્રહી નયરી શુ(સુ)વિસા(શા)લ, નરપતિ નામ ગામ ગોવાલ;
ભંભાસાર સમસ્યા કહી, ગાહા લિષી(ખી) ચાલ્યો નૃપ સહી. ૨૬૨
ગઈય શુ(સુ)નંદા તાતહ ગેહ, કુંઅર પહૂતુ નયરહ છેહ;
રયણ પષા(ખા)લી લીધુ નીર, છાંટઈ સવિ અસવાર સ્વ(શ)રીર. ૨૬૩
ચઢીય તુરંગમિ ચાલ્યો જાંમ, વાજઈ પંચ-સબ્દ તેણઈ ઠાંમિ;
ગય ગુડિઆ હયવર પાષ(ખ)ર્યા, જૂતા રથ હત્થઆરે ભર્યા. ૨૬૪
સિંહ-તણી પરિ ચાલ્યો જાઈ, દુર્જન દુષ્ટ તે દૂરિ પલાઈ;
કુમર ન આણઈ સંકા કિસી, શ્રેણી-કુમર ચલ્યો ઉલ્હસી. ૨૬૫
જિહા છઈ ભીલ-તણુ અહઠાણુ, તેણેં થાનકિ પુહુતુ ગુણ-ભાણુ;
ભંભા-નાદ કીઉ તેણી વારિ, શુ(સુ)ણીઅ સ(શ)બ્દ ઉઠીઆ પોકાર. ૨૬૬
પલ્લીપતિ ચમકયો મનમાંહિ, એ કુણ નૃપ આવિઉ એણેં ઠાહિં;
કરીઅ સમસ્યા મિલિઆ ભીલ, કરઈ પોકાર જિમ બોલઈ ચીલ. ૨૬૭
સીગીં-નાદ શ્રવણિ સંભલઈ તતષિ(ખિ)ણિ ઘણા ભીલ તિહાં મિલઈ;
સવા લાષ(ખ) મિલીઆ તેણી વાર, માહોમાહિં કરઈ પોકાર. ૨૬૮
એક નાચઈ એક ગાઈ ગીત, એક ઊછલઈ આપણી રિતિ;
એક બાંણ સાધઈ ઘરહરી, એક ભીલડઈ ઘરઘરી. ૨૬૯
સૈન્ય દેષિ(ખિ) રલીઆયત થાઈ, ચિહું પષિ(ખિ) વેઢિઉ શ્રેણી-રાય;
'નાસંતુ નવિ છૂટઈ આજ, ભીલ કહઈ નિરરાજ!' ૨૭૦

કુંઅર શુ(સુ)ભટ ઝૂઝેવા ભણી, ઝૂઝંતા વારેં ઘરધણી;
"વિણુ ઝૂઝડેં તુમ્હ નામે સીસ, તુ તુમ્હે દેજ્યો મુઝ આસીસ. ૨૭૧
એ બાપડઉ કરઈ છઈ ગેલ, તુમ્હ આગલિ એ ષે(ખે)લઈ ષે(ખે)લ;
જંબુકશું મૃગપતિ કિમ ભિડઈ?, રંક–સરિ રાજા શું લડઈ?" ૨૭૨
મેઘ–તણી પરિ વરસે બાણ, કુંઅર–કટિક નવિ આવઈ હાણિ;
ઝૂઝ કરી તે થાક ભૂર, કુંઅરિં ભીલ ગ્રહિઉ જિમ ચોર. ૨૭૩
બાધી આગલિ કીધુ જામ, પંથ દેષા(ખા)લિ કુંઅર કહે તાંમ;
તેડી વાટિ લેઈ ગયો તેહ, રાજગ્રહી નિજ મંદિર ગેહ. ૨૭૪
કર જોડી શુ(સુ)ત પ્રણુમઈ તાય, દઈ આલિંગન નિજ નિજ ભાય;
માત-પિતાને નામઈ સીસ, કુંઅર-પ્રતિ તવ દઈ આસીસ. ૨૭૫
નયર-મધ્ય વરત્યો જયકાર, નર-નારી-મનિ હરિષ અપાર;
પિતા-પુત્ર આલિંગન દેય, હરષે આંશૂ(સૂ) નયણુ ઝરેય. ૨૭૬
તલિયા તોરણુ વંકર-વાલ, કરઈ નૃત્યતિ તિહાં અબલા બાલ;
મંગલ ગાવઈ વરકાંમિણી, દઈ આસીસ સકલ ભામિણી. ૨૭૭
ચિરંજીવ હોજ્યો નરપાલ, જીવો વર કોડિ ચિરકાલ;
નયર-લોક આણંદેં બહૂ, શ્રેણી-ભેટણિ આવઈ સહૂ. ૨૭૮
સોવનથાલ મુગતાફલ ભર્યો, મણિ-મણિક-હીરે આવર્યો;
કરીઅ ભેટ નૃપ કરઈ જુહાર, વસ્તું પહિરાવઈ ગુણધાર. ૨૭૯
રાજા રાજ સમુપઈ તાંમ, સકલ સૈન્ય સિઉં કરઈ પ્રણાંમ;
ભરીય સેસ થાપિઉ નાહ, મુ(મ)ગધ-દેશિ ટલિઆ દુષ(ખ)-દાહ. ૨૮૦
શ્રેણિક-રાઈની વરતી આંણ, રિપુદ[લ] ચંપી મોડચા માણ;
સંત-તણી નૃપ સેવા કરઈ, દુર્જન દુષ્ટ દૂરિ પરિહરઈ. ૨૮૧
સાત વિસન નવિ સેવઈ રાઈ, સેવઈ મુનિજન-કેરા પાઈ;
અનાચાર નૃપ છંડઈ દૂરિ; મારી સિ(શિ)ત્રુ કીયા સવિ ચૂર. ૨૮૨
રાઈ પ્રસેનજિત દીષ્યા(ક્ષા) વરઈ, માયા મોહ સકલ પરિહરેં;
આતાપ દિષ્યા(ક્ષા) પાલઈ ષ(ખ)રી, સકલ ક્રોધ દૂરિ પરહરી ૨૮૩
કાલ કરી હૂઉ સુરરાય, અનુક્રમિ લહઈસિઈ સિવપુરિ ઠાય;
પાપ પુંણ્ય દૂરિ પરહરેં, તે નિશ્ચેં શિવરમણી વરેં. ૨૮૪
બંધવ સવે મનાવ્યા આણુ, કો કહઈનિઈ નવિ લોપઈ પ્રાંણિ;
વાટી દેસ દીઆ તેહને, રાજગ્રહી રાષી(ખી) નિજ-કન્હેં. ૨૮૫
ચોર ચરડ સવિ નાઠા દૂરિ, શુષ(સુખ)-સંપતિ જિમ જલહર-પૂર;
દેસમાહિં ટાલી હણુ-મારિ, ષે(ખે)લંતાં મુષિ(ખિ) બોલઈ સાર. ૨૮૬

અણગલ નીર ન પાવઈ કોઈ, નરપતિ-આણ વહઈ સવિ લોઈ;
જીવદયા પાલઈ અતિ ષ(ખ)રી, શ્રેણી-કીરતિ જગિ વિસ્તરી. ૨૮૭

ઘાટ ઘાટ નવિ લાગઈ કોઈ, તે મહિમા નરપતિનુ હોઈ.
વાઘ સિંઘ સવિ નાઠા ફિરઈ, શ્રેણીકરાય-પ્રતાપિં કરે. ૨૮૮

**દૂહા**

રૂડું કીધું શ્રેણિકઈં, નરપતિ-કેરું કજ્જ;
પણિં તેણઈં રહણિ રહાવીઉ, નયર રાજગ્રહી રજ્જ. ૨૮૯

સીમાડા સવિ વસિ હૂઆ, પય લગ્ગા કરજોડિ;
અવર જિ મંદિરિ મંતીઅણં, તે ષિ(ખિ)ણ ષિ(ખિ)ણ થ્યા ષો(ખો)ડ. ૨૯૦

મુદ્રા નીય-હત્થહ તણીં, જે મૂલગુ પ્રધાંન;
એકહ-ઊણા પંચસેં, તેહનેં ન દીઈ માન. ૨૯૧

રાય વડઈ જે માંનીયા, તે હાકયા સવિ દૂરિ;
સવિ ગામટ ગોવાલીઆ, માન કરઈ નૃપ ચૂર. ૨૯૨

હુંઅ ભલુ હુંઅ ભલુ, એણીપરિ ભણઈ સવેય;
પ્રહ-ઊગમિ પહઈરાવીઈ, સાંઝ-સમઈ નૃપ લેય. ૨૯૩

શ્રેણીક ક્રિત્ય(કૃત્રિ)મ કોપીઉ, હૂઉ નવલ્લઈ રૂપિ;
પુહુચઉ પહરણિ મુંદડી, નાષી(ખી) નિર્જલિ-કૂપિ. ૨૯૪

એહ પંચસઈ-માહિલુ, અહવા બીજઉ કોઈ;
કાંઠઈં બઈઠા ડ(અ)પહરસેં, મંત્રીસ્વ(શ્વ)ર શિરિ સોઈ. ૨૯૫

જાં જલ કંઠ કોઇ નવિ, પહરઈ બુદ્ધિ-નિધાન;
તવ લગઈં 'હું' શ્રેણીક ભણેં, રાજા અનઈં પ્રધાંન. ૨૯૬

પત્ત-લંબણ બદ્ધ તિહાં, નયરહ સીહદૂઆરિ;
પાષ(ખ)લિ પાષ(ખ)લિ પાહરી, મુંકયા ભંભાસાર. ૨૯૭

જોઅણહાર-જાણ પ્રતિ, લવઈ જેણ વયણેહિં;
જે માહિ મુદ્રા તે તુમ્હે, પાડે તેહ નયણેહિં. ૨૯૮

જોઈ જોઈ ઊસના, નવિ પાંમીજઈ છેહ;
મંત્રીસ્વ(શ્વ)ર સવિ યમ ભણેં, વિકટ કુહેડઉ એહ. ૨૯૯

રાઉ પ્રધાંનપણું કરઈ, રાઉ તિ રાજ કરંતિ;
નિત ઉઠી મંત્રી સરિસ, કૂપક-કંઠિ ફિરંતિ. ૩૦૦

પંચ સયા મંત્રી તિહાં, કરઈ અનેક ઉપાય;
નિજ નિજ બુધ તે કેલવઈ, પણિ મુદ્રા ન કઢાઈ. ૩૦૧

એણેં અવસરિ રાજગ્રહી, અર્દ્ધ-વરીશુ બાલ;
કૂઆ-કંઠઈ આવીઉ, કહઈ શુ[સુ]કવિ દેપાલ. ૩૦૨

વાચી પત્તાલંબણું, રયણ નિહાલિઉં તેણિ;
પૂછઈ સવિ મંત્રી પ્રતિ, કાંઈ ન કાઢિઉં એહ. ૩૦૩

તે કિમ કહીઈ મંતીઅણ, જેણેં એતલું ન હોઈ;
એણઈ કૂઈએ મુંદડી, કાઢી ન સકઈ કોઈ. ૩૦૪

'ડાહિમ. લોગહ લૂસવા, ડાહિમ પા(ખા)વા રજ્જ;
તેણઈ ડાહિમ સિઉં કીજીઈ?, સ્વામી ન કરઈ કજ્જ. ૩૦૫

વઈદ વિહૂણુ-સંહિતા, બુદ્ધિ-વિહીણ પ્રધાંન;
એક દષ્ય(ક્ષિ)ણ કર કાપીઈ, દૂજા ડાવઉ કાંન. ૩૦૬

કિ કરિ પહિરુ મુંદડી, કઈ સિર ઢંકી જાઉ;
વરસહ બાંટઉ બારમુ, લોકહ-તણુ મ પા(ખા)ઉ. ૩૦૭

એક ભણેં એ છોકરુ, સીષ(ખ)વિ મુંકવો કેણિ;
હાકી તાકી નવિ સકઈ, નરપતિ-તણઈ ભયેણ. ૩૦૮

એક ભણેં એ લહૂઅડઉ, બોલઈ વડ-વયણાંઈ;
સાલૂણુ એહ મુષ(ખ)-કમલ, સાલૂણાં નયણાંઈ. ૩૦૯

પત્તાલંયબણ-પાહરી, તેહ જણાવઈ નાહ;
લષ્ય(ક્ષ)ણવંતઈ લહૂઅડઈ, ગાઢઉ માડચો ગાહ. ૩૧૦

પહિલું પત્તાલંબણહ, વાચિઉ વડઈ વિવેકિ;
પાછઈ સવિ મંત્રીસરહ, હાકયા એકઈ એક. ૩૧૧

તેહ ભણેં એ મુંદડી, પહિરુ કિ પહરેશુ;
કુહુ કોઈ જુ પહરસેં, તુ અમ્હ કવણ આદેસ?. ૩૧૨

વાત શુ(સુ)ણવિ નરવર ભણેં, તુમ્હ તેવિ તા કરેઉ;
લાંપ લવઈ તે લાંષ(ખ)જ્યો, ગાઢા ગલઈ ધરેઉ. ૩૧૩

મેલ્યા લોક તેહ પાષ(ખ)લિં, મિલીઆ અતિહ અપાર;
કિમ કાઢઈ મુંદડી?, જોઈ જોવણહાર. ૩૧૪

**ચઉપઈ**

મેલાવામાહિ આવીઆ, રાજકુમર તવ બોલાવીઆ;
આઠ જણા બોલાવઈ તામ, તે આવીનેં કરઈ પ્રણામ. ૩૧૫

મતિહ-મેરુ-કેરી મુંદડી, અંત કૂપમાહિ તે પડી;
કિમ કાઢઈ એ મુદ્રારતન, જૂઉ જૂઉ જાણતણું એ યતન. ૩૧૬

કુંઅર કહઈ કાજ વારિ, એક એકશું કરઈ વિચાર;
એક મોકલિઉ શ(સૂ)ત્ર આપિવા, એક મોકલ્યો કણ કાપિવા. ૩૧૭

એક વષાં(ખા)ણીં ત્રણઈ શુજાંણુ, વેચી અરથ અણાવુ છાણુ;
એકનઈં ભણેં દેવ ! અવધારિ, તુમ્હે સાટવુ છાજનુ ભાર. ૩૧૮

એકનેં કહઈ કાજિ તું લાગિ, વેગિ આણિ જલંતી આગિ;
ગોલા બાંધી છાણહ-તણા, નિરતા નિરતા નાષેં(ખે) ઘણા. ૩૧૯

જુ મુદ્રા દીસંતી ટલી, તવ તિહ ઊપરિ ષ(ખ)ડ પરજલી;
એક પહિં કહઈ મૂલ કરાવિ, અવર કૂપ અરહટ ફેરાવિ. ૩૨૦

નદીપ્રવાહ-સરીષી નીક, તિમ ચાલઈ જિમ આવઈ છીક;
પાંણી-ઊપરિ છાણું તિરેં, મુદ્રા સરીસ પ્રદષ્ય(ક્ષ)ણ કરઈ. ૩૨૧

કૂપ ઊપરિ વલીઉ નીર, કાંઠઈ બઈઠુ લહૂઉ વીર;
સયલ લોક મનિ કરેં વિચાર, શુ(સુ)રરૂપિં આવીઉ કુમાર. ૩૨૨

છાંણું ભાજી પહરી મુંદ્ર, હરષ્યા(ખ્યા) સંત વિષાદ્યા સિ(શ)ત્રુ;
શ્રેણીક-રાઈ તેડાવીઉ, આઠ જણા-સરસો આવીઉ. ૩૨૩

છત્ર ચમર સિંહાસણ સાર, જાણી નરવર કીઉ જુહાર;
રતનેં રતન કીદ્ધ ભેટણેં, રતન-પરીષ્યા(ક્ષા) રતન જિમિણઈ. ૩૨૪

રાઉ ભણઈ આવઉ બા(લીઆ), તેહ ભણઈ હઉ ગોવાલીઆ;
રાઈ તવ ઉછંગિં લીઉ, અતિ-આણંદઈ બોલાવીઉ. ૩૨૫

લઘુ-વેસઈ ગુણ દીસઈ ઘણા, કિહાંથિકા આવ્યા પરહુણા?;
કુંમર ભણેં "બેનાતટ ઠાંમ, રૂઠા-રાજકુંઅર-વિશ્રાંમ." ૩૨૬

વીતક વાત કહઈ પરધાન, હું હું ભણઈ રાઉ દઈ કાન;
સંકેતઈ ચમકયો ભૂપાલ, સહૂ સાંભલઈ ભણેં દેપાલ. ૩૨૭

બેનાતટ-નામેં સાંભલી, મંત્રી પ્રગટ બોલાવિઉ વલી;
નયણિ નીર ભરી પૂછઈ ભૂપ, બેનાતટનું કહુ સરૂપ. ૩૨૮

બેનાતટિ જે ધન વાણીઉ, જીવઈ કિં મૂઉ પ્રાંણીઉ;
મંત્રિ ભણઈ તે જીવઈ દેવ !, વિકલ વિયોગેં મરસઈ હેવ. ૩૨૯

શ્રેણી પૂછઈ મનિ ધરી સ્યો(શો)ગ, કુહુ પ્રધાન ! તશુ(સુ)ં કવણ વિયોગ ?;
મંત્રી ભણઈ તેણેં સિઉં કાજ?, તુમ્હિ મનિ ધરુ તુમ્હારું રાજ. ૩૩૦

તશુ(સુ) બેટી પરણીં ગોવાલિ, તેહ ત્યજી નાઠઉ અંતરાલિ;
પણિ તે કુલહ સીલ-આધારિ, બેટઉ જાગ્યો અભયકુમાર. ૩૩૧

પઢત ગુણત તે પ્રજ્ઞા ઘણી, આદર દઈ બેનાતટ-ધણીં;
રણિ રાઉલિ રાઉત-માનીઉ, પણિ નેસાલીએ ઉપમાંનીઉ. ૩૩૨

નેસાલીએ 'નિબાપુ' કહિઉ, તેહના બોલ સહી ઘરિ રહિઉ;
રીસિ ચઢિઉ મન રહે ન ઠાંમ, પૂછઈ જાણણિ શુ(સુ)નંદા તામ. ૩૩૩

માત! તાત અમ્હ કુ(ક)હુ કિહા અછઈ, અંન્ન-પાન તે જાણ્યાં પછઈ;
અષ્ય(ક્ષ)ર વાંચિ એણે ભારુટિ, હવઈ રોઈસિ તુ મારિસિ છુટ. ૩૩૪

અષ્ય(ક્ષ)ર વાચી જોયા જાંમ, જઉ બોલઈ તુ ભાજઈ માંમ;
તેણિ ભણુઈ હું નહી અજિ રહું, બોલ લોકના નહી સાસહું. ૩૩૫

લીધા અણિડ લાષ(ખ) સોવર્ણ, ધનઈ આપ્યાં મૂલગાં રતન;
રાઉ-તણું વઉલાવઉં લેય, એણે નયરિ આવિઉ છઈ તેહ. ૩૩૬

પુત્રી-શુ(સુ)ત-દુષ(ખ)તણે વિયોગ, ધન મરસઈ કરસ્યે(શે) સ્યો(શો)ગ;
અભયકુમાર સદીકો લીઉ, આહાં આણીનઈ મઈ મેલ્હીઉ. ૩૩૭

હું તેહ સરિશુ(સુ) હું તશુ(સુ)મિત્ર, એહ મઈ માંડચો એહ ચરિત્ર;
સાચી વાત સયલ હું કહું, તેહ વિના હું ઘડીય ન રહું. ૩૩૮

રાઉ ભણુઈ ગુલ આગઈ ગુલ્યો, અમીઅ-ઘૂંટ તેમાહિ મિલ્યો;
હવઈ પ્રધાન મ લાઉ ષે(ખે)વ, તિહાં જાસિઉં આપણ પઈ બેવ. ૩૩૯

કરીઅ સજાઈ ચાલ્યા તામ, જીરણ-મંત્રિ સમુપિઉ કામ;
પિતા પુત્ર ચાલ્યા મન-રંગિ, હીયડઈ ઊલટ આણી અંગિ. ૩૪૦

આગલિ મુદ્રા-પહરણહાર, પૂઠિ પહૂતુ ભંભાસાર;
લોક ભણુઈ ધૂતારુ એહ, ઉઠી ચાલ્યો નરવર લેય. ૩૪૧

બેનાતટિ પુહુતા વર વીર, નરપતિ નંદન સાહસ-ધીર;
નયરિ દેષે(ખે) હીયડઇ ઉલ્હસે, વન વાડી દેષી(ખી) નૃપ હસે. ૩૪૨

ઊતારુ નંદન આરામિ, પિતા પુત્ર તેણઈ આવ્યા ઠામિ;
રાય શુ(સુ)નંદા દીઠી નયણિ, તુ અભયડ બોલાવિઉ વયણિ. ૩૪૩

તું મઈ તેણઈ થાંનકિ ઉલષ્યો(ખ્યો), બાલિક કહી બોલાવિઉ ભષ્યો;
બેનાતટની બિરદાવલી, બોલંતુ પરષ્યો(ખ્યો) અટકલી. ૩૪૪

**વસ્ત(સ્તુ)**

પુત્ર તુંહ જિ પુત્ર તુંહ જિ અભયકુમાર, કહઈ નરપતિ તુ મેરુહર,
રાજસભાં-શૃંગાર શું(સું)દર, તઈ શુ(સુ)ત મુઝને ભોલવિઉ;
તું અગાધિ ગુણરયણ-મંદિર, શ્રેણી અભયકુમાર શુ(સુ)ત મિલવા અવસર;
દાંન જં દિજઈ તં થોડિલું, તં મહિ મેરુ-સમાણિ. ૩૪૫

શ્રેણી રાજા અભય પ્રધાન, નૃપ આપઈ મંત્રી બહૂમાન;
ધનપતિ શ્રેષ્ટિ મિલવા ભણીં, આવિઉ સી(શી)ઘ્ર તિહાં તતષિ(ખિ)ણી. ૩૪૬

દેં આલિંગ નરપતિ સેઠિ, દોહીત્રો દીઠુ નિજ દ્રેઠિ;
અતિ આણંદ હૂઉ તેણીં વારિ, નયરી વરત્યો જયજયકાર. ૩૪૭
નયર રાય આવઈ ભેટિવા, શ્રેણી કુંઅર નયણિ નિરષ(ખ)વા;
નરપતિ નરપતિ નામઈ સીસ, નર નારી તિહાં દઈ આસીસ. ૩૪૮
તેણેં નયરિ દિન કેતા રહઈ. ધનપતિ શ્રેષ્ટિ પ્રતિ નૃપ કહેં;
મુકલાવઉ નિજ પુત્રી તુમ્હે, નિજનયરી લેઈ જાસિઉં અમ્હે. ૩૪૯
છંડ્યા રાજ હૂઆ દિન ઘણા, જોસેં વાટ મંત્રિ અમ્હ તણા;
રાઉ વિણુ રાજ ન રહણેં રહઇ, વલીય વલી શુ(સુ)સરા! સિઉં કહઈ? ૩૫૦
આંણા તણી સજાઈ કરેં, સ્વજન ભેટિ કુંઅરી સંચરઈ;
દઈ આલિંગન પ્રણમેં પાય, ભેટઈ કુંઅરિ માઈ અનેં તાય. ૩૫૧
હિતસિષ્યા(શિક્ષા) કુંયરી પ્રતિ દેય, "સાસૂ-શુ(સુ)સરા-ભગતિ કરેય;
કંત તણી નિત સારે સેવ, મનિ જાણે હરિ હર એહ દેવ." ૩૫૨
શ્રેણી શ્રેષ્ટિ મોકલાવા ગયો, દોહીત્રો પય લાગી રહ્યો;
શ્રેષ્ટિ હીય દુષ(ખ) વ્યાપઈ ઘણુ, પુત્રી-શુ(સુ)ત-જમાતર-તણુ. ૩૫૩
નયણે નીર વહઈ અસરાલ, જાણિ કિ આવિઉ પાવસ-કાલ;
કર જોડી નૃપ કરઈ પ્રણાંમ, દેઈ આલિંગન ચાલ્યો તાંમ. ૩૫૪
સાથિ નારિ શુ(સુ)નંદા લેય, રાજગ્રહી ભણી ચાલ્યો તેહ;
મંત્રી સહિત ચલ્યો નરરાય, સિંઘ તણી પરિ ચાલ્યો જાઈ. ૩૫૫
નિજ નયરી પુહુતુ નૃપ જામ, વાત પહૂતી નયરિ તાંમ;
જયજયકાર નયરમાહિ હૂઉ, નૃપ કામિણિ શુ(સુ)ત સિઉં આવીઉ. ૩૫૬
નયર-મધ્ય ગૂડી ઓછઈ, નર નારી તિહાં જોવા મિલેં;
નયરલોક આવઈ ભેટિવા, નરપતિ-નારિ-પુત્ર નિરષ(ખ)વા. ૩૫૭
કરીય ભેટિ નૃપ પ્રણમેં પાઇ, દઈ આલિંગન ઊભુ થાઈ;
નર નારી તવ દઈ આસીસ, 'દંપતિ જીવજ્યો કોડિ વરીસ.' ૩૫૮
શ્રેણીકરાય આણંદ્યો બહૂ, નયર-લોક પહિરાવઈ સહૂ;
યાચક-જન દીજઈ બહૂ માંન, મનવંછિત નૃપ આપઈ દાંન. ૩૫૯
મોટઈ મુહુચ્છવિ કીઉ પ્રવેસ, નિજ મંદિરિ આવીઉ નરેસ;
આવઈ વધાવાં ઘર ઘર તણાં, દાંન માન તશુ(સુ) દીજઈ ઘણાં. ૩૬૦
શ્રેણિકરાઈ કરેં તિહાં રાજ, સકલ લોકનાં સારઇ કાજ;
અભયડ મંત્રી-પદ ભોગવઈ, નરપતિ કાજ સકલ જ્યોગવઈ. ૩૬૧
મંત્રી-બુધિ ન લહીઈ પાર, દુર્જન દુષ્ટ કરેં પરિહાર;
બુધિં રાજ-કાજ કેલવઈ, અભય પ્રતિં નવ કોઈ ભોલવઈ. ૩૬૨

પૂરેં આસ અકલ-જન તણી, નૃપ-કીરતિ વાધી અતિ ઘણી;
'નિકરા કરઈ નિરંતર લોક,' પ્રથવી વરત્યો પુણ્ય-સિલોક. ૩૬૩

જે નિર્ધન તેહનેં ધન દેય, શ્રેણીક-જસ સચરાચર લેય;
દુસ્થિત-જન નૃપ આપઈ દાન, સંત પ્રતિ અહનિસિ સનમાંન. ૩૬૪

એહ ચરિત્ર શુ(સુ)ણતાં શુષ(સુખ) હોઈ, મનવંછિત ફલ પાંમઈ સોઈ;
એહ ચરિત્ર નર નારી શુ(સુ)ણઈ, નવ નિધિ આવઈ તશુ(સું) અંગણઈ. ૩૬૫

જે નરનારી ગાવઈ એહ, મનવંછિત શુષ(સુખ) પામઇ તેહ;
શ્રેણી-ગુણ ગાવઈ નર નારિ, નિશ્ચઈ તે પામઈ ભવ-પાર. ૩૬૬

હું મૂરિષ(ખ) ભોલો મતિહીણ, કેણીપરિ કવિત કરું પરવીણ?;
અધિકું ઉછું બોલિઉં જેહ, મિછા દુકડ હોજ્યો તેહ. ૩૬૭

હું કવીયણ જન કેરુ દાસ, કરિઉં કવિત મન-તણેં ઉલ્હાસ;
એ ચઉપઈ રચી ચઉસાલ, કહઈ કર જોડી **કવિ દેપાલ.** ૩૬૮

ઇતિ શ્રીશ્રેણિક-અભયકુમાર ચરિત્ર સંપૂર્ણ સમાપ્ત;
શ્રીરસ્તુ શુભં ભવતુ કલ્યાણમસ્તુ.

# અજ્ઞાત કવિકૃત સ્થૂલિભદ્ર રાસ

વિધાત્રી વોરા

## પ્રાસ્તાવિક :

આ કાવ્ય પૂ. પં. પુણ્યવિજયજી મહારાજ પાસેથી મુનિશ્રી રમણિકવિજયજીએ કરેલી નકલના ચોપડામાંથી લીધું છે.

મૂળ પ્રત જેસલમેર ભંડારમાં "દશવૈકાલિક સૂત્ર આદિ" પત્ર ૬૮–૪૪ને નં. ૪૨૩ પર નોંધાયેલી છે અને અંતિમ પત્ર ઉપરની પુષ્પિકા ઉપરથી એટલું જાણી શકાય છે કે સમગ્ર પોથી સં. ૧૪૩૭ વૈશાખ સુદ ૨ ને દિવસે લખી છે. એટલે આ કાવ્ય પણ સં. ૧૪૩૭ પહેલાંનું છે. આ સિવાય, આ કાવ્યના કર્તા, સમય કે સ્થલ વગેરે વિશે કાંઈ જાણી શકાતું નથી.

સાહિત્યમાં નોંધાયેલી "સ્થૂલિભદ્ર-કોશા"ને લગતી ઘણી કૃતિઓ જેવી જ આ પણ એક એ વિષયને લગતી કૃતિ છે. છતાં પણ કથાવસ્તુ ઉપરથી આ કૃતિનું મહત્ત્વ વધી જાય છે. થોડાક મુખ્ય પ્રસંગો જોઈએ :

### કથાવસ્તુ

૧ નંદરાજાનો મંત્રી શકટાલ અને એના સ્થૂલિભદ્ર અને શ્રીયક નામે બે પુત્રો. નંદરાજાનું વિદ્યાવ્યસન અને એની પાછળ થતો ધનનો વ્યય તેમ જ નંદરાજાની રાજકારણમાં બેદરકારી; પરિણામે શકટાલને પોતાની જવાબદારી સમજી મુત્સદ્દીગીરી વાપરવી પડી. શકટાલ પોતાની વિદુષી પુત્રી દ્વારા, વરરુચિની મૌલિક રચના(વાર્તા)ને પડકારે છે.

૨ માનભંગ થયેલો વરરુચિ, ગંગાનદીમાં સંચ ગોઠવે છે. નંદરાજા તરફથી દાન બંધ થયેલું હોવા છતાં ગંગામાંથી દાન(દ્રવ્ય)પ્રાપ્તિ કરે છે અને લોકોને ભોળવે છે કે એની અલૌકિક શક્તિથી ગંગાજી એને દાન આપે છે. શકટાલ એમાં પણ એને ઉઘાડો પાડે છે. વળી પાછો વરરુચિ બાળકો દ્વારા નંદરાજાને કાને વાત પહોંચાડે છે કે શકટાલ નંદરાજાને મરાવી શ્રીયકને રાજા બનાવશે. (૧૦ કડી સુધી).

૩ શકટાલ પોતાના કુટુંબને સમજાવી ઝેર ખાય છે. અને પછી દેખાવ ખાતર શ્રીયક શકટાલનું માથું કાપી નાખે છે. (૧૧–૧૨–૧૩–૧૪ કડી)

૪ પાછળથી શકટાલના શીખવ્યા મુજબ શ્રીયક નંદરાજાના મનનું સમાધાન કરે છે. (વચમાંના પ્રસંગમાં........રાજા શકટાલ ઉપર રોષે ભરાય છે વગેરે અને અને પદચ્યુત કર્યા બરાબર રાજાના એના તરફના વર્તનથી શકટાલને મનોવ્યથા થાય છે......)

૫ ૧૫–૧૬ કડી અસ્પષ્ટ છે છતાં એ કડીમાં રાજાના મનનું સમાધાન થાય છે. શકટાલના ઉત્તરાધિકારી તરીકે શ્રીયકને રાજમુદ્રા ગ્રહણ કરવા કહે છે, પણ પોતાનાથી મોટા પુત્ર

તરીકે સ્થૂલિભદ્રનો પહેલો હક્ક હોવાથી શ્રીયક રાજમુદ્રાનો અસ્વીકાર કરે છે. રાજા એને કહેણ મોકલે છે, પણ સ્થૂલિભદ્ર વર્ષોથી રૂપજીવિની કોશાને ગૃહે જ નિત્યવાસ કરતો હોય છે. સ્થૂલિભદ્ર સ્વાભાવિક રીતે એના પિતાનું મૃત્યુ થયાની વગેરે પૂર્વ હકીકત સાંભળ્યા પછી વિરક્ત થઈ દીક્ષા લે છે. આમ સ્થૂલિભદ્રને લગતી કૃતિ હોવા છતાં સ્થૂલિભદ્રનો પાત્રપ્રવેશ છેક આ રીતે આટલે વખતે થાય છે. ૧૮–૧૯–૨૦ કડી તૂટક છે.

૬ લગભગ ૨૬ કડી સુધીમાં સ્થૂલિભદ્ર ગુરુની અનુમતિ લઈ ચાતુર્માસ કોશાને ત્યાં ઘણી સફળતાથી પાર પાડે છે, અને ગુરુની પ્રશંસાને પાત્ર બને છે, પણ એનો તેજોદ્વેષી ગુરુબંધુ, પછીનો ચાતુર્માસ કોશાને ત્યાં ગાળવાનું નક્કી કરે છે...પરંતુ (૨૭–૩૪ કડીમાં) ત્યાં જઈ કોશાને વશ કરવાને બદલે એ પોતે જ એને વશ થઈ જાય છે; એટલે સુધી કે કોશાની પ્રીતિ સંપાદન કરવા છેક નેપાલથી એને રત્નકંબલ લાવી આપે છે. કોશા જ છેવટે એને રાગદ્વેષથી મુક્ત કરી સન્માર્ગે વાળે છે. સ્થૂલિભદ્રને ગુરુ બનાવી, કોશા વગેરે વિરક્ત થઈ, સંયમવ્રત પાળી દેવલોકે ગતિ કરે છે. (કડી ૪૦–૪૨)

કથાવસ્તુ ઉપરથી સમજાય છે કે સ્થૂલિભદ્રને લગતી કૃતિઓ જોકે ઘણી છે, છતાં, આ કૃતિ સ્થૂલિભદ્રનો સવિસ્તર પૂર્વાશ્રમ આપે છે. ઉપરાંત અન્ય કૃતિઓમાં તો કોશા સ્થૂલિભદ્રને ચળાવવાનો પ્રયત્ન કરે છે જ્યારે આ કૃતિમાં કોશા એમ ન કરતાં સ્થૂલિભદ્રના ગુરુબંધુને કસોટીએ ચડાવે છે.

નંદરાજા, શકટાલ, શ્રીયક અને વરરુચિનાં પાત્રો દ્વારા, એ જ પ્રમાણે એઓને લગતા ઐતિહાસિક પ્રસંગોની હકીકત આપે છે.

## મુખ્યપાત્રો

૧ શકટાલનું મંત્રી તરીકેનું અને મૃત્યુપ્રસંગ ઉપરથી વીર તરીકે પાત્ર ઉત્તમ છે. વરરુચિનું ગૌરવખંડન કરવા પાછળનો એનો હેતુ વરરુચિ પ્રત્યે દ્વેષ નહિ, પણ મંત્રી તરીકેનું જવાબદારીનું ભાન સૂચવે છે. એને માટે વાપરેલી રીત એની મુત્સદ્દીગીરીની કલા બતાવે છે. એણે લીધેલો આત્મઘાતનો માર્ગ સ્વામી પ્રત્યેની સ્વામીનિષ્ઠા બતાવે છે. મૃત્યુ પહેલાં કુટુંબને સમજાવવાના અને મૃત્યુ બાદ પોતાનું માથું કાપી નાખવા અને નંદરાજાને સમજાવવા માટે શ્રીયકને તૈયાર કરવાના એના પગલા ઉપરથી એની કુટુંબવત્સલતા સ્પષ્ટ થાય છે.

૨ નંદરાજા "મંત્રીના પ્યાદા" જેવો ઝાંખો ઊઠ્યો છે. એ સમયના બાહોશ મંત્રીના સ્વામી(રાજાઓ)નું આ એક લક્ષણ છે. આ રાજા તો વિદ્યાવ્યસની હતો માટે રાજકારણમાં ઉદાસીન હતો. બાકી તો "રાજા" રંગરાગમાં પડેલો હોય અને મંત્રીઓ (ખાસ કરીને મુખ્યમંત્રી) જ બધું સંભાળતા. રાજ્યધુરા મુખ્યમંત્રી પાસે જ રહેતી અને રાજાઓ તો સંપૂર્ણપણે એઓને અવલંબિત રહેતા. આવી છાપ એ વખતના વર્તનની હોય એમ વાચકને આ કાવ્ય ઉપરથી લાગે છે.

## વરરુચિનું પાત્ર

૩ વિદ્વાન, પરંતુ બ્રાહ્મણ, રાજકીય મુત્સદ્દીગીરી પામવાને અસમર્થ, એથી જ કદાચ શકટાલની પુત્રી દ્વારા થયેલી એની વંચના અને રાજ્યદરબારે એની અવહેલનાના પરિપાકરૂપે

ગંગાના પ્રવાહમાંથી ધન મેળવવાની એની યુક્તિ સામાન્ય ઠરે છે અને વાચકની સહાનુભૂતિ મેળવવામાં નિરર્થક પુરવાર થાય છે.

૪ શ્રીયકનું આજ્ઞાંકિત પુત્ર, ભ્રાતૃપ્રેમી એવી શાણી વ્યક્તિ તરીકેનું ચિત્રણ થયેલું છે.

૫ સ્થૂલિભદ્રને ત્રણ તબક્કે (૧) રસિકવલ્લભ, (૨) વત્સલ પુત્ર, અને છેવટે (૩) ઊંચા ચારિત્ર્યવાળા શુદ્ધ સાધુ એમ ક્રમિક વિકાસ સાધતા મહાત્મારૂપે આ કાવ્યમાં બતાવવામાં આવ્યા છે.

૬ કોશાનું પાત્ર જોકે દેહજીવિની તરીકેનું છે, પરંતુ એનું કાર્ય સ્થૂલિભદ્રના પરોક્ષ સહાયક જેવું અને સાધુઓના પરીક્ષક જેવું છે. "સ્થૂલિભદ્ર–કોશા"ને લગતી અન્ય કૃતિઓમાં આવે છે એમ આ કાવ્યમાં એ સ્થૂલિભદ્રને ચલિત કરાવવા પ્રયત્ન નથી કરતી, પણ સ્થૂલિભદ્રના ગુરુબંધુને તો ખરેખર એ કસોટીએ ચડાવે છે. છેવટે જ્યારે "ચારિતુ રયણુ હિયડઇ ધરહિં" (૪૧) ઉપદેશરૂપી આશ્વાસન આપે છે ત્યારે ઊંચા ચારિત્ર્ય માટેનો એનો ભાવ આપણે જોઈએ છીએ. ધંધે વેશ્યા હોવા છતાં એને રત્નની કે નાણાંની કામના નથી. જનસમાજ માટે એને ચારિત્ર્યરત્નની જરૂર લાગે છે.

## ઉપસંહાર

આ કાવ્યની મૂળ હસ્તપ્રત મળી નથી. શ્રી રમણિકવિજયજીએ કરેલી કોપી ઉપરથી આ કાવ્ય જેવું મળ્યું તેવું રજૂ કર્યું છે. કડી ૧૮માં ત્રીજી અને ચોથી પંક્તિ તથા કડી ૧૯માં ત્રીજી અને ચોથી પંક્તિ તૂટક છે. કડી ૨૦માં આખી છેલ્લી પંકિત નથી. કડી ૩૦માં ચોથી પંકિત અને કડી ૩૧માં ચોથી પંકિત તૂટક છે.

૪૨ કડીના આ આખા કાવ્યમાં (ક્યાંક ક્યાંક તૂટક હોવા છતાં) કવિએ રજૂઆતમાં વસ્તુસંકલનાને સાચવીને કથાવસ્તુ રજૂ કરી છે; સ્થૂલિભદ્રને (જ) મહત્ત્વ આપતા કથામાં વણાયેલા દરેક પાત્રને ઉચિત ન્યાય આપ્યો છે. સ્થૂલિભદ્રની કથાના લગભગ બધા પ્રસંગોને આવરી લેતું આ કાવ્ય સ્થૂલિભદ્રની વિરક્તિનાં ગુણગાન ગાવાને બદલે અને માત્ર કોશાનાં સૌંદર્ય, હાવભાવ અને શૃંગારપ્રસાધનનું વર્ણન કરવાને બદલે, અન્ય ગુરુબંધુની નિર્બળતા રજૂ કરી સ્થૂલિભદ્રની અપ્રતિમ ત્યાગભાવના અને વિરક્તિનું દર્શન કરાવે છે.

અલંકારોનું ભારણ, પ્રકૃતિવર્ણન અને અન્ય આકર્ષણો ન હોવા છતાં યથાસ્થાને આવતા રુઢિપ્રયોગો અને પ્રસંગ-નિરૂપણથી કવિએ રસપ્રવાહમાં ક્યાંય ઊણપ આવવા દીધી નથી. આથી સમગ્ર કાવ્ય, સરળ અને લોકભોગ્ય બની રહ્યું છે.

કાવ્યમાં ચરિત્ર-વર્ણનને હેતુ બનાવ્યો હોવાથી, કવિ મનુષ્યના જીવનના સત્ત્વરૂપી 'ચારિત્ર્ય'નું કોશા રૂપજીવિની દ્વારા સંસ્થાપન કરે છે.

# थूलभद्दरास

पणमवि सासणदेवी अनु अंबाअेसरि,
थूलभद्द गुणगहणु मुणिवरू हजु केसरि,
पभणउं थूलभद्द इहु रासु,
पडलियपुत्ति नयरि जसु वासू ॥ १ ॥

नंदउ रायह नंदह राज्जे,
मंति सगडालु अम्हारइ कज्जे,
थूलभद्दपिउ ताव सगडालु महंतउ,
चिंतइ सामिय कज्जे राखइ अर्थु जंतउ ॥ २ ॥

राय तणइ नितु पंडितु आवइ,
अहिणव गाहा रचिउ भणावइ,
पंडित दानु कियउ नितु राइ,
दीजंइ द्रम्मह पंच सयाइ ॥ ३ ॥

अेत्थंतरि महतेण रय बुद्धि दिखालिय,
पंडित अहिणव गाहा मज्जु जाणइ बालिय,
तावं पंडितु अवसरि आवइ,
पहिलउ वररूचि गाह भणावइ ॥ ४ ॥

पंडितु रचिउ भणइ नव गाहा,
पोथइ पठिउ महइ नरवाहा,
तउ पंडितु पभणेइ उछलिउ जु आखइ,
नत्थि जणणिहि जाउ मजु वीजइ पाखइ ॥ ५ ॥

अन्न दिवसि जं अवसरि आवइ,
महता बेटी राउ तेडावइ,
सविवार धीयर लागिय वोलिय,
सुललित मात्र न मेल्हइ खोलिय ॥ ६ ॥

अेक संथवि संथिय बाला जं त्रि संथिय जंपइ,
वररूचि रूठउ, राउ रोसिहि, मणु कंपइ,
तावह पंडितु बाहिरि थाइउ,
द्राम थवइ नितु गंगह जाइउ ॥ ७ ॥

पसरह लोयह द्राम दिखालइ,
नरवइ वाट अम्ह नइ पालइ,
अेत्थंतरि महतेण तउ द्रम्मउ सारिय,
पंडितु उछउ थाअे तलि दोरउ सारिय ॥ ८ ॥

तउ पंडितु कोपानलि चडियउ,
घाढउ हिंडइ सूनउ थियउ,
तउ चेलु कांपि रायां पोसइ,
नंदु हणिउ सिरियउ राउ होसइ ॥ ९ ॥

नयर दुवारे सद्दो नरवइ संभलियउ,
महता रूठउ अछतउ नितु टलियउ,
जावं महतउ अवसरि आवइ,
ताव पूठि दियह पुणु नरवइ ॥ १० ॥

महतइ जाणिउ मूल विणासू,
बंभण वयण नरवइ रूसिउ,
महतइ घरि जाअेवी सिरियउ हक्कारिउ,
तुम्हि नंदउ चिरू कालु अप्पइं पिउ मारिउ ॥ ११ ॥

सिरियउ भणइ न घल्लउं घाउ,
जिवियु लाछि लियइ जइ राउ,
महतउ घरह कुडुंबं खामिउ,
असिउ हलाहलु नामिउ ॥ १२ ॥

महतइ विसु मक्अेवी किउ प्राण तियागू,
सिरियउ अंगहरक्खो तेणि मूकउं खग्गू,
खग्गह मूका हूयउ घाउ,
कपटु करिउ तउ पूछइ राउ ॥ १३ ॥

सिरिया महतउ तइ कांइ मारिउ,
सामि परो–जनु किं पि न सारिउ,
सिरियउ पभणइ कर जोडेविणुं,
निसुणि नरेसर कण्णु घरेविणु ॥ १४ ॥

जो महु सामिहि चूकइ भावइ,
सो हउं निहणउं जइ पिउ आवइ,
सिरियइ रंजिउ राउ,
जिम जमह न चूकइ ॥ १५ ॥

हक्कारिउ लइ मुंद्र महताअे दुठुइ,
सिरियउ कहइ नरिंदह जाइउ,
अम्हह थूलभदु जेठउ भाइउ,
तसु तणि मूंद्र अम्हंइ नवि छाजइ ॥ १६ ॥

कामिणि विरहु किंमइ जइ भाजइ,
तउ निसुणेविणु नरवइ जाणिउ,
मूंद्र महइ लइ थूलिभदु आणिउ,
रायह मंदिरि थूलभदु पहुतउ ॥ १७ ॥

मनु आलोचिरु भोग विरत्तउ,
उतरू न जाव मणि रचियउ दाउ ।
लइयउ संजम भारू..............,
अवगनियउ राउ............... ॥ १८ ॥

लोचु करि विजउ निब्भरू भाविं,
ओघउ मुहतिय अवसरि आवइ,
वेसु करि विजउ..............,
मुणिवरू चलियउ.............. ॥ १९ ॥

विषउ महाभडु तिणि निदृ लियउ,
सासण देवि तसु वंदइ पाया,
देखइ चमकिउ नंदु वि राया,
........................... ॥ २० ॥

नंदह धम्मलाभु सो देविणु,
चल्लिउ घण कण रयणि चअेविणु,
जो आवइ नरनाहो मुणिवरू पहुराउ,
ताम्ब गंधह माहे दाहिण दिसि जाइउ ॥ २१ ॥

विजयसिंघ् सूरि गुरू तहिंज पुरि निवसअे,
गच्छु गुणवंतु जहि थूलभदु पविसअे,
अट्ठमय निदृलण पंचवय पालअे,
मुक्क संसारू जिम्ब सोक्खु निहालअे ॥ २२ ॥

पहुतु चउमासयं ताम्ब मुणि आविया,
गुरूहु आदेसु लेउ मुणिव चालिया ।
सप्पबिल सीहगुफ कूय निन्नासयं,
गुरूहु वुत्तु मणिहि तिथु कियउ चउमासयं ॥२३॥

ताम्ब उठिवि गउ थूलिभदु गुरूहु पइ,
अम्हह चउमासयं वेसधरि भणउ जइ,
गुरूहु गुण जाणिउ वेसघरि मूंकउ,
छहि विगइ पारतउ मणह न चूकउ ॥ २४ ॥

वीतु चउमासयं तामू मुणि आविया,
थूलभदु मेल्हिवि नहिं लड्डाविया,
अेक तपोधनिं रोसु मणि धरियउ,
गामि घरि अच्छइ तइं दुक्करू चरियउ ॥ २५ ॥

अम्ह गुरू सबल किरि छंदयं भासअे,
तासु गुण लहिसु हउं पुण वि चउमासअे,
जाम्ब गउ गिम्हभरू पत्तु पावस भरो,
ताम्ब तव चरणिगउ वेसघरि मुणिवरो ॥ २६ ॥

वेस ( स )सिवयणि मिगनयणि नवजोवणी,
सुविहि परि विविह परि दिट्ठ मुणि लोयणी,
आवहु मणि कवहु जुणि देसण तुम्ह दुल्लही,
अम्ह घरि अनिक परि जइ तुम्ह सुजइ ॥ २७ ॥

मजु नयणु गुरूवयणु परनु जइ जाइयं,
वेस घरि पाउस भरितं दिवसु आवियं ।
सावणं सलिलु मुमणि सीलं संबोलियं,
सयल दुम कंद खणि चित्तु उम्मूलियं ॥ २८ ॥

भाद्रवडइ घणु गुहि( र )उं गाजअे,
चरितु पुरू पाटणु मयणु भड्ड भंजइ,
इण परि वेसघरि मुणिहि मणु गंजियं,
रमइं नर अनिकि परि पिखिवि तं जियं ॥ २९ ॥

भारथु पियइ किरि बोलइ मुणि छक्किउ,
अत्थविणु वेस पुणु निठुर वइ हक्किउ,
वेसा पभणेविणु दंसण लेविणु,
जाह राय मागगह रयणु............ ॥ ३० ॥

तुहु अत्थ विहूणउ हिंडइ लीणउ,
मजु घरि कम्मु करेसि जइ,
ताम्ब मुणि मेघु घणु गणइ न चल्लिउ,
कलिहिं न जलिहिं न नयइ......... ॥ ३१ ॥

पेल्लिउ कामघण मत्तु तुणु पंथि लगाउ,
नेपाल हेसि गउ, रयण कंबलह मागउ,
भेटिउ साहु नेपाल देसराउ,
लइ कंबल रयणु मुणि कहउ दिसि ठाउ ॥ ३२ ॥

वेगु करि पंथुभरि वलिउ मुणि आविउ,
वेस लइ गमइ जइ कह विलंबाविउ ।
आणि मुणि कंबलरयणु खालि मेल्हिउ कहइ,
पाउमंलाइ घणि लक्खु दृम्म लहइ ॥ ३३ ॥

लाधउ लाखु मुणि दिट्ठ कउडी गमइ,
वेस गुणवंत जसु धम्मि चित्तु रमइ,
ताव उठिवि गउ गुरूहु पय बालउ,
अखइ संजम भारू दुप्पालउ ॥ ३४ ॥

निय तणि जभो मुणि दीणउ थाओ,
चणा भखेविणु मिरिय कु खाओ ?
इह गय खंभु करीरिहिं भाजइ ?
थूलभद जोगति कहवि न छाजइ ॥ ३५ ॥

कह नेपालउ देसु भणी जइ,
वडइ कठि तहिं पुणु जाइ जइ,
तइ मूरख नवि जाणिउ भेउ,
लक्ख रयण मुणि कंबलु अेहु ॥ ३६ ॥

दिंट्ठु रयणु जं कदृम भरियउं,
हियडं सुन्न सहु वीसरियउं,
तउ मुणिवरू मेल्हइ नीसास,
मजु भणी नवि पूरी आस ॥ ३७ ॥

जं जिण धम्मह- किज्जइ मूलु,
तं तरूणत्तणि पालिउ सीलु,
इसउ वयणु सुहियडइ धरइ,
मयणु मोहु चित्तहउ तूरइ,
चिंतइ मुणिवरू हियइ निरंगू,
संजय तरू मइ रूयइ भग्गू ॥ ३८ ॥

धनु धनु थूलभद्दु सो सामिउ,
पाउ पणासइ लइयइं नामिं,
तसु उपरि मइं मच्छरू कीयउ,
तिणि करणि मइं फलु पावियउ ॥ ३९ ॥

तुहु मुहु गुरू कोसा मुहु माया,
हउं पडिबोहिउ आणिउ ठाउ,
मइ जाणिउ तइं कियइं अकम्मूं,
आलिवहिउ गउ माणुस जम्मू ॥ ४० ॥

वेसा कोसा बोल्लइ अेहु,
अज्जिउ मुणिवरू मन करि खेउ,
चारितु रयणु हियडइ धरहिं,
गुरूहु पासि आलोयण लेहिं ॥ ४१ ॥

बहुत काल संजमु पालेहि,
चउदह पूरव हियइ धरेवि,
थूलभद्दु जिणधम्मु कहेइ,
देवलोकि पहुतउ जाह्वेवी ॥ ४२ ॥

थूलभद्द रास समाप्तः ॥ छ ॥

## थोडा आवश्यक पाठ

१ 'उत्तर अपभ्रंश' आपता केटलाक शब्दो :-
मजु —'मज्जु'ने बदले.
लाछि —लक्ष्मी के लच्छिने बदले.
सीहगुफ—सिंहगुप्फ के सिंहगुफाने बदले.
अखइ —अक्खइ ने बदले.
लक्ख —लक्खु के लाख ने बदले.
आखइ —आंख के अक्खइ ने बदले.
द्राम्म —दाम के द्रम्मुने बदले.

२ अंबाअेसारे—गुजराती(सं. तत्सम), तरफ ठळता अर्थु—शब्दो

३ केटलाक रूढिप्रयोगो अने कहेवतो :

१ 'नत्थि जणणिहि जाउ, मजु वीजइ पाखइ' ४ । ५
– मारा सिवाय कोई जननीनो जायो नथी; — अजोडना अर्थमां.

२ पूठि दियइ.........। ४ । १०
= उपेक्षा करवीना अर्थमां—पूंठ फेरवी.

३ निसुणि नरेसर कण्णु धरेविणु । ४ । १४
= ध्यान दईने सांभलो—'नरेश्वर कान दईने सांभलो'

४-५ चणा भखेविणु मिरिय कु खाअे ।
इह गय खंभु करीरिहिं भाजअे । २-३ । ३५
– चणा खाधा पछी मरी (= के मरचां) कोण खाय ?
कांई केरडांनी डालीनी लाकडीथी हाथीनो खभो भागे ?

६ जइ पिउ आवइ (२ । १५)
= जो (सगो) बाप आवे तोपण

७ लाधउ लाखु कउडी गमइ
= कोडी गुमावी ने लाख लाध्या

५ केटलाक शब्दार्थ :—

अखय—अक्षय
अट्ठमय—अष्टमद
असिउ—खाधुं
अंगहरक्खो—अंगरक्षक
अंबाअेसरि—अंबा-ईश्वरी
कद्दम—कादव (– मोहरूपी)
गाहा—गाथा
गिम्हभरू—उनालो
(२) घीयर—दीकरी
(१) दुठइ—दोठी—कोठी (ऑफिस)
पंचवय—पांच व्रत
पंचसयाई—पांचसो
भारथु—मादक पदार्थ जेवुं लागे छे.
मेउ—मेद
मिरिय—मरी अथवा मरचां
रायां—(राजा जेवां भोलां) बालको
लाछि—लक्ष्मी
हक्कारिउ—बोलाव्यो

# શ્રીકૃષ્ણની બાળલીલા

ઉમાકાન્ત પ્રેમાનન્દ શાહ

શ્રીકૃષ્ણ વાસુદેવના જીવન અને કવને ભારતીય જનસમાજનાં નરનારી આબાલવૃદ્ધ સૌ કોઈ પર અને આખી યે ભારતીય સંસ્કૃતિ પર સૈકાઓથી ખૂબ ઊંડી અસર પાડી છે. આર્ત્તજનોને સંકટમાં, યોગીઓને ધ્યાનમાં, રાજદ્વારી પુરુષોને રાજનીતિમાં, સંતોને ભક્તિમાં, કવિઓને કાવ્ય કલ્પનામાં, શિલ્પીઓને અમર કલાકૃતિઓના સર્જનમાં, ચિત્રકારોને અદ્ભુત આકર્ષક રંગની તેજછાયામાં, નટોને, નર્તકોને, ગાયકોને, વાદકોને અભિનય અને સંગીતમાં, તત્ત્વજ્ઞાનીઓને સૂક્ષ્મ તત્ત્વના જ્ઞાનમાં, સહુ કોઈને સર્વત્ર સર્વ પ્રકારના સંયોગોમાં શ્રીકૃષ્ણની મધુર મોરલીએ પ્રેરણા આપી છે, એની મનોહારી છબીએ આકર્ષ્યા છે, પ્રેમઘેલા કર્યા છે અને શરણ આપ્યું છે.

ભારતીય સંસ્કૃતિને ઘડી છે શ્રીરામ અને શ્રીકૃષ્ણના જીવન અને ઉપદેશે. ગીતાનો અમર સંદેશ આજેય ભારત એકલાના નહિ વિશ્વભરના સહુ કોઈ જિજ્ઞાસુની જ્ઞાનપિપાસાને સંતોષે છે. એના નિત્યનવાં અર્થઘટન થતાં જ રહે છે. શ્રીકૃષ્ણે જ્ઞાન, ભક્તિ, કર્મ અને રાજયોગ એમ ચારેય પ્રકારના સાધનમાર્ગોનો સર્વસુલભ રીતે ઉપદેશ આપ્યો. ગીતામાં, અને ચારેયનો સમન્વય કરી બતાવ્યો ગીતામાં. પરબ્રહ્મ પુરુષોત્તમની પ્રાપ્તિમાં મુખ્ય સાધન અને ચારેયમાંથી કોઈ પણ માર્ગ પર ચાલનાર સાધકને માટે આવશ્યક સાધન તે ઈશ્વર પ્રત્યે સંપૂર્ણ શરણાગતિ અને ઐકાન્તિક ભક્તિની જરૂરિયાત અને મહત્તા પણ સમજાવી શ્રીકૃષ્ણે ગીતામાં.

નરમાંથી નારાયણપદને પામ્યા શ્રીરામ અને શ્રીકૃષ્ણ. મહાભારતમાં મૂળ તો શ્રીકૃષ્ણ માનવરૂપે જ વર્ણવેલા છે. રામાયણમાં પણ એના મૂળ ભાગોમાં શ્રીરામ માનવ જ છે. ધીરે ધીરે સમગ્ર ભારતીય જનતાના પરમ આદર્શ આ બે ભવ્ય પુરુષો પરમાત્માના અવતારરૂપે પૂજાયા.

ઘણાં પ્રાચીન ચિત્રો તો આજે ઉપલબ્ધ નથી પણ છેલ્લા થોડાક સૈકાઓનાં જે ચિત્રો ઉપલબ્ધ છે તે સૂચવે છે કે ઘરોમાં, રાજમહેલોમાં, દેવાલયોમાં, સર્વત્ર, શ્રીરામ અને શ્રીકૃષ્ણના જીવનપ્રસંગોનાં ચિત્રો ચિતરાતાં હશે. કાવ્યો, કથાનકો તો ઘણાં જ મળે છે.

બિલ્વમંગલે શ્રીકૃષ્ણની બાળલીલાઓ વર્ણવતા શ્લોકો રચ્યા છે; લગભગ ત્રણસો ઉપર છે. તે શ્રીકૃષ્ણકર્ણામૃત નામથી પ્રસિદ્ધ થયેલા છે. તદુપરાંત આમાંના જ ઘણા શ્લોકો સાથેનું શ્રીકૃષ્ણબાલક્રીડા કાવ્ય નામથી હસ્તલિખિત પુસ્તક પશ્ચિમ ભારતમાં દેવનાગરી લિપિમાં મળે છે. આ જ ગ્રન્થ પુષ્ટિસમ્પ્રદાયમાં બાલગોપાલ સ્તુતિ નામથી પ્રસિદ્ધ છે અને એના પ્રત્યેક શ્લોક સાથે તે તે શ્લોકનાં વર્ણનાનુસારી ચિત્રો સહિતની પોથીઓ પંદરમા, સોળમા, સત્તરમા સૈકાની

મળેલી છે. આવી એક પંદરમા સૈકાની પ્રતિ વડોદરા મ્યુઝિયમના સંગ્રહમાં છે અને તેનાં કેટલાંક પાનાં અન્ય સંગ્રહોમાં છે (દા.ત. એક પાનું પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમના સંગ્રહમાં છે). આવી બીજી એક પ્રતિ પણ, લગભગ ઈ.સ.ના સત્તરમા સૈકાની મુંબઈના પ્રિન્સ ઑફ વેલ્સ મ્યુઝિયમમાં છે. એક અધૂરી પંદરમા સૈકાની પ્રતિ બોસ્ટન મ્યુઝિયમમાં છે, એક એવી જ પ્રતિનાં ત્રણેક પાનાં લંડનના વિકટોરીઆ ઍન્ડ આલ્બર્ટ મ્યુઝિયમમાં છે. વારાણસીના ભારતકલાભવનમાં પણ બાલગોપાલ સ્તુતિનાં ચિત્રિત પાનાં છે. ઈ.સ.ના સત્તરમા સૈકામાં ચિતરાયેલી, સંભવતઃ ગુજરાતમાં ચિતરાયેલી કાંકરોલીના સંગ્રહમાંની બાલગોપાલ સ્તુતિની સંપૂર્ણ પ્રતિમાંથી, પૂજ્ય શ્રી વ્રજેશકુમારના સૌજન્યથી, રાસમંડલનો પ્રસંગ અહીં **ચિત્ર ૩૨**માં રજૂ કર્યો છે.

રસેશ્વર શ્રીકૃષ્ણ અને રાધિકાના દિવ્યપ્રેમના ગાયક ભક્તકવિ જયદેવના ગીતગોવિંદે તો સંગીતકારોને, નર્તકોને, ભક્તોને અને ચિત્રકારોને ઘેલા કરી મૂકેલા છે. ગુજરાતમાં પણ વાઘેલા-યુગમાં ગીતગોવિંદ જાણીતું થઈ ગયું હતું. મૂળ સંભવતઃ કાંકરોલીના સંગ્રહમાંની, એ કાવ્યની સંપૂર્ણ સચિત્ર પ્રતિ શ્રી. એન. સી. મહેતાએ સૌરાષ્ટ્રના કોઈ પંડિત પાસેથી ખરીદેલી મનાતી, અને ગુજરાતી કલમની, અમદાવાદના મ્યુનિસિપલ મ્યુઝિયમમાં શ્રી. એન. સી. મહેતાના સંગ્રહમાં છે.

ગીતગોવિંદની, પાવાગઢ કાલિકામાતાના મંદિરના સંગ્રહમાંની પ્રતિનાં કેટલાંક ચિત્રો ડૉ. મંજુલાલ મજમુંદારે પ્રસિદ્ધ કર્યાં હતાં. ગીતગોવિંદનાં ચિત્રો રાજસ્થાની તેમ જ પહાડી ચિત્રકલામાં પણ જોવા મળે છે. ભાગવતપુરાણમાંની શ્રીકૃષ્ણકથાના સુંદર ચિત્રોના ઘણા સમૂહો ભારત તેમ જ પરદેશના કલાસંગ્રહોમાં છે. ભાગવત દશમસ્કંધની અનેક ચિત્રોયુક્ત પ્રતિઓ જોધપુર તેમ જ જયપુરના રાજવીઓના સંગ્રહમાં હતી એમાંથી કેટલીક વેરવિખેર થઈ ગઈ છે અને એનાં પાનાં વેચાઈ ગયાં છે. ઈ.સ. ૧૫૯૮માં ગુજરાતમાં ચિતરાયેલા ભાગવત દશમ સ્કંધમાંનું એક પાનું વડોદરાના પ્રાચ્યવિદ્યા મંદિરના સંગ્રહમાં ખરીદાયેલું છે, તેમ જ બીજું એક પાનું ઈ.સ. ૧૬૧૦માં ચિતરાએલું ગુજરાતી કલમનું[૧] છે.

મંદિરોની દીવાલો પર અને ચર તેમ જ સ્થિર મૂર્તિરૂપે પૂજા માટે શ્રીકૃષ્ણનાં શિલ્પો તેમ જ ધાતુ-પ્રતિમાઓ અસંખ્ય પ્રમાણમાં બન્યાં હશે. આજે પણ જે બચ્યાં છે તે પરથી આ અનુમાન કરવું યોગ્ય ગણાય. હાલ અમેરિકામાં પહોંચેલી, બ્રુકલિનના મ્યુઝિયમમાં, શ્રીકૃષ્ણને સ્તન્યપાન કરાવતા યશોદાજીની એક સુંદર ધાતુપ્રતિમા છે. ભારતમાં તેમ જ પરદેશોના મ્યુઝિયમોમાં નાગ-દમનની, બાલ-કૃષ્ણની વગેરે સુંદર ધાતુપ્રતિમાઓ છે. ભારતભરનાં અનેક મંદિરોમાં શ્રીકૃષ્ણની જુદાં જુદા સ્વરૂપની પાષાણની તેમ જ ધાતુની અનેક પ્રતિમાઓ છે. રાજસ્થાનમાં ઓશિયા, કેકિંદ, અટરુ વગેરે સ્થળોનાં મંદિરોની દીવાલો પર રૂપધારા અથવા રૂપપટ્ટિકા પર શ્રીકૃષ્ણની બાળલીલાના જુદા જુદા પ્રસંગો કોતરેલા જોવા મળે છે. આ જાતનાં લીલા પ્રસંગો બંગાળનાં ઘણાં

---

૧ જુઓ, ઉમાકાન્ત પ્રે. શાહ, સોળમા શતકની ગુજરાતની ચિત્રકળા, સ્વાધ્યાય પુ. ૭, અંક ૧, પૃ. ૬૦ અને ચિત્ર ૩ તથા ચિત્ર ૪.

મધ્યકાલીન મંદિરો પર જોવા મળે છે. તપાસ કરતાં ભારતના જુદા જુદા પ્રદેશના મંદિરો પર એવાં ઘણાં શિલ્પો જડી આવે.

કૃષ્ણલીલા અંગેનું મુખ્ય પ્રાચીન સાહિત્ય છે મહાભારત અને પુરાણો, જેમાંથી વહેતા કૃષ્ણલીલાના સ્રોતનું યુગે યુગે સૌએ પાન કર્યું છે. મુખ્ય મુખ્ય પુરાણોમાં આ પ્રસંગોના સંદર્ભ નીચે પ્રમાણે છેઃ

૧ **બ્રહ્મ-પુરાણ** (આનન્દાશ્રમ આવૃત્તિ) અધ્યાય ૧૭૯–૨૧૨. કૃષ્ણકથા ખાસ કરીને અધ્યાય ૧૮૧-થી શરૂ થાય છે.

૨ **વિષ્ણુ-પુરાણ** (કલકત્તાની આવૃત્તિ, જીવાનન્દ વિદ્યાસાગર સંપાદિત) અંશ, ૫, અધ્યાય ૧ થી ૩૮. બાળલીલા અધ્યાય ૧ થી ૨૧ સુધીમાં વર્ણિત છે.

૩ **પદ્મ-પુરાણ** (આનન્દાશ્રમ આવૃત્તિ) ઉત્તરખંડ, અધ્યાય ૨૭૨–૩૭૯.

૪ **હરિવંશ** (કલકત્તા આવૃત્તિ), અધ્યાય ૫૧ થી ૧૯૦.

૫ **બ્રહ્મવૈવર્ત-પુરાણ** (શ્રીકૃષ્ણ જન્મ ખંડ).

૬ **ભાગવત પુરાણ** (નિર્ણય સાગર આવૃત્તિ), સ્કન્ધ ૧૦ તથા ૧૧.

૭ **વાયુપુરાણ** (આનંદાશ્રમ આવૃત્તિ), અધ્યાય ૯૬.

૮ **દેવી ભાગવત પુરાણ** (લેલે સંપાદિત), સ્કંધ ૪, અધ્યાય, ૧૮ થી ૨૫.

૯ **અગ્નિ પુરાણ** (આનન્દાશ્રમ આવૃત્તિ), અધ્યાય ૧૨.

શિલ્પો અને ચિત્રોમાં પ્રચલિત મુખ્ય મુખ્ય પ્રસંગો નીચે મુજબ મળે છે:

(૧) **શ્રીકૃષ્ણજન્મ**—બ્રહ્મપુરાણ, ૧૮૧. ૩૨, ૧૮૨.૧૧; વિષ્ણુ પુ. ૧.૬૫; પદ્મ પુ. ૨૭૨. ૨૫-૩૮; હરિવંશ, ૫૭-૬૦, બ્રહ્મવૈવર્ત, ૧.૨૭.૩-૮; વાયુ પુ. ૯૬. ૧૯૨-૨૦૨; અગ્નિપુ. ૧૨. ૪-૬ ઇત્યાદિ.

બ્રહ્મ, વિષ્ણુ, વાયુ, પદ્મ, ભાગવત, અગ્નિ અને લિંગ પુરાણ અનુસાર જન્મસમયે ભગવાન ચતુર્ભુજરૂપે પહેલા દર્શન દે છે, પણ બ્રહ્મવૈવર્ત મુજબ એ "દ્વિભુજ અને મુરલિહસ્ત" હોય છે. હરિવંશ કહે છે દિવ્ય લક્ષણોયુક્ત હોય છે.

(૨) **શ્રીકૃષ્ણગોકુલગમન**—બ્રહ્મ, ૧૮૨.૧૨-૩૨; વિષ્ણુ, ૩.૮-૨૯; પદ્મ, ૨૭૨.૩૯-૫૮; હરિવંશ, ૬૦; બ્રહ્મવૈવર્ત, ૭.૭૫-૧૩૨; ભાગવત, ૧૦.૩.૯; ૪.૧૩; વાયુ, ૯૬.૨૦૩-૨૧૦; દેવીભાગવત પુરાણ, ૨૩.૨૨-૪૮; અગ્નિ, ૧૨.૭-૧૩; લિંગ, ૬૯.૪૯-૬૧

વસુદેવ જ્યારે રાત્રે બાલકૃષ્ણને ગોકુળ લઈ જતા હતા ત્યારે ચોકીદારો યોગનિદ્રાના પ્રતાપે ઊંઘી ગયા હતા. વરસાદથી બચાવવા શેષનાગે રસ્તામાં શ્રીકૃષ્ણ ઉપર પોતાની ફણાઓનું છત્ર ધર્યું હતું. યમુનાના ઊંડાં જલ વસુદેવને નદી પાર કરતાં ફક્ત ઘૂંટણે અડતાં હતાં. આ બધી વીગતો બ્રહ્મ અને વિષ્ણુ પુરાણ વગેરેમાં છે પણ હરિવંશ, બ્રહ્મવૈવર્ત અને વાયુ બધી

વીગતો નોંધતા નથી. કૃષ્ણને ગોકુલમાં લઈ જઈ યશોદાની કન્યાને કારાગૃહમાં દેવકી પાસે લાવી મૂકવાની સલાહ આપવા બાબત બ્રહ્મ, વિષ્ણુ, પદ્મ, અગ્નિ અને લિંગ પુરાણ મૌન સેવે છે જ્યારે હરિવંશ, ભાગવત આદિ પુરાણો મુજબ એ સલાહ ભગવાને આપી હતી.

પુરાણોની હકીકતોમાં નાનામોટા આવા ભેદોમાંથી કેટલાક અહીં રજૂ કર્યા છે જેથી આ વિષયમાં વધુ ખેડાણ કરી, શ્રીકૃષ્ણલીલાનાં કથાનકો-વર્ણનોનો વિકાસક્રમ જોઈ શકાય તેમ જ પુરાણોના તે તે સંદર્ભોમાં કયો વધુ પ્રાચીન અને કયો વધુ અર્વાચીન તે વિચારી શકાય.

આ વિચારણા સાથે જુદા જુદા સમયનાં પ્રાચીન મંદિરોમાં આપેલા લીલા-પ્રસંગોને સરખાવી કૃષ્ણની બાળલીલાનો વિકાસક્રમ ગોઠવી શકાય તેમ જ કઈ કઈ લીલાઓ વધુ પ્રાચીન છે તે તેમ જ કયાં પ્રાચીન શિલ્પોનાં આલેખન કયા પૌરાણિક સંદર્ભના વર્ણન મુજબ છે તે જોઈ સાહિત્યની અને પુરાતત્ત્વની સાક્ષીઓની મદદથી આ વિષય પર વધુ પ્રકાશ પાડી શકાય. આ દૃષ્ટિએ અહીં સંદર્ભોની ટૂંકી નોંધ સાથે કેટલાંક શિલ્પો આદિ રજૂ કરી આ વિષયમાં સંશોધનને જે અવકાશ છે તે તરફ અંગુલિનિર્દેશ કરવાનો આ લખાણનો ઉદ્દેશ છે.

ભાગવતના કથન મુજબ દેવકી પાસે મૂકેલી યશોદાની બાલિકા એકાદશા અથવા એકાનંશા-( નિદ્રા, માયા આદિ નામ મળે છે )ને કંસ એક પથ્થર સાથે અફાળે છે પણ તે એકદમ આકાશમાં ઊડી જાય છે. પણ બ્રહ્મવૈવર્તના કથન મુજબ કંસ એ બાલિકાને તેના રડતા માતાપિતા( દેવકી અને વસુદેવ )ને પાછી સોંપે છે જેનું પાછળથી દુર્વાસા સાથે લગ્ન થાય છે.

શ્રીકૃષ્ણને જન્મ પછી ગોકુળમાં નંદઘેર મૂકી આવી ત્યાંથી યશોદાની પુત્રીને લાવી વસુદેવ તેને દેવકીની બાજુમાં સુવાડે છે તે પ્રસંગનું એક સુંદર કાંગડા કલમનું ચિત્ર ભારત કલાભવન વારાણસીના સંગ્રહમાંથી તેમના સૌજન્યથી અહીં **ચિત્ર ૧** તરીકે રજૂ કર્યું છે.[૨]

મથુરા જતાં પહેલાંની શ્રીકૃષ્ણની ગોકુલવૃંદાવનમાંની બાળલીલાની વીગતો વાયુ તથા લિંગ પુરાણમાં નથી. બીજાં પુરાણોમાંની વીગતો એકમેક સાથે સરખાવવા જેવી છે.

(૩) **પૂતના વધ**—બ્રહ્મ, ૧૮૪.૭–૨૧; વિષ્ણુ, ૫.૫.૭–૨૩: પદ્મ, ૨૭૨. ૭૪–૮૨; હરિવંશ, ૬૩; બ્રહ્મવૈવર્ત ૪, ૧૦; ભાગવત, ૧૦.૬.

કંસના આદેશથી પૂતના સુંદર રૂપ ધરી ગોકુલ જાય છે, અને કૃષ્ણને સ્તન્યપાન કરાવે છે. કૃષ્ણ સ્તન્ય સાથે એના પ્રાણ પણ ચૂસી લે છે અને પૂતના રાક્ષસી કદની થઈ મૃત્યુ પામે છે. નંદ વગેરે ગોપ આથી ગભરાઈ કૃષ્ણની રક્ષા માટે કેટલીક વિધિ કરે છે.

હરિવંશ મુજબ પૂતના એ કંસની ધાત્રી હતી અને શકુનિ રૂપે આવી હતી, જ્યારે બ્રહ્મવૈવર્ત મુજબ એ કંસની વહાલી બહેન હતી અને મથુરામાંની એક બ્રાહ્મણ નારીના વેશે આવી હતી. હરિવંશના જણાવ્યા મુજબ એ એક ગાડા તળે છુપાઈ હતી.

---

૨ રંગીન છબી માટે જુઓ, M. S. Randhwa, The Krishna Legend in Pahari Paintings ( Lalit Kala Akademi, New delhi, 1956 ), પ્લેટ ૧

વિષ્ણુમાં આ પ્રસંગ આ પ્રમાણે છે (બ્રહ્મ, ૧૮૪.૭-૧૦માં પણ આ ૪ શ્લોકો છે)

वसतां गोकुले तेषां पूतना बालघातिनी ।
सुप्तं कृष्णमुपादाय रात्रौ तस्मै ददौ स्तनम् ॥ ७ ॥

× × ×

कृष्णस्तस्याः स्तनं गाढं कराभ्यामवपीडितम् ।
गृहीत्वा प्राणसहितं पपौ कोपसमन्वितः ॥ ९ ॥
सा विमुक्तमहारावा विच्छिन्नस्नायुबन्धना ।
पपात पूतना भूमौ म्रियमाणातिभीषणा ॥ १० ॥

આમાં પૂતના કૃષ્ણ પાસે સૂઈને સ્તન્યપાન કરાવે છે કે પોતે બેસીને ખોળામાં લઈને તે સ્પષ્ટ નથી. ભાગવતમાં આ પ્રસંગ સ્હેજ જુદી રીતે છે :

પૂતના નન્દગૃહે બાલકૃષ્ણને પથારીમાં સૂતેલા જુએ છે. પછી તેને જોઈ બાલકૃષ્ણે આંખો મીંચી અને

तस्मिन्स्तनं दुर्जरवीर्यमुल्बणं घोराङ्कमादाय शिशोर्ददावथ ।
गाढं कराभ्यां भगवान्प्रपीड्य तत्प्राणैः समं रोषसमन्वितोऽपिबत् ॥ १० ॥

બ્રહ્મવૈવર્તમાં, ખંડ ૪, અ. ૧૦માં, બ્રાહ્મણી રૂપે આવેલી પૂતનાને યશોદાજી ખોળામાં રમાડવા બાળક આપે છે અને આ બ્રાહ્મણી (પૂતના)—

कृत्वा क्रोडे शिशुं साध्वी चुचुम्ब च पुनः पुनः ।
स्तनं ददौ सुखासीना हरिं पुण्यवती सती ॥ २९ ॥

હરિવંશની પૂનાની સંશોધિત આવૃત્તિમાં અધ્યાય ૫૦(પૃ. ૩૪૦થી)માં પહેલાં શકટભંગનો પ્રસંગ છે (અ. ૫૦ શ્લો. ૧-૧૯) પછી શ્લોક ૨૦(પૃ. ૩૪૩)થી પૂતનાનો પ્રસંગ આવે છે :

धात्री कंसस्य भोजस्य पूतनेति परिश्रुता ।
ततोऽर्धरात्रसमये शकुनिः प्रत्यदृश्यत ॥ २० ॥
×× निलिल्ये शकटाक्षे सा प्रस्नवोत्पीडवर्षिणी ॥ २१ ॥
ददौ स्तनं च कृष्णाय तत्र सुप्तजने निशि ।

કૃષ્ણ એના પ્રાણ પણ પી જાય છે અને—

छिन्नस्तनी सा सहसा पपात शकुनी भुवि ॥ २२ ॥

(૪) **શકટ-ભંગ**—ભાગવત, ૧૦.૭.૧-૧૭; બ્રહ્મ, ૧૮૪.૨૨-૨૮; વિષ્ણુ, ૫.૬.૧-૭; પદ્મ, ૨૭૨.૮૨-૮૫; હરિવંશ, ૬૨ (સમીક્ષિત આવૃત્તિ, અધ્યાય ૫૦.૧-૧૯); બ્રહ્મવૈવર્ત, ૪.૧૨.૧-૧૩.

હરિવંશમાં પહેલાં શકટભંગ પછી પૂતનાવધ છે. પદ્મ આ પછી કુકુટ રૂપના રાક્ષસનો વધ કર્યાનો એક પ્રસંગ ઉમેરે છે. બ્રહ્મવૈવર્ત્ત, ખંડ ૪ (કૃષ્ણજન્મખંડ)માં શકટભંગ પહેલાં અધ્યાય ૧૧માં તૃણાવર્ત-વધનો પ્રસંગ છે. ભાગવતમાં તે શકટભંગ પછી આવે છે.

ભાગવતમાં શ્લોક ૬ માં યશોદા કૃષ્ણનું રૂદન સાંભળતાં નથી પછી શ્લોક ૭માં—

अधःशयानस्य शिशोरनल्पकं प्रवालमृद्वङ्घ्रिहतं व्यवर्तत ।
विध्वस्तनानारसकुप्यभाजनं व्यत्यस्तचक्राक्षविभिन्नकूबरम् ॥ ७ ॥

વિષ્ણુ(૫.૬.૧-૨)માં તથા બ્રહ્મપુરાણ(૧૮૪.૨૨-૨૩)માં—

कदाचिच्छकटाधस्तात् शयानो मधुसूदनः ।
चिक्षेप चरणावूर्ध्वं स्तन्यार्थी प्ररुरोद च ॥ १ ॥
तस्य पादप्रहारेण शकटं परिवर्तितम् ।
विध्वस्तकुम्भभाण्डं वै विपरीतं पपात च ॥ २ ॥

ભાગવત અને વિષ્ણુમાં ગોપગોપીજન અવાજ સાંભળી આવે છે ત્યારે ગોપબાલો કહે છે કે અમે આ બાળકને પગ ઊંચો કરી ગાડું ઉથલાવતો જોયો છે, પણ હરિવંશ પ્રમાણે કૃષ્ણને મૂકીને યશોદા નદીએ ગયાં અને શ્રીકૃષ્ણે શિશુલીલા કરતાં કરતાં મધુર રુદન કરી એક પગ ઊંચો કરી શકટ ઉથલાવી નાખ્યું, અને સ્તન્યપાનની ઇચ્છાથી રડવા માંડ્યું. એટલામાં સ્નાન કરીને આવેલાં યશોદાજીએ ગાડું ઊંધું વળેલું જોયું; (હરિવંશ, સમીક્ષિત આવૃત્તિ, અ. ૫૦, પૃ. ૩૪૧)—

स तत्रैकेन पादेन शकटं पर्यवर्तयत् ।
न्युब्जं पयोधराकाङ्क्षी चकार च रुरोद च ॥ ६ ॥
एतस्मिन्नन्तरे प्राप्ता यशोदा शीघ्रगामिनी ।
स्नाता प्रस्रवदिग्धाङ्गी बद्धवत्सेव सौरभी ॥ ७ ॥
सा ददर्श विपर्यस्तं शकटं वायुना विना ।
हाहेति कृत्वा त्वरिता दारकं जगृहे तदा ॥ ८ ॥

હવે, ભાગવતના ઉલ્લેખ મુજબ શકટ ઊંધું વળે ત્યારે ગોપબાલો હોય અથવા તે પછી અવાજ સાંભળી આવેલા ગોપગોપીજન હોય. પણ હરિવંશ મુજબ યશોદાજી આવીને આ લીલા જુએ છે. દેવગઢ(મધ્ય પ્રદેશ)ના ઈ.સ. છઠ્ઠા સૈકાના વિખ્યાત દશાવતાર મંદિરના અવશેષોમાંથી મળેલ આ પ્રસંગની પાષાણની તક્તીમાં શકટ પાસે યશોદાજી જ ઊભેલાં બતાવ્યાં છે. (**ચિત્ર ૧૦**) એ સૂચવે છે કે એ શિલ્પફલક હરિવંશના વર્ણન મુજબનું છે.

બ્રહ્મવૈવર્ત, ખં. ૪, અ. ૧૨, શ્લો. ૭માં—

बभञ्ज शकटं पेतुर्भग्नकाष्ठानि तत्र वै ।
पपात दधिदुग्धं च नवनीतं घृतं मधु ॥ ७ ॥

એમ છે. દેવગઢના ફલકમાં ગાડા ઉપર ગોરસના માટલાં દેખાય છે, પણ બ્રહ્મવૈવર્ત મુજબ ગોપીજનો આવીને આ દૃશ્ય જુએ છે, અને યશોદાજી આવી સ્તનપાન કરાવે છે.

(૫) **તૃણાવર્ત-વધ**—ઉપર જણાવ્યા મુજબ ભાગવત, ૧૦.૭.૧૮–૩૩માં શકટ-ભંગ પછી અને ઊખલબંધન પહેલાં તૃણાવર્ત જે પવનની આંધીરૂપે આવી ભગવાનને ઉપાડી ઊડેલો તેનો પ્રસંગ છે, બ્રહ્મવૈવર્તમાં શકટભંગ પહેલાં આ પ્રસંગ છે.



ચિત્ર ૧

કૃષ્ણજન્મ–ગોકુલગમન, કાંગડા કલમ　　કૉપીરાઈટ : ભારત કલાભવન, વારાણસી



ચિત્ર ૨

કૃષ્ણલીલા (માંડોર)
જોધપુર મ્યુઝિયમ



ચિત્ર ૩

માંડોરમાંથી મળેલ શ્રીકૃષ્ણલીલાના
પ્રસંગોવાળો સ્તમ્ભ

કોપીરાઈટ : આર્કયોલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા



ચિત્ર ૪

ગોવર્ધનધારી—રાજસ્થાનમાં રંગમહાલમાંથી મળેલી માટીની તકતી
સમય ઈ. સ. ૩૦૦ આસપાસ

કૉપીરાઇટ: આર્કયોલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા



ચિત્ર ૫

શ્રીકૃષ્ણની દાણલીલા



ચિત્ર ૬

કેશી-નિષૂદન, વલભીપુરમાંથી

કૉપીરાઇટ : આર્કેઓલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા



ચિત્ર ૭
વેણુગોપાલ-
ખોતાનમાંથી
(હાલ હર્મિટાજ
મ્યુઝિયમમાં)



ચિત્ર ૮
ગોવર્ધનધારી શ્રીકૃષ્ણ
ખોતાનમાંથી
(હાલ હર્મિટાજ મ્યુઝિયમમાં)

ચિત્ર ૭ તથા ચિત્ર ૮ ડૉ. રત્નચંદ્ર અગ્રવાલના સૌજન્યથી



ચિત્ર ૧૦

શકટભંગ—દેવગઢ

કૉપીરાઈટઃ આર્કયૉલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા



ચિત્ર ૧૦અ

ગોવર્ધનધરણુ—મથુરા

કૉપીરાઈટ: મથુરા મ્યુઝિયમ



ચિત્ર ૧૧

શ્રીકૃષ્ણજન્મ (ખજુરાહો)

કૉપીરાઈટ : અર્કયોલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા, નાગપુર

ચિત્ર ૧૨

પૂતનાવધ, લક્ષ્મણમન્દિર, ખજુરાહો

કૉપીરાઈટ : અર્કયોલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા



ભાગવત મુજબ, એક દિવસ યશોદાજીએ બહુ ભાર લાગવાથી શ્રીકૃષ્ણને જમીન પર મૂક્યા હતા ત્યારે—

> दैत्यो नाम्ना तृणावर्तः कंसभृत्यः प्रणोदितः ।
> चक्रवातस्वरूपेण जहारासीनमर्भकम् ॥ २० ॥

પુત્રને ના જોતા યશોદાજી ગભરાઈ જાય છે, ગોપીઓ પણ રડે છે, અને આ તરફ તૃણાવર્ત આકાશમાં કૃષ્ણનો ભાર સહન કરી શકતો નથી. પછી

> तमश्मानं मन्यमान आत्मनो गुरुमत्तया ।
> गले गृहीत उत्स्रष्टुं नाशक्नोदद्भुतार्भकम् ॥ २७ ॥
> गलग्रहणनिश्चेष्टो दैत्यो निर्गतलोचनः ।
> अव्यक्तरावो न्यपतत्सहबालो व्यसुर्व्रजे ॥ २८ ॥

આકાશમાંથી પડતાં શિલા સાથે અફળાવાથી કરાલ દૈત્યના અંગો તૂટી ફુટી છુટા પડી જાય છે.

આ પછી ભાગવત(૧૦.૭.૩૩-૩૭)માં યશોદાજીને **મુખમાં વિશ્વદર્શન** કરાવ્યાનો લીલાપ્રસંગ છે જે બધા પુરાણોમાં નથી—

> पीतप्रायस्य जननी सा तस्य रुचिरस्मितम् ।
> मुखं लालयती राजञ्जृम्भतो ददृशे इदम् ॥ ३५ ॥
> × × सा वीक्ष्य विश्वं सहसा राजन्संजात वेपथुः । (३७)

આ પછી અધ્યાય ૮માં ભાગવતકાર વ્રજમાં ગર્ગ પુરોહિતનું આગમન અને બાળકોના નામકરણાદિ સંસ્કાર કર્યાનું વર્ણન કરે છે. આ પછી શ્રીકૃષ્ણે પોતાના મુખમાં યશોદાજીને વિશ્વરૂપ-દર્શન કરાવ્યાનો પ્રસંગ આવે છે. ભગવાને માટી ખાધી એવી ફરિયાદ સાથે ગોપબાલો આવે છે ત્યારે યશોદાજી કૃષ્ણને પૂછે છે કે એ વાત ખરી છે! શ્રીકૃષ્ણ કહે છે મેં માટી નથી ખાધી. યશોદાજી કહે છે બતાવ તારૂં મુખ. શ્રીકૃષ્ણ મુખ પહોળું કરે છે અને યશોદા એ મુખમાં આખું વિશ્વ જુએ છે.

આમ બે વખત વિશ્વરૂપદર્શન અનુક્રમે સાતમા અને આઠમા અધ્યાયમાં છે. તેમાંથી ઓછામાં ઓછું એક પ્રસંગ તો પાછળના સમયનો લાગે છે. આ પ્રસંગ તેમ જ તેના વર્ણનને સર્વ પુરાણોમાં સ્થાન નથી મળ્યું.

(૬) **કૃષ્ણનું ઊખલસહબંધન-યમલાર્જુન ઉદ્ધાર**—બ્રહ્મ, ૧૮૪.૩૧-૪૨; વિષ્ણુ, ૫.૬.૧૦-૨૦; પદ્મ, ૨૭૨.૮૯-૯૭; હરિવંશ, ૬૪ (સમીક્ષિત આવૃત્તિ, અધ્યાય ૫૧, પૃ. ૩૪૫-૪૭); બ્રહ્મવૈવર્ત, ૪.૧૪; ભાગવત, ૧૦.૯.૧૦

શ્રીકૃષ્ણને ઊખલ સાથે બાંધવાના કારણોની વિગતો જુદા જુદા પુરાણોમાં અલગ અલગ છે. પદ્મ. અનુસાર કૃષ્ણ પડોશીઓનું નવનીત ચોરતા તેથી યશોદાએ એમને બાંધ્યા અને દૂધ વેચવા ગયા. બ્રહ્મવૈવર્ત કહે છે યશોદા સ્નાન કરવા ગયા ત્યારે કૃષ્ણ માખણ દૂધ વગેરે ખાઈપી ગયા અને

ભાગવા માંડ્યા તેથી બાંધ્યા. ભાગવત કહે છે કે કૃષ્ણને સ્તન્યપાન કરવું હતું અને યશોદા વલોણું કરતા હતા તેથી થોડુંક ધવડાવી કામે લાગ્યાં તેથી ગુસ્સે થઈ કૃષ્ણે ગોળી ફોડી અને નાઠા, યશોદાએ પકડી ઊખલ સાથે બાંધ્યા, પણ ઘરના બધાં દોરડાં લેવા છતાં દોરડું ખૂટયું. આખરે કૃષ્ણ સ્વેચ્છાથી બંધાયા. ઉખેડેલા બે ઝાડ કુબેરના પુત્રો નલકૂબર અને મણિગ્રીવ નારદના શાપથી ઝાડરૂપે હતા તેમનો કૃષ્ણે ઝાડ ઊખેડી ઉદ્ધાર કર્યો. બ્રહ્મવૈવર્ત્ત એક જ ઝાડની અને એક જ પુરુષના ઉદ્ધારની વાત કરે છે, પણ તેનું નામ નથી આપ્યું, તેમ જ વૃક્ષ સાથે વસ્ત્રથી કૃષ્ણને બાંધ્યા એમ કહે છે પણ ઉલૂખલ સાથે બાંધ્યા એવી હકીકત નથી.

હરિવંશ, સમીક્ષિત આવૃત્તિ, અધ્યાય ૫૧ (પૃ. ૩૪૫–૪૭) મુજબ શ્રીકૃષ્ણ અને બલરામ મોટા થઈ આખા વ્રજમાં ફરતા ખૂબ તોફાન કરવા લાગ્યા. અંતે થાકીને—

> ततो यशोदा संक्रुद्धा कृष्णं कमललोचनम् ।
> आनाय्य शकटीमूलं भर्त्सयन्ती पुनः पुनः ॥ १३ ॥
> दाम्ना चैवोदरे बध्वा प्रत्यबन्धदुदूखले ।

બે અર્જુન વૃક્ષો વચ્ચેથી ઉલૂખલને ખેંચતાં વૃક્ષો મૂળમાંથી ઊખડી ગયા. નલકૂબર અને મણિગ્રીવના ઉદ્ધારવાળી વાત હરિવંશમાં નથી, તેમ જ વિષ્ણુપુરાણમાં પણ નથી.

આ બધા ઉત્પાતોથી ડરી સર્વે ગોપો વૃન્દાવન ચાલ્યા જાય છે, અને ત્યાં વાસ કરે છે. આ પછી ભાગવત બીજી કેટલીક લીલાઓ નોંધે છે તે બીજા પુરાણોમાં નથી મળતી, અથવા કોઈકમાં મળે છે અન્યમાં નથી.

(૭) **વત્સાસુર તથા બકાસુરવધ**—ભાગવત, ૧૦.૧૧.૪૧–૪૫માં વત્સાસુરવધનો પ્રસંગ આપ્યો છે. વત્સરૂપે આવેલા દૈત્યને શ્રીકૃષ્ણ મારે છે—

> तं वत्सरूपिणं वीक्ष्य वत्सयूथगतं हरिः ।
> दर्शयन्बलदेवाय शनैर्मुग्ध इवासदत् ॥ ४२ ॥
> गृहीत्वापरपादाभ्यां सहलाङ्गूलमच्युतः ।
> भ्रामयित्वा कपित्थाग्रे प्राहिणोद्गतजीवितम् ॥ ४३ ॥

આ પછી ભાગવત ૧૦.૧૧.૪૬-૫૨માં બકાસુરવધનો પ્રસંગ છે. પોતપોતાની ગાયોને જલાશય પાસે લઈ જઈ ગોપબાલો પોતે પાણી પીએ છે. ગાયોને પાય છે. ત્યાં ગિરિશૃઙ્ગ જેવા મોટા બકરૂપી બકાસુરને જુએ છે. તીક્ષ્ણ ચાંચવાળો બક આવીને કૃષ્ણને ગળે છે. કૃષ્ણ એની ચાંચને બે હાથ વડે પકડી ચીરી નાંખે છે.

બકાસુરની હકીકત પદ્મ. ૨૭૨.૧૦૦-૧૦૧માં પણ છે. બ્રહ્મવૈવર્ત, ખંડ ૪.૧૬. ૧–૧૩માં સહેજ જુદી રીતે આ હકીક્ત છે. બક જ્યારે શ્રીકૃષ્ણને ગળે છે ત્યારે ઇંદ્રાદિ દેવો પોતપોતાના શસ્ત્રોથી બકને મારવા વ્યર્થ પ્રયત્ન કરે છે. અંતે પોતાના બ્રહ્મતેજથી પ્રજ્વલતા શ્રીકૃષ્ણ બકને અંદરબહારથી બાળી નાંખે છે.

આ પછી બ્રહ્મવૈવર્ત્ત ૪.૧૬.૧૪-૧૯માં વૃષરૂપધારી પ્રલમ્બાસુરના વધની વાત આવે છે. ભાગવતનો વત્સાસુર તે અહીં પ્રલમ્બ નામે રજૂ થયો છે, પણ ભાગવતમાં પ્રલમ્બાસુર વધની

હકીકત આવે છે તે પ્રલમ્બ આ બ્રહ્મવૈવર્તનો પ્રલમ્બ નથી. બ્રહ્મવૈવર્ત્તમાં તો આ પ્રલમ્બને સ્પષ્ટ રીતે વૃષરૂપધર કહ્યો છે, તે હરિને શીંગડે ભરાવી ફેરવે છે. પછી મધુસૂદન એને શિંગડેથી પકડી આકાશમાં ઘૂમેડી પછાડી મારી નાખે છે.

(૮) **અઘાસુરવધ**—ભાગવત, ૧૦.૧૨ મુજબ બકાસુરનો નાનો ભાઈ અઘાસુર મોટા અજગરનું રૂપ ધરી રસ્તા વચ્ચે પડે છે તેના મુખમાં પેસી શ્રીકૃષ્ણ તેને ગુંગળાવી મારે છે.

આ પછી ભાગવત ૧૦, અ. ૧૩ તથા ૧૪માં બ્રહ્મા એક વર્ષ સુધી ગોપબાલો અને ગાયોને સંતાડી દે છે અને શ્રીકૃષ્ણ એ સર્વનું રૂપ લઈ રહે છે, બ્રહ્મા વર્ષાન્તે બધું પાછું સોંપી ભગવાનની શક્તિની સ્તુતિ કરે છે.

(૯) **કાલિય-દમન**—બ્રહ્મ. ૧૮૫.૧-૫૬; વિષ્ણુ. ૫.૭.૧-૮૨; પદ્મ. ૨૭૨, ૧૨૮-૧૩૪; હરિવંશ, ૬૮ તથા ૬૯ (સમીક્ષિત આવૃત્તિ, અધ્યાય ૫૬); બ્રહ્મવૈવર્ત, ૪.૧૯.૧-૧૬૯; ભાગવત, ૧૦.૧૬ તથા ૧૭.૧-૧૯.

કેટલીક વીગતોમાં ફેરફાર હોવા છતાં મુખ્ય પ્રસંગના વર્ણનમાં બધાં પુરાણો સહમત છે. બ્રહ્મ, વિષ્ણુ અને હરિવંશ મુજબ, નાગ સાથેનું યુદ્ધ ઘણું ચાલે છે ત્યારે બલરામ કૃષ્ણને કહે છે કે સર્વગોપજન જે ચિંતાતુર છે તેમના પર દયા લાવી હવે યુદ્ધ પૂરું કરો; પણ ભાગવત મુજબ બલરામ મૌન રહે છે, જ્યારે બ્રહ્મવૈવર્ત અનુસાર બલરામ સહુ ગોપજનને હિંમત રાખવા કહે છે. ભાગવતમાં ધેનુકવધનો પ્રસંગ કાલિય-દમનની પહેલાં આપ્યો છે.

(૧૦) **દાવાગ્નિમોચન**—ભાગવત ૧૦. ૧૭. ૨૦-૨૫, બ્રહ્મવૈવર્ત, ૪. ૧૯. ૧૭૦ આદિ મુજબ કાલિયદમન પછી રાત્રે જ્યારે થાકેલા સર્વ ગોપો ગાયો સહિત કાલિન્દીતટે જ સૂઈ ગયા હતા ત્યારે શુચિવનમાંથી ઉદ્ભવેલો દાવાગ્નિ આખા વ્રજને ઘેરી લે છે અને દાઝતા સર્વ વ્રજવાસી શ્રીકૃષ્ણનું શરણ લે છે. શ્રીકૃષ્ણ દાવાગ્નિને પી જાય છે—**तमग्निमपिबत्तीव्रमनन्तोऽनन्तशक्तिधृक् ॥**

(૧૧) **ધેનુક(ગર્દભ)-વધ**—બ્રહ્મ. ૧૮૬.૧-૧૩; વિષ્ણુ. ૫.૮.૧-૧૩; પદ્મ. ૨૭૨. ૧૩૫-૧૩૯; હરિવંશ, ૭૦ (સમીક્ષિત આવૃત્તિઅ. ૫૭, પૃ. ૩૭૫-૩૭૭); બ્રહ્મવૈવર્ત્ત, ૪.૨૨; ભાગવત, ૧૦.૧૫.૧૯-૪૭.

તાલવનમાં ગર્દભોનો ઘણો ઉપદ્રવ હતો. કૃષ્ણ ત્યાં જઈ તેના આગેવાન ધેનુકને મારી બીજા ગર્દભોને મારી અથવા ભગાડી દે છે. ભાગવત મુજબ શ્રીદામ, સુબલ આદિ સખાઓની વિનંતિથી કૃષ્ણ ધેનુક અને તેના ગર્દભોને મારવા જાય છે. હરિવંશ મુજબ કૃષ્ણ સ્વેચ્છાએ જાય છે. હરિવંશ અને ભાગવત મુજબ બલરામે ધેનુકને માર્યો અને કૃષ્ણે બીજા ગર્દભોને પરાસ્ત કર્યા. ધેનુકનો પ્રસંગ ક્રમમાં ભાગવત, બ્રહ્મવૈવર્ત, આદિમાં જુદે જુદે સ્થળે છે. ભાગવત મુજબ બલરામ એક હાથે ધેનુકના પગ પકડી ઘૂમેડીને તાલવૃક્ષ સાથે અફાળીને તેને મારી નાખે છે.

(૧૨) **પ્રલમ્બાસુર-વધ**—બ્રહ્મ. ૧૮૭.૧-૩૦; વિષ્ણુ. ૫.૯.૧-૩૦; પદ્મ. ૨૭૨.૧૪૦-૧૪૩; હરિવંશ, ૭૧ (સમીક્ષિત આવૃત્તિ અ. ૫૮); બ્રહ્મવૈવર્ત, ૪.૧૬.૧૪-૧૯; ભાગવત, ૧૮.૧૭-૩૨

ગોપબાલોની એક રમત હતી જેમાં હારેલાની પીઠ પર જિતેલો બાળક બેસે અને તેને ભાંડીરક નામના વટવૃક્ષ સુધી લઈ જવો પડે. આ રમતનું નામ હરિણાક્રીડન હતું. આમાં પ્રલમ્બ નામનો અસુર બાલરૂપે રમવા ભળી ગયો અને રમતમાં બલરામથી હારતાં પ્રલમ્બ બલરામને પીઠ પર બેસાડી આકાશમાં ભાગ્યો. બલરામે જોરથી એના માથા ઉપર મુષ્ટિ પ્રહાર કરી તેનું માથું તોડી નાખ્યું; અને પ્રલમ્બ મોટા અવાજ સાથે પડીને મરી ગયો. (ચિત્ર નં ૩૦ મૃણ્મયફલક, ચંદૌસી, ઉત્તર પ્રદેશ, હાલ અલાહાબાદ મ્યુઝિયમમાં)

(૧૩) **ગોપીવસ્ત્રાપહરણ**—ભાગવત, ૧૦. અ. ૨૨માં તથા બ્રહ્મવૈવર્ત, ૪.૨૭માં કાત્યાયની વ્રત કરી છેલ્લે દિવસે વસ્ત્ર ઉતારી ગોપકુમારિકાઓ યમુનાજીમાં નહાવા પડે છે. શ્રીકૃષ્ણ તેમનાં વસ્ત્રો લઈ ઝાડ પર ચઢી જાય છે અને જ્યારે ગોપીઓ વસ્ત્ર માગે છે ત્યારે કહે છે કે વ્રતપૂર્તિ માટે નગ્ન થઈ સ્નાન કરવું ઠીક નથી. પછી વસ્ત્રો પાછાં સોંપે છે. ચિત્રોમાં આ પ્રસંગ ઘણો મળે છે, શિલ્પમાં જોયાનો ખ્યાલ નથી.

બ્રહ્મમાં કાલીય(કાલિય અને કાલીય એવી બેઉ જોડણી છાપેલી છે) દમન પછી અધ્યાય ૧૮૬માં ધેનુકવધ પછી ૧૮૭માં પ્રલમ્બ વધ, ૧૮૭.૩૧થી પ્રાવૃડ્વર્ણન, શક્રમહ અને ગોવર્ધનધરણનો પ્રસંગ શરૂ થાય છે. હરિવંશ, સમીક્ષિત આવૃત્તિમાં પણ અ. ૫૯-૬૨માં ગિરિયજ્ઞપ્રવર્તન, ગોવર્ધન અને ગોવિન્દાભિષેકની હકીકત છે.

(૧૪) **ઇન્દ્ર-મહ(શક્ર-મહ)-ગિરિયજ્ઞપ્રવર્તન-ગોવર્ધનધરણ**—બ્રહ્મવૈવર્ત, ૪.૨૧માં આ પ્રસંગ છે પણ તે ધેનુક-વધ પહેલાં છે; બ્રહ્મ. ૧૮૭, ૩૧ થી અ. ૧૮૮.૪૯ સુધી; વિષ્ણુ. ૫.૧૦.૧-૧૨; પદ્મ. ૨૭૨.૧૮૧-૨૧૭; હરિવંશ, ૭૨-૭૬ (સમીક્ષિત આવૃત્તિ ૫૯-૬૨); ભાગવત, ૧૦.૨૪-૨૭.

કેટલીક વીગતોમાં પુરાણોમાં ફેર છે પણ શિલ્પને લાગેવળગે છે ત્યાં સુધી ગોવર્ધનધરણની મુખ્ય વાત સરખી હોવાથી વિસ્તારભયે બીજા તફાવતો અહીં નોધ્યા નથી.

(૧૫) **રાસક્રીડા**—બ્રહ્મ. ૧૮૯.૧-૪૫; વિષ્ણુ. ૫.૧૩; પદ્મ. ૨૭૨.૧૫૮-૧૮૦; હરિવંશ, ૭૭ (સમીક્ષિત આવૃત્તિ અ. ૬૩); બ્રહ્મવૈવર્ત, ૪.૨૮-૫૩; ભાગવત, ૧૦.૨૯-૩૩.

શરદની રાત્રે કૃષ્ણે વનમાં જઈ પોતાના ગીત વડે ગોપીઓને આકર્ષી. એ બધાના આવ્યા પછી તેઓ અન્તર્ધાન થયા અને ગોપીઓના વિરહાલાપે ફરી ફરી પ્રગટ થયા. પછી રાસમંડલ રચાયું અને ભગવાને સર્વે ગોપીઓ સાથે રાસક્રીડા કરી. પ્રત્યેક ગોપીની સાથે ભગવાન રાસ રમતા દેખાયા. ભાગવત (૧૦.૩૩.૧-૩) મુજબ—

तत्रारमत गोविन्दो रासक्रीडामनुव्रतैः ।
स्त्रीरत्नैरन्वितः प्रीतैरन्योन्याबद्धबाहुभिः ॥ २ ॥
रासोत्सवः संप्रवृत्तो गोपीमण्डलमण्डितः ।
योगेश्वरेण कृष्णेन तासां मध्ये द्वयोर्द्वयोः ॥
प्रविष्टेन गृहीतानां कण्ठे स्वनिकटं स्त्रियः ॥ ३ ॥
× × कृत्वा तावन्तमात्मानं यावतीर्गोपयोषितः ।
रेमे स भगवांस्ताभिरात्मारामोऽपि लीलया ॥ ४ ॥

પદ્મપુરાણ વધારામાં ગોપીઓ સાથે સુરતક્રીડાની વાત કરે છે. હરિવંશ, સમીક્ષિત આવૃત્તિ, અ. ૬૩ " હલ્લીસક્રીડનમ્ " નામક છે તેમાં રાસમંડલ રચ્યાનો સ્પષ્ટ ઉલ્લેખ નથી. બ્રહ્મવૈવર્ત મોટે ભાગે રાધા અને કૃષ્ણની રતિક્રીડાનું વર્ણન કરે છે. વિષ્ણુમાં ગોપીઓ પોતે કૃષ્ણ હોય તેમ કૃષ્ણની જુદી જુદી લીલાઓ કરતી હોય તેમ વર્તે છે એ વાત વધારાની છે.

કાંકરોલીના સંગ્રહમાંની બાલગોપાલ સ્તુતિમાંથી રાસલીલાના પ્રસંગનું ચિત્ર (**ચિત્ર ૨૫**, જુઓ આ અંકના પાછલા પૂંઠા ઉપર) અહીં રજૂ કર્યું છે.

(૧૬) **અરિષ્ટ-વૃષભાસુર વધ**—બ્રહ્મ. ૧૮૯ ૪૬-૫૮; વિષ્ણુ. ૫.૧૪; પદ્મ. ૨૭૨, ૧૪૪-૧૪૯; હરિવંશ, ૭૮ (સમીક્ષિત આવૃત્તિ અ. ૬૪), બ્રહ્મવૈવર્ત, ૪.૧૬.૧૪-૧૯; ભાગવત, ૧૦.૩૬.૧-૧૫ વૃષભાસુર સાથેના યુદ્ધનું હરિવંશનું વર્ણન (સમીક્ષિત આવૃત્તિમાંથી)-

× × तमापतन्तं प्रमुखे प्रतिजग्राह दुर्धरम् ।
कृष्णः कृष्णाञ्जननिभं वृषं प्रतिवृषोपमः ॥ १६ ॥

स संसक्तस्तु कृष्णेन वृषेणेव महावृषः ।
मुमोच वक्त्रजं फेनं नस्ततोऽथ स शब्दवत् ॥ १७ ॥

× × तस्य दर्पबलं हत्वा कृत्वा शृङ्गान्तरे पदम् ।
अपीडयदरिष्टस्य कण्ठं क्लिन्नमिवाम्बरम् ॥ १९ ॥

शृङ्गं चास्य पुनः सव्यमुत्पाट्य यमदण्डवत् ।
तेनैव प्राहरद्वक्त्रे स ममार भृशं हतः ॥ २० ॥

આ પછી શ્રીકૃષ્ણ અને બલરામ મથુરા જાય છે, ચાણૂર તથા મુષ્ટિકનો અને કંસનો વધ કરે છે વગેરે પ્રસંગો વિસ્તારભયે આપણે અહીં છોડી દઈશુ.

હવે આપણે ઉપરની લીલાઓ દર્શાવતાં કેટલાંક શિલ્પો જોઈએ. પ્રાચીન શિલ્પોમાં ખાસ નોંધપાત્ર છે મથુરા મ્યુઝિયમમાં સુરક્ષિત, આશરે બીજા સૈકા આસપાસનો, કુષાણ રાજાઓના સમયનો, એક શિલ્પફલકનો બચેલો ભાગ. આ શિલ્પ વસુદેવ નવજાત શિશુને લઈ ગતોરાત યમુના પાર કરી ગોકુલ જાય છે તે પ્રસંગના ફલકનો એક બચેલો ભાગ છે.[3]

જોધપુરથી લગભગ છ માઈલ દૂર મંડોર (પ્રાચીન માંડવ્યપુર)માં ખોદતાં બે મોટા શિલાસ્તમ્ભો (દરેક લગભગ બારથી તેર ફૂટ ઊંચા) મળી આવેલા હાલ જોધપુર મ્યુઝિયમમાં છે (**ચિત્ર ૨-૩**). ચિત્ર ૨માં ઉપરથી પહેલું મોટું આલેખન ગોવર્ધનધરણના પ્રસંગનું છે. આમાં શ્રીકૃષ્ણ જમણો હાથ કમરે રાખી ડાબા હાથે ગિરિને ટેકવી ઊભા છે. ગળાનો હાર પ્રાચીન શૈલીનો, શરીરની સુદૃઢ સ્નાયુયુક્ત બાંધણી, કમરબંધની બાજુમાં ગાળા જેવા લટકતા છેડા, વગેરે સૂચવે છે કે આ શિલ્પ ઈ. સ. ચોથા સૈકાના અંત ભાગનું બનેલું હશે. એથી કંઈક જૂનું હોઈ શકે,

3 N. P. Joshi, Mathura Sculptures (Mathura, 1966), ચિત્ર ૫૮.

અર્વાચીન નહિ.[૪] આમાં કૃષ્ણની બાજુમાં બલરામ, ગોપગોપી, અને નીચે ગાયો છે. તે નીચે નવ દશ લીટીનો એક લેખ કોતરેલો હતો તે ઘસાઈ નહીંવત્ રહ્યો છે પણ લિપિના રહ્યા-સહ્યા અંશ પરથી ઉપરનો સમય ધારવાનું ઠીક જ છે. આ પછી નીચેના ભાગમાં, દધિમંથન થાય છે ત્યાં કૃષ્ણ આવી માટલામાંથી માખણ લઈ ખાઇ જાય છે.

છેક નીચે શકટભંગનો પ્રસંગ કોતરેલો છે. બાળક કૃષ્ણ ગાડા નીચે સૂતા છે. ગાડુ પગથી ઉથલાવેલું છે. એક હાથે માતા યશોદાના સ્તનને પકડેલ છે, બીજા હાથમાં પક્ષી જેવું છે તે રમવાનું રમકડું હશે.

બીજા સ્તમ્ભ પર પહેલો પ્રસંગ તાલવૃક્ષ નીચે ઊભેલા બલરામે એક હાથે ધેનુકાસુર-ગર્દભરૂપને પકડી ઘૂમેડી પછાડયો તેનું દશ્ય છે. તેની નીચેના પટ્ટમાં કૃષ્ણે કાલિયનાગના મસ્તક પર નૃત્ય કરી તેને નમાવ્યો તેનું દશ્ય છે. અહીં કૃષ્ણની બાજુમાં બલરામની સશકત આકૃતિ બતાવી છે.

ત્રીજો પ્રંસગ બરોબર ઓળખી શકાતો નથી. આકૃતિઓ ઘસાઈ ગઈ છે. ચોથો પ્રસંગ વૃષભાસુરવધનો છે. પાંચમો પ્રસંગ અશ્વરૂપી કેશીનો વધનો છે. કેશીના મુખમાં ડાબો હાથ ખોસી જમણો હાથ તેના પર પ્રહાર કરવા માટે જોરથી ઊંચો કર્યો છે. આ પટ્ટમાં કૃષ્ણ એક પગનો આગળ પેંતરો રચી ઊભેલા છે તે અને અશ્વ આગલા પગો ઊંચકી પ્રહાર કરવા જાય છે તે હૂબહૂ ચિતર્યા છે

આ બેઉ સ્તમ્ભોની કોતરણી ઊંચી કક્ષાની છે. કલાની દષ્ટિએ, પશ્ચિમ અને મધ્ય ભારતની સાંચીમાં દષ્ટિગોચર થતી પ્રાચીન કલાશૈલીના અને ગાંધાર કલાની થોડીક અસરવાળાં આ બેઉ શિલ્પો ઈ. સ.ના ચોથા સૈકાનાં હોઈ શકે. એથી અર્વાચીન નથી. એ જુદા જુદા પ્રસંગોની કલા તે ગુપ્તકલા નથી. ભૂંસાયેલા શિલાલેખના દષ્ટિગોચર થતા અવશેષ પરથી શ્રી. ડી. આર. ભાંડારકરે લખ્યું છે—" × × × The age of these sculptures can not thus be pushed earlier than the fourth century A.D. "[૫]

કંઈક આથી પહેલાના સમયનું, ઈ.સ.ના ત્રીજા સૈકામાં અથવા ચોથા સૈકાના પૂર્વાર્ધમાં મૂકી શકાય એવું માટીની મોટી તકતી પર કોતરી પકવેલું મૃણ્મય શિલ્પફલક (terracotta plaque) રંગમહલ(બીકાનેર જિલ્લો, રાજસ્થાન)માંથી મળેલું **ચિત્ર ૪** તરીકે રજૂ કર્યું છે. મોટી મૂછવાળા, ભરાવદાર લંબગોળ મુખ, મોટી આંખોવાળા મુકુટધારી કૃષ્ણે ડાબા હાથે ગોવર્ધન પર્વત ઊંચકયો છે, નીચે પગ પાસે ગાયોનું ધણ છે. કૃષ્ણની આખી આકૃતિ ગાંધાર કલામાં (ઈ. સ.

---

4 જુઓ, D. R. Bhandarkar, Two Sculptures at Mandor, Archaeological Survey of India, Annual Report, 1905-06, પૃ. ૧૩૫-૧૪૦. આ પ્રસંગની સુંદર છબી માટે જુઓ, કુમારસ્વામી, હિસ્ટરી ઑફ ઇન્ડિયન એન્ડ ઇન્ડોનેશિયન આર્ટ, ચિત્ર નં. ૧૬૬, પૃ. ૪૪

૫. ડી. આર. ભાંડારકર, એન્યુઅલ રીપોર્ટ, આર. સર્વે ઑફ ઇન્ડિયા, ૧૯૦૫-૦૬, પૃ. ૧૪૦ ડૉ. ગોએત્ઝ્ આ સ્તમ્ભોને ઈ. સ. ના ચોથા સૈકાના ગણે છે, જુઓ, જર્નલ ઑફ ધ ઓરિયેન્ટલ ઇન્સ્ટિટયૂટ, વૉ. ૧, નં. ૧, પૃ. ૫૪

પહેલીથી ચોથી સદી ) મળતી બુદ્ધની કેટલીક આકૃતિઓને ખૂબ જ મળતી છે. કૃષ્ણના ગળામાં હાંસડી અને અંગ્રેજી Vના અક્ષરને મળતો હાર તે અનુક્રમે ગાંધાર કલામાં અને મથુરાની કુષાણ-કાલીન કલામાં મળે છે. આજ સુધી ઉપલબ્ધ ગોવર્ધનધરણનાં શિલ્પોમાં આ સૌથી પ્રાચીન ગણાય. એ જ પ્રકારની બીજી એક તકતી રંગમહલમાંથી મળેલી હાલ બીકાનેર મ્યુઝિયમમાં છે તેમાં દધિ વેચવા નીકળેલી ગોપી અને એની બાજુમાં ગોપવેશે સંભવતઃ કૃષ્ણ ઊભેલા છે. એક છેડે તાલવૃક્ષ છે. આ પ્રસંગ કૃષ્ણની દાણલીલાનો અથવા ગોકુલમાં ગોપલીલાનો છે. એનો સમય પણ ઈ. સ. ૩૦૦ આસપાસનો ગણાય ( **ચિત્ર ૫** ).

વલભી–વળા–માંથી મળેલું મસ્તક રહિત એક શિલ્પ **ચિત્ર ૬**માં રજૂ કર્યું છે તે કેશી-વધ માટે તેની પર પ્રહાર કરવા હાથ ઊંચો કરેલા શ્રીકૃષ્ણનું છે. આગલા પગ ઊંચા કરી, પાછલા પગ પર ઊભો રહી, કેશી–અશ્વ–કૃષ્ણ પર હુમલો કરે છે તેને મુખ આગળ એક હાથે શ્રીકૃષ્ણ ખાળે છે. આમળાવાળો કમરબંધ અને તેની વચ્ચે અર્ધગોળાકાર રચના, ધોતિયાની સુંદર વાંકડવેલી ભાત ( જે ગ્રીક શિલ્પોમાં ઘણી જોવા મળે છે ), અશ્વના પગ પકડેલો કેડે મૂકેલો વધુ પડતા પહોળા પંઝાવાળો હાથ—આ બધાં લક્ષણો આ શિલ્પને ઈ.સ.ના ચોથા સૈકાથી અર્વાચીન નહિ એવા સમયમાં મૂકવા માટેના સબળ પૂરાવા છે.

આ સમયમાં ઉત્તર અને પશ્ચિમ ભારત ઉપરાંત મધ્ય એશિયામાં પણ કૃષ્ણભક્તિનો, કૃષ્ણ-ચરિત્રનો પ્રચાર થઈ ગયો હતો. મધ્યએશિઆમાં ખોતાનમાંથી મળેલા માટીકામના નમૂનાઓ રશિઆમાં લેનિનગ્રાડમાં હર્મિટાજ (Hermitage) મ્યુઝિયમમાં છે તેમાં વેણુ-ગોપાલ, બંસીધર, કૃષ્ણની એક સુંદર આકૃતિ છે જે અહીં **ચિત્ર ૭** તરીકે રજૂ કરી છે. ખોતાનમાંથી મળેલી રશિઆના હર્મિટાજ મ્યુઝિયમમાં સુરક્ષિત ગોવર્ધનધારીની એક માટીકામની કૃતિ છે ( **ચિત્ર ૮** ) જે શ્રીકૃષ્ણના શક-કુષાણ શૈલીના ચાકદાર જામા વગેરેની દૃષ્ટિએ પણ નોંધપાત્ર છે. આ કૃતિ પણ ઈ.સ.ના ચોથા સૈકામાં તો મૂકી જ શકાય. એથી કદાચ સ્હેજ પ્રાચીન પણ હોઈ શકે.

ગોવર્ધનધારી કૃષ્ણનું એક ભવ્ય, અતિ સુંદર મનોહારિ શિલ્પ સારનાથમાંથી મળેલું વારાણસીમાં ભારત કલાભવનના સંગ્રહમાં છે ( **ચિત્ર ૯**, જુઓ આ અંકના પહેલા પૂંઠા ઉપર ). કિશોર અવસ્થા વટાવી યૌવનમાં પ્રવેશતા શ્રીકૃષ્ણની નયનાભિરામ આકૃતિ, ગળામાં વ્યાઘ્ર-નખ અને ચક્રાંકિત પદક સાથેની કંઠી, ખભા પર લટકતા કેશ-કાકપક્ષ, બાજુબંધ, કડા અને માથે પટાવાળું ચૂડામણિ યુક્ત શિરસ્ત્રાણ, આ બધાના સુમેળવાળી શ્રીકૃષ્ણની આ મૂર્તિ ભારતીય શિલ્પની ગુપ્તકાલીન કૃતિઓમાં એક સર્વોત્તમ કૃતિ છે. શ્રીકૃષ્ણની મૂર્તિ મનુષ્ય કદની, સામાન્ય કદથી કંઈક ઊંચી અને ભવ્ય છે. આ શિલ્પ ઈ.સ.ના પાંચમા સૈકાનું છે.

હરિવંશના શકટભંગના વર્ણનને મળતું જેમ મંડોરના સ્તમ્ભપરનું શકટભંગનું આલેખન છે તેમ મધ્ય પ્રદેશમાં ચંબલ કાંઠે દેવગઢના સુવિખ્યાત ગુપ્તકાલીન દશાવતાર મંદિર-માંથી મળેલા શિલાપટમાં શકટભંગનું એક સુંદર આલેખન છે ( **ચિત્ર ૧૦** ). એક પગે સહજ-લીલાથી ઉથલાવી પાડેલા ગાડા પરના ગોરસ આદિના માટલા ગબડી ગયા છે, ચોકી પર સૂતેલા બાલકૃષ્ણના એક હાથમાં પંખી જેવું કોઈ ક્રીડનક ( રમકડું ) છે. બાજુમાં વિસ્મિત યશોદા ઊભાં છે. યશોદાજીનો ગોપવેશ નોંધપાત્ર છે. આ શિલ્પ ઈ.સ.ના છઠ્ઠા સૈકાના પૂર્વાર્ધ કે મધ્ય ભાગનું છે.

મથુરા અને આસપાસથી કૃષ્ણલીલાનાં બીજા શિલ્પો મળ્યાં છે અને ચોરાશી કોશની યાત્રામાં હજુ મળવા સંભવ છે. મથુરા મ્યુઝિયમમાં ઈ.સ.ના સાતમા સૈકા આસપાસનું ગોવર્ધનધારીનું એક સુંદર શિલ્પ છે જે **ચિત્ર ૧૦૭** માં રજૂ કર્યું છે. લગભગ આ સમયનું કાલીયદમનનું એક ખંડિત શિલ્પ અને બીજું કેશીવધનું ખંડિત શિલ્પ (કુષાણકાલીન) મથુરા મ્યુઝિયમમાં છે.[૬] વડોદરા મ્યુઝિયમમાં મથુરાના માટીના શિલ્પનો એક ટુકડો છે તે ઈ.સ. પાંચમા-છઠ્ઠા સૈકાનો છે.[૭]

બાદામી(કર્ણાટક)નાં ઉત્તર તરફના કિલ્લાની દીવાલમાં જડેલું ગોવર્ધનધરણનું શિલ્પ છે. ભુવનેશ્વર મંદિરમાં ઈ. સ. છઠ્ઠા સૈકા આસપાસનું કાલિય-દમનનું શિલ્પ નવીન ઢબનું છે.[૮] ઈ. સ.ના છઠ્ઠા સૈકામાં કોતરેલા કૃષ્ણલીલાના પ્રસંગો બાદામીની બે તથા ત્રણ નંબરની ગુફાઓમાં છે તેમાં જેલમાં વાસુદેવ-દેવકી તથા કૃષ્ણજન્મ, ગોકુલગમન, દધિમંથન, પૂતનાવધ, યમલાર્જુન ઉચ્છેદ, શકટભંગ, ઊખલબંધ, વત્સાસુરવધ, કાલિયદમન, ધેનુક-વધ, ગોવર્ધનધરણ, કુવલયાપીડ-વધ, ગોપીજનસહ વ્રજમાં રમણ, આદિ પ્રસંગો છે.

શ્રીકૃષ્ણલીલાના પ્રસંગો, કલામાં, કાશ્મીરથી મહાબલિપુરમ્ સુધી અને બંગાલથી સૌરાષ્ટ્ર સુધી દેશને ચારે ખૂણે મળે છે. આવા પ્રસંગો સુવિખ્યાત ખજુરાહોના મંદિરોમાં, ખાસ કરીને ખજુરાહોના લક્ષ્મણ મંદિરમાં મળે છે. અહીં આ શિલ્પો ટૂંકામાં વર્ણવી ચિત્ર સાથે જોઈશું.

લક્ષ્મણ મન્દિર એ પંચાયતન શૈલીનો સાન્ધાર પ્રાસાદ છે અને ખજુરાહોના પૂર્ણ વિકસિત મંદિરોમાંનું પ્રાચીનતમ સુન્દર દેવાલય છે. મધ્યયુગીન મંદિરોના આદિકાલના મંદિરોની કેટલીક વિશેષતાઓ આ મંદિરમાં છે. આ મંદિરની દીવાલો પરની કેટલીક દિક્‌પાલ પ્રતિમાઓ દ્વિભુજી છે, એના ગર્ભગૃહ-દ્વારના અલંકરણોમાં દ્વાર શાખામાં પત્રલતાઓ અંકિત છે. આવી વિશેષતાઓ આ મંદિરને આદિમધ્યયુગીન (મધ્યકાલના મંદિરોમાં જૂના સ્તરનું) સાબિત કરે છે. આ મંદિરના સંરક્ષણકાર્ય અંગેના જીર્ણોદ્ધારમાં મળેલો શિલાલેખ જે અત્યારે મંદિરનાં મંડપમાં જડયો છે તે ઉપરથી જાણવા મળે છે કે આ મંદિર ચન્દેલ નૃપતિ યશોવર્મને બંધાવેલું. યશોવર્મનનું મૃત્યુ ઈ. સ. ૯૫૪માં થયું હતું. આ મંદિર ઈ. સ. ૯૩૦ થી ૯૫૦ વચ્ચે બન્યું હશે.

આ મંદિરનાં કેટલાંક શિલ્પો તો મધ્યકાલીન કલાના વિશ્વવિખ્યાત બનેલા નમૂનાઓ છે જેમાં પત્ર લખતી યુવતી, દર્પણમાં મુખ જોતી સુન્દરીનાં શિલ્પો જાણીતાં છે. ખજુરાહોમાંથી મળેલાં કૃષ્ણ-લીલાના શિલ્પોમાંના ઘણાંખરાં તો લક્ષ્મણ મંદિરમાં જ કોતરેલાં છે. આ મંદિરના પ્રદક્ષિણા-માર્ગની ચારે બાજુઓમાં, ગર્ભગૃહની જંઘા પર આ બાર લીલા પ્રસંગો છે—પૂતના-વધ શકટ-ભંગ, તૃણાવર્ત-વધ, યમલાર્જુન-ઉદ્ધાર, વત્સાસુર-વધ, કાલિય-મર્દન, અરિષ્ટાસુર-વધ,

---

૬. એન. પી. જોશી, મથુરા સ્કલ્પચર્સ, ચિત્ર ૮૯, પૃ. ૮૭ તથા ચિત્ર ૬૪, પૃ. ૮૫.

૭. જુઓ, ગોએત્ઝ, ધ અર્લીએસ્ટ રેપ્રિઝેન્ટેશન્સ ઑફ ધ મિક્ષ સાયકલ ઑફ ગોવિંદ, જર્નલ ઑફ ધ ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યૂટ, વડોદરા, વૉ ૧, ન. ૧, પ્લેટ ૧, ચિત્ર ૧.

૮. ડૉ. ગોએત્ઝ, એજન, ચિત્ર ૩ તથા ચિત્ર ૨.

૯. આર. ડી. બનરજી, બાસ રીલીફ ઑફ બાદામી (કલકત્તા, ૧૯૨૮), પૃ. ૨૪ આદિ, ૫૩ આદિ તથા પ્લેટસ ૨૨, ૨૪, ૨૫,



ચિત્ર ૧૩
પૂતનાવધ (બાલગોપાલ-
સ્તુતિ, કાંકરોલી)
ફોટો: ડૉ. ઉમાકાન્ત શાહ



ચિત્ર ૧૪
શકટભંગ—લક્ષ્મણમન્દિર,
ખજુરાહો

કૉપીરાઈટ : આકર્યૉલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા



ચિત્ર ૧૫
તૃણાવર્તવધ—લક્ષ્મણમન્દિર, ખજુરાહો



ચિત્ર ૧૬
શ્રીકૃષ્ણ દ્વારા યમલાર્જુન-ઉદ્ધાર—લક્ષ્મણમન્દિર, ખજુરાહો

કૉપીરાઈટ : આર્કિયોલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા

ચિત્ર ૧૭
યમલાર્જુનઉદ્ધાર
(કાંકરોલીની બાલગોપાલ-
સ્તુતિમાંથી)
(ફોટો : ડૉ. ઉમાકાન્ત
શાહ)





ચિત્ર ૧૮
ઉખલબદ્ધ ગોવિંદ, યમલાર્જુનઉદ્ધાર
(બાલગોપાલસ્તુતિના એક પત્રમાં)
કૉપીરાઈટ તથા સૌજન્ય :
વિક્ટોરિયા એન્ડ આલ્બર્ટ
મ્યુઝિયમ



ચિત્ર ૧૯
વત્સાસુરવધ, લક્ષ્મણમન્દિર, ખજુરાહો



ચિત્ર ૨૦
અરિષ્ટાસુરવધ, લક્ષ્મણમન્દિર, ખજુરાહો

કૉપીરાઈટ: આર્કિયોલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા



ચિત્ર ૨૧
કાલિયદમન, લક્ષ્મણમન્દિર, ખજુરાહો
કૉપીરાઈટ : આર્કયોલૉજિકલ સર્વે
ઑફ ઇન્ડિયા



ચિત્ર ૨૨
કાલિયદમન કરતા શ્રીકૃષ્ણ
(બાલગોપાલસ્તુતિ, કાંકરોલી)
ફોટો : ડૉ. ઉમાકાન્ત શાહ



ચિત્ર ૨૩

કાલિયદમન—ઓશિયા : હરિહરમન્દિર નં. ૧

કૉપીરાઈટ : આર્કર્યોલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા



ચિત્ર ૨૪

નાગદમન—નેપાલ

કૉપીરાઈટ તથા સૌજન્ય : ડૉ. સ્ટેલા ક્રામરિશ



ચિત્ર ૨૬

કુબ્જાનુગ્રહ, લક્ષ્મણમન્દિર, ખજુરાહો



ચિત્ર ૨૭

કુવલયાપીડવધ, લક્ષ્મણમન્દિર, ખજુરાહો



ચિત્ર ૨૮

ચાણૂરવધ, લક્ષ્મણમન્દિર, ખજુરાહો

કૉપીરાઇટ : આર્કચૉલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા



ચિત્ર ૨૯
શલવધ, લક્ષ્મણમન્દિર, ખજુરાહો



ચિત્ર ૩૦
પ્રલમ્બાસુરવધ, ચંદૌસી
મૃણમય ફલક, અલ્હાબાદ મ્યુઝિયમ
કૉપીરાઈટ: આર્કર્યોલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા

કુબ્જાનુગ્રહ, કુવલયાપીડ-વધ, ચાણૂર-યુદ્ધ, શલયુદ્ધ(?), અને બલરામ દ્વારા લોમહર્ષણનો વધ. આ બધી મૂર્તિઓ ઘણી સુન્દર છે અને કૃષ્ણ-લીલા-આલેખનની દૃષ્ટિએ આ મંદિર ઘણું મહત્ત્વનું છે. ખજુરાહોના સ્થાનીય સંગ્રહાલયમાં પણ શ્રીકૃષ્ણજન્મની પ્રતિમા મળી છે.

## શ્રીકૃષ્ણજન્મ (ચિત્ર ૧૧)

ખજુરાહો સંગ્રહાલયમાંની શ્રીકૃષ્ણજન્મની પ્રતિમા ઘણી સુન્દર છે (**ચિત્ર ૧૧**). એક પલંગ ઉપર શેષનાગના શરીરની પથારી ઉપર જમણે પડખે દેવકી સૂતેલા છે. બાજુમાં શિશુ-સ્વરૂપ શ્રીકૃષ્ણ સૂતા છે. શ્રીકૃષ્ણને વિષ્ણુના અવતાર માનવામાં આવે છે અને વિષ્ણુ શેષશાયી છે એટલે અહીં શ્રીકૃષ્ણ અને એમના માતા દેવકીને શેષશય્યા ઉપર સૂવાડચા છે. કિરીટ મુકુટ, હાર, ગ્રૈવેયક, કુંડલ, કંકણ, કટિસૂત્ર આદિ આભૂષણોથી દેવકી અલંકૃત છે. મુકુટ અને મસ્તકની ઉપર શેષફણાઓનું વિશાલ છત્ર છે. પર્યંકના નીચેના ભાગમાં વિશાલપદ્મ ઉપર શંખ છે. એ બેઉ વિષ્ણુનાં આયુધો છે. શિલાપટ્ટની ઉપરની પટ્ટીમાં નવ ગ્રહો છે. આ શિલ્પપટ્ટ ખંડિત છે તેથી બાકીના ગ્રહો તથા અન્ય આકૃતિઓ અને દેવકીજીના પગનો નીચેનો ભાગ ઉપલબ્ધ નથી. શિવ, કૃષ્ણ અને તીર્થંકરના જન્મનાં આવાં શિલ્પોનો પ્રચાર મધ્ય યુગમાં ઠીક ઠીક થયો હતો.

રાતોરાત વસુદેવ શ્રીકૃષ્ણને દેવકી પાસેથી લઈ ગોકુલમાં યશોદાજી પાસે મૂકી આવી યશોદાની પુત્રીને લાવી દેવકી પાસે મૂકે છે તે પ્રસંગનું કાંગડા શૈલીનું વારાણસીમાં ભારત કલાભવનના સંગ્રહમાંનું સુંદર ચિત્ર, **ચિત્ર ૧** તરીકે રજૂ કર્યું છે.

## પૂતના-વધ (ચિત્ર ૧૨)

લક્ષ્મણમંદિરમાંનું આ શિલ્પ અનોખું છે. એક આસન ઉપર લલિતાસને બેઠેલી પૂતનાની બાજુમાં નગ્નસ્વરૂપે સશક્ત બાલક કૃષ્ણ ઊભા ઊભા સ્તન્ય-પાન કરે છે. બેઉ હાથે ડાબા સ્તનને પકડી સ્તન્ય-પાન કરતા શ્રીકૃષ્ણ પૂતનાની નસેનસમાંથી એના પ્રાણનું શોષણ કરે છે. ખેંચાએલી ફુલેલી નસોવાળી, હાડપિંજર જેવી બનેલી પૂતના વિવશ થઈ બેઉ હાથ ઊંચા કરે છે. એના ગાલ અને પેટમાં ખાડા પડી ગયા છે, આંખો ગભરાટમાં મોટી પહોળી થઈ ડોળા બહાર આવવા લાગ્યા છે. રાક્ષસીના મુખ ઉપર અસહ્ય પીડા, વિવશતા, જીવન-દાન યાચના આદિ ભાવ છે, જ્યારે ધીર ગંભીર બાલકૃષ્ણના મુખ ઉપર એક પ્રકારની પ્રસન્નતા છવાઈ છે.

પૂતના-વધના બીજા નાના અંકનો ખજુરાહોમાંથી મળેલા બે કૃષ્ણલીલાપટોમાં તથા વિશ્વનાથમંદિરની રૂપપટ્ટિકામાં છે. ભાગવતપુરાણ (સ્કન્ધ ૧૦, અ. ૬) મુજબ કૃષ્ણે પૂતનાની ગોદમાં સૂઈ સ્તન્યપાન કર્યું હતું. લક્ષ્મણમન્દિરના શિલ્પીએ પ્રસંગને જરાક જુદી રીતે રજૂ કરી આ લીલાની વિશિષ્ટરૂપે અભિવ્યક્તિ કરી છે.

ઈ.સ.ના છઠ્ઠા સૈકામાં બાદામીની ગુફામાં કોતરેલા કૃષ્ણલીલા પ્રસંગોમાં, ઓશિયાના મંદિર પર, કેકિન્દ તથા અટરૂના મંદિર પર આદિ જુદાં જુદાં સ્થળોએ પણ પૂતના-વધની કોતરણી જોવા મળે છે.

કાંકરોલીની બાલગોપાલ સ્તુતિમાંથી એ જ પ્રસંગનું આલેખન અહીં **ચિત્ર ૧૩** તરીકે રજૂ કર્યું છે.

## શકટ-ભંગ (ચિત્ર ૧૪)

લક્ષ્મણમંદિરમાંના આ શિલ્પમાં શ્રીકૃષ્ણને બાલસ્વરૂપે નહિ પણ ચતુર્ભુજ વિષ્ણુના અવતાર રૂપે યુવાન દર્શાવ્યા છે. મસ્તક પર દક્ષિણાવર્ત કેશ અને ઉષ્ણીશ પણ છે. કાનમાં કુંડલ, ગળામાં હાર અને શરીર પર અન્ય અલંકારો ધારણ કરેલા શ્રીકૃષ્ણે પોતાના બે પ્રાકૃતિક હાથોથી ગાડાનો આગલો ભાગ પકડ્યો છે. જમણો પગ ગાડા ઉપર મૂકી ડાબા પગથી ગાડાને નીચે દબાવે છે.

ભાગવત, સ્કન્ધ ૧૦ અ. ૭ અનુસાર શ્રીકૃષ્ણ એક ગાડા તળે સૂતા હતા ત્યારે પોતાના પગની લાત મારી ગાડી ઊંધું વાળી દીધું હતું. મંડોરના સ્તમ્ભ પરના શ્રીકૃષ્ણલીલા પ્રસંગોમાં સૂતા સૂતા શ્રીકૃષ્ણને ગાડાને લાત મારી ઉલટાવતા બતાવ્યા છે.

દેવગઢના દશાવતાર મંદિરમાંથી પણ આ પ્રસંગનું સુંદર શિલ્પ મળ્યું છે. (ચિત્ર ૧૦)[૧૦] બાદામીની બે ગુફાઓમાં પણ આ પ્રસંગ મળે છે. બાદામીના કિલ્લાના ઉત્તરના દરવાજામાં જડેલી, સાતમા સૈકાના કોઈ વિનષ્ટ વૈષ્ણવમંદિરમાંની શિલા પર કોતરેલા કૃષ્ણલીલાના પ્રસંગો ડૉ. ગોએત્ઝે છાપ્યા છે તેમાં ધેનુકવધ, ગોકુલમાં દેવકી અને રોહિણીસહ કૃષ્ણ અને બલરામ, કાલિય-દમન, પ્રલમ્બવધ, વૃષભાસુરવધ, કંસવધ, મથુરામાં નંદ-દેવકી અને કૃષ્ણ જેલમાં, ગોકુલગમન, દધિમંથન, પૂતનાવધ, યમલાર્જુન ઉચ્છેદ, તૃણાવર્તવધ, કુવલયાપીડવધ, ગોવર્ધનધરણ સાથે શકટભંગનું આલેખન પણ છે.[૧૧]

## તૃણાવર્ત-વધ (ચિત્ર ૧૫)

આ લીલાપ્રસંગની આ એક સુન્દર મૂર્તિ છે. દુષ્ટભાવયુક્ત તૃણાવર્ત ગુસ્સામાં શ્રીકૃષ્ણના બેઉ પગ પોતાના બેઉ હાથથી મજબૂત પકડી અને એમને પોતાના ખભા પર બેસાડી ઊડીને લેઈ જાય છે. ભાગવતની કથા મુજબ કંસના કહેવાથી કંસનો સેવક તૃણાવર્ત ઝંઝાવાત બની ગોકુલમાં આવી બાલક કૃષ્ણને આકાશમાં ઉડાવી લઈ ગયો. કૃષ્ણને નહિ જોતાં યશોદા બેબાકળાં બની રડે છે પણ કૃષ્ણનું ભારે વજન સહન નહિ થવાથી તૃણાવર્તનો વેગ શાંત થાય છે. કૃષ્ણે એનું ગળું એવું સખત પકડયું, દબાવ્યું કે તૃણાવર્ત નિશ્ચેષ્ટ થઈ ગયો, એના ડોળા બહાર નીકળી પડ્યા અને એ મરી ગયો, અને કૃષ્ણ સાથે જ નીચે પડી ગયો, યશોદા તેમ જ ગોપીઓ કૃષ્ણને જોઈ વિસ્મય પામ્યાં અને એમને જીવિત જોઈ ખુશખુશાલ થઈ ગયાં.

લક્ષ્મણમંદિરના શિલ્પમાં કૃષ્ણને લઈ ઊડતો તૃણાવર્ત બતાવ્યો છે. બાદામીના કૃષ્ણલીલા-પટમાં પણ આ પ્રસંગ જોવા મળે છે. એમાં તૃણાવર્તના ખભા પર બેઠેલા કૃષ્ણ બાલ્યવયમાં છે જ્યારે લક્ષ્મણમંદિરના એ પ્રસંગમાં કૃષ્ણને યુવાન બતાવ્યા છે.

## યમલાર્જુન ઉદ્ધાર (ચિત્ર ૧૬)

આ લીલાપ્રસંગનાં ખજુરાહોમાં ઘણા શિલ્પો છે. લક્ષ્મણમંદિરની મૂર્તિમાં હસતાં ખેલતાં શ્રીકૃષ્ણ બે હાથોથી બેઉ અર્જુન વૃક્ષોને ઉખાડતા બતાવ્યા છે. ભાગવતની કથા મુજબ ધનપતિ

---

૧૦ વત્સ, એમ. એસ., મેમ્વૉઈર ઑફ ધ આર્કયોલૉજિકલ સર્વે ઑફ ઈન્ડિયા, નં-૭, પ્લેટ ૧૮ બી.

૧૧ ડૉ. ગોએત્ઝ, એજન, પૃ. ૫૯, ચિત્ર ૪

કુબેરના બે પુત્રો નલકૂબર અને મણિગ્રીવ દેવર્ષિ નારદના શાપથી વૃક્ષ બની ગયેલા તે શ્રીકૃષ્ણના હાથે આ રીતે ઉખેડાઈ શાપમુક્ત થાય છે. કૃષ્ણને કમરે દોરડાથી બાંધી એ દોરડું મોટા ખાણીઆ સાથે યશોદાજીએ બાંધેલું. કૃષ્ણના તોફાનથી યશોદા ચીડાઈ ગયેલાં, કંટાળેલાં. બળવાન કૃષ્ણે ચાલવા માંડયું અને મોટા વજનદાર ખાણીઓ ( ઊખલ ) પણ ખેંચાવા માંડ્યો. પાસે પાસે ઊગેલા વિશાલ અર્જુન વૃક્ષો આ ખેંચાતા ખાણીઓ વડે ઊખડી ગયાં.

લક્ષ્મણમંદિરના શિલ્પમાં કૃષ્ણે બે હાથે બે વૃક્ષો પકડયા છે. અલંકારોથી વિભૂષિત કૃષ્ણને સશક્ત યુવાન બતાવ્યા છે. બંગાલમાં પાહડપુરમાં અને રાજસ્થાનમાં અટરૂના લીલાપ્રસંગોમાં પણ આ પ્રસંગ જોવા મળે છે. પણ આ શિલ્પો ભાગવતના વર્ણનને બરાબર અનુસરતા નથી જ્યારે ઈ. સ. છઠ્ઠા સૈકામાં બાદામીમાં કોતરેલા પ્રસંગોમાં તેમ જ મધ્ય પ્રદેશમાં સીરપુરના ગુપ્તકાલીન મંદિરમાં આ પ્રસંગ ભાગવત મુજબ છે જેમાં શ્રીકૃષ્ણને ઊખલ સાથે બાંધેલા અને ઊખલ વડે વૃક્ષોને ઊખેડતા બતાવ્યા છે.

કાંકરોલીની બાલગોપાલ સ્તુતિની સચિત્ર પ્રતિમાં પણ આ પ્રસંગના ચિત્રમાં ( જુઓ **ચિત્ર ૧૭** ) શ્રીકૃષ્ણને ખાણીઆ સાથે બાંધેલા બતાવ્યા છે. અને બે વૃક્ષો વચ્ચે ખાણીઓ તથા નલકૂબર તથા મણિગ્રીવ ચિતર્યા છે. વિકટોરીઆ એન્ડ આલ્બર્ટ મ્યુઝિયમ( લંડન )માંની બાલગોપાલ સ્તુતિમાં આ પ્રસંગના ચિત્રમાં ( **ચિત્ર ૧૮** ) ઊખલબદ્ધ ગોવિંદ બતાવ્યા છે પણ કુબેરના બે પુત્રો નથી. બોસ્ટનની પ્રતિ ઈ.સ.ના પંદરમા સૈકાની છે.

## વત્સાસુરવધ ( ચિત્ર ૧૯ ).

ભાગવત કથા મુજબ, એક દિવસ શ્રીકૃષ્ણ અને બલરામ ગોપબાલો સાથે યમુનાકિનારે વાછરડાં ચરાવતા હતા ત્યારે એક દૈત્ય વત્સનું રૂપ ધારણ કરી ઘૂસી ગયો, પણ શ્રીકૃષ્ણે એને ઓળખી કાઢચો અને એના પૂંછડા સાથે બે પગ પકડી આકાશમાં ઘુમાવી મારી નાખ્યો. ખજુરાહોની મૂર્તિમાં શ્રીકૃષ્ણે ડાબો પગ પૃથ્વી પર ટેકવ્યો છે અને જમણો પગ વત્સાસુરના શરીર પર મૂકી એને દબાવ્યો છે. આ શિલ્પમાં શ્રીકૃષ્ણ ચતુર્ભુજ છે જે સૂચવે છે કે અહીં શ્રીકૃષ્ણને ભગવાનના અવતાર માન્યા છે. આ પ્રસંગ પણ ઈ. સ.ના છઠ્ઠા સૈકામાં લોકપ્રિય થયેલો હતો, બાદામીની ગુફામાં આ પ્રસંગ પણ કોતરેલો છે.

## અરિષ્ટાસુર-વધ ( ચિત્ર ૨૦ )

ખજુરાહોના લક્ષ્મણમંદિરમાંનું આ પ્રસંગનું શિલ્પ આકર્ષક છે. એમાં શ્રીકૃષ્ણ દ્વિભુજ છે, જમણા હાથે વૃષભસ્વરૂપ અરિષ્ટાસુરનું શિંગડું પકડી ડાબા હાથે એના મુખને જોરથી મરડે છે અને પોતાના જમણા પગથી અરિષ્ટાસુરના શરીરને જોરથી દબાવે છે. કોઈ પણ જોર કરવું પડતું ના હોય અને સહજ રીતે સરળતાથી અસુરને મારતા હોય એવી પ્રસન્ન આનંદી મુખમુદ્રા શ્રીકૃષ્ણની છે જ્યારે વૃષભની મુખમુદ્રા વેદનામય દયાજનક છે. આ શિલ્પના શિલ્પીએ પ્રસંગને અનુરૂપ ભાવ બતાવવામાં અને સજીવ હૂબહુ આકૃતિઓ ઘડવામાં ઘણી કુશળતા બતાવી છે.

ભાગવતપુરાણ( સ્કંધ ૧૦, અ. ૩૬ )માં આ પ્રસંગની કથા છે એમાં પણ જણાવ્યું છે કે શ્રીકૃષ્ણે અરિષ્ટાસુરનું શિંગડુ પકડી લીધું અને એને પૃથ્વી પર પાડી નાખી પોતાના પગ વડે એને એટલો બધો ગૂંદ્યો કે જાણે કોઈ ભીનું વસ્ત્ર નીચોવતું ના હોય !

ખજુરાહોમાંથી મળેલા એક કૃષ્ણલીલાપટમાં પણ આ પ્રસંગ કોતરેલો છે. મંડોરના સ્તમ્ભ પર તેમ જ બાદામીની ગુફાના આલેખનમાં પણ આ પ્રસંગ આપેલો છે. રાજસ્થાનના જુદા જુદા ભાગોમાં મળતા શ્રીકૃષ્ણલીલાના પ્રસંગોમાં પણ આ લીલા જોવા મળે છે.

## કાલિય-દમન (ચિત્ર ૨૧)

લક્ષ્મણમંદિરમાંની કાલિય-દમનની મૂર્તિ પણ કલાકારની મૌલિક સર્જકશક્તિનું ઉદાહરણ છે. આમાં ચતુર્ભુજ શ્રીકૃષ્ણે પોતાના બે સ્વાભાવિક હાથોમાં કમલ-નાલ પકડ્યા છે, અને જમણા પગથી કાલિય-નાગના પુચ્છને કચડે છે. ડાબા હાથમાંના કમલનાલનો છેડો નાગના મુખમાં છે. ઉપરના જમણા હાથમાં શું છે તે સમજાતું નથી પણ ઉપરના ડાબા હાથમાં પદ્મ અથવા ચક્ર છે. નાગનું ઉપલું અડધું અંગ મનુષ્યનું છે અને તે શ્રીકૃષ્ણ તરફ દીન ભાવે બે હાથ જોડી દયાયાચના કરે છે.

ભારતીય શિલ્પીઓ તથા ચિત્રકારોમાં ઘણો પ્રિય થઈ પડેલો આ પ્રસંગ છે. મંડોરના સ્તમ્ભ પર આ પ્રસંગ આંકેલો છે. આ પ્રસંગની એક ખંડિત મૂર્તિ મથુરામાંથી મળેલી છે. એ જ પ્રસંગનું એક માટીનું શિલ્પ પણ મથુરામાંથી મળેલું વડોદરાના મ્યુઝિયમમાં છે. ફક્ત એના નીચેના ખૂણાનો ભાગ જ મળ્યો છે જે સૂચવે છે કે આ માટીનું શિલ્પ મૂળ ઠીક ઠીક મોટું હશે. ભુવનેશ્વરમાંથી મળેલા ઈ. સ.ની છઠ્ઠી સદીના એક શિલ્પમાં સાથે સાથે કદમ્બ વૃક્ષ તથા યમુના-તટ પણ બતાવેલ છે. બાદામીની ગુફામાં પણ આ દૃશ્ય કોતરેલું છે. ઓશિયા( રાજસ્થાન )માં પણ આ પ્રસંગ કોતરેલો જોવા મળે છે.

કાલિય-નાગના મુખ ઉપર નૃત્ય કરતા અને એનું પૂછડું એક હાથે પકડી રાખતા શ્રીકૃષ્ણની સુંદર ધાતુપ્રતિમાઓ દક્ષિણ ભારતમાં બનતી. આવી એક મધ્યકાલીન સુંદર ધાતુપ્રતિમા કોલમ્બિયા યુનિવર્સિટીના ગણિતના પ્રોફેસર એસ. આયલેનબર્ગના સુવિખ્યાત સંગ્રહમાં છે. એક અન્ય પ્રતિમા અમેરિકાના કલીવલેન્ડ મ્યુઝિયમમાં છે (**ચિત્ર ૩૫**—આ અંકનું પાછલું અંદરનું પૂંઠું જુઓ). રાજસ્થાની તેમ જ પહાડી ચિત્રકલાનાં આ પ્રસંગના ઘણા ચિત્રો મળે છે.

કાંકરોલીની બાલગોપાલ સ્તુતિમાંનું ચિત્ર અહીં આપ્યું છે (**ચિત્ર ૨૨**) તેમાં કદમ્બવૃક્ષ, યમુના-નદી, નાગના પૃષ્ઠ ભાગ પર નૃત્ય કરતા શ્રીકૃષ્ણ, તેમ જ પ્રાર્થના કરતી નાગપત્ની બતાવ્યાં છે. આ પ્રસંગનું કાંગડા કલમનું ( ગુલેર શૈલીનું ) એક ચિત્ર ચંદીગઢના પંજાબ મ્યુઝિયમમાં છે.[૧૨] ઓશિઆનાં હરિહર મંદિર નં. ૧ની દીવાલ પરનું કાલિયદમનનું આલેખન **ચિત્ર ૨૩** તરીકે રજૂ કર્યું છે. આને બાદામીના આલેખન સાથે સરખાવવા જેવું છે.

આ પ્રસંગનું ગુપ્તકાલીન એક અતીવ સુંદર શિલ્પ નેપાલમાં છે જે ડૉ. સ્ટેલા ક્રામરિશે ધ આર્ટ ઑફ નેપાલમાં પ્રસિદ્ધ કરેલું છે, તે અહીં **ચિત્ર ૨૪**માં આપ્યું છે.[૧૩]

---

૧૨ જુઓ, એમ. એસ. રંધાવા–કૃત ધ કૃષ્ણ લિજેન્ડ ઇન પહાડી પેઇન્ટીંગ ( દિલ્હી, ૧૯૫૬ )

૧૩ ડૉ. સ્ટેલા ક્રામરિશ, ધ આર્ટ ઑફ નેપાલ, પૃ. ૨૫. ફોટો ડૉ. ક્રામરિશના સૌજન્યથી.

ગુજરાતના મંદિરોના શિલ્પીઓનો આ એક પ્રિય પ્રસંગ છે એની સુંદર કોતરણીઓ મંદિરોની છતોમાં મળે છે, માધવપુરના મંદિરનું દશમા સૈકાનું આ પ્રસંગનું શિલ્પ ઘણું સુંદર છે. વિમલવસહીના જૈનમંદિરની ભમતીની છતમાં પણ એક સુંદર શિલ્પ છે.

## કુબ્જાનુગ્રહ ( ચિત્ર ૨૬ )

કંસના ભવનમાં જતાં પહેલાં શ્રીકૃષ્ણ અને બલરામ મથુરા નગરીમાં ફરતા હતા ત્યાં એમની સામે કુબ્જા યુવતી ખડી થઈ. આ કુબ્જા પોતે હાથ ઊંચા કરી ભગવાનને અંગરાગ અર્પણ કરે છે જે શ્રીકૃષ્ણ પોતે ગ્રહણ કરે છે અને બાજુમાં ઊભેલા બલરામ તરફ જોઈ શ્રીકૃષ્ણ કુબ્જાની આ ભેટ સ્વીકારવા બાબત બલરામની અનુમતિ લઈ રહ્યા છે. બલરામના મસ્તક ઉપર નાગનું છત્ર છે. શ્રીકૃષ્ણના મુખ ઉપર કુબ્જાની ભક્તિભાવનાથી ઉપજેલી પ્રસન્નતા છે. મોટાભાઈ બલરામના મુખ ઉપર એક પ્રકારનું ગાંભીર્ય છે. કુબ્જા પ્રેમપૂર્વક સમર્પણ કરતી આનંદવિભોર થઈ ગઈ છે. આ લીલા પ્રસંગનાં ક્વચિત્ જોવા મળતાં શિલ્પોમાં આ એક સુંદર શિલ્પ છે. મધ્યપ્રદેશમાં સોહાગપુરમાં આ પ્રસંગ કોતરેલાં બે શિલ્પો શ્રી. રાખાલદાસ બૅનરજીએ નોંધ્યા છે.

## કુવલયાપીડ-વધ (ચિત્ર ૨૭)

કુવલયાપીડ હાથી હતો. લક્ષ્મણમંદિરના આ પ્રસંગના શિલ્પમાં ત્રિભંગિમાં ઊભેલા કૃષ્ણ પોતાના બે હાથથી જોરપૂર્વક હાથીની સૂંઢ મરડી રહ્યા છે. એમના ઉપરના જમણા હાથમાં ગદા છે. મૂર્તિમાં શ્રીકૃષ્ણ આ ગદાને ઉપાડી હાથી પર જોરથી પ્રહાર કરવા માટે ઉદ્યત છે.

ભાગવતમાંના ઉલ્લેખ મુજબ શ્રીકૃષ્ણે હાથીને સૂંઢથી પકડી જોરથી પૃથ્વી પર પટકયો હતો અને પોતાના બે પગ વચ્ચે દબાવી સરળતાથી મારી નાખ્યો હતો.

બાદામીની ગુફામાં આ પ્રસંગ મળે છે. આ પ્રસંગ પણ કૃષ્ણલીલાના શિલ્પીઓમાં પ્રિય થઈ પડેલો છે, એ અન્યત્ર પણ જોવા મળે છે.

## ચાણૂર-વધ ( ચિત્ર ૨૮ )

આ શિલ્પ પણ લક્ષ્મણમંદિરમાંનું છે. ચતુર્ભુજ શ્રીકૃષ્ણે પોતાના એક ડાબા હાથથી મલ્લની ગરદન જોરથી પકડી છે અને પ્રાકૃતિક ( નીચેના ) બેઉ હાથોથી મલ્લનો એક પગ ખેંચે છે. ચોથા હાથથી ગદા ઉગામી મલ્લ પર પ્રહાર કરવા જતા હોય એમ બતાવ્યું છે. મલ્લ પોતાનો એક હાથ ઊંચો કરી ગદાથી બચવા પ્રયત્ન કરતો હોય એમ લાગે છે. આમાં મલ્લ-યુદ્ધ બતાવ્યું નથી પણ ખજુરાહોમાંના બીજા એક શ્રીકૃષ્ણલીલા પટમાં બતાવ્યું છે. લક્ષ્મણમંદિરનું આ શિલ્પ અનુમાને ચાણૂર-વધનું ગણ્યું છે.

ચાણૂર અને મુષ્ટિક સાથેના યુદ્ધનું શિલ્પ બંગાલમાં પહાડપુરના સ્તૂપના ખોદકામમાં નીચેની પીડિકામાંથી મળેલું અહીં **ચિત્ર ૨૯** તરીકે આપ્યું છે. આ ફલક ધર્મપાલના સમયનું મનાય છે. સંભવ છે કે એ ઈ.સ.ના સાતમા સૈકાનું હોય.

### શલ-વધ (?) (ચિત્ર ૨૯)

આ શિલ્પમાં શ્રીકૃષ્ણને કોઈ મલ્લ સાથે દ્વન્દ્વયુદ્ધ કરતા બતાવ્યા છે. સંભવ છે કે એ કંસનો શલનામક મલ્લ હોય. શ્રીકૃષ્ણે પોતાના ડાબા હાથ વડે મલ્લે ઉગામેલો જમણો હાથ પકડી રાખ્યો છે અને પોતાના જમણા હાથે મલ્લ પર પ્રહાર કરવા ગદા વીંઝી છે.

બાદામી અને સીરપુરના શિલ્પોમાં ચાણૂરવધ અને શલવધના મલ્લયુદ્ધના પ્રસંગો મળે છે.

### કેશી-વધ (ચિત્ર ૬, ૩૧ તથા ૩૨)

ખજુરાહોમાં કેશીવધની કોઈ સ્વતંત્ર મૂર્તિ નથી મળી પણ ખજુરાહોમાંથી મળેલા બે કૃષ્ણલીલાપટ(પાષાણના)માં આ લીલા કોતરેલી છે. કેશી એક દૈત્ય હતો. કંસની પ્રેરણાથી અશ્વરૂપે આવી એ કૃષ્ણને મારવા ચાહતો હતો. એક પટમાં શ્રીકૃષ્ણ અને કેશી અશ્વ વચ્ચેનું યુદ્ધ બતાવેલું છે. તેમાં પ્રચંડ કેશી પોતાના આગલા પગ ઊંચકી કૃષ્ણ પર ઝાપટ મારતો બતાવ્યો છે અને શ્રીકૃષ્ણ એના ઉપર પોતાના જમણા હાથથી પ્રહાર કરે છે.

કૃષ્ણની આ લીલા ભારતીય શિલ્પમાં કુષાણકાલથી લોકપ્રિય રહી છે. મથુરા સંગ્રહાલયમાં નં. ૫૮. ૪૪૭૬વાળું શિલ્પ આ પ્રસંગનું છે. એવું એક શિલ્પ શ્રી રતનચંદ અગ્રવાલના જણાવ્યા મુજબ કરાંચીના સંગ્રહાલયમાં પણ હતું. વલભી(સૌરાષ્ટ્ર)માંથી મળેલું શિલ્પ અહીં **ચિત્ર ૬** તરીકે રજૂ કર્યું છે એમાં શ્રીકૃષ્ણને સશકત ગૌરવાન્વિત બલવાન યુવક યોદ્ધા જેવા દૃઢ ઊભેલા બતાવ્યા છે અને બાજુમાં કેશી અશ્વ ઊંચો થઈ એમને મારવા તત્પર બતાવ્યો છે.

મંડોરનાં ચોથા સૈકા આસપાસના સ્તમ્ભ પર પણ આ પ્રસંગ કોતરેલો મળે છે. સીરપુરના લક્ષ્મણમંદિર(ઈ.સ. ૬૦૦ અસાપાસ)માં પણ આ પ્રસંગ મળે છે. રાજસ્થાનમાં આબાનેરી (**ચિત્ર ૩૧**) અટરૂ, ઓશિયા, કિરાડૂ વગેરે સ્થળે પણ આ પ્રસંગ કોતરેલો જોવા મળે છે.

પહાડપુર, બંગાલના ખોદકામમાં ગુપ્તકાલીન દેવાલયના અવશેષો મળેલા. તેમાં માટીકામની તકતીઓમાં કૃષ્ણલીલાના કેટલાક પ્રસંગો મળ્યા છે. આમાં કેશી-વધની ચાણૂર અને મુષ્ટિક સાથેના મલ્લયુદ્ધની (**ચિત્ર ૩૩**) ગોવર્ધન-ધરણની, તેમ જ યમલાર્જુન ઉદ્ધારની[૧૪] તકતીઓ ખાસ નોંધપાત્ર છે. આમાં પણ કેશી-નિસૂદન (**ચિત્ર ૩૨**) અને મલ્લયુદ્ધની તકતીઓ વધુ સુંદર છે.

### દાવાગ્નિ-પાન (ચિત્ર ૩૪)

આ લીલા શિલ્પમાં અંકિત થયાનું જાણમાં નથી પણ ચિત્રોમાં સારી રીતે પ્રચલિત છે. તોલારામનું ભાગવત નામથી જાણીતા ભાગવતનાં સેંકડો ચિત્રો થોડાંક વર્ષો ઉપર દિલ્હીમાં તોલારામ નામના કોઈ ગૃહસ્થે ખરીદેલાં અને જુદા જુદા સંગ્રાહકોને વેચેલાં તેમાંનાં કેટલાંક અમેરિકાના જુદા જુદા સંગ્રહોમાં છે.. ફિલાડેલ્ફિઆના મ્યુઝિયમમાં આમાંના

---

૧૪ રાયબહાદુર કે.એન. દીક્ષિત, એક્સકેવેશન્સ ઍટ પહાડપુર, બેન્ગૉલ, મેમ્વૉઈર ઑફ ધ આર્કયૉલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા, નં. ૫૫ (દિલ્હી, ૧૯૩૮)માં પ્લેટ ૨૮, એ, બી, સી, ડી, અનુક્રમે કેશીવધ, ચાણૂર મુષ્ટિક સાથે યુદ્ધ ગોવર્ધનધરણ અને યમલાર્જુન ઉદ્ધારના પ્રસંગની તકતીઓ.

છ પાનાં છે તેમાંથી દાવાગ્નિ-પાનનું ચિત્ર ડૉ. સ્ટેલા ક્રામરિશના સૌજન્યથી અહીં આપ્યું છે. આ ચિત્રો ગુજરાતી શૈલીના, સંભવતઃ સૌરાષ્ટ્રની સત્તરમાં-અઢારમાં સૈકાની ચિત્રશૈલીના છે અને સૌરાષ્ટ્રની આ સમયની ચિત્રકલાના નમૂના તરીકે અગત્યનાં છે.

આ ચિત્રસમૂહમાં એક ધેનુકવધનું ચિત્ર પણ છે.

રાજસ્થાનમાં અનેક સ્થળોએ દેવાલયો પર શ્રીકૃષ્ણલીલાના પ્રસંગો જોવા મળે છે. કોટાથી ૬૦ માઈલ દૂર બીનાના રસ્તે અટરુ નામના રેલવે સ્ટેશનથી લગભગ અડધો માઈલ દૂર પ્રાચીન મંદિરોના ભગ્નાવશેષોમાં, નવમી-દશમી સદીથી માંડી બારમી-તેરમી શતાબ્દી સુધીના અવશેષો છે જેનું વર્ણન ઍન્યુઅલ પ્રોગ્રેસ ઑફ આર્કયૉલૉજી, વેસ્ટર્ન સર્કલ, ઈ.સ. ૧૯૦૫ ''માં આપેલું છે. આ સ્થળે શ્યામસુંદરજીના મંદિર સામે એક અતિ ખંડિત મંદિરના અવશેષ છે. આ મંદિર સામે લગભગ સત્તર ફૂટ લાંબી શિલા જડેલી છે. તેના ઉપર નીચે પ્રમાણેના લીલાપ્રસંગો અંકિત છેઃ—(૧) દધિમંથન ક્રિયામાં તલ્લીન યશોદાજી પાસે આવી બાલકૃષ્ણ માખણ ઉપાડી ખાય છે. આ પ્રસંગનાં ચિત્રો બાલગોપાલ સ્તુતિમાં પણ મળે છે. (૨) પૂતના-વધ. અસહ્ય વેદનાથી પૂતના રાક્ષસી પોતાના બેઉ હાથ ઊંચા કરી દે છે અને શ્રીકૃષ્ણ એની ગોદમાં બિરાજમાન છે. (૩) વૃષભાસુર સાથે યુદ્ધ કરતા ચતુર્ભુજ કૃષ્ણ, ઉપરના હાથોમાં ચક્ર અને ગદા છે. નીચેના હાથો વડે વૃષભના શિંગડાં પકડયાં છે. શ્રીકૃષ્ણનો ડાબો પગ વૃષભની પીઠ પર છે. (૪) મુકુટધારી દ્વિભુજ કૃષ્ણ અને અશ્વરૂપે આવેલા કેશી વચ્ચેનું યુદ્ધ. શ્રીકૃષ્ણે પોતાનો ડાબો હાથ રાક્ષસના મુખમાં ખોસી દીધો છે અને જમણા હાથે તેના ઉપર પ્રહાર કરે છે. આ પ્રસંગ મંડોર, ઓશિયા અને આબનેરીમાં પણ જોવા મળે છે. (૫) યમલાર્જુન-ઉચ્છેદ. આમાં બે હાથોમાં બે વૃક્ષોને પકડીને દોડતા શ્રીકૃષ્ણ બતાવ્યા છે.

કેકિંદ (રાજસ્થાન)માં દસમાં સૈકા આસપાસનું બંધાવેલું નીલકંઠેશ્વર મહાદેવનું મંદિર છે. તેમાં શ્રીકૃષ્ણલીલાના ઘણા પ્રસંગો કોતરેલા છે; જોકે તેમાં ગોવર્ધનધરણનો પ્રસંગ નથી એ આશ્ચર્યજનક છે. આ પ્રસંગોમાં (૧) કેશીવધ, (૨) વૃષભાસુરવધ, (૩) પૂતનાવધ, (૪) નવનીત (માખણ) ચોરી તેમજ (૫) ગોકુળમાં ગોપગોપીઓના જીવનના પ્રસંગો કોતરેલા છે.

કિરાડૂ (રાજસ્થાન)માં કૃષ્ણાયનના પ્રસંગોમાં (૧) ગોપવેષે શ્રીકૃષ્ણ, (૨) કેશી-નિસૂદન, (૩) શકટભંજન, (૪) વૃષભાસુરવધ, (૫) ગોવર્ધનધરણ, (૬) દધિવેચતી ગોપી, (૭) કંસે મોકલેલી વિષયુક્ત મીઠાઈ ખાતા શ્રીકૃષ્ણ (?) (૮) મલ્લયુદ્ધ જેવા પ્રસંગો જોવા મળે છે.

સાદડીમાં પણ જાગેશ્વરના મંદિરમાં શ્રીકૃષ્ણલીલાના પ્રસંગો છે તેમાં (૧) યશોદાનું દધિમંથન, (૨) મલ્લયુદ્ધ, (૩) કુવલયાપીડ વધ જેવા પ્રસંગો ઓળખી શકાય છે.

જોધપુર પાસે ઓશિયામાં સચિયામાતાના મંદિરવાળી ટેકરી પર નાનકડું સૂર્યમંદિર છે જે કદાચ ઓશિઆનાં બીજાં મંદિરોથી કંઈક જૂનું છે તેમાં અંતરાલની છત નીચેના પાટડા (Lintels) પર શ્રીકૃષ્ણલીલાના પ્રસંગો છે. આ ઉપરાંત નીચે મેદાનમાં હરિહર પંચાયતન મંદિર નં. ૧, હરિહર મંદિર નં. ૨ તથા ૩ની દીવાલો ઉપરના કૃષ્ણલીલાના પ્રસંગો છે તેમાં

કૃષ્ણને ખાસ એક વીરમાનવ તરીકે આલેખ્યા છે. દેવત્વ ઉપર ઓછો ભાર છે, તેમ જ દૈત્યોના વધ ઉપર પણ ઓછો ભાર લાગે છે. આ શિલ્પો ઈ.સ. ૮૫૦ આસપાસનાં છે,

આભાનેરીનું કેશીનિસૂદનનું શિલ્પ (**ચિત્ર ૩૧**) હાલ આંબેર મ્યુઝિયમમાં છે તે ઈ. સ. આશરે ૮૦૦ આસપાસનું ગણાય.

લાંભા(રાજસ્થાન)ના એક જૂના શિવમંદિરમાં પણ કૃષ્ણલીલાના પ્રસંગો છે.

ગુજરાતમાં વલભીમાંથી પણ કેશી-વધનું શિલ્પ (**ચિત્ર ૬**) કૃષ્ણલીલાના ઉપલબ્ધ શિલ્પોમાં જૂનામાં જૂનું છે.

ડૉ. માયકેલ માઈસ્ટરે વઢવાણ શહેરના કોટની દીવાલમાં જડેલો એક શિલાપટ શોધી કાઢચો છે. ઈ.સ.ના નવમા સૈકાના અંત કે દશમા સૈકાની શરૂઆતની શિલ્પકલાનો નમૂનો છે. આમાં પહેલો પ્રસંગ ઓળખાતો નથી. કંસના દરબારનો હોય કે બીજો કોઈ હોય. બીજા પ્રસંગમાં કૃષ્ણજન્મ છે. પલંગ પર દેવકીની બાજુ કૃષ્ણ સૂતેલા છે અથવા કૃષ્ણ-યશોદા પણ હોય. ત્રીજો પ્રસંગ યશોદા પાસે કૃષ્ણ માખણ માગે છે તે છે.

બીજા શિલાખંડ પર પહેલો પ્રસંગ પૂતના વધનો છે. વેદનાથી બેઉ હાથ ઊંચા કરી દે છે. પાંચમો પ્રસંગ યમલાર્જુન–ઉચ્છેદનો છે. આમાં ઊખલ દર્શાવેલ નથી. એને બદલે બેઉ ઝાડને કૃષ્ણ બળથી છૂટા પાડી વાળી દે છે તે બતાવ્યું છે. અને નલકૂવર અને મણિગ્રીવને એક એક વૃક્ષ નીચે બતાવ્યા છે. છઠ્ઠો પ્રસંગ શટભંગનો છે. આમાં શકટાસુરને ગાડા ઉપર વેદના ભોગવતો બતાવ્યો છે. સાતમા પ્રસંગમાં હરિણાક્રીડનકની રમત બતાવી છે જેમાં હારેલા શ્રીદામ અને પ્રલમ્બાસુરની પીઠ ઉપર શ્રીકૃષ્ણ અને બલરામ બેઠા છે.

વેરાવળમાં એક ગોવર્ધનધરણનું શિલ્પ છે. તેની નીચેના લેખ અનુસાર તે શિલ્પ વિ. સં. ૧૩૦૨માં પ્રતિષ્ઠિત થયું હતું. પાટણમાં આથી અર્વાચીન એક ગોવર્ધનધારી પ્રતિમા છે જેનો ઉલ્લેખ શ્રી. કનૈઆલાલ દવેએ 'ગૂજરાતનું મૂર્તિવિધાન'માં કર્યો છે.

ગુજરાતમાં વિષ્ણુપૂજા પ્રાચીન છે. દક્ષિણ ગુજરાતમાં તેન નામના સ્થળેથી ડૉ. રમણલાલ મહેતાએ શોધી આણેલ વિષ્ણુની નાની મૂર્તિ ઈ. સ. ચોથા સૈકા જેટલી જૂની લાગે છે. શામળાજીના મંદિરની ગદાધરની મુખ્ય પ્રતિમા પણ ગુપ્તકાલીન તો છે જ. સ્કંદગુપ્તના ગિરનારના શિલાલેખમાં જૂનાગઢમાં વિષ્ણુમંદિર બંધાવ્યાનો ઉલ્લેખ છે. એ તથા શ્રીકૃષ્ણનો દ્વારકાનો સંબંધ જોતાં ગુજરાતમાં વઢવાણના શિલ્પોથી પણ પ્રાચીન કૃષ્ણલીલાનાં શિલ્પો જડી આવે તો નવાઈ પામવા જેવું નથી. ઈ.સ.ના પંદરમા–સોળમા સૈકા આસપાસ શામળાજીના મંદિરની બહારની દીવાલ પર કોતરેલા કૃષ્ણલીલાના પ્રસંગો શ્રી મંજુલાલ મજમુંદારે 'કલ્ચરલ હિસ્ટરી ઑફ ગુજરાત', પ્લેટ એલ, ઉપર આપ્યા છે.

ભારતમાં અન્ય પ્રદેશોમાંથી મળેલાં આવાં બીજાં શિલ્પોમાં સીરપુરમાં લક્ષ્મણમંદિરના દ્વાર ઉપર કોતરેલા પ્રસંગો શ્રી. કૃષ્ણદેવે જર્નલ ઑફ ધ મધ્યપ્રદેશ ઇતિહાસ પરિષદ, અંક ૨ (ઈ. સ. ૧૯૬૦), પૃ. ૩૫–૪૨માં વર્ણવ્યા છે. આ શિલ્પો આશરે ઈ.સ.ના સાતમા સૈકાનાં




ચિત્ર ૩૧
કેશીનિષૂદન, આભાનેરી
( રાજસ્થાન પુરાતત્ત્વ ખાતાના સૌજન્યથી )



ચિત્ર ૩૨
કેશીવધ, પહાડપુર



ચિત્ર ૩૩
ચાણૂર અને મુષ્ટિક સાથે મલ્લયુદ્ધ

કૉપીરાઈટ : આર્કર્યોલૉજિકલ સર્વે ઑફ ઇન્ડિયા



ચિત્ર ૩૪

દાવાગ્નિપાન–ભાગવતનાં ચિત્રોમાંથી

( ફિલાડેલ્ફિયા મ્યુઝિયમ ઑફ આર્ટના સૌજન્યથી )

છે. ભાગલપુરમાં ચૌરાસી-મુનિ, પથરઘાટ ટેકરી પર કૃષ્ણલીલાપ્રસંગો મળે છે. પહાડપુર (બંગાળ)ના શિલાફલકોનો અગાઉ ઉલ્લેખ કર્યો છે.

બંગાળ પ્રદેશમાં ચૈતન્ય સમ્પ્રદાયના ખૂબ પ્રચારની અસર નીચે કૃષ્ણભક્તિનો, કૃષ્ણકથાનો પણ ખૂબ પ્રચાર થયો અને ઉત્તરમધ્યકાલીન મંદિરો પર, મોટે ભાગે માટીની તકતીઓ પર કૃષ્ણ-લીલાના ઘણા પ્રસંગો જોવા મળે છે.

ચમત્કારપૂર્ણ અને નાના બાળકની બાબતમાં માન્યામાં ના આવે એવા આ પ્રસંગોમાં અદ્‌ભુત તત્ત્વ ઘણું જોવા મળે છે. શ્રીકૃષ્ણે પોતે જ જણાવ્યું છે **जन्म कर्म च मे दिव्यम् ।**

પ્રત્યેક ધર્મમાં આદિપુરુષ–મહાપુરુષ–સંસ્થાપકના જીવન સાથે ચમત્કારપૂર્ણ પ્રસંગો જોડાયેલા મળે છે. આમાંના કેટલાક પ્રસંગો ઐતિહાસિક ના પણ હોય અને રૂપક રૂપે હોય; જેમ કે, શ્રીકૃષ્ણનું ગિરિયજ્ઞપ્રવર્તન અને ઇન્દ્ર-મહનો પરિત્યાગ એ હિંસાપૂર્ણ વૈદિક ઇન્દ્રપૂજાના વિરોધના પ્રતીક રૂપે હોઈ શકે. પૂતના–વધમાં પણ પ્રાચીન બાલ-ગ્રહો, પૂતનાઓની માન્યતાઓ, વહેમો દૂર કરવાનો પ્રયત્ન મૂળમાં હશે.

કૃષ્ણ વાસુદેવની પૂજા ઘણી પ્રાચીન છે. કૃષ્ણ-વાસુદેવ અને નારાયણ-વિષ્ણુના ઐક્યની માન્યતા પાછળથી ઊભી થઈ એવો એક મત છે. પણ, આ વિષયની ચર્ચા લાંબી હોઈ એને આ લખાણમાં સ્થાન આપ્યું નથી.

"જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ અને અધર્મનું ઉત્થાન થાય છે ત્યારે ધર્મના સંસ્થાપનાર્થે અને દુષ્કૃત્ય કરનારાઓના વિનાશાર્થે હું વખતોવખત જન્મ લઉં છું," એવું અભયવચન આપનાર સત્યવ્રત સત્યસ્વરૂપ શ્રીકૃષ્ણની આ દિવ્ય લીલાઓ અસત્ય અને જુલ્મ-અન્યાય, અનીતિ ઉપર સત્ય, પ્રેમ અને નીતિના વિજયની સૂચક છે.

# તડવીઓનાં લગ્નગીતો અને વિધિઓ

રેવાબહેન તડવી, શંકરભાઈ સોમાભાઈ તડવી

[ 'સ્વાધ્યાય', પુ. ૧૦, અંક ૧, પૃ. ૯૪ થી ચાલુ ]

### ૫૧. વરધના સર્જકો

નગર શે'રમે' કુંભારી વસાવીયા,[૨૩૮]
મારી વરધો[૨૩૯] ઘડી આલે કે તોરણુ સોનાનો.
નગર શે'રમે' રંગાળી[૨૪૦] વસાવીયા.
મારી વરધો રંગી આલે કે તોરણુ સોનાનો.
નગર શે'રમે ચિતારી[૨૪૧] વસાવીયા,
મારી વરધો ચિતરી આલે કે તોરણુ સોનાનો.

### ૫૨. વરધ

જો જો રે સજનીયા[૨૪૨] લોક
વરધેલી[૨૪૩] અમારી રે.
વરઘેલી સોનાની, વરધ
વરઘેલી અમારી રે.

## ૧૨ ગોરમટી લાવવી

૧૨:૧ ચોરી કરવા માટે ગોરી માટી લાવે છે તેને ગોરમટી લાવવી કહે છે. સ્ત્રીઓ થાળીઓ કે ટોપલીઓ લઈને જાય છે. ત્યાં પૈસો–સોપારી મૂકી ગોરમટી લઈ ઘેર આવે છે.

### ૫૩ કાળાં ને ગોરાં

ગોરી ગોરમટીમે'[૨૪૪] રમતેલો વીરો ગોરો રે ગોરો.
કાળા કાદવળામે'[૨૪૫] રમતેલી છોરી કાળી રે કાળી.

## ૧૩ ગ્રહશાંતિ : મોસાળું

૧૩:૧ ગ્રહશાંતિની વિધિ બ્રાહ્મણ કરાવે છે. ગ્રહશાંતિ કરવા બેસવામાં બહુ માન ગણાય છે. ગ્રહશાંતિ થતાં પહેલાં મોસાળું ભરવામાં આવે છે. તે પત્યા પછી ગ્રહશાંતિ કરનાર તૈયાર થાય છે. નહાતાં પહેલાં બંનેને હળદરની પીઠી ચોળવામાં આવે છે.

---

૨૩૩ હાડીના. ૨૩૪ હાડીડા (હાડી. બ. વ.) હાંકનાર. ૨૩૫ રજ; ધૂળ. ૨૩૬ જણ્યાને (જણ્યો : બ. વ.) ૨૩૭ ગોદો, લોખંડની ચૂંક ઘોંચવી. ૨૩૮ વસાવ્યા; વસાહત કરી, ૨૩૯ વરધનાં બેડાં, ૨૪૦ રંગરેજ.

૨૪૧ ચિત્રકાર. ૨૪૨ સજ્જન; સાજન=સ્નેહી. ૨૪૩ વરધ (વરઘેલી. ચૂંદડલી જેવું રૂપ.) ૨૪૪ ગોરી માટી. ૨૪૫ કાદવડો; કાદવ; માટી.

## ૫૪ મોસાળાં મઘમઘે

કયા તે ગોમનાં[૨૪૬] મોસાળાં
મોસાળાં મગમગે રે.
ભદરાલી ગોમનાં મોસાળાં
મોસાળાં મગમગે રે.
લાઈવા છે માડીના જાયા
મોસાળાં મગમગે રે.
લાઈવા છે દખણીના ચીર
મોસાળાં મગમગે રે.

## ૫૫ મોટાં મોસાળાં

મકતાં[૨૪૭] મોસાળાં ભમરા, કોણે શે લાવે?
આજ મારી માડીના જાયા,[૨૪૮] મોમા મોસાળાં લાવે.
મકતાં મોસાળાં ભમરા, કોણે શે લાવે?
આજ મારી માડીની જાયી, માસીઓ મોસાળાં લાવે.

## ૫૬ મામા-મામી

કોરી ગાગેર મધે ભઈરાં[૨૪૯] ભમરજી.
મોમા જોયે તો મોમા આવે ભમરજી.
કોરી ગાગેર મધે ભઈરાં ભમરજી.
મોમીયો જોયે તો મોમીયો આવે ભમરજી.

## ૫૭ સગાં વિચારજો

વીરની ઊંચી મેડીને નીચી ભીત
ભીતે દીવળા બળે.
વીરને મોજડી પે'રવાની ઘણી ઓંઈશ[૨૫૦]
મોમા દલમેં રી'જો.[૨૫૧]
વીરની ઊંચી મેડીને નીચી ભીત
ભીતે દીવળા બળે.
વીરને કંદોરા પે'રવાની ઘણી ઓંઈશ
બે'નો દલમેં રી'જો.

---

૨૪૬ ગામ. ૨૪૭ મોટાં, મોટું. (બ.વ.). ૨૪૮ જાયી-જાયી-માતાએ જન્મેલો-જન્મેલી. ૨૪૯ ભર્યાં; ભર્યું (બ. વ.)

૨૫૦ હોંશ. ૨૫૧ મનમાં વિચાર કરજો. સવડ કરીને આવજો.

## ૫૮ નહિ નોંતર્યાનું દુઃખ

આ તેરે ગંગા પેલી તેરે જુમના
મોવાસી[૨૫૨] બે'ની કાગળ વોંચે.[૨૫૩]
બે'ની તારા દાદે નોંઇતરાં[૨૫૪] જ નઈરે
બે'ની તારા દલમેં કેવું જ લાગે.
આ તેરે ગંગા પેલી તેરે જુમના
મોવાસી બે'ની કાગળ વોંચે.
બે'ની તારા કાકે નોંઇતરાં જ નઈરે
બે'ની તારા દલમેં કેવું જ લાગે.
આ તેરે ગંગા પેલી તેરે જુમના
મોવાસી બે'ની કાગળ વોંચે.
બે'ની તારા વીરે નોંઇતરાં જ નઈ રે
બે'ની તારા દલમેં કેવું જ લાગે.

## ૫૯ જમાઈનો તોડો

ખર મોંડલ રે નોંતેર[૨૫૫] કોંથી રે આઈવી?
ખર મોંડલ રે નોંતેર ફતેપુરથી આઈવી.
ખર મોંડલ રે છગનલાલ કોંથી રે આઈવો?
ખર મોંડલ રે છગનલાલ ફતેપુરથી આઈવો.
ખર મોંડલ રે છગનલાલને શેનો છે તોડો?[૨૫૬]
સમડીનો માળો શકરીયોનો તોડો!!

## ૬૦ સગાંનું જૂથ

નોંની મોટી ઑંબલીનું પૉન[૨૫૭] હો બે'ની
મોટી ખજૂરી તારું પૉન.
મેડીએ ચડી ચડી જો જો હો બે'ની
આવે છે વીરોની જોઈડ઼,[૨૫૮]
નોંની મોટી ઑંબલીનું પૉન હો બે'ની
મોટી ખજૂરી તારું પૉન.
મેડીએ ચડી ચડી જો જો હો બે'ની
આવે છે બે'નીયોની જોઈડ઼.

---

૨૫૨ મૈવાસી—મૈવાસમાં રહેનારી. ૨૫૩ વાંચે. ૨૫૪ નોંતર્યાં ૨૫૫. નોંતરાથી આવેલાં સગાં, ૨૫૬ જમાઈનું નામ. તેના માથે તોડો–કલગી છે. તે કલગી કેવી છે તેનો વ્યંગ છે. સમડીના માળાની પાઘડી છે અને શકરાબાજના માળાનો તોડો છે। ૨૫૭ પાનઃ પાંદડું. ૨૫૮ જોડ.

નોંની મોટી ઑંબલીનું પૉન હો બે'ન
મોટી ખજૂરી તારું પૉન.
મેડીએ ચડી ચડી જોજો હો બે'ની
આવે છે ભોજાયોની જોઈડ઼.
નોંની મોટી ઑંબલીનું પૉન હો બે'ની
મોટી ખજૂરી તારું પૉન.
મેડીએ ચડી ચડી જોજો હો બે'ની
આવે છે મૉમોની જોઈડ઼.
નોંની મોટી ઑંબલીનું પૉન હો બે'ની
મોટી ખજૂરી તરું પૉન.
મેડીએ ચડી ચડી જો જો હો બે'ની
આવે છે મૉમીયોની જોઈડ઼.
નોંની મોટી ઑંબલીનું પૉન હો બે'ની
મોટી ખજૂરી તારુ પૉન.
મેડીએ ચડી ચડી જો જો હો બે'ની
આવે છે માસીઓની જોઈડ઼.

## ૬૧ સાંકડી શેરી : ગરીબ જમાઈ

જીવા[૨૫૯] તારી રે શેરી છે સોંકડી[૨૬૦]
મારા જીયાવરના મોંમા ના માયરે
સોપારી રંગ ઉડીયો.

જીવા તારી રે શેરી છે સોંકળી,
મારા જીયાવરની મૉમીયોના માયરે
સોપારી રંગ ઉડીયો.

જીવા તારી રે શેરી છે સોંકળી,
મારા જીયાવરની માસીયો ના માયરે
સોપારી રંગ ઉડીયો.

જીવા તારી રે શેરી છે સોંકળી,
મારા જીયાવરની બે'નો ના માયરે
સોપારી રંગ ઉડીયો.

---

૨૫૯ જમાઈનું નામ. ૨૬૦ સાંકડી.

## ૬૨ ગ્રહશાંતિ[૨૬૧]

આવી રૂડી ઑંબલોની ડાળે,
સરોવરની પાઈળે
મેલીને કોયલ કોં જ્યાં 'તાં રે.

શીળા રે[૨૬૨] કયા ભઈના મોંડવા રે,
શીળા રે.... .......ભઈના મોંડવા રે,
આવી રૂડી ઘર શોંઈતક[૨૬૩] થાય રે,
જોવાને અમે તેં જ્યાં 'તાં રે.

## ૬૩ ગ્રહશાંતિ કરનાર

પે'લેને શોંઈતકળે[૨૬૪] મારે કોણ શેરે આવે ?
પે'લેને શોંઈતકળે મારે અંબુભઈ રે આવે.

પાઘડીના ચારેવ[૨૬૫] છેડા ધણુકતા રે[૨૬૬] મેલે;
ચારેને છેડે રે ચારે ઘૂઘરીઓ મેલાવે.

બીજને શોંઈતકળે મારે ભાણી વેવરે આવે;
પાટિયાના[૨૬૭] ચારેવ છેડા ધણુકતા રે મેલે;
ચારેને છેડે રે ચારે ઘૂઘરીઓ મેલાવે.

## ૬૪ 'સોનાની દાંડીનો દીવડો'—ફટાણું

[ગ્રહશાંતિ કરવા બેસનાર પુરુષ–સ્ત્રીને ઉદ્દેશીને ગવાય છે.]

મે'[૨૬૮] તો સવામણની દીવેટો વણાઈવી[૨૬૯]
કે સોનાની ડોંડીનો[૨૭૦] દીવડો.

મારા કયા ભઈના ઝાઝા વેવારિયા[૨૭૧]
કે સોનાની ડોંડીનો દીવડો.

મારા મનસુખભઈના ઝાઝા વેવારિયા
કે સોનાની ડોંડીનો દીવડો.

કયી વેવ તારું તે કોયે[૨૭૨] ના આઈવું
કે સોનાની ડોંડીનો દીવડો.

---

૨૬૧ સર૰ ચૂંદડી ભા ૧, ગીત ૭૦, પૃ. ૯૬. ૨૬૨ ઠંડા., ઠંડકવાળા. ૨૬૩ ગ્રહશાંતક; ગ્રહશાંતિ.

૨૬૪ ગ્રહશાંતિ ' ગ્રહ 'નો લોપ અને શાંતિનું અપભ્રંશ રૂપ. ૨૬૫ ચાર. ૨૬૬ છૂટા. ૨૬૭ પાટિયું; રેશમી કોરવાળું લૂગડું.

૨૬૮ હું. ૨૬૯ વણાવી. ૨૭૦ દાંડી. ૨૭૧ વ્યવહારદક્ષ. ૨૭૨ કોઈએ.

**અંબા** વેવ તારું તે કોયે ના આઈવું
કે સોનાની ડોંડીનો દીવડો.

તારો આઈવો છે વીરો એકલો
કે સોનાની ડોંડીનો દીવડો.

તારો આઈવો છે **મગનલાલ** એકલો
કે સોનાની ડોંડીનો દીવડો.

તારો આઈવો છે બાજરાં ઉહેડતો
કે સોનાની ડોંડીનો દીવડો.

તારો આઈવો છે તાડીનો ચાટો
કે સોનાની ડોંડીનો દીવડો.

તારી આઈવી છે **ઝીણીવેવ** એકલી
કે સોનાની ડોંડીનો દીવડો.

તારી આઈવી છે દારુની ચાટી
કે સોનાની ડોંડીનો દીવડો.

### ૬૫ ચોરીમાં હોમ[૨૭૩]

વીરની ચોરીમેં શું શું ઓઇમાં રે ?[૨૭૪]
વીરની ચોરીમેં નાળિયેરાં ઓઇમાં રે.

છોરીની ચોરીમેં શું શું ઓઇમાં રે ?
છોરીની ચોરીમેં કોઠાં[૨૭૫] ઓઇમાં રે !

છોરીની ચોરીમાં બીલાં[૨૭૬] ઓઇમાં રે !
વીરની ચોરીમેં શું શું ઓઈમાં રે !
વીરની ચોરીમેં ઘીયાં ઓઇમાં રે.

છોરીની ચોરીમેં શું શું ઓઇમાં રે ?
છોરીની ચોરીમેં તેલાં ઓઇમાં રે !

## ૧૪ વરધ ભરવી

૧૪:૧ જાન જતાં પહેલાં વરધ ભરી લાવે છે. કન્યાને ત્યાં વરને તોરણે લીધા પછી–સામૈયું કર્યા પછી વરધ ભરી લાવે છે. પછી ગોતરિજો ભરે છે. ગોતરિજાનું ગીત 'સ્વાધ્યાય' પુ. ૬, અંક ૩, પૃ. ૩૬૭ ઉપર પ્રગટ થયું છે.

---

૨૭૩ સર૦ દક્ષિણ ગુજરાતનો પાઠ: ગુજરાતનાં લોકગીતો, પૃ. ૮૧.

૨૭૪ હોમ્યાં. ૨૭૫ કોઠું-ફળ, ૨૭૬ બીલીનું ફળ.

## ૬૬ વરધનું મહત્ત્વ

ઉં તો જઈ 'તી સરોવર પાઈળે
કે લાઈવી રે જળમેંનું[277] પૉણી.[278]

વીરના દાદે કૂવલા ખોદાયવા[279]
કે લાઇવી રે જળમેંનું પોણી.

છોકરીને દાદે વરધીના જોઈણી[280]
કે લાઈવી રે કોતેરોનું પૉણી.

## ૬૭ પટેલની શેરી

[ ઢોલી પૈસા લેવા માટે વરધ ભરીને આવેલી સ્ત્રીઓને રોકી નાચે છે ત્યારે ગવાય છે. ]

આ કયા પટલની શેરી રે ?
આ નટુ પટલની શેરી રે.

તોં ઢોલીએ રાઈખા[281] ઘેરી રે.
તોં ફૂલળાં નાઈખાં[282] વેરી રે.

## ૬૮ 'વરધ વધાવ!'

તારે આથે સોનાનો વેઢ રે
લાઈડકડા, આવે વરધે[283] વધાવા.

અમે વરધે વધાવીને લે'શું
લાઈડકડા, આવે વરધે વધાવા.

## ૬૯ વરધ વધાવવી

મોંડવે રઈને ભોજાય બોલાવે
નીસરોને દિયર વરધી[284] વધાવા રે.

ભાભી રે મોરાં મોજળી[285] નું લાઈવા
શું પે'રી નીસરું વરધી વધાવા રે.

વરધ વધાવીને નીચે ઉતાર્યા પછી સ્ત્રીઓ જમાઈને લગતાં ગીતો ગાય છે. એમાં જમાઈને ગોદડી ચોરનાર, સીમનો સાળો, ખાઉધરો, રૂપિયાનો લોભી અને સ્વાદિયો કહેવામાં આવ્યો છે. વિસ્તાર ભયે એ ગીતો અહીં આપ્યાં નથી.

---

૨૭૭ લાવી. ૨૭૮ જળમાંથી નીર લાવી; નવાણમાંથી. ૨૭૯ ખોદાવ્યા. (બ. વ.) ૨૮૦ વરધ અને વરધ ભરવાનું માહાત્મ્ય ના જાણ્યું. ૨૮૧ રાખ્યાં. ૨૮૨ નાખ્યાં. ૨૮૩ વરધને.

૨૮૪ વરધ. ૨૮૫ મોજડી.

## ૧૫ વરકન્યા નવરાવવાં

૧૫: ૧ વરધ ભર્યા પછી વરને નવરાવે છે. ચાર જણી ચાર ડમરાં લે અને એક જણી દહીંનો લોટો લે છે. માથું ચોળાવી પછી નવરાવે છે. પાંચ સ્ત્રીઓમાં જે ભાભી હોય છે તે દહીંનો લોટો લે છે. ભાભી નવરાવે પછી બનેવી અગર ભાભી વરને ઘરમાં ગણપતિ પાસે લઈ જઈ ઊભો રાખે છે ત્યાં કપડાં પહેરાવે છે.

૧૫: ૨ આવી જ રીતે જાન આવે, સામૈયું થઈ જાય અને બીજે ઉતારે જાન ઉતરે, ત્યાંથી ગોળ ખાવા માટે વેવાઈઓ જાય છે તે વખતે કન્યાને નવરાવે છે.

### ૭૦ કોની વાડીમાં નાવણ!

કેની કેની[૨૮૬] વાડીઓમેં નાવેણાં[૨૮૭] કરીએ ?
દાદોની વાડીઓમેં નાવેણાં કરીએ.

કેની કેની વાડીઓમેં નાવેણાં કરીએ ?
કાકોની વાડીઓમેં નાવેણાં કરીએ.

કેની કેની વાડીઓમેં નાવેણાં કરીએ ?
વીરોની વાડીઓમેં નાવેણાં કરીએ.

### ૭૧ ત્રાંબાકૂંડીએ નાવણ

તાંબાકુંડીએ[૨૮૮] નાયરે[૨૮૯] મોટોના વીરા.
ભાગલે ઠોબરે[૨૯૦] નાયરે વેવાઈની છોરી.

તાંબા લોટે નાયરે મોટાના વીરા.
ભાગલા ચેળવે[૨૯૧] નાયુરે વેવાઈની છોરી.

## ૧૬ જાન ઊઘલવી.

૧૬ : ૧ મધ્યકાળમાં જાન, જોરુ ને જાતરા એ ત્રણે કજિયાનાં ઘર ગણાતાં. જાનો લૂંટાતી, સામાપક્ષવાળા હોય તો લડાઈ થતી. લડાઈમાં મરાતા તેની યાદગીરીરૂપ પાળિયા ઊભા કરાતા. કોઈ વાર મીંઢળબંધા વરરાજા ચોરીમાંથી લૂંટારા સામે વહારે ચડતા. ખપી જતા તે ખત્રી કહેવાતા. ભાથુજી એવા ખત્રી ગણાય છે. લગ્નમાં આમ વિઘ્ન જાગતાં એટલે એવા બનાવોની યાદ વરને વિદાય દેતી સ્ત્રીઓને આવે છે. વરરાજા પરણીને સુખરૂપ ઘેર આવે એવી મનોમન પ્રાર્થના કરે છે.

૧૬ : ૨ 'વર તો હાલું ચાલું ચંપા ને ર, પોંનાં ઝરમરિયાં' જેવું લાંબા ઘેરા સૂરે ગવાતું આ સાદું ગીત સ્ત્રીઓની આંખ સજળ બનાવે છે. વર કે અન્ય સગાંની આંખો પણ સજળ બને છે અને જ્યારે જેનું સંબોધન એ ગીતમાં થતું હોય તે સગું હયાત ન હોય

---

૨૮૬ કોની. ૨૮૭ નાવણ; સ્નાન. ૨૮૮ ત્રાંબાકૂંડી. ૨૮૯ નહાય. ૨૯૦ વાસણથી (ઠોબરું-માટીનું વાસણ). ૨૯૧ ચેડવાથી (ચેવડો-માટીનો લોટો.)

ત્યારે ગત્ સગાંની યાદ તાજી થઈ આવે છે. ઘણી વાર ગાનારનાં ગળાં પણ રૂંધાઈ જાય છે ને આંખમાંથી ડળક ડળક આંસુ ખરવા માંડે છે ત્યારે આ સરળ દેખાતાં ગીતો વાતાવરણમાં કરુણરસ રેલાવી રહે છે.

## ૭૨ વરરાજાનો શણગાર

નાઈ ધોઈ લૂગડાં પે'રો રે જીયાવર !
દાદોનાં મન મો'શે રે જીયાવર !
નાઈ ધોઈ લૂગડાં પે'રો રે જીયાવર !
માડીનાં મન મો'શે રે જીયાવર !

નાઈ ધોઈ લૂગડાં પે'રો રે જીયાવર !
વીરોનાં મન મો'શે રે જીયાવર !
નાઈ ધોઈ લૂગડાં પે'રો રે જીયાવર !
ભોજાઈનાં મન મો'શે રે જીયાવર !

નાઈ ધોઈ લૂગડાં પે'રો રે જીયાવર !
બે'નોનાં મન મો'શે રે જીયાવર !
નાઈ ધોઈ લૂગડાં પે'રો રે જીયાવર !
મોમોનાં મન મો'શે રે જીયાવર !

નાઈ ધોઈ લૂગડાં પે'રો રે જીયાવર !
કાકોનાં મન મો'શે રે જીયાવર !

## ૭૩ મોટેરોનો આનંદ[૨૯૨]

કેડો મોળી[૨૯૩] મોળી પેરો રે કયા ભઈ
પેરો રે કયા ભઈ, દાદાનોનાં મન મો'શે.

દાદોનાં મનડાં[૨૯૪] કઈ પેરે[૨૯૫] મો'શે.
કઈ પેરે મો'શે ઊઘલતાં[૨૯૬] મન મો'શે.

કેડો મોળી મોળી પે'રો રે કયા ભઈ
પેરો રે કયા ભઈ માડીનાં મન મો'શે.

માટીનાં મનડાં કઈ પેરે મો'શે
કઈ પેરે મો'શે ઊઘલતાં મન મો'શે.

---

૨૯૨ સર૦ દક્ષિણ ગુજરાતનો પાઠ : ગુજરાતનાં લોકગીતો પૃ. ૮૫ ૨૯૩ મરડી; નીચે જોઈ જોઈને. ૨૯૪ મન (બ. વ.) ૨૯૫ રીતે ૨૯૬ તૈયાર થતાં (જુઓ સાર્થ. 'ઊઘલવું')

## ૭૪ શણગાર

મારા ચતુરા[૨૯૭] સજણુ,[૨૯૮] ચંપલ[૨૯૯] વાળી લે'શ
મંદીર[૩૦૦] મેલો[૩૦૧] મોરા રાજ, માથું સંભાળી લે'શ.
કંદોરા પે'રો મોરા રાજ, કેડો સંભાળી લે'શ.
મોજડી પે'રો મોરા રાજ, પગો સંભાળી લે'શ
મારા ચતુરા સજણુ ચંપલ વાળી લે'શ.
સુરવાલ પે'રો મોરા વીર, કેડો સંભાળી લે'શ.

## ૭૫ વરને શણગાર નાર

એ વર કોણે શણગાઈરો રે, મારા ચતુર જોનૈયા
એ વર મોમે શણગાઈરો રે, ,, ,, ,,
એ વર કોણે શણગાઈરો રે, ,, ,, ,,
એ વર બનેવીયે શણગાઈરો રે, ,, ,, ,,
એ વર કોણે શણગાઈરો રે, ,, ,, ,,
એ વર કાકે શણગાઈરો રે, ,, ,, ,,

## ૭૬ વરનો અજંપો

વરના મોમા વરને શણગારે રે
વરના મોમા જોઈને[૩૦૨] નું[૩૦૩] જાય રે
નોંનો વીરો હીજે છે.[૩૦૪]

વરના બનેવી વરને શણગારે રે
વરના બનેવી જોઈને નું જાય રે
નોંનો વીરો હીજે છે.

વરના કાકા વરને શણગારે રે
વરના કાકા જોઈને નું જાય રે
નોંનો વીરો હીજે છે

વરના વીરા વરને શણગારે રે
વરના વીરા જોઈને નું જાય રે
નોંનો વીરો હીજે છે.

વરના ફૂવા વરને શણગારે રે
વરના ફૂવા જોઈને નું જાય રે
નોંનો વીરો હીજે છે.

---

૨૯૭ ચતુર. ૨૯૮ સાજણ-સ્નેહી. ૨૯૯ ચંપાનાં ફૂલ ? અસ્પષ્ટ ૩૦૦ મંડીલ-એક જાતની પાઘડી. ૩૦૧ મૂકો. ૩૦૨ જાનમાં. ૩૦૩ ન, ના ૩૦૪ હૈયામાં દુઃખી થાય છે.

## ૭૭ 'વર કેટલો વહાલો ?'

હું તમને પૂછું કયા વીરા રે
તમારા વીરા તમને કેટલાકે[૩૦૫] વા'લા રે ?[૩૦૬]
જોંન[૩૦૭] મારા માથાનાં મંડીરાં રે ![૩૦૮]

હું તમને પૂછું કયા વીરા રે
તમારી માડી તમને કેટલીકે વા'લી રે ?
જોંન મારા કેડોના કંદોરા રે !

હું તમને પૂછું કયા વીરા રે
તમારા દાદા તમને કેટલાકે વા'લા રે ?
જોંન મારા આથોના ભોરિયા રે !

## ૭૮ વરને રોકાણ

વર તો હાલું ચાલું ચંપાનેર,[૩૦૯] પોંનાં ઝરમરિયાં[૩૧૦]
વનના દાદાજી ચાલવા ના દેય,[૩૧૧] પોંનાં ઝરમરિયાં.
વર તો હાલું ચાલું ચંપાનેર, પોંનાં ઝરમરિયાં.
વરની માડીજી ચાલવા ના દેય, પોંનાં ઝરમરિયાં.

વર તો હાલું ચાલું ચંપાનેર, પોંના ઝરમરિયાં.
વરની બે'નોજી ચાલવા ના દેય, પોંનાં ઝરમરિયાં.
વર તો હાલું ચાલું ચંપાનેર, પોંનાં ઝરમરિયાં.
વરની ભોજાયજી ચાલવા ના દેય, પોંનાં ઝરમરિયાં.

## ૭૯ 'વર ઘોડે ચડ્યા'

વર તો આલુંજી ચાલુંજી ઘોડે ચઈડા.
વરની બે'નોજી ચાલવાનું દેય રે
વર તો આલુંજી ચાલુંજી ઘોડે ચઈડા.

## ૮૦ સગાંનાં રીસામણાં—મનામણાં

વીરા ! આગેલું[૩૧૨] ભાઈળ,[૩૧૩] વીરા ! પાછેલું ભાઈળ
ઘરમેં માડી રીસાય.[૩૧૪]
જાઈશું સંખેડા શે'ર લાવશું સાડલોની જોડ
માડી શું કરવા રીસાય.

---

૩૦૫ કેટલા. ૩૦૬ વહાલા. ૩૦૭ જાણે- ૩૦૮ મંડીલ–માથે મૂકવાની પાઘડી.
૩૦૯ ચંપાનાં રે. ૩૧૦ પાનરૂપાળાં છે. ૩૧૧ દે (સૌરાષ્ટ્રના 'દ્યે' જેવું રૂપ).
૩૧૨ આગળ. ૩૧૩ ભાળ–જો. ૩૧૪ રીસાવ.

વીરા ! આગેલું ભાઈળ વીરા ! પાછેલું ભાઈળ
ઘરમેં ભોજાય રીસાય.
જાઈશું ડભોયા[૩૧૫] શે'ર લાવશું દખણીના ચીર
ભોજાય શું કરવા રીસાય.
વીરા ! આગેલું ભાઈળ વીરા ! પાછેલું ભાઈળ
ઘરમેં બે'ની રીસાય.
જાઈશું વડોદરા શે'ર લાવશું સોકળાંની[૩૧૬] જોડ
બે'ની શું કરવા રીસાય

## ૮૧ 'છેડલો ઝાલીઓ'[૩૧૭]

પાવડીએ[૩૧૮] પગ દઇ ચઇડા કયા ભઇ
માડીજી છેડલો ઝાલીયો.
છોડો છોડો માડીજી છેડલો
મારે પઇણા[૩૧૯] વના કેમ ચાલશે ?
પાવડીએ પગ દઇ ચઈડા કયા ભઇ
બે'નીજી છેડલો ઝાલીયો.
છોડો છોડો બે'નીજી છેડલો
મારે પઇણા વના કેમ ચાલશે ?
પાવડીએ પગ દઇ ચઇડા કયા ભઈ
ભોજાયે છેડલો ઝાલીયો.
છોડો છોડો ભોજાયજી છેડલો
મારે પઇણા વના કેમ ચાલશે ?

## ૮ વરના અબોલા

ઝીણા સૂતરનાં તલ તોંઈણા[૩૨૦] વીરા અલબેલાં[૩૨૧] કેમ લીધાં રે
દાદા બોલાવે બોલો મારા વીરા અલબેલાં કેમ લીધાં રે
સસરા બોલાવે નબે[૩૨૨] બોલે વીરા અલબેલાં કેમ લીધાં રે
ઝીણા સૂતરના તલ તોંઈણા વીરા અલબેલાં કેમ લીધાં રે

---

૩૧૫ ડભોઈ–વડોદરા જિલ્લાનું એક શહેર–દર્ભાવતી. ૩૧૬ સાંકળાં–પગનાં ઘરેણાં.

૩૧૭ સર° ચૂંદડી ભા. ૧, ગીત ૪૯, પૃ-૬૮
ગુ. લો. સા. માળા ભાગ ૧, ગીત ૧૯૧, પૃ. ૧૩૫. પંચમહાલના ભીલનો પાઠ.
દક્ષિણ ગુજરાતનો પાઠ : ગુજરાતનાં લોકગીતો, પૃ. ૮૬.

૩૧૮ પાવડે–પાગડે. ૩૧૯ પરણ્યા ( પરણવું )

૩૨૦ સૂતરના તાંતણા ( ? ) ૩૨૧ અબોલા. ૩૨૨ ના, નહિ.

માડી બોલાવે બોલો મારા વીરા અલબેલાં કેમ લીધાં રે
સાસુ બોલાવે નખે બોલે વીરા અલબેલાં કેમ લીધાં રે
ઝીણુા સૂતરના તલ તાંઇણા વીરા અલબેલાં કેમ લીધાં રે
વીરા બોલાવે બોલો મારા વીરા અલબેલાં કેમ લીધાં રે
સાળા બોલાવે નખે બોલે વીરા અલબેલાં કેમ લીધાં રે
ઝીણુા સૂતરના તલ તાંઈણા વીરા અલબેલાં કેમ લીધાં રે
બે'નો બોલાવે બોલો મારા વીરા અલબેલાં કેમ લીધાં રે
સાળીઓ બોલાવે નખે બોલે વીરા અલબેલાં કેમ લીધાં રે
ઝીણુા સૂતરના તલ તાંઇણા વીરા અલબેલાં કેમ લીધાં રે
ભોજાયો[૩૨૩] બોલાવે બોલો મારા વીરા અલબેલાં કેમ લીધાં રે

## ૮૩ વરની હોંશ

આજે કયા ભઈ રેના રે[૩૨૪] ઑાંશી?[૩૨૫]
આજે કયા ભઈ દાદોના ઑાંશી.
દાદા જોઈએ તો કયા ભઇ બનાજી[૩૨૬]
સોનાની નંગે જડાવેલી પોં'ચી.[૩૨૭]

દાદા જોઈએ તો મોહનભઇ બનાજી
સોનાની નંગે જડાવેલી પોં'ચી.

આજે કયા ભઈ રેના રે ઑાંશી?
આજે કયા ભઈ માડીના ઑાંશી

માડી જોઈએતો કયી બા બનાજી
સોનાની નંગે જડાવેલી પોં'ચી.

માડી જોઈએ તો ગંગા બા બનાજી
સોનાની નંગે જડાવેલી પોં'ચી.

આજે કયા ભઈ શેના રે ઑાંશી?
આજે કયા ભઈ મોમોના ઑાંશી

મોમા જોઈએ તો કયા ભઈ બનાજી
સોનાની નંગે જડાવેલી પોં'ચી.

મોમા જોઈએ તો નરસિંહભઈ બનાજી
સોનાની નંગે જડાવેલી પોં'ચી.

---

૩૨૩ ભાભીઓ-(ભાભી) બ. વચન પ્રયોગ.
૩૨૪ શાના. ૩૨૫ હોંશીલા. હોંશવાળા. ૩૨૬ બનડાજી. વરરાજા.
૩૨૭ 'સોનાના નંગે જડાવેલી પોં'ચી' એમ અશુદ્ધ પણ ગવાય છે.

## ૮૪ નીંદરડી આવે[૩૨૮]

[ પહેલાં બાળ લગ્નો થતાં–વર ઊંઘી જતા એ ઉલ્લેખ–તેની યાદ આપે છે. ]

વર તો હાલું ના ચાલું[૩૨૯] વરને નીંદરેળી[૩૩૦] આવે.
વરને સોંકળાં વસાવતાં લાગી વાર રે
મારુળા[૩૩૧] વરને નીંદરેળી આવે.
વર તો હાલું ના ચાલું વરને નીંદરેળી આવે.
વરની પીઠી ભરેલી[૩૩૨] જુવે વાટ રે
મારુળા વરને નીંદરેળી આવે
વરને વોંકલા વસાવતાં લાગી વારે રે
મારુળા વરને નીંદરેળી આવે.
વરની પીઠી ભરેલી જુવે વાટ રે
મારુળા વરને નીંદરેળી આવે.
વર તો હાલું ના ચાલું વરને નીંદરેળી આવે.
વરને મોજડી વસાવતાં લાગી વારરે
મારુળા વરને નીંદરેળી આવે.
વરની પીઠી ભરેલી જુવે વાર રે
મારુળા વરને નીંદરેળી આવે.

## ૮૫ વરની શણગાર સામગ્રી

આથમેં નાળિયેરી વરની કોટે વનમાળા.[૩૩૩]
આવડી[૩૩૪] જોંનૈયા વરજી[૩૩૫] કોંથી રે[૩૩૬] લાયવા ?
ગરડા તે ગોમ, અમારા મોંમા દેસાઈ.[૩૩૭]
અ મા રી મો મી એ મો ક લા ઈ વા.
આથમેં નળિયેરી વરની કોટે વનમાળા.
આવડા ઢોલીયા[૩૩૮] વરજી કોંથી રે લાયવા ?
ફત્તેપુર તે ગોમ અમારા માસા દેસાઈ.
અ મા રી મા સી એ મો ક લા ઈ વા.

---

૩૨૮ સરખાવો ચૂંદડી ભાગ ૨, ગીત ૩૮ પૃ. ૩૬

૩૨૯ હાલું ચાલુંને. (હાલે ચાલેને.) ૩૩૦ નીંદરડી–ઊંઘ. ૩૩૧. મારુ–રૂપાળા.
૩૩૨ પીઠી ચોળેલા શરીરવાળી કન્યા.

૩૩૩ વરમાળા. ૩૩૪ આટલા બધા( 'અવળા' એવો શબ્દ પ્રયોગ પણ થાય છે.)

૩૩૫ રાયવર જી વરરાજા જી. ૩૩૬ ક્યાંથી. ૩૩૭ જમીનદાર. ૩૩૮ ઢોલીઓ.

આથમે નળિયેરી વરની કોટે વનમાળા,
આવડા માફલિયા વરજી કોંથી રે લાઈવા ?
ટીંબા તે ગોમમાં અમારી ફોયો દેસાઈ.
અમારા ફુવે મોકલાઈવા
આથમે નળિયેરી વરની કોટે વનમાળા.
આવડા ઘોડલિયા વરજી કોંથી રે લાયવા ?
ગુંડીચાં તે ગોમ અમારી બેંનો દેસાઈ.
અમારા બનેવીએ મોકલાઈવા.

## ૮૬ લગ્નના દાપાં[૩૩૯]

રૂમાલ રંઈગો કેવડો[૩૪૦] ઝીણા મારુજી !
રાયનો વર કેટલે[૩૪૧] ઝીણા મારુજી !
રાયનો વર સીમાડે ઝીણા મારુજી !
સીમાડિયા મોંગે[૩૪૨] રીતેળી[૩૪૩] ઝીણા મારુજી !
સીમાડિયોનાં દાપાં[૩૪૪] ચૂકવશું
ભલ્લી રીતે પઈણજો ઝીણા મારુજી !
રૂમાલ રંઈગો કેવડો ઝીણા મારુજી !
રાયોનો વર કેટલે ઝીણા મારુજી !
રાયોના વર ગોંદરે[૩૪૫] ઝીણા મારુજી !
ગોંદરિયા મોંગે રીતેળી ઝીણા મારુજી !
ગોંદરિયોનાં દાપાં ચૂકવશું
ભલ્લી રીતે પઇણજો ઝીણા મારુજી !
રૂમાલ રંઈગો કેવડો ઝીણા મારુજી !
રાયના વર કેટલે ઝીણા મારુજી !
રાયનો વર ઓવારે ઝીણા મારુજી !
પનિયારીઓ મોંગે રીતેળી ઝીણા મારુજી !
પનિયારીઓનાં દાપાં ચૂકવશું
ભલ્લી રીતે પઈણજો ઝીણા મારુજી !
રૂમાલ રંઈગો કેવડો ઝીણા મારુજી !
રાયોના વર કેટલે ઝીણા મારુજી !

---

૩૩૯ સર° ચૂંદડી ભાગ ૧, ગીત ૫૧, પૃ. ૭૧
ચૂંદડી ભાગ ૨. ગીત ૨૧, પૃ. ૨૧ કાઠી ગીત.

૩૪૦ રૂમાલ કેવડાના રંગથી રંગ્યો છે. ૩૪૧ રાયવર કેટલે આવે છે. ૩૪૨ માગે. ૩૪૩ રીત (ગોઠ). ૩૪૪ લાગો. ૩૪૫ ગામને પાદરે (જ્યાં ગામનાં ઢોર વિસામો લે છે.).

રાયોના વર શેરીએ ઝીણા મારુજી !
શેરળિયા મોંગે રીતેળી ઝીણા મારુજી !
શેરળિયોનાં દાપાં ચૂકવશું
ભલ્લી રીતે પઈણજો ઝીણા મારુજી !
રૂમાલ રંઈગો કેવડો ઝીણા મારુજી !
રાયોના વર કેટલે ઝીણા મારુજી !
રાયોના વર મોંડવે ઝીણા મારુજી !
મોંડવિયાનાં મોંગે રીતેળી ઝીણા મારુજી !
મોંડવિયોનાં દાપાં ચૂકવશું
ભલ્લી રીતે પઈણજો ઝીણા મારુજી. !

## ૮૭ ઘરેણાંની ખરીદી[૩૪૬]

વરની પીઠી ભરેલી જુવે વાટ રે
નંગારાં[૩૪૭] વાગે ધીમાં રે ધીમાં.[૩૪૮]
વર તો સોનીડાની શેરી વચે સંચરઈરા રે.[૩૪૯]
વરને સોંકળા વસાવતા લાગી વાર રે
નંગારાં વાગે ધીમાં રે ધીમાં.
વરની પીઠી ભરેલી જુવે વાટ રે
નંગારાં વાગે ધીમાં રે ધીમાં.
વર તો મોચીડાની શેરી વચે સંચર્ઈરા રે.
વરને મોજડી વસાવતાં વાગી વાર રે.
નંગારા વાગે ધીમાં રે ધીમાં.
વર તો માળીડાની શેરી વચે સંચર્ઈરા રે.
વરને ખૂંપો[૩૫૦] વસાવતા લાગી વાર રે
નંગારાં વાગે ધીમાં ધીમાં રે.

## ૮૮ વરનો વૈભવ

વીરની પેટીમેં પોન[૩૫૧] પચાસ બરોબર[૩૫૨] એલચી.
વીરે સોપારાં લીધાં સારી રીતે,[૩૫૩] છેડો સુધી પોંમરી.[૩૫૪]

---

૩૪૬ સર° ચૂંદડી ભા. ૧, ગીત ૫૩, પૃ. ૭૫. ૩૪૭ નગારું. ૩૪૮ 'ઢીમ્મ રે ઢીમ્મ' એમ પણ ગવાય છે. ૩૪૯ સંચર્યાં–ગયા. ૩૫૦ ખૂંપ–સેરો. ફૂલોનો હાર–તોડો.

૩૫૧ પાન (પાનબીડાં) ૩૫૨ 'ભારોભાર' એમ પણ ગવાય છે પાલનાં લગ્નોમાં 'પડો ભરી એલચી' પાઠ મળે છે. તે સાચો લાગે છે. ૩૫૩ 'આખી દોઈટે' એમ પણ ગવાય છે,

૩૫૪ 'છોડો છૂટી પોંમરી' એવું પણ પાઠાંતર છે.

વીરા ! આવડી વૈણાગી[૩૫૫]ના કરીએ. છેડો સુધી પોંમરી.
વીરા !......ની છોરીઓ વખોંણુશે, છેડો સુધી પોંમરી.

વીરની પેટીમેં પોન પચાસ, બરોબર એલચી.
વીરે વલિયારી લીધી સારી રીતે, છેડો સુધી પોંમરી.
વીરા આવડી વૈણાગી ના કરીએ, છેડો સુધી પોંમરી.
વીરા !..... ના છોરા વખોંણુશે, છેડો સુધી પોંમરી.

વીરની પેટીમેં પોન પચાસ, બરોબર એલચી.
વીરે સંખેડા લીધું સારી દોઈટે, ઘોડા લીધા ખેસવા.
વીરા ! આવડી વૈણાગીના કરીએ છેડો સુધી પોંમરી.
વીરા !......ની ડોસીઓ વખોંણુશે. છેડો સુધી પોંમરી.

વીરની પેટીમેં પોન પચાસ, બરોબર એલચી.
વીરે ડભોય લીધું સારી દોઈટે, મોટર લીધી શોભતી.
વીરા આવડી વૈણાગીના કરીએ, છેડો સુધી પોંમરી.
વીરા......ના ડોસા વખોંણુશે, છેડો સુધી પોંમરી.

વીરની પેટીમેં પોન પચાસ બરાબર એલચી.
વીર વડોદરા લીધું સારી દોઈટે, હાથી લીધા ઝૂલતા.
વીરા ! આવડી વૈણાગી ના કરીએ, છેડો સુધી પોંમરી.
વીરા......ની છોરીઓ વખોંણુશે, છેડો સુધી પોંમરી.

## ૮૯ વહેપારીઓના સંદેશા

સાઇતમની[૩૫૬] અવેલીઓમેં[૩૫૭] ઊઇતરા[૩૫૮] વરરાજા
રાયવર ! વે'લા સધારજો.

સોનીડાની બેટી તમને સંદેશા મોકલે :
સોંકળાં જોઈયે તો રાયવર ! અમ્મારાં લેજો,
રાયવર ! વેલા સધારજો.

સાઇતમની અવેલીઓમેં ઊઇતરા વરરાજા
રાયવર ! વે'લા સધાવજો.

માળીડાની બેટી તમને સંદેશા મોકલે :
ખૂંપો જોઈયે તો રાયવર ! અમ્મારાં લેજો,
રાયવર ! વે'લા સધારજો.

સાઇતમની અવેલીઓમેં ઊઈતરા વરરાજા
રાયવર ! વે'લા સધારજો.

---

૩૫૫ વરણાગી. ૩૫૬ આથમણી (પશ્ચિમ દિશાની). ૩૫૭ હવેલીઓ. ૩૫૮ ઊતર્યા).

દોશીડાની[૩૫૯] બેટી તમને સંદેશા મોકલે :
શેલાં જોઇયે તો રાયવર ! અમ્મારાં લેજો,
રાયવર ! વે'લા સધારજો.

સાઇતમની અવેલીઓમેં ઊઇતરા વરરાજા
રાયવર ! વે'લા સધારજો.

મોચીડાની બેટી તમને સંદેશા મોકલે :
મોજડી જોઇયે તો રાયવર ! અમ્મારી લેજો;
રાયવર ! વે'લા સધારજો.

## ૯૦ વરની જાન ૧[૩૬૦]

ધૂપ પડે[૩૬૧] રંગ મો'લમેં રે[૩૬૨]
પડી રે નગારોની ધોંસે[૩૬૩]
ભમર તારી જોંઇનમેં રે

દાદા વના[૩૬૪] કેમ ચાલશે રે ?
દાદા મનાભઈ લેજો
ભમર તારી જોઈનમેં રે

ધૂપ પડે રંગ મો'લમેં રે
પડી રે નાગરોની ધોંસે
ભમર તારી જોંઈનમેં રે

કાકા વના કેમ ચાલશેરે ?
કાકા છોટાભઈ લેજો
ભમર તારી જોંઈનમેં રે

ધૂપ પડે રંગ મો'લમેં રે
પડી રે નાગરોની ધોંસે
ભમર તારી જોંઇનમેં રે

મોંમા વના કેમ ચાલશેરે ?
મોંમા મોહનભઇ લેજો
ભમર તારી જોંઈનમેં રે

---

૩૫૯ કાપડિયો.
૩૬૦ સર° ચૂંદડી ભા.૧, ગીત ૪૭, પૃ. ૬૬.
૩૬૧ 'તોપ છૂટે' પાઠાંતર, ૩૬૨ રંગમહેલમાં.
૩૬૩ ગડગડાટ.
૩૬૪ વિના.

ધૂપ પડે રંગ મોંલમેં રે
પડી રે નગારેની ધોંસે
ભમર તારી જોંઈનમેં રે

વીરા વના કેમ ચાલશે રે ?
વીરા જેઠાભાઈ લેજો
ભમર તારી જોંઇનમેં રે

ધૂપ પડે રંગ મો'લમેં રે
પડી રે નગારેની ધોંસે
ભમર તારી જોંઈનમેં રે.

## ૯૧ વરની જાન–૨[૩૬૫]

તોપો છૂટે રંગમો'લમેં રે
પડી રે નંગારાં ધોંસે ભમર તારી જોંનમેં રે.
દાદા વના કેમ ચાલશે રે
દાદા કયા ભઇ લેજો, ભમર તારી જોંનમેં ર.
દાદા મનાભઇ લેજો, ,, ,, ,,

## ૯૨ શુકન

રાયવર ! શુકન જોઈ સંચરજો રે.
સામો મલીયો[૩૬૬] છે માળીડો રે.
માળીડો ખૂંપ આલીને પાછો વળીઓ રે.
રાયવર ! શુકન જોઈ સંચરજો રે.
સામો મલીયો છે સોનીડો રે;
સોનીડો સોંકળાં આલીને પાછો વળીઓ રે.
રાયવર ! શુકન જોઈ સંચરજો રે.
સામો મલીઓ છે મોચીડો રે;
મોચીડો મોજડી આલીને પાછો વળીઓ રે.

## ૯૩ ગામ ગરાસિયો[૩૬૭]

પીળેલી[૩૬૮] પોંખેનો[૩૬૯] પોપટ
એ મારગ[૩૭૦] ભણુતેલો[૩૭૧] ચાઈલો રે.

---

૩૬૫ સરખાવો, 'ચૂંદડી' ભા–૧, ગીત ૪૭, પૃ. ૬૬.
દક્ષિણ ગુજરાતનો પાઠ : ગુજરાતનાં લોકગીતો પૃ. ૮૯.

૩૬૬ મળ્યો. ૩૬૭ સર° દક્ષિણ ગુજરાતનો પાઠ : ગુજરાતનાં લોકગીતો પૃ. ૮૯. ૩૬૮ પીળી. ૩૬૯ પાંખનો. ૩૭૦ રસ્તે. ૩૭૧ બોલતો.

કોઈ કે' છે ગોમે ગરાસિયો[૩૭૨]
　　કોઈ કે' છે નગરીનો રાજા રે.
ઉં નથી ગોમે ગરાસિયો
　　ઉં નથી નગરીનો રાજા રે.
ઉં છે છીતાભઈનો બેટો
　　ઉં લાડીને[૩૭૩] પૈઇણેવા[૩૭૪] ચાઈલો રે.
પીળેલી પોંખેનો પોપટ
　　એ મારગ ભણુતેલો ચાઈલો રે.
કોઈ કે' છે ગોમે ગરાસિયો
　　કોઈ કે' છે નગરીનો રાજા રે.
ઉં નથી ગોમે ગરાસિયો
　　ઉં નથી નગરીનો રાજા રે.
ઉં છે **મનસુખભઈ**નો વીરો રે
　　એ લાડીને પૈઈણેવા ચાઈલો રે.

## ૯૪ લાઢણીની પૂછપરછ

[ આ ગીત સંખેડા તાલુકાના તડવીઓમાં પ્રત્યક્ષ ગવાતું સાંભળવા મળ્યું નથી. નાયક-જાતિમાં ગવાય છે. જાન જતી વખતે પોતાના ગામને ઝાંપેથી વિદાય થયા પછી રસ્તે જતાં તથા કન્યાને ગોંદરે પહોંચતાં ઢોલીઓ આ ગીત શરણાઈમાં ગાય છે. ]

લાઢણી[૩૭૫] પૂછે રે રાયવર ! શેને લગને[૩૭૬] આવીયા ?
લગને નથી આવીયા લાડી !
　　　　તારા સીમાડા જોવા આવીયા !
લાઢણી પૂછે રે રાયવર ! શેને લગને આવીયા !
લગને નથી આવીયા લાડી !
　　　　તારા ગોંદરા જોવા આવીયા !
લાઢણી પૂછે રે રાયવરા ! શેને લગને આવીયા ?
લગને નથી આવીયા લાડી !
　　　　તારા ઓવારા જોવા આવીયા !

## ૯૫ 'વર અડી રહ્યો !'

મૌવાસી બંદલો[૩૭૭] અડી રીયો.[૩૭૮]
　　આ શેને ને કાજ[૩૭૯] બંદલો અડી રીયો.

---

૩૭૨ ગામ ગરાસિયો. ૩૭૩ લાડી-વહુ. ૩૭૪ પરણવા. ૩૭૫ લાડી (પરણનાર કન્યા.) ૩૭૬ શુકને ? ૧ મેવાસી-મહેવાસી. ૩૭૭ બનડો-વરરાજા. ૩૭૮ અટકીને ઊભો. ૩૭૯ કાજે-માટે.

આ દાદોને કાજ બંદલો અડી રીયો.
મોવાસી બંદલો અડી રીયો.
આ શેને ને કાજ બંદલો અડી રીયો.
આ કાકાને કાજ બંદલો અડી રીયો.
મોવાસી બંદલો અડી રીયો.
આ શેને ને કાજ બંદલો અડી રીયો.
આ મોમોને કાજ બંદલો અડી રીયો.
મોવાસી બંદલો અડી રીયો.
આ શેને ને કાજ બંદલો અડી રીયો.
આ વીરોને કાજ બંદલો અડી રીયો.
મોવાસી બંદલો અડી રીયો.
આ શેને ને કાજ બંદલો અડી રીયો.
આ બનેવીયોને કાજ બંદલો અડી રીયો.
મોવાસી બંદલો અડી રીયો.
આ શેને ને કાજ બંદલો અડી રીયો.
આ ઢોલીયોને કાજ બંદલો અડી રીયો.

### ૯૬ વરનો સાથ-૧

એકલા કેમ કરી જઈશો,[૩૮૦] રાયોના વર ?
સાઈથે[૩૮૧] બનેલી લીજો, રાયોના વર .
એકલા કેમ કરી જઈશો, રાયોના વર ?
સાઈથે વીરા લીજો, રાયોના વર .
એકલા કેમ કરી જઈશો, રાયોના વર ?
સાઈથે કાકા લીજો, રાયોના વર .
એકલા કેમ કરી જઈશો, રાયોના વર ?
સાઈથે મોમા લીજો, રાયોના વર .
એકલા કેમ કરી જઈશો, રાયોના વર ?
સાઈથે ભઈબંધ લીજો, રાયોના વર .

### ૯૭ વરનો સાથ-૨

સાહેબ રાજાના હાથી છૂઈટા બાગોમેં
તમારા વીરોને લેજો તમારી સાથ
સાહેબ રાજાના હાથી છૂઇટા બાગોમેં.
સાહેબ રાજાના હાથી છૂઈટા બાગોમેં
તમારા દાદોને લેજો તમારી સાથ
સાહેબ રાજાના હાથી છૂઈટા બાગોમેં.

૩૮૦ જશો. ૩૮૧ સાથે.

## ૯૮ વરનો સંગાથ[૩૮૨]

કાચ્ચા ફૂલડોંની સૉડ્મ[૩૮૩] લેજો ગિરધારી રાયવર !
વડીઓમે[૩૮૪] રી'જો.
ઢોલીઓની જોઇડોં[૩૮૫] તમારી સાથે મોકલાવું મરાયવર !
વડીઓમે' રી'જો રાયવર ! થંભેલા રી'જો.
કાચ્ચા ફૂલડોની સૉડ્મ લેજો ગિરધારી રાયવર !
વડીઓમે' રી'જો.
માફોની જોઈડ઼ો તમારી સાથે મોકલાવું રાયવર !
વડીઓમે' રી'જો.
વડીઓમે' રી'જો રાયવર ! થંભેલા રી'જો.
કાચ્ચા ફૂલડ઼ોની સૉડ્મ લેજો ગિરધારી રાયવર !
વડીઓમે' રી'જો.
મૉમોની જોઈડ઼ો તમારી સાથે મોકલાવું રાયવર !
વડીઓમે' રી'જો.
વડીઓમે' રી'જો રાયવર ! થંભેલા રી'જો.
કાચ્ચા ફૂલડ઼ોની સૉડ્મ લેજો ગિરધારી રાયવર !
વડીઓમે' રી'જો.
બનેવીઓની જોઈડ઼ો તમારી સાથે મોકલાવવું રાયવર !
વડીઓમે' રી'જો.
વડીઓમે' રી'જો રાયવર ! થંભેલા રી'જો.
કાચ્ચા ફૂલડ઼ોની સોડ્મ લેજો ગિરધારી રાયવર !
વડીઓમે' રી'જો.
વીરોની જોઈડ઼ો તમારી સાથે મોકલાવું રાયવર !
વડીઓમે' રી'જો.
વડીઓમે' રી'જો રાયવર ! થંભેલા રી'જો.

## ૯૯ શેની વાર છે ?

કેવરે રાયોના વર શેની છે વારો રે ?
મારે નથી વાર મારા દાદોની વારો રે !
કેવરે રાયોના વર શેની છે વારો રે ?
મારે નથી વાર મારા મૉમોની વારો રે !

---

૩૮૨ સર° ચૂંદડી, ભાગ. ૨, ગીત ૧૯, પૃ. ૨૦ : કાઠીગીત ૩૮૩ સોડમ; સુગંધ. વાડીમાં (વાડી-બ. વ.) ૩૮૫ જોડ (બ. વ.)

કેવરે રાયોના વર શેની છે વારો રે ?
મારે નથી વાર મારા કાકોની વારો રે !
કેવરે રાયોના વર શેની છે વારો રે ?
મારે નથી વાર મારા વીરોની વારો રે !
કેવરે રાયોના વર શેની છે વારો રે ?
મારે નથી વાર મારા બનેવીયોની વારો રે !
કેવરે રાયોના વર શેની છે વારો રે ?
મારે નથી વાર મારી બે'નોની વારો રે !
કેવરે રાયોના વર શેની છે વારો રે ?
મારે નથી વાર મારા જોંનિયોની[૩૮૬] વારો રે !
કેવરે રાયોના વર શેની છે વારો રે ?
મારે નથી વાર મારા ઢોલિયોની વારો રે !
કેવરે રાયોના વર શેની છે વારો રે ?

(અપૂર્ણ)

---

૩૮૬ જાનૈયા.

# ગ્રન્થાવલોકન

**ભગવાન રમણ મહર્ષિ** (જીવન અને કાર્ય): લે. યોગેશ્વર; **પ્ર.** આર. આર. શેઠની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨ તથા ગાંધી રોડ, અમદાવાદ-૧; પૃ. ૧૦૩૫; મૂલ્ય રૂ. ૨૪-૦૦ પૈ.

શ્રી યોગેશ્વર તેમના સાહિત્યનું સર્જન શ્રદ્ધાભક્તિપૂર્ણ ઉચ્ચાધિકારી સાધકની ભૂમિકા પરથી કરતા હોવાથી તેમની કૃતિઓ જિજ્ઞાસુ સાધકો માટે ખૂબ શ્રેયસ્કર અને પથપ્રદર્શક થઈ પડે છે. માત્ર બૌદ્ધિક પ્રતિભાનું જ પ્રતિબિંબ પાડવાને બદલે તેમાં સંતજીવનની આત્મિક અનુભૂતિથી અનુસ્યૂત ઊર્મિરસિત પ્રેમલ પ્રાણનો પરિમલ વહેતો અનુભવાય છે. સાહિત્ય-કલાના ધોરણની અપેક્ષાએ-ગુણવત્તાની દૃષ્ટિએ—પણ ઊણી નહીં ઊતરતી શ્રી યોગેશ્વરની કેટલીક સત્ત્વશીલ કૃતિઓની ઉપયોગિતાનું મૂલ્ય ઓછું આંકી શકાય તેમ નથી. 'ભગવાન રમણ મહર્ષિ' તેમની પરિણત પ્રજ્ઞાના પરિપાકરૂપ મૂર્ધન્ય ગદ્યકૃતિ માની શકાય.

૧૯મી સદીના ઉત્તરાર્ધમાં, ઘોર જડતા-તંદ્રાની ખીણોમાં હડસેલાઈ જતા જીવનમાં સનાતન સંજીવનદાયક મંગલ પ્રકાશ પાથરનાર પ્રતાપી પુરુષવરોની પરંપરામાં રમણ મહર્ષિનું જ્યોતિર્મય જીવન પણ આધ્યાત્મિક સંસ્કૃતિ અને ધર્મસાધનાની દિવ્ય ગંગાના પુનરવતરણ રૂપ હતું. એવા વિભૂતિવરોનાં જીવનની ઝાંખી સરખી પણ પામવા માટે લેખક-સાધકના પક્ષે ઉચ્ચ અધિકારની અપેક્ષા રહે છે.

ચરિત્રાલેખનની ઓછામાં ઓછી—પણ મોટી—બે અનિવાર્ય આવશ્યકતાઓ છે:

(૧) લેખકનો રાગદ્વેષથી મુક્ત પણ અભિમુખતાયુક્ત નાયક પ્રત્યેનો અભિગમ અને

(૨) નિતાંત નિર્ભેળ સત્યનિષ્ઠા.

શ્રી યોગેશ્વરનો મહર્ષિ પ્રત્યેનો સમર્પિત અનુરાગ અને તેમની ઊંડી વિશાળ સ્વાધ્યાય-સંપન્નતા તો સર્વને સુવિદિત છે. શૈલીને ઓપ આપવા સિવાય કે સિદ્ધાંતની સરળ સમજૂતી આપવા સિવાય તેમણે ક્યાંય કલ્પનાનો કે અનુમાનનો આશ્રય લીધો નથી. ભારે પરિશ્રમપૂર્વક મહર્ષિવિષયક વિપુલ સાહિત્ય મેળવીને તેમાંથી પસંદ કરેલી સામગ્રીનો ચરિત્રાલેખનમાં ઘટિત રીતે વિનિયોગ કરવામાં સાહિત્યકારની સૂક્ષ્મ સમજ અને કલા-સૂઝની કપરી કસોટી થયેલી જોવા મળે છે.

મહર્ષિના વ્યક્તિત્વનાં જુદાં જુદાં પાસાંઓ કે પ્રસંગોને પ્રકટ કરતા સર્વશ્રી પોલ બ્રન્ટન, આર્થર ઓસબર્ન, માલેટ વગેરે વિદેશી અને બી. બી. નરસિંહ સ્વામી, દેવરાજ, રમણાનંદ સરસ્વતી, માધવતીર્થ, ગણપતિમુનિ જેવા ભારતીય વિદ્વાનોએ લખેલા નાના લેખો અને ગ્રંથો મોટે ભાગે તામિલ અને અંગ્રેજીમાં છે અને તે મહર્ષિના અનુયાયીઓ તથા આશ્રમવાસીઓએ જ લખેલા છે. પરંતુ મહર્ષિનાં જીવન, સાહિત્ય, સદુપદેશ, સાધના તથા વ્યક્તિત્વનાં સઘળાં પાસાંઓને સમગ્ર રીતે આવરી લેતો અને તટસ્થ અધ્યાત્મપ્રેમીની દૃષ્ટિએ લખાયેલો સર્વગ્રાહી સવિસ્તર આકરગ્રંથ તો આ પ્રથમ જ હોઈ તે અપૂર્વ છે. એ માટે ગુજરાતની જનતાએ શ્રી યોગેશ્વરજીને કૃતજ્ઞતાપૂર્વક અભિનંદન આપવાં ઘટે.

લેખકે આ ભવ્ય વિશાળ વિષયને (૧) જીવન, (૨) સાધના અને સાહિત્ય, (૩) સાર-વચનો, અંજલિ અને પ્રેરક પ્રસંગો, (૪) વિવિધ વાર્તાલાપ અને (૫) પ્રેરક પત્રો અને સ્વાનુભૂતિ—આ પાંચ ખંડોમાં વહેંચી દીધો છે. આ ૧૦૩૫ પાનના પ્રસારમાં મહર્ષિનો 'હું કોણ'નો મૂળ મંત્રધ્વનિ સતત સંભળાતો રહે છે.

સ્કંદ, કુમારિલ, જ્ઞાનસંબંધ, અરુણગિરિ, સુબ્રહ્મણ્યમ કે દક્ષિણામૂર્તિ-વિષયક મહર્ષિના અવતારમુદ્રાની ચર્ચાને બાજુએ રાખીએ તોપણ કિશોરકાળથી જ અરુણાચલનું અદમ્ય-અગમ્ય આકર્ષણ અનુભવતા વેંકટરામને ૧૭ વર્ષની વયે મહાભિનિષ્ક્રમણ કર્યું અને ૧-૯-૧૮૯૬ ગોકુલાષ્ટમીના દિવસથી અરુણાચલને પોતાના નિરંતર નિવાસથી તીર્થક્ષેત્રનું ઐતિહાસિક મહત્ત્વ આપ્યું અને ૧૪-૪-૧૯૫૦ની રાત્રે મહાસમાધિને પ્રાપ્ત થયા—ત્યાં સુધીની, સાધનાના સુમેરુ-શિખર પર આરૂઢ થયેલા વિરાગવિભૂષણ મહર્ષિની તપોયાત્રાનો લેખકે પ્રથમ ખંડમાં જે ચિતાર આપ્યો છે તેમાં, વિવિધ ભૂમિકાઓમાં વિહરતા અનેક ભારતીય અને વિદેશી વિદ્વાનો તથા સંતોથી માંડી પરમોચ્ચ કોટીએ પહોંચેલા મહાત્માઓના મહર્ષિ સાથેના પ્રેરક પ્રસંગોનો વૈવિધ્યસભર સંભાર ભરેલો છે. એ સર્વના કેન્દ્રમાં અખંડ આત્મજાગૃતિની સતત સ્વરૂપાનુભૂતિમાં જ રહેનાર મહામુનિના અલૌકિક અતકર્ય વ્યક્તિત્વનું સુરેખ ચિત્ર વાચકના ચિત્ત પર અંકિત થતું જાય છે, અને મહર્ષિના તત્ત્વસિદ્ધાંત (તેમણે કાંઈ નવું દર્શન તો ઉપસાવ્યું નથી જ)ની આછીપાતળી રેખાઓ બંધાતી જાય છે—જેનો સમગ્ર પિણ્ડ તો છેલ્લા બે ખંડોમાં પુષ્ટ થયેલો જોવા મળે છે.

મહર્ષિના સદુપદેશમાં 'ઈશ્વર' શબ્દનો પ્રયોગ નથી મળતો. તેનું તાત્પર્ય એટલું છે કે ઈશ્વર સર્વત્ર સર્વમાં રહેલો હોઈ એની શોધ પોતે પોતાની અંદર જ કરવાની છે. 'હું કોણ'ના શિવસંકલ્પથી શરૂ થતી આ ખોજ આખરે સર્વ પ્રકારના (ઈશ્વરવિષયક પણ) સંકલ્પોથી મુક્તિ મેળવીને સ્વરૂપસાક્ષાત્કારમાં પર્યવસાન પામે છે. આ સાધનાને શુદ્ધ જ્ઞાનયુક્ત ધ્યાન તરીકે ઓળખાવી શકાય. મહર્ષિ તો જ્ઞાન, ધ્યાન, ભક્તિ, યોગ, કર્મ...આદિ સઘળાં પરંપરાપ્રાપ્ત કે શાસ્ત્રોક્ત સાધનોનો કેવળ 'આત્મવિચાર' દ્વારા છેદ ઉડાડી દે છે. મહાચેતનાશક્તિને સર્વસમર્પિત થઈ જવું અથવા આત્મવિચારથી સ્વરૂપાનુભવ કરવો—આ બે વિકલ્પ સિવાય ત્રીજો કોઈ પણ સચોટ ઉપાય કે સાધનપદ્ધતિનો મહર્ષિ ઇન્કાર કરે છે અથવા તો આ વિકલ્પદ્વયની અંતિમ અધિકાર-સ્થિતિની ઉપલબ્ધિમાં—કામચલાઉ રીતે- ઉપકારક કે સહાયક હોવા પૂરતો સ્વીકાર કરે છે.

ગ્રંથનો ચોથો ખંડ મહર્ષિના આત્માની અભિવ્યક્તિરૂપ હોઈ અત્યંત મહત્ત્વનો છે. કદી વ્યાખ્યાન નહીં કરનાર તથા સદા મૌનસંવાદથી જ સૌ કોઈને સહાય કરનાર મહર્ષિના મુખમાંથી -જિજ્ઞાસુઓએ પૂછેલા પ્રશ્નોના પ્રત્યુત્તર રૂપે—નીકળેલા સ્વાભાવિક સ્વાનુભવસંપન્ન * ઉદ્ગારો પ્રવચનો અને પુસ્તકોથી પણ વધારે કીંમતી છે. એમાં તેમની આત્મવિચારપ્રધાન સાધનાપદ્ધતિ

* એક વાર્તાલાપમાં મહર્ષિએ પોતે જ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે: "મહર્ષિ જે કાંઈ કહે છે તે એમના પોતાના સ્વાનુભવ તેમ જ સાક્ષાત્કારની અભિવ્યક્તિ માત્ર છે." (પૃ. ૮૫૫)

ઉપરાંત માનવીય તથા દિવ્ય ગુરુ અને એની આવશ્યકતા, ગુરુની કાર્યપદ્ધતિ, કૃપા, સત્સંગ, વર્ણાશ્રમ-ત્યાગ-સંન્યાસનો સાચો અર્થ, અવતાર, સિદ્ધો, સિદ્ધિઓ, લોકાન્તર, સગુણ-નિર્ગુણ ધ્યાન અને સાધનાની પાંચ ભૂમિકાઓ, સમાધિના પ્રકાર, દર્શન-સાક્ષાત્કાર, અદ્વૈતવિચારની ત્રણ પરંપરાઓ, ચેતના-આત્માનું અધિષ્ઠાન સહસ્રાર કે હૃદય ?, પ્રણવ-નાદ-બિંદુ-કલા, પ્રાણાયામ, હઠયોગ, ચક્રો—કુંડલિની, હૃદયકમલસ્થ જ્યોતિ, તંત્રસાધના, જન્મ-મૃત્યુ, મરણોત્તર ગતિ ને પુનર્જન્મ, પ્રતીકોપાસના, જપ, તપ, નિરોધ, ભક્તિ, જ્ઞાન, કર્મ-પ્રારબ્ધ, કાળ, મોહ-માયા, જગત, મુક્તિ, શાંતિ, લોકસેવા......વગેરે ધર્મ-અધ્યાત્મક્ષેત્રના તમામ વિષયોને આવરી લેતા મહર્ષિના વાર્તાલાપોનાં વર્તુળો અહંકારના નિઃશેષ નિર્મૂલન અને સર્વસમર્પણપૂર્વક આત્મશોધનના ધ્રુવપદની આસપાસ જ વિસ્તર્યા કરે છે. તેમાં તેમના વિરાટ વિશદ વ્યક્તિત્વ ઉપરાંત પરંપરા-પ્રચલિત પદ્ધતિથી વિલક્ષણ એવી એમની હૃદયસ્પર્શી સૂક્ષ્મદર્શી સચોટ માર્મિક વેધક શૈલીની આપણને પ્રતીતિ થાય છે. તેમાં સિનેમાનો પડદો, માછલી-ગલ, કંટક-વિચાર, કેનવાસ-ચિત્રકામ, ચોર-પોલીસ, દગ્ધ દોરડું, છૂટેલું બાણ, ખોવાયેલો સિક્કો, ચતુર્મૂર્તિમન્દિરનું શિખર......જેવાં દૃષ્ટાંતો તદ્દન મૌલિક છે.

સર્વશ્રી શિવપ્રકાશમ્ પિલ્લે, પંડિતપ્રવર ગણપતિશાસ્ત્રી, કવિ રામસ્વામી, સ્વામી શેષાદ્રિ, યોગી અરુણગિરિ, નિરંજનાનંદ, નટનાનંદ, નારાયણ, આનંદસ્વામી, શ્રીમતી એચમ્માલ; ગાંધીવિચારકો શ્રી રાજેન્દ્રપ્રસાદ, જમનાલાલ બજાજ અને કિશોરલાલ મશરૂવાળા; થિયૉસોફિકલ સોસાયટીના તથા અરવિંદ આશ્રમના અગ્રણી કાર્યકરો, શ્રીમતી જિનરાજદાસ, દિલીપકુમાર રૉય; આ ઉપરાંત પ્રખ્યાત પાદરી ધર્મગુરુ સ્ટેન્લી જોન્સ, 'ગુરુ રમન'ના લેખક કોહેન, 'ટર્ન ઇસ્ટવર્ડ્ઝ'નાં લેખિકા પાસ્કાલાઈન માલેટ, સ્વિટ્ઝર્લેન્ડમાં આશ્રમ ચલાવતાં શ્રીમતી ઓલ્ગા ફ્રોબ કીપકીન, લટાવિયાના યોગી લેખક ડિકમન, ભિક્ષુ પ્રજ્ઞાનાનંદ (ફ્રેડરિક ફ્લેચર), પોલ બ્રન્ટન, અને ૧૯૩૫ થી ૧૯૬૨ (પોતાના અવસાનદિન) સુધી મહર્ષિની સેવામાં જ રહેનાર (મહર્ષિએ જ આપેલા) 'સાધુ અરુણાચલ' નામથી વિખ્યાત સાધક મેજર એ. ડબલ્યુ ચાડવિક ......વગેરે મહાનુભાવો આ વાર્તાલાપોમાં નિમિત્ત બનવા ભાગ્યશાળી થયા છે.

મહર્ષિનું પોતાનું કોઈ પત્રસાહિત્ય નથી. પરંતુ આશ્રમવાસી ભક્ત શ્રીમતી નાગમ્માએ મદ્રાસ રહેતા પોતાના ભાઈને લખેલા લગભગ ૩૦૦ પત્રો પાછળથી 'લેટર્સ ફ્રૉમ શ્રી રમનાશ્રમ' નામે પ્રસિદ્ધ થયેલા છે. તેમાંથી લેખકે મહર્ષિના પ્રખર પ્રેમપૂર્ણ વિનોદી વ્યક્તિત્વ અને પ્રેરક સંદેશનું ચિત્રણ કરનારા ૬૧ પત્રો આપ્યા છે. તે 'માહિતીની સુંદર વૈવિધ્યપૂર્ણ ખાણ જેવા' સાધકોપયોગી છે. તોપણ સુવર્ણજયંતીમહોત્સવ અને બીજા પ્રસંગોની વિસ્તૃત માહિતી આપતા અને અન્યથા પુનરુક્તિ કરનારા વિવિધ પત્રખંડોની પસંદગી કરવામાં લેખક જરૂર પ્રમાણવિવેક જાળવી શકયા હોત.

ત્રણેક વાર્તાલાપોમાં એવો ધ્વનિ ઊઠતો જણાય છે કે શ્રી અરવિંદના પ્રકૃતિના પૂર્ણ દિવ્ય રૂપાન્તર અને અવતરણના સિદ્ધાંત સાથે મહર્ષિ જાણે સંપૂર્ણ રીતે સહમત થતા ન હોય ! આ સંબંધમાં શ્રી યોગેશ્વરે પોતાનું વિશદ મંતવ્ય રજૂ કર્યું હોત તો સારું થાત.

અંતમાં કેવળ સાહિત્યિક દૃષ્ટિથી હું થોડાક વિચારો રજૂ કરું તો તે અયોગ્ય નહીં ગણાય. પુનરુક્તિ અને તેથી વ્યર્થ વિસ્તાર શ્રી યોગેશ્વરના સુંદર ચિંતનરસિત ગ્રંથોની મૂલ્યવત્તાને મર્યાદિત કરી દેતાં હોય છે. પ્રસ્તુત ગ્રંથમાં મહર્ષિના વાર્તાલાપોમાંની પુનરુક્તિ તો નિર્વાહ્ય બની રહે છે; પરંતુ તેમાં અને પત્રોમાં વારંવાર આવી જતા તમામ વિષયો કે વિચારોનું લેખક પણ પોતાની રીતે અન્ય ખંડોમાં પણ નિરૂપણ કરતા હોય છે. ઘણી વાર એના એ અથવા પર્યાયવાચક શબ્દો—વિશેષણોથી યુક્ત જુદાં જુદાં વાક્યોમાં એક જ ભાવ-વિચારનું પુનરાવર્તન થતું હોવાથી, લેખકના ભાષાપ્રભુત્વ-વાળા સમર્થ ગૌરવશીલ ગદ્યમાંથી સર્જકતાના અને આસ્વાદ્યતાના અંશો ઓગળી જવાનો ભય ઉપસ્થિત થાય છે! દા. ત. ગણપતિશાસ્ત્રી, પોલ બ્રન્ટન, શેષાદ્રિ, સ્વામી અને બીજા મહાપુરુષોનાં જીવનની વિગતો; મહર્ષિનો પ્રાણીઓ પ્રત્યેનો પ્રેમ; નરસિંહ, મીરાં, પ્રીતમ, દયારામ, કેશવ, બ્રહ્માનંદ, ન્હાનાલાલ, નરસિંહરાવ, કબીર, નાનક, સુરદાસ, વગેરે ભક્તકવિઓનાં આખાં ને આખાં ભજનો, તથા ઉપનિષદ, યોગસૂત્રો, ગીતા, ભાગવત, ભર્તૃહરિ, કાલિદાસ, શંકરાચાર્ય... વગેરેની કૃતિઓમાંથી અને 'રમણગીતા'માંથી થોકબંધ અપાતાં શ્લોકોનાં–સાર્થ–અવતરણો–પર્વતીય પ્રદેશ, ગુફા, મંદિરો વગેરેનાં અને મહર્ષિનાં માતાજીના વ્યક્તિત્વદ્યોતક...સુંદર ભાવાત્મક શબ્દચિત્રો આલેખતાં વર્ણનો...અને છેવટે સો ઉપરાંત પાનાં રોકતી સૂક્તિઓ અને (ડૉ. રાધાકૃષ્ણન વગેરેની) અંજલિઓ...વગેરેમાં સંયમસિદ્ધ યોગેશ્વર સાહિત્યકારની અદાથી શબ્દસંયમદ્વારા કલામય લાઘવ સાધી શકચા હોત તો સોનામાં સુગંધ ભળવા જેવું થાત!

આ ગ્રંથમાં લેખકે અધ્યાત્મપ્રેમી સાધકોને પ્રેરણા મળે એ હેતુથી નમ્રતા-નિખાલસતા-પૂર્વક પોતાના મહર્ષિ સાથેના બારેક અતીન્દ્રિય ચમત્કારિક અનુભવોનું* જે આલેખન કર્યું છે તેના સંદર્ભમાં તર્કશીલ વાચક, લેખકનું વીસેક વર્ષ પહેલાં પ્રકટ થયેલું ચરિત્રપુસ્તક 'શ્રેય અને સાધન' વાંચવા-વિચારવાનો શ્રમ લેશે તો તેને–કદાચ–આ બાબતમાં નૂતન પ્રકાશ સાંપડશે.

અંતમાં લેખકશ્રીને વિનંતિ કે ઉપર દર્શાવેલી કેટલીક બાબતોના હાર્દને જ સ્વીકારી તેઓશ્રી આ અમૂલ્ય ગૌરવગ્રંથના આંતરબાહ્ય સત્ત્વને સંપૂર્ણ રીતે જાળવીને સામાન્ય જનતાને –આર્થિક દૃષ્ટિએ પણ–સુલભ થઈ પડે એવી સંક્ષિપ્ત સંકલિત આવૃત્તિ આપશે તો જિજ્ઞાસુ જનતા તેઓની વિશેષ ઋણી બનશે.

મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર)

* * *

* (૧) લેખકનું શરીર સમુદ્રની સપાટી પર થઈને અનંત અવકાશગમન કરીને છેક મુંબઈ થઈ મહર્ષિના આશ્રમખંડમાં આવી પહોંચ્યું. (પૃ. ૧૩ થી ૧૫)

(૨) મહર્ષિએ લેખકને ૧૯૪૯ અને ૧૯૫૦માં બે વખત દર્શન આપી અમુક દિવસે સાંજે છ વાગે થનારા પોતાના દેહવિસર્જનની આગાહી કરી. (પૃ. ૪૬૧)

(૩) તા. ૯–૭–૬૭ની સવારે મસૂરીમાં મહર્ષિએ લેખકના પૂર્વજન્મની વાતો કહીને આ ચરિત્ર-લેખન માટે તેમને અભિનંદન આપ્યાં.

(૪) ૧૯૬૯માં માર્ચ, જુલાઈ, સપ્ટેંબર, ઑક્ટોબર અને નવેંબર માસમાં તથા છેવટે ૧૯૭૦ના સપ્ટેંબરમાં મહર્ષિએ છ વાર દર્શન દઈ પુસ્તકને લગતી વાતો કહી.

**આઝાદીનાં પ્રેરણાગીતો:** પ્રકાશક—માહિતી ખાતું, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર, ૧૯૭૩; પૃ. ૮ + ૯૨.

આપણા દેશની આઝાદીની ૨૫મી જયન્તી નિમિત્તે આઝાદીની લડતના ઐતિહાસિક પ્રસંગો અને આંદોલનોનો નવી પેઢીને પરિચય મળે તે હેતુથી ગુજરાત સરકારના માહિતી ખાતાએ કેટલાંક પ્રકાશનો હાથ ધર્યાં છે તેમાંનું આ એક છે. આવું પ્રકાશન સરકાર તરફથી જ અધિકૃત રીતે પ્રકટ થાય એ ખરેખર આવકારને પાત્ર છે એટલું જ નહિ, પણ એ હકીકત પોતે પણ પુસ્તિકાનું મહત્ત્વ વધારી મૂકે છે.

ભારતના સ્વાતંત્ર્ય-સંગ્રામના ક્ષેત્રમાં ગાંધીજીનો પ્રવેશ થતાં તેને તદ્દન નવો જ ઝોક મળ્યો અને ‘અસહકાર’, ‘સવિનયભંગ’ તથા ‘સત્યાગ્રહ’નાં અપૂર્વ અભિધાનોથી તે ઓળખાવા લાગ્યો. આ પ્રેરણાગીતોને એ સંગ્રામના છેલ્લાં ત્રીસ વર્ષના ઇતિહાસના સાક્ષીરૂપ ગણી શકાય.

આ ગીતો પર દૃષ્ટિ ફેરવતાં સ્પષ્ટ જણાય છે કે તે માત્ર શત્રુ સામે લડવાની પ્રેરણા આપનારાં ગીતો નથી, પરન્તુ જે વિવિધ પરિબળો અને ભાવનાઓ વડે આપણું સ્વાતંત્ર્યયુદ્ધ રંગાયેલું હતું તથા સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી જેવા સમાજની સ્થાપનાની અપેક્ષા હતી તે સર્વ પરિબળો તથા ભાવનાઓનો પરિચય આપનારાં—તેમને પોષનારાં—તથા એ અપેક્ષાને અભિવ્યક્તિ આપનારાં આ ગીતો છે. આજની આપણા સ્વતંત્ર દેશની જે પરિસ્થિતિ છે તેના ભાનથી આ ગીતોમાં મૂર્ત થયેલ ભાવના—આદર્શની ભવ્યતાને ઝાંખપ લાગતી અનુભવાય છે.

ગીતોનો પ્રારંભ ‘વન્દે માતરમ્’થી કર્યો છે અને ઉપસંહાર ‘જનગણમન૦’થી કરાયો છે તે સર્વથા ઉચિત છે, કેમ કે તે બેઉ રાષ્ટ્રગીતોમાંનું પ્રથમ સ્વાતંત્ર્યસંગ્રામમાં સૌથી વધારે વ્યાપક રીતે પ્રેરક રહ્યું છે, જ્યારે બીજું પ્રજાસત્તાક ભારતના અધિકૃત રાષ્ટ્રગીત તરીકે સ્વીકારાયેલું છે. એ જ રીતે ‘ઝંડા ઊંચા રહે હમારા’ને બીજું જ સ્થાન મળ્યું છે તે પણ તેના મહત્ત્વની દૃષ્ટિએ યોગ્ય છે; કેમ કે તે કાળનાં ધ્વજવન્દનો સમયે તે ગવાતું અને અનેક પ્રસંગોએ જુવાનીના જોમથી થનગનતા નવલોહિયાઓ એ ઝંડો—રાષ્ટ્રધ્વજ—હાથમાં પકડી ‘વન્દે માતરમ્’ના બુલંદ નાદ સાથે મૃત્યુને ભેટ્યા હતા અને એક સત્યાગ્રહી પડતાં બીજો તરત જ એ જ ઝંડો ઊંચકી લઈ ‘ઇસકી શાન જાને ન પાવે, ચાહે જાન ભલે હી જાવે’ની ભવ્ય ભાવનાને ચરિતાર્થ કરવા તત્પર થઈ જતો !

ગાંધીજીના મૂળ અંગ્રેજી લખાણને શ્રી ઉમાશંકર જોષીએ ગુજરાતીમાં ઉતારેલ ગીત ‘નમ્રતાના નિધિ હે !’ (પૃ. ૨૯) આ પુસ્તિકાનું એક વિશિષ્ટ કાવ્ય છે. આપણો મુક્તિસંગ્રામ અન્ય રાષ્ટ્રોના તેવા સંગ્રામથી જુદી જ રીતે કેવા અજબ રંગે રંગાયેલો હતો તેનો આવાં ગીતો ખ્યાલ આપે છે.

‘ભારત કા ડંકા આલમ મેં બજવાયા વીર જવાહરને’ (પૃ. ૧૬) એ વિધાન સ્વાતંત્ર્ય પછીનાં વર્ષોમાં યથાર્થ પ્રતીત થયું હતું જ !

આમાં સંગ્રહાયેલાં કોઈક ગીતોમાં મૂળમાં પાછળથી સમયોચિત પરિવર્તન કરાયાં લાગે છે. ઉદાહરણ તરીકે શ્રી ત્રિભુવન ગૌ. વ્યાસનું 'નહિ નમશે નહિ નમશે નિશાન ભૂમિ ભારતનું' એ પ્રસિદ્ધ પ્રેરણાગીત લઈએ. અસલ રાષ્ટ્રધ્વજમાં મધ્યમાં રેંટિયાનું ચિહ્ન રાખેલું હતું, પરન્તુ સાર્વભૌમ પ્રજાસત્તાક ભારત રાષ્ટ્રના રાષ્ટ્રધ્વજ તરીકે સ્વીકારાયેલા ઝંડામાં તેને સ્થાને અશોકચક્ર મૂકવામાં આવ્યું છે. પ્રસ્તુત કાવ્યમાં તદનુસાર ફેરફાર કરાયો લાગે છે:

'ચક્ર સુદર્શન અંકિત એ તો, હિન્દી જનના પ્રાણ!" (પૃ. ૩૬)

આ ગીતોમાંનાં કેટલાંક સાથે કંઈ ને કંઈ ઇતિહાસ સંકળાયો છે. એવા પ્રસંગોનો ટૂંકો નિર્દેશ પણ જે તે કાવ્યની નીચે કરાયો હોત તો આ બહુમૂલ્ય પુસ્તિકાનું મહત્ત્વ વધી જાત. ઉદાહરણ તરીકે લઈએ રાષ્ટ્રીય શાયર ઝવેરચન્દ મેઘાણીનું 'કોઈનો લાડકવાયો'. સત્યાગ્રહીઓની વચ્ચે ઘૂમતા કવિ હાથમાં રાખેલ કંકુની થાળીમાં હથેળી બોળી સત્યાગ્રહીઓને થાપા મારતા આ ગીત જુસ્સાભેર લલકારતા જતા હતા એ ઐતિહાસિક પ્રસંગની નોંધ મૂકવી ઉચિત ગણાત. તે જ પ્રમાણે પ્રજ્ઞાચક્ષુ કવિ હંસરાજનું પ્રખ્યાત ગીત 'ટોપીવાળાનાં ટોળાં ઊતર્યાં' (પૃ. ૩૫). એવું સ્મરણ છે કે આ ગીત ગાવા માટે તેમના ઉપર મુકદ્દમો ચલાવેલો અને તેમને સજા થયેલી ત્યારે અદાલતમાં પણ એ કવિ પોતાનું આ ગીત લલકાર્યે જ જતા હતા. એ જ રીતે મેઘાણી-ભાઈનું પ્રાણવંત ગીત 'છેલ્લો કટોરો' (પૃ. ૬૧) ગોળમેજી પરિષદમાં ભાગ લેવા વિલાયત જઈ રહેલા ગાંધીજીને વિદાય આપતાં રચાયું હતું.

જ્યારે આપણે આઝાદીની લડતની કે તે જમાનાની વાત કરીએ ત્યારે આપણે નેતાજી સુભાષચન્દ્ર બોઝ અને તેમની આઝાદ હિંદ ફોજને ભૂલવાં ન જોઈએ. આ પુસ્તિકાના પૃ. ૧૯ ઉપર છપાયેલું 'કદમ બઢાયે જા' શીર્ષકવાળું જોશીલું ગીત નેતાજીની આઝાદ હિંદ ફોજનું કૂચગીત હતું. અહીં છાપેલા કૂચગીતમાં સમયોચિત સુધારા કરાયા છે.

પ્રકાશકે જણાવ્યું છે જ કે 'આવાં પ્રેરક ગીતોમાંથી કેટલાંકને ગ્રન્થસ્થ કરવાનો અહીં પ્રયાસ કરેલ છે.' છતાં આ અવલોકન લખતાં બીજાં પણ કેટલાંય આવાં ગીતોનું સ્મરણ થાય છે, જેમાંથી ચારનો તો ઉલ્લેખ કરવો અહીં અનુચિત નહિ જ લેખાય:

(૧) 'ઇન્કિલાબ ઝિન્દાબાદ! ઇન્કિલાબ ઝિન્દાબાદ!
ધરતીકંપ, પ્રલય, મહામારી, અતિવૃષ્ટિ, દુષ્કાળની સ્વારી;
વળી નરમેધ તણી તૈયારી સૌને ક્ષણ ક્ષણ આપે યાદ!
ઇન્કિલાબ ઝિન્દાબાદ!
ગાંધીયુગનાં મર્મ સમજશું, જનજનને લેનિન સરજશું;
ગૃહગૃહમાં ગુરુદ્વાર ગજવશું, કરશું ભારતને આઝાદ!
ઇન્કિલાબ ઝિન્દાબાદ!...' ઇત્યાદિ.

તેના કવિના નામની ખબર નથી પણ ગીત ભાવવાહી અને જોશીલું છે.

(૨) 'માતાને મુક્તિ મુકામ, ચેલૈયા ચાલો ચાલો રે!
પૂર્ણ સ્વરાજને ધામ, ચેલૈયા૦...' ઇત્યાદિ.

આ ગીતના કર્તાના નામની પણ જાણ નથી, છતાં ગીત ઘણું સારું, પ્રેરક છે.

(૩) 'પંજાબના ઇતિહાસને દઈ કાન સુણજો હે વીરા,
એ દુઃખથી છાતી ચિરાશે ફાટશે વ્હાલી ધરા !'...ઇત્યાદિ

જલિયાંવાલા બાગના હત્યાકાંડનું રોમાંચ ખડાં કરી દેનારું વર્ણન આ ગીતમાં છે.

(૪) અને આ તો આખું જ ઉતારવાની લાલચ રોકાતી નથી :

'હું બનીશ શૂર સરદાર ગુણિયલ ગાંધીસેનાનો,
હું બનીશ તાબેદાર ગુણિયલ ગાંધીસેનાનો !
ના તોપથી ડરવાનો, ના બંદૂકથી ચળવાનો,
સાથે અહિંસાનો પરવાનો, માથે રાખણહારો રામ—ગુણિયલ૦
હાથે રેંટિયો ધરવાનો, તકલી કાંતતો ફરવાનો,
સારો દેશ જગવવાનો, ગુલામી તોડવા અધીર—ગુણિયલ૦
છે ભય જગમાં મરવાનો, તો શા કાજે ડરવાનો,
સામે મોખરે ધપવાનો, છોડી જીવનની દરકાર—ગુણિયલ૦
લઈ સ્વરાજનો પરવાનો, યુદ્ધે પાછો ફરવાનો,
નહિતર જાન ફના કરવાનો, કરવા અમર જગમાં નામ—ગુણિયલ૦'

આજે આઝાદી મળ્યે પચીસ વર્ષ વીતી ગયાં છે. તે પહેલાંના ત્રણ દાયકા દરમિયાન પ્રજાએ આ અને આવાં બીજાં અનેક ગીતોમાંથી પ્રેરણા લીધી છે. તે યુગના જુવાળનાં કંઈક આછાં-પાતળાં દર્શન આ પુસ્તિકા દ્વારા થઈ શકશે અને એ જ આ પુસ્તિકાના પ્રકાશનનો હેતુ છે.

આ ગીતો આજના સ્વતંત્રતાના યુગમાં પ્રેરક બની શકે તેમ નથી એવું નથી. આજના યુગની માગને પણ તે પોષે તેવાં છે જ. જેણે ગાંધીજીનાં સાક્ષાત્ દર્શન કરેલાં નથી તે આજની જુવાન પેઢી કોઈ વિચિત્ર અને દિશાહીન જુવાળમાં ઘસડાઈ જતી ભાસે છે. તેમને સાચું નેતૃત્વ મળતું નથી તે સાલે છે. સ્વદેશે સિદ્ધ કરેલી ભવ્યતાને તેમનું આચરણ ઝાંખપ લગાડશે એવો પાકો ભય ઊભો થયો છે. આવે વખતે આ પુસ્તિકામાં પ્રકટ થયેલાં ગીતો તેમને સાચું દિશાસૂચન કરી શકે તેમ છે, જો તેમનામાં તેમાંથી પ્રેરણા લેવાની વૃત્તિ જાગે તો !

આવા અધિકૃત પ્રકાશનમાં જોડણીની ક્ષતિઓ રહેવા પામે તે ખૂંચે એવું છે.

પુસ્તિકામાં કાગળ બહુ સારા વપરાયા છે અને મૂલ્ય પણ રાખ્યું નથી તે સ્વાતંત્ર્યની રજત-જયન્તીના મહોત્સવ નિમિત્તે હશે. રજત-જયન્તી નિમિત્તે પ્રકટ કરવા ધારેલાં અન્ય પ્રકાશનો પણ આવી સુન્દર રીતે અને જલદી પ્રસિદ્ધ થશે એવી આશા રાખીએ.

જયન્ત પ્રે. ઠાકર

* * *

**કવિ લાવણ્યસમયની લઘુ કાવ્યકૃતિઓ :** સંપાદક અને પ્રકાશક—ડૉ. શિવલાલ જેસલપુરા; મુખ્ય વિક્રેતા: ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, અમદાવાદ; પૃ. ૧-૧૪૨; મૂલ્ય: રૂા. ૫=૦૦ પૈ.

દેહલકૃત ‘ અભિવન ઊઝણું ’, લાવણ્યસમયકૃત ‘ નેમિરંગરત્નાકર છંદ ’ અને પ્રેમાનંદકૃત ‘ અભિમન્યુ આખ્યાન ’ના સંપાદક ડૉ. જેસલપુરાના લાવણ્યસમયકૃત લઘુ કાવ્યકૃતિઓના સંગ્રહને આવકારતાં આનંદ થાય છે. ડૉ. જેસલપુરાની મધ્યકાલીન અને જૂની ગુજરાતી કૃતિઓની સમીક્ષિત વાચનાની સંપાદનપદ્ધતિમાં ચોકસાઈ અને પરિપક્વતા તેમ જ અધ્યનયનું સાતત્ય દૃષ્ટિગોચર થાય છે.

લાવણ્યસમયની લઘુ કાવ્યકૃતિઓના આ સંગ્રહમાં નીચે દર્શાવેલાં પાંચ કાવ્યો અન્તર્ગત કરેલાં છે: ૧. સ્થૂલિભદ્ર—એકવીસો, ૨. નેમિનાથ હમચડી, ૩. રાવણ-મંદોદરી સંવાદ, ૪. કરસંવાદ, ૫. ચતુર્વિંશતિ જિનસ્તવન. આ દરેક કૃતિની એક કરતાં વધારે હસ્તપ્રતો ઉપયોગમાં લઈ, કાવ્યનો પાઠ નક્કી કરવામાં આવ્યો છે, અને યોગ્ય લાગે ત્યાં પાદનોંધમાં, કાવ્યના મુખ્ય પાઠથી જુદાં પડતાં પાઠાન્તરો નોંધેલાં છે. સંગ્રહના અન્તે, સર્વ કાવ્યકૃતિઓમાંથી નોંધપાત્ર શબ્દોનો શબ્દકોશ આપેલો છે તે વિદ્યાર્થીઓ, વિદ્વાનો અને અભ્યાસીઓને ઉપયોગી થશે. શબ્દોના ફક્ત અર્થ આપવાથી શબ્દકોશનો ઉમદા હેતુ સરતો નથી; શબ્દનાં સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ મૂળ આપી, સાથે ભાષાકીય પરિવર્તનની ખૂબીઓ પણ યોગ્ય સ્થળે દર્શાવાય તો શબ્દકોશ આપ્યો સાર્થક ગણાય.

પંદરમા શતકના જે જૈન અને જૈનેતર સાહિત્યકારો અને કવિઓએ પ્રાચીન ગુજરાતી ભાષા અને સાહિત્યનાં વિકાસ અને ઘડતરમાં ફાળો આપ્યો છે તેમાં લાવણ્યસમયનું સ્થાન મહત્ત્વનું છે. ગુજરાતી ભાષા-સાહિત્યના ઇતિહાસમાં, એક દસકામાં, પચીસીમાં, સૈકામાં કે સૈકાના પૂર્વાર્ધ અથવા ઉત્તરાર્ધમાં જે જૈન–જૈનેતર કવિઓ સાથે સાથે થઈ ગયા હોય તેમનો પરિચય, મૂલ્યાંકન, તેમનું ભાષા-સાહિત્યને અર્પણ, સાથે સાથે થવું જોઈએ.

લાવણ્યસમયની લઘુ કાવ્યકૃતિઓ પ્રકાશમાં લાવવા માટે સંપાદક ડૉ. જેસલપુરાને અભિનંદન ઘટે છે. અનેક વ્યક્તિઓ ઘણાં વર્ષો સુધી કામ કરે તોપણ પ્રાચીન અને મધ્યકાલીન કૃતિઓની સામગ્રી ખૂટે નહિ, એટલો વિપુલ જથ્થો હસ્તપ્રતોના ભંડારોમાં દટાયેલો પડ્યો છે. ડૉ. જેસલપુરાનાં આવાં સંપાદનોથી પ્રેરાઈને કોઈ જિજ્ઞાસુઓ આ ક્ષેત્રમાં કાર્ય કરવા અભિમુખ થશે તોય આવી સમીક્ષિત કૃતિઓનું પ્રકાશન ઉપકારક ગણાશે.

**સોમાભાઈ ધૂ. પારેખ**

* * *

## સાભાર સ્વીકાર

૧ **ઇંતરા :** લેખક સુરેશ જોષી, પ્રકાશક : બુટાલા પ્રકાશન, નરસિંહજીની પોળ સામે, મહાત્મા ગાંધી રોડ, વડોદરા-૧, પૃ. ૪૪, કિંમત રૂા. ૧૦=૦૦ પૈ.

૨ **હું (કાવ્યસંગ્રહ):** લેખક: **મહેન્દ્ર અમીન,** **પ્રકાશક: ઉપર મુજબ,** પૃ. ૫૦, કિંમત રૂા. ૪ = ૦૦ પૈ.

૩ **ઇન્દુ અને બિન્દુ:** ત્રિલોકીનાથ વ્રજબાલ, પ્રકાશક: સિન્સિયર પબ્લિકેશન, આશિષ, ગરબા ચોક, વાડજ, અમદાવાદ-૧૩, પૃ. ૩૨, કિંમત રૂા. ૧ = ૫૦ પૈ.

૪ **ગુજરાતના ઓલિયા (ભાગ ૧ લો):** લેખક અને **પ્રકાશક:** સૈયદ ઈમામુદ્દીન દરગાહવાલા, દરગાહ શરીફ, ઘર નં. ૩૩૫/૧, માળ ઉપર, નવસારી; પૃ. ૧૧૬, કિંમત રૂા. ૩ = ૦૦ પૈ.

૫ **ત્રણ જ્યોતિર્ધરો—અખો: શામળદાસ: દયારામ:** લેખક: કે. કા શાસ્ત્રી, પ્રકાશક: બુટાલા **પ્રકાશન,** નરસિંહજીની પોળ, સામે, મહાત્મા ગાંધી રોડ, વડોદરા-૧, પૃ. ૧૯૨, કિંમત રૂા. ૬ = ૦૦ પૈ.

૬ **સાંખ્યયોગ:** લેખક: નગીન જી. શાહ, **પ્રકાશક:** ઈશ્વરભાઈ પટેલ, અધ્યક્ષ, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬, પૃ. ૩૬૦, કિંમત રૂા. ૧૬ = ૦૦ પૈ.

૭ **श्रीनृसिंहकाव्यसंदोह:** લેખક: **श्रीमन्नृसिंहाचार्यजी,** પ્રસિદ્ધ કરનાર: શ્રીમત્ સુરેશ્વર ભગવાન, આચાર્ય, શ્રી શ્રેયસ્સાધક અધિકારી વર્ગ, વડોદરા, પૃ. ૧૬૮+૧૨+૧૬, કિંમત રૂા. ૫ = ૦૦ પૈ.

૮ **વેરવિખેર:** લેખક: નટવર શાહ, **પ્રકાશક:** સુજાતા **પ્રકાશન,** ૮૬, ડામરગલી, મુંબઈ-૯, પૃ. ૩૪૪, કિંમત રૂા. ૧૧ = ૦૦ પૈ.

૯ **મહાસતી અનસૂયા:** રચયિતા: કવિચિત્રકાર શ્રી ફૂલચંદભાઈ ઝવેરદાસ શાહ, પ્રકાશક: ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલય, ફુવારા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૧, પૃ. ૨૩૨, કિંમત રૂા. ૬=૮૦ પૈ.

---

# સ્વાધ્યાય

પુસ્તક ૧૦ : અંક ૪ ઑગસ્ટ, ૧૯૭૩

જન્માષ્ટમી વિ. સં. ૨૦૨૯

## અનુક્રમ

| | | | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૧. | ધૃતિ-ઉત્સાહપ્રેરક શ્રીકૃષ્ણ—ઉપેન્દ્રરાય જ. સાંડેસરા | ... | ૩૯૩–૪૨૩ |
| ૨. | વાકાટકોના અભિલેખો—એક અધ્યયન—જશુભાઈ બી. પટેલ | ... | ૪૨૪–૪૩૪ |
| ૩. | ચૌલુક્ય ગુર્જરેશ્વરોના મહામાત્યો—નવીનચંદ્ર આચાર્ય | ... | ૪૩૫–૪૪૩ |
| ૪. | કવિ દેપાલકૃત શ્રેણિક-અભયકુમારચરિત—લાલચંદ્ર ભગવાન્ ગાંધી | ... | ૪૪૪–૪૭૨ |
| ૫. | અજ્ઞાત કવિકૃત સ્થૂલિભદ્ર રાસ—વિધાત્રી વોરા | ... | ૪૭૩–૪૮૨ |
| ૬. | શ્રીકૃષ્ણની બાળલીલા—ઉમાકાન્ત પ્રેમાનંદ શાહ | ... | ૪૮૩–૫૦૫ |
| ૭. | તડવીઓનાં લગ્નગીતો અને વિધિઓ —રેવાબહેન તડવી, શંકરભાઈ સોમાભાઈ તડવી | ... | ૫૦૬–૫૨૮ |
| ૮. | ગ્રન્થાવલોકન : | | |
| | (૧) ભગવાન રમણ મહર્ષિ—મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર) | ... | ૫૨૯–૫૩૨ |
| | (૨) આઝાદીનાં પ્રેરણાગીત—જયન્ત પ્રે. ઠાકર | ... | ૫૩૩–૫૩૫ |
| | (૩) કવિ લાવણ્યસમયની લઘુ કાવ્યકૃતિઓ—સોમાભાઈ ધૂ. પારેખ | ... | ૫૩૬ |
| | (૪) સાભાર સ્વીકાર | ... | ૫૩૭ |

# સ્વાધ્યાય

## સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડે છે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂ. ૧૨=૦૦ ન.પૈ. (ટપાલખર્ચ સાથે)

—પરદેશમાં, યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૩ ડૉલર

યુરોપ અને અન્ય દેશો માટે....પૌં ૧.૧૦

૩. આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવે છે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ ડાયરેક્ટર, ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યુટ, વડોદરા, એ નામે મોકલવું.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—

સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, પોસ્ટ બૉક્સ નં. ૭૫, વડોદરા.

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા જરૂરી છે.

પ્રાચ્યવિદ્યા મંદિર,
પો. બૉક્સ નં. ૭૫,
લોકમાન્ય ટિળક રોડ,
**વડોદરા.**

સંપાદક

---

મુદ્રક: શ્રી બંસીલાલ મોહનલાલ શાહ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા. પ્રકાશક: ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, ઑગસ્ટ, ૧૯૭૩.





વરસ વીતતાં વાર નથી લાગતી અને આપની દીકરીના લગ્નનો અવસર આવી પહોંચે છે. આને લગતો ખર્ચ કરવા માટે આપે જોગવાઈ કરી છે?

**દેના બેંકમાં** બચતખાતું અથવા ફિક્સ્ડ ડિપોઝિટ ખાતું ખોલીને અત્યારથી જ નિયમિત બચત કરવા માંડો.

**દેના બેંકની બીજી ૬ બચત યોજનાઓ :**

સગીર બચત યોજના • રિકરિંગ ડિપોઝિટ યોજના • માસિક સેવિંગ્સ-કમ-એન્યૂઇટી યોજના • વિવિધલક્ષી ડિપોઝિટ યોજના. કેશ સર્ટિફિકેટ્સ • વીમા સાથે સંકળાયેલી બચત ડિપોઝિટ યોજના.

**દેના બેંક**

(ગવર્નમેંટ ઑફ ઈન્ડિયા અંડરટેકિંગ)
હેડ ઑફિસ : હૉર્નિમેન સર્કલ,
મુંબઈ ૪૦૦૦૦૧.

Raian Batra/DB/G/237



everest/365k/ACW Guj


Don't let tomorrow catch you unprepared
Save now with
BANK OF BARODA
Thou shalt forever be prosperous with
Bank of Baroda
A network of over 625 branches in India and abroad — in U.K., East Africa, Mauritius, Fiji Islands and Guyana.
BANK OF BARODA
Shilpi-BOB. 2/72


જ્યારે જીવન મૂલ્યો બદલાય છે....
પહેલાં એમ કહેવાતું
“अष्टपुत्रा भव”
હવે—
“માત્ર બે બાળકો જ બસ છે”
જીવન તો વહેતી સરિતા છે
એને કોઈ ચોક્કસ સ્થળે સ્થગિત.
કરી શકાય નહી...
જમાનો બદલાય એમ જૂનાં મૂલ્યો
બદલાય છે...
નવા મૂલ્યાંકન સ્વીકારી
જીવનને વિશેષ અર્થસભર બનાવો...
કુટુંબ નિયોજન
વધુ માહિતી માટે નજીકના કુટુંબ નિયોજન કેન્દ્રનો સંપર્ક સાધો

# વિજેતા બેલડી

હોડ જીતવા માટે ખેડૂત શ્રેષ્ઠ પૈકીના બે બળદની ઉત્તમ જોડને જોતરે છે. જ્યોતિ સર્વશ્રેષ્ઠ પમ્પ અને સર્વશ્રેષ્ઠ મોટરનું ઉત્પાદન કરે છે અને એ બન્નેને એક એકમમાં જોડીને એ યુનિબિલ્ટ પમ્પનું નિર્માણ કરે છે.

પમ્પ મોટરના ઉત્પાદન ક્ષેત્રમાં જ્યોતિની દાયકાઓની તાંત્રિક જાણકારી, વિશેષજ્ઞતા તેમજ ઊંડા સંશોધનના ફલસ્વરૂપ યુનિબિલ્ટ પંપ ઉત્તમ કામગીરી બજાવવામાં મોખરે છે. એ વિપુલ પાણી પૂરું પાડે છે અને ઓછામાં ઓછા વિદ્યુત ખર્ચે ચાલે છે. વધુ અનાજ ઉગાડવા આપ નચિંતપણે યુનિબિલ્ટ પર આધાર રાખી શકો છો!

## જ્યોતિ યુનિબિલ્ટ

ઉત્પાદક :
જ્યોતિ લિમિટેડ, વડોદરા ૩
***quality is our creed***





everest/716a/JY gj



ચિત્ર ૩૫: કાલિયદમન શ્રીકૃષ્ણ

ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં ડૉ. ઉમાકાન્ત શાહનો લેખ



ચિત્ર ૨૫

રાસલીલા—બાલગોપાલસ્તુતિ

( કાંકરોલીના સંગ્રહમાંથી )

ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં ડૉ. ઉમાકાન્ત શાહનો લેખ